પૂરા પરિવારનું સર્વલક્ષી સુરુચિપૂર્ણ સામયિક

ઑગસ્ટ ૨૦૦૦ વર્ષ ૭૩

કુમાર

સળંગ અંક ૮૭૨

સંસ્થાપક : રવિશંકર રાવળ

તંત્રી
ધીરુ પરીખ

ॐ आ ब्रह्मन् ! ब्राह्मणो ब्रह्मवर्चसी जायताम्,
आ राष्ट्रे राजन्यः शूर इषव्योऽति महारथोजायताम्,
दोग्ध्री धेनुर्वोढाऽनड्वान् आशुः सप्तिः,
पुरन्धिर्योषा जिष्णू रथेष्ठः,
सभेयो युवास्य यजमानस्य वीरो जायताम्,
निकामे निकामे नः पर्जन्यो वर्षतु,
फलवत्यो न औषधयः पच्यन्ताम्,
योगक्षेमो नः कल्पताम् ।

– शुक्लयजुर्वेद



[સ્કેચ] લોકશાહી [કવડી]

રાષ્ટ્રની અભ્યુદય-પ્રાર્થના

પરમાત્મન્! બ્રાહ્મણો રાષ્ટ્રે મારા હો બ્રહ્મવર્ચસી,
ક્ષત્રિયો શૌર્યપૂરા હો, ધનુર્વિદ્યાજ્ઞ મ્હારથી,
શત્રુને જીતનારો હો, ધેનુ હો પૂર્ણ દુગ્ધદા,
બળદો ભારવાહી હો બલિષ્ઠ, અશ્વ વેગીલા,
સ્ત્રીઓ હો સુશીલા, માતૃગુણસંપન્ન રાષ્ટ્રની,
યોદ્ધાઓ વિજયેપ્સુ હો રથારૂઢ, યુવાન હો
શિષ્ટ ને વીર, મેઘો હો સમયે સારું વર્ષતા
વૃક્ષો-ઔષધિ હો ફૂલફલાઢ્ય, ધાન્યવિપુલા;
પરમાત્મન્ રાષ્ટ્રનું એમ યોગ-ક્ષેમ તમે વહો.

– અનુ. જયન્ત પાઠક

લોકશાહી પ્રાપ્ત કર્યાંને પચાસ વર્ષો વીતી ગયાં છે. પણ આપણે લોકશાહીના સાચા સદન સુધી પહોંચી શક્યાં છીએ ખરાં? નાત-જાત, નિરક્ષરતા, ઇતિહાસ, ગરીબાઈ, વ્યક્તિવાદ, પ્રમાદ જેવા અવરોધો આ લોકશાહીના સમ્યક્ રૂપમાં આડે આવે છે તેને આપણે કેટલા દૂર કરી શક્યા છીએ? ૧૯૮૦માં કવડીએ રજૂ કરેલો આ સ્કેચ 'ધી ઇલસ્ટ્રેટેડ વીકલિ ઓવ્ ઈંડિયા'માંથી અહીં સાભાર ઉદ્ધૃત કર્યો છે. આજે પણ તે પ્રસ્તુત લાગશે.

દેશદેશના રાષ્ટ્રધ્વજો



પૂરા પરિવારનું સર્વલક્ષી સુરુચિપૂર્ણ સામયિક

કુમાર

વર્ષ ૭૩મું | અંક ૮

સ્થાપના : ૧૯૨૪

સંસ્થાપક અને આદ્યતંત્રી
રવિશંકર મ. રાવળ

ભૂતપૂર્વ તંત્રી
બચુભાઈ રાવત

તંત્રી
ધીરુ પરીખ

ડિરેક્ટરો
હીરાલાલ હ. ભગવતી (ચેરમૅન)
બિહારીલાલ પો. શાહ
ભાલચંદ્ર ર. શાહ

સૂચના

* કુમાર દર માસની ૧૫મી તારીખે પ્રકટ થાય છે. મહિનાની આખર સુધીમાં અંક ના મળે તો પોતાના વિભાગની પોસ્ટ ઓફિસે તપાસ કર્યા પછી જ જાણ કરવી. જો અંક સિલકમાં હશે તો બીજો મોકલી અપાશે. આવી અંક ન મળ્યાની ફરિયાદ અંક પ્રકટ થયા પછી એક માસ સુધીમાં મળશે તો જ તેના પર ધ્યાન આપી શકાશે.
* અહીં પ્રકટ થતાં લખાણોમાંના અભિપ્રાયની જવાબદારી તે તે લેખકની છે.
* લેખકોએ પોતાનું લખાણ કાગળની એક બાજુએ, સ્વચ્છ અને સુવાચ્ય અક્ષરે લખી મોકલવું.
* સામાન્ય રીતે સ્વીકૃત કૃતિનો જવાબ એકાદ માસમાં અપાય છે, અન્યથા કૃતિ અસ્વીકૃત સમજવી. જવાબી ટપાલખર્ચ ન મોકલવું.
* ગ્રાહકે પોતાના સરનામામાં ગામનો પિન કોડ સ્પષ્ટ અક્ષરે અચૂક જણાવવો. અંગ્રેજી અક્ષર સાથેનો આપનો ગ્રાહક નંબર પત્ર-વ્યવહારમાં અવશ્ય જણાવવો.

ઑગસ્ટ ૨૦૦૦

સાંકળિયું

કુમાર સળંગ અંક ૮૭૨

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી પ્રકાશક : ધીરુભાઈ ઈ. પરીખ
પ્રકાશનસ્થાન : કુમાર કાર્યાલય લિમિ. ૧૪૫૪, રાયપુર ચકલા, પોલીસ ચોકીની પાછળ, બઉવાની પોળ સામે, અમદાવાદ-૩૮૦ ૦૦૧ (ફોન નં. ૨૧૪૩૭૪૫)
કમ્પ્યૂટર કમ્પોઝ : કુમાર કાર્યાલય લિમિટેડ, ૧૪૫૪, રાયપુર ચકલા, પોલીસ ચોકીની પાછળ, અમદાવાદ-૧.
મુદ્રક : દેસાઈ ઑફસેટ, ૪૬, શિવશક્તિ એસ્ટેટ, હોટેલ પ્રેસ્ટિજની પાછળ, નારોલ ચોકડી પાસે, અમદાવાદ.
વાર્ષિક લવાજમ રૂ. ૧૫૦; પરદેશમાં હવાઈમાર્ગે ડૉલર ૨૫, પાઉન્ડ ૧૫ અથવા રૂ. ૭૫૦. અમને સીધું લવાજમ મોકલનાર માટે ૩ વર્ષના રૂ.૪૦૦ અને પાંચ વર્ષના રૂ.૭૦૦
આ અંકની છૂટક કિંમત રૂ. ૨૦ - ૦૦ + રવાનગી ખર્ચ રૂ. ૩ - ૦૦

વાચકો લખે છે

'જાણીતા માણસની અજાણી વાતો' કટારમાં ત્રીજી માર્ચ, ૨૦૦૦ના રોજ ભૂતપૂર્વ વડાપ્રધાન શ્રી દેવગૌડાની દ્વારકાની મુલાકાત સંદર્ભે શ્રી પુષ્કરભાઈ ગોકાણીનું કથન છે, '...પહેલે માળે તેમણે કોઈએ આ મંદિરનો જીર્ણોદ્ધાર તેના પુત્રની સ્મૃતિમાં કરાવ્યો હતો તે ખરોષ્ટી લિપિમાં લેખ વાંચ્યો. ખરોષ્ટી લિપિ છેલ્લાં ત્રેવીસસો વર્ષથી લખાતી નહોતી, તેની તેમને ખબર હતી. ત્યાર પછી બ્રાહ્મી અને દેવનાગરી લિપિમાં સંસ્કૃત શાસ્ત્રો લખાયાં તે વાત પણ તેઓ જાણતા હતા.' ('કુમાર' જૂન, ૨૦૦૦, પૃ.૩૪૮)

કુશાણ સમ્રાટ કનિષ્ક ઈ.૧૨૦ની આસપાસ રાજાધિરાજ બન્યા.

'KANISHKA EMPLOYED GREEK WORKMEN AND SILVERSMITHS. AND THE RELIC-CASKET DISCOVERED AT THE SHAHJI-KI - DHERI NEAR PESHAWAR' (પેશાવર અને મથુરા કનિષ્કની રાજધાનીઓ) BEARS A KHAROSHTHI INSCRIPTION TO THE EFFECT THAT IT WAS THE WORK OF 'AGESILAS OVERSEEH OF KANISHKA'S VIHARA' (- A CULTURAL HISTORY OF INDIA EDITED BY A.L. BASHAN. 1975. P.432) (P. 438) 'IN 1854 JAMES PRINSEP BY DISCOVERING THE CLUE TO THE KHAROSHTHI ALPHABET FROM THE BILINGUAL BACTRIAN COINS. ENABLED SCHOLARS FOR THE FIRST TIME TO READ THE EARLY INSCRIPTIONS...' ઈ. ૧૮૩૪માં જેમ્સ પ્રિન્સેપે ખરોષ્ટી લિપિનો ભેદ ઉકેલ્યો. પેશાવર નજીક સાંપડેલ શાહજીકી ઢેરીની પુરાવશેષ મંજૂષા પર ખરોષ્ટી લિપિમાં લખાણ છે, જે કનિષ્કના શાસન દરમિયાનનું છે, તો પછી ખરોષ્ટી લિપિ ઈ.પહેલી-બીજી સદીમાં એટલે કે વર્તમાનથી ૧૯૦૦-૧૮૦૦ વર્ષો પૂર્વે (૨૩૦૦ વર્ષો નહિ) ચલણમાં હતી.

પ્રસ્તુત મંજૂષા પર બુદ્ધની આકૃતિ છે. કનિષ્કના શાસન દરમિયાન બુદ્ધનાં શિલ્પો-મૂર્તિઓ હસ્તીમાં આવ્યાં, તે પૂર્વે બુદ્ધ પ્રતીકરૂપે - પાદુકા, સ્તુપ પૂજાતાં હતાં.

પ્રસ્તુત મંજૂષાનો ફોટો 'MARG' VOL. XXXIX. NO.4. P.27 પર પ્રકાશિત છે.

કનિષ્કના ખંડિત શિલ્પના ફોટા માટે જુઓ The Art and Architecture of the Indian Subcontinent. J.C. Harle, ૧૯૮૬, પૃ.૬૯ Kaniska from Mat. C.100 spotter red sandstone, Mathura Govt. Museum. શિલ્પ પર લિપિ દૃશ્યમાન છે. શિલ્પ અમે દિલ્હી રાષ્ટ્રિય મ્યૂઝીઅમમાં નીરખેલ છે.

બૌદ્ધધર્મ અપનાવનાર સમ્રાટ અશોકના શિલાલેખો ખરોષ્ટી લિપિમાં પણ છે (ઈ.સ.પૂર્વે ત્રીજી સદી-વર્તમાનથી ત્રેવીસસો વર્ષો પૂર્વે) કનિષ્કનો શાસનકાળ ત્યાર બાદ ચારેકસો વર્ષો બાદ બૌદ્ધધર્મી કનિષ્કના નિધનથી ખરોષ્ટીનું નિધન થયું એમ માનવાને કારણ નથી. એટલે ખરોષ્ટી લિપિ ઈ. ત્રીજી સદીમાં પણ ચલણમાં હશે.

શ્રી પુષ્કરભાઈ ગોકાણીનું કથન યથાર્થ નથી. વર્તમાનથી સત્તરસો વર્ષો પૂર્વે ખરોષ્ટી લિપિ ચલણમાં હશે. દ્વારકાધીશ મંદિરમાં પહેલે માળે લખાણ કઈ લિપિમાં છે એ વિષે મતમતાંતર પ્રવર્તે છે.

વિદિશા (મધ્યપ્રદેશ) નજીક વિષ્ણુ-વાસુદેવભક્ત ગ્રીક એલચી હેલિઓ-ડોરસના સ્તંભ પર લખાણ બ્રાહ્મી લિપિમાં છે (ઈ.પહેલી-બીજી સદી) અમે સ્તંભ સુપેરે નીરખેલ છે. સ્તંભ સુપેરે જળવાએલ છે. ખરોષ્ટી અને બ્રાહ્મી લિપિ સંગાથે ચલણમાં હતી.

'જાણીતા માણસની અજાણી વાતો'માં અજાણ વિધાનોને સ્થાન ન હોવું ઘટે. દેવગૌડા લિપિજ્ઞ નહિ. - વી.બી. ગણાત્રા (મુંબઈ)

'વાચકો લખે છે' વિભાગમાં જે અનેક પત્રો આવે છે તેમાં 'કુમાર'નું પુનઃપ્રકાશન થયું છે તેનો આનંદ સૌએ વ્યક્ત કર્યો છે. આવી જ આનંદની લાગણી હું અનુભવું છું. 'કુમાર'નું સ્વરૂપ પણ લગભગ યથાવત્ રહ્યું છે અને જે કાંઈ થોડો ફેરફાર થયો છે તે 'કુમાર'ના ધોરણને સાચવી રાખે છે તે જોવા મળે છે.

ખાસ કરીને ડૉ.હસુ યાજ્ઞિકનું 'સંગીતશાસ્ત્ર', વૈદ્ય સાહેબનાં 'પસ્તીનાં પાનાં' અને વિનોદ અધ્વર્યુનાં 'પ્રસંગ-પરાગ' ઉપરના લેખો 'કુમાર' આવતાંવેંત જ વાંચી જવાય છે. 'કુમાર'ના જૂન ૨૦૦૦ના અંકમાં ભારતનાં રાજ્યોનાં સંદર્ભમાં કર્ણાટક વિશે માહિતી દેખીતી રીતે જ જૂની હોય તેવું લાગે છે. અને તેનું છેલ્લું વાક્ય - ૧૯૮૫/૮૬માં ૮૪.૫ કરોડ વોટ વિદ્યુતશક્તિ ઉત્પન્ન થઈ - તે આમ માનવાને પુષ્ટિ આપે છે. જોગના ધોધની બાજુમાં જ મહાત્મા ગાંધી હાઈડ્રોલેકિટ્રક વર્ક્સ આવેલું છે. ઊર્જાની માહિતીમાં તેનો ઉલ્લેખ હોવા છતાં ત્યાંની 'રોપ વે'ની માહિતી પ્રવાસી માટે જરૂરી ગણાય. જોવાનાં અનેક સ્થળોમાં વૃંદાવન ગાર્ડનની માહિતી તો સૌ પાસે હોય જ, પરંતુ ટીપુનો મહેલ, તેની નજીક આવેલી રંગનાથ થિટ્ટુ બર્ડ સેંક્ચ્યુરીની મુલાકાત દરેક પ્રવાસી લે તેવું કહેવાનું મન થાય છે. હાસન પાસે આવેલા શ્રવણ બેળગૌડાની મૂર્તિ જેટલી ભવ્ય છે તેટલી જ આકર્ષક અને સુડોળ પણ છે. તેની નજીક આવેલા હળેબીડ અને બેલુરના મંદિરો ભારતની શિલ્પસમૃદ્ધિનો અખૂટ ખજાનો છે. આ દરેક સ્થળે એક એક આખો દિવસ પણ ઓછો પડે તેટલી પ્રચુર શિલ્પસમૃદ્ધિ અહીં પડેલી છે.

'કુમાર'માં જ્યારે કોઈ રાજ્યની માહિતી અપાય ત્યારે તે વિગતથી સમૃદ્ધ હોય અને પ્રવાસીને માર્ગદર્શક પણ બને તેવી અપેક્ષા 'કુમાર' પાસેથી અવશ્ય રાખી શકાય. કુમારે ગુજરાતની ચારેક પેઢી ઘડી છે. આજે પણ તેનું આકર્ષણ અકબંધ રહ્યું છે તેવો ભાવ વ્યક્ત કરતાં આનંદ થાય છે. - દિનુભાઈ દવે (અમદાવાદ)

(અનુસંધાન પૃ.૫૨૦)

તારી છાયા તળે / ચંદ્રકાન્ત શેઠ

(ગાન)

તારી આગળ હૈયું ખોલું, તારી આગળ વાત;
તું મારા સપનામાં આવે, પૂનમની તું રાત!
તારું હોવું સુવાસ જેવું
મઘમઘ મારું નીડ;
તારે ટહુકે ભીતર મારે
ઢગ પંખીની ભીડ!
બંધ ઓરડે દીવા સરખી, તું અહીંયાં રળિયાત!
તારી આંખે દેખું, પામું
તારા શબ્દે ગીત;
તું પારેવા જેવી મારી
પ્રકટ પંડમાં પ્રીત!
તારી છાયા તળે વળે જીવતરમાં કશી નિરાંત!

આષાઢી મેઘ / ગોવિંદભાઈ

(સવૈયા)

યક્ષ રહેલો ઉરમાં તેને ઉત્તેજે આષાઢી મેઘ,
અલબેલી અલકાનાં કેવાં કામણ તેની આંખે રેખ.
સજાગ આ અંતરમાં કેવો રહે અંકુરી રિપુ પ્રમાદ !
કર્તવ્યોને કડવાં કરી દઈ વ્હેંચે આળસ તણો પ્રસાદ.
સાચો સ્વામી ભુલાઈ જાતો, નકલી સ્વામી ખેંચે દોર,
સોનલ કોર રહે કચડાઈ, તગતગ થાતી શ્યામલ કોર.
સુજાણને પણ અજાણ કરી દે, વિલસી રહે એવાં કરતૂત,
દેવ ભુલાઈ જતો ને પૂજા પામીને બુત સરજે ગૂંચ.
જે પ્રિય કાજે પ્રમાદ સેવ્યો, તેનો આવી પડે વિયોગ,
જેને કાજે કીધું સૌ આ, અળગો થાતો તે વૈભોગ.
જગની ને જીવનની લીલા સરજે શા વાસ્વના ખેલ!
મહેલ માન્યો જેને તે શો બનતો કષ્ટપ્રસારક જેલ!
વિયોગ બળવત્તર થાતો, ને થાતાં રહે કૃશ તનનાં અંગ,
જે કંઈ બળ રહે તે બળથી જ રહે સંજોગો શું કરવો જંગ.
કુદરતની ને જીવનની શી દિન દિન સ્પષ્ટ થતી રહે વાટ!
સુન્દરતાને ઘાટે ઘાટે નહિ શા થાતા રહે ઉચાટ.
અધીર અન્તર ધૃતિથી કેવું નિજ નગરીનાં સમજે મૂલ!
આવાસોનો આદર કરવા ગૌરવથી થવું હળવા ફૂલ.
મોહ અને મદ અળગા થાતાં અનુતાપે સહુ થાતું ક્ષમ્ય,
વાસ્તવ તેમ વિવેકે કેવું ભવનું ભવન બની રહે રમ્ય!

હાઈકુ / ઉશનસ્

નદીઓ બૂડી,
ઊડી વાદળી, તોયે
સિન્ધુ એનો એ!

મેઘમંડલો વરસે સખિયન / યશવંત ત્રિવેદી

(ગાન)

મેઘમંડલો વરસે સખિયન, ક્યાં છે શ્યામ કન્હાઈ?
ભીંજે મારી ચોળી-ચુનરિયા-અંતરાલમાં ટપકે ટીપાં ટપ્ ટપ્ મીત મીતાઈ!
કદંબડાળે ચાતકપિક-શા ભીંજે શબદ સૌ પંખ વીંઝતા,
ફૂલની ઠીબે રંગ નીતરે હરિત કેસરી, ભીંજે રિદયનાં ગીત મીતાઈ!
કોરીકટાક વહે આ નદીઓ-શિરીષડાળથી નામ લખી દે ભીનું
તારું, અવ વ્રે વધુ સહે ના રુદિયું,
કદંબથડ-શો ચાપ હૃદયને-ઊડે ફુવાર આભે ને ઊર્મિચંચલ ઉભર
ઉભર નૈનન આ નદિયું;

સાવનના ધૂસર દર્પણમાં મુખ ભીનું તવ જોતી, માધે!
ઊભરે ફાટફાટ ચોળીભીતરથી છમછમ ઝરણાં વહે ટપકતાં પ્રીત મીતાઈ!
કદંબડાળે ચાતકપિક-શા ભીંજે શબદ સૌ પંખ વીંઝતા
ફૂલની ઠીબે રંગ નીતરે હરિત કેસરી, ભીંજે રિદયનાં ગીત મીતાઈ!
ધનુષબાણ-શી વીંધે બુંદન વક્ષઃસ્થલને ભીનોભીનો વિરહ જલે છે
કેતકવન શો ખટકે
અટલી કોમળ નૈન-પાંદડી થીરકે માધવ, લળી જશે અવ મધમાખી-શા
ભાર થકી આ મટકે

મેઘમંડલો વરસે સખિયન, ક્યાં છે શ્યામ કન્હાઈ ?

વિદેશ વસતી વિરાજની વર્ષગાંઠે / ધીરુ પરીખ

(વસંતતિલકા)

તું તો વિદેશ વસતી હસતી વિરાજ,
ખીલી રહે દલદલે જયમ કો કળી ત્યાં;
ચાહું તને સુવિકસી પમરી રહેતી
જોવા, દશાયુ અવ તું બનતી ક્ષણે તે.

દૌહિત્રી તું અદલ શી તનયા જ મ્હારી!
કહેતો તને અવનવી કશી વારતાઓ
વિસ્ફારી આંખ સુણતી વિહરે પરીને
દેશે, બધું તરત વિસ્મરતી તું ક્યાંયે!

તેવી રીતે નયન બન્ધ કરી તું પાસ
પ્હોંચી જતો સકલને ત્યજી અહીં નિવાસ!

મુક્તક / નિર્મિશ ઠાકર

વેદનાઓના પરાયા શ્વાસ મારું ઘર નથી,
કોઈ નિષ્ફળ થઈ ગયેલી પ્યાસ મારું ઘર નથી;
ધ્રુવ તારો છું, દિશાના અર્થ સમજાવો નહીં;
કોઈ કાળે તૂટતા વિશ્વાસ મારું ઘર નથી.

આપણે હોઈએ તો શું કરીએ?

સુધીર દેસાઈ

આપણો જન્મ સામાન્ય કુટુંબમાં થયો હોય અને મહેનત તથા બુદ્ધિથી આપણે ધંધો જમાવીએ, કરોડો રૂપિયાનો ધંધો બની જાય, અને એક દિવસ વિચાર આવે કે હવે બહુ થયું; હવે શાંતિ જોઈએ છે અને ધંધો વેચી નાખીએ કોઈને. કરોડો રૂપિયા આવે. બોલો, આપણે શું કરીએ?

પૈસા કમાયા ન હોઈએ અને પૈસા કમાયા હોઈએ એ બન્ને પરિસ્થિતિમાં ઘણો મોટો ફરક છે. પૈસાદાર હોઈએ અને પૈસા કમાઈએ અને સામાન્ય માનવી હોઈએ અને પૈસા કમાઈને ખૂબ પૈસાદાર બની જઈએ - બન્ને વચ્ચે ઘણો મોટો તફાવત છે. આ બન્ને તફાવતો સમજીએ તો માનવીના કાર્યની સાચી કદર કદાચ કરી શકીએ.

ક્લૉડ એચ. ફૉસ્ટર નામના માનવીએ આ પોતાની વાત લખી છે. એ નાનો હતો ત્યારથી એને મશિનરીમાં ઘણો રસ. એ એની જોડે જ ગડમથલ કર્યા કરે. બોલ્ટ કાઢવા, બધું છૂટું પાડી દેવું એને ઘણું ગમતું. એ આ સ્ટીલ કે લોખંડનો સ્પર્શ કરે અને મનમાં વીજળી દોડવા માંડે. સ્હેજ મોટો થયો અને એણે એક નાનકડી દુકાન કરી. એમાં એ સતત કામ કર્યા કરે. તૂટેલી વસ્તુ રીપેર કરે નવી આવેલી મશિનરી ખોલી નાખી સમજવા પ્રયત્ન કરે.

આ એના જીવનનો સૌથી મોટો આનંદ.

એ અરસામાં નવી નવી મોટરો આવી. એના પણ બધા ભાગ છૂટા પાડીને ફરી ભેગા કરી દેવામાં એને મઝા પડતી. એને એક જ ચીજ માથાના દુખાવા જેવી લાગે અને તે હતું હૉર્ન. કેટલીયે વાર એ હોર્નને રીપેર કરી શકતો નહીં, એને પોતાની જાત ઉપર ચીડ ચડતી. અને આ હૉર્ન એવું કે ખરી વખતે ના પણ વાગે. એ વગાડો એટલે દરવખતે વાગે જ એવું જરૂરી ન હતું.

એને હંમેશાં થતું કે આ હૉર્ન માટે કંઈક કરવું જોઈએ. અને એક દિવસ બરુનો એણે ઉપયોગ કર્યો. ચમત્કાર થયો. જેટલી વાર વગાડે એટલી વાર હોર્ન વાગે જ. એને એની આ શોધથી ઘણો આનંદ થયો. એણે પંદરસો ડૉલર બચાવી રાખ્યા હતા. એના દ્વારા એણે કંપની ખોલી : ગેબ્રિયલ હૉર્ન કંપની. અને કંપની તો ધમધોકાર ચાલવા માંડી. એણે એની કંપનીને ખૂબ વધારી દીધી.

એક દિવસ એણે છૂટા થઈ જવાનો વિચાર કર્યો. એને થયું બહુ કામ કર્યું. હવે નિવૃત્ત થઈ જવું જોઈએ. નિવૃત્ત થવું હોય તો કંપની બંધ કરવી જોઈએ કે વેચી નાખવી જોઈએ. વાત તો પ્રસરી. અને કેટલાયે જણે એ કંપની લેવા તૈયાર થઈ ગયા. એની પાસે એની કંપનીની સૌથી મોટી ઓફર આવી ૧૦ મિલ્યન ડૉલર્સની. એ તો અચંબામાં પડી ગયો. એને થયું કે આ કંપનીની પેટન્ટ છે તે તો થોડાં વરસોમાં સમાપ્ત થઈ જશે. અને એના શેરહોલ્ડરોને પછી નુકસાન થશે. આ કંપની માટે આટલા બધા ડૉલર ન લેવાય. એણે તો માંડી ગણતરી. ગણતાં ગણતાં એને લાગ્યું કે ૪ મિલ્યન ડૉલર્સ જ લેવાય. ક્યાં ૧૦ મિલ્યન ડૉલર્સ અને ક્યાં ચાર મિલ્યન ડૉલર્સ!

એ વિચારતો હતો કે આ જે કંઈ અહીં છે તેના આપણે માલિક નથી. આપણે તો હોટેલના વેઇટર જેવા છીએ કે બહુ બહુ તો આ મિલકતના ટ્રસ્ટી છીએ. આ બધાનો માલિક તો ઈશ્વર છે. આપણી ફરજ એટલી કે એને આપણે આપણી બુદ્ધિ અને શક્તિથી સાચવીએ અને વધારે અને વધારે માનવીઓને ફાયદો થાય એવું કરીએ.

અને એણે નિર્ણય કરી લીધો. ૪ મિલ્યન ડૉલરમાં કંપની વેચી દીધી.

વેચ્યા પછી એણે એના મિત્રોને પાર્ટી આપી. પણ એવા મિત્રોને જેમણે ખૂબ મહેનત કરીને અનાથાશ્રમ ખોલ્યા હતા કે હૉસ્પિટલની નવી વિંગ બનાવી હતી.

પાર્ટીના દિવસે એણે આ મિત્રોની વચ્ચે એના એ ૪ મિલ્યન ડૉલર્સ આ મિત્રોને વહેંચી દીધા એમનાં સદ્કાર્યો માટે. એને થયું કે આ ૪ મિલ્યન ડૉલર્સ આવા લોકોને જ અપાય જે બીજાના ભલા માટે કાર્ય કરે છે.

ક્લોડ છેલ્લે લખે છે કે મને તે દિવસની રાત્રે એક નાનકડો સ્વાર્થી આનંદ મળ્યો એ મને જ મળ્યો હતો. મારી જિંદગીની આ સૌથી શ્રેષ્ઠ પાર્ટી હતી.

શરૂઆતમાં જ એક પ્રશ્ન પૂછ્યો હતો. કરોડો રૂપિયા આપણી પાસે આવે તો આપણે શું કરીએ?

આવું કરવાનો વિચાર આવે ખરો? પ્રશ્ન આપણે આપણી જાતને જ પૂછવાનો છે. પણ પૂછવા જેવો પ્રશ્ન ચોક્કસ છે. આપણને કદાચ થાય કે આપણે આટલા મહાન નથી! કે પછી એવું પણ થાય કે હું કાંઈ ક્લોડ જેવો મૂર્ખ નથી.

આપણે કેવા છીએ? કયા ચોકઠાના છીએ? આપણને ખબર છે? સાચી ખબર?

આ વાત ભલે અમેરિકાની હોય, પણ વિચારસરણી ભારતની જ છે. આપણે ત્યાં રાજાઓ ચક્રવર્તી બને ત્યારે બધું જ દાનમાં આપી દેતા હતા અને માટીના વાસણમાં રસોઈની શરૂઆત થતી. નવેસરથી બધું વસાવવું પડતું. પહેલાંનું બધું જ દાનમાં આપી દેવાતું હતું. આજે આપણી આ વિચારસરણીને આપણી કહી શકીએ ખરા? □

વિધાતાની કલ્પનાનું ગોળગોળ ચક્કર!

રાધેશ્યામ શર્મા

પૌરાણિક કલ્પના, ભાગ્યના દેવતાની ઊંચાઈએ પહોંચી છે. વિધિ-વિધાત્રી-વિધાતા, બ્રહ્માદિ દેવદેવીઓને ગણવામાં આવ્યાં છે.

જે કાંઈ જગતની અંદર સારું-ખોટું બને છે અને નજરની આગળ યા નજરની પાછળ બને છે એમાં જેટલો મનુષ્યના પુરુષાર્થનો ફાળો છે એટલો જ બલકે એથી અધિક ફાળો ભાગ્યનો, વિધાતાનો માનવાનો ચીલો છે.

'ભારત ભાગ્યવિધાતા' રાષ્ટ્રગીતમાં ભલે ગાતા હોઈએ પણ સમગ્ર જગતનો ભાગ્યવિધાતા કોઈ અન્ય છે એવી માનયતા આલમ આખીમાં વ્યાપક છે. માન્યતાઓમાં સર્વવ્યાપક જ નહિ, સર્વશક્તિમાન માન્યતા આ ભાગ્યના સ્રષ્ટાની, ભાગ્યના સર્જકની છે.

જે કાંઈ બની ગયું, બને છે કે બનશે એમાં અરાજકતા, અતંત્રતા, અનિયમિતતા હતી ત્યાં સુધી નભ્યું પણ જ્યારથી વ્યવસ્થા અને પ્રબંધનો, નિયમનો અને તંત્રનો અહેસાસ થવા માંડ્યો ત્યારથી વિધિ કે વિધાતાનો વિચાર ચેતનામાં પાયો રોપવા માંડ્યો.

સવેળા ચાલતું ઋતુચક્ર, સૂર્ય-ચન્દ્રના નિયમબદ્ધ ઉદયઅસ્ત, વસંતમાં પ્રકૃતિની પ્રફુલ્લતા અને પાનખરમાં પર્ણખરણ - આવી ઘટનાઓ નિસર્ગમાં નીરખવા મળી ત્યારે માનવને ખ્યાલ આવી ગયો કે જગતનો કારોબાર વ્યવસ્થિત અને નિયમ પ્રમાણે ચાલ્યા કરે છે.

પ્રકટ રાજકર્તાની ગેરહાજરીમાં પણ પ્રકૃતિ પોતાનાં કામો પોલીસ-કોર્ટ-કચેરી વગર કર્યા જ કરે છે. કુદરતે જાતે જ પોતાને જવાબદાર ગણી એક પ્રકારનું ઉત્તરદાયિત્વ અપનાવ્યું છે. ત્યારે અદૃશ્ય વિધાતાનો વિચાર આકાર પામ્યો હશે.

અને ક્યારેક સાવ પોપાબાઈનું રાજ્ય હોય, બોડી બામણીનું નધણિયાતું ખેતર હોય, ટકે શેર ભાજી ટકે શેર ખાજા જેવું ડીંડવાણું ચાલતું હોય, કૌભાંડોની ભંગાર-લંગાર હોય, ખાસ તો મોંમાથા વિહોણી સંગતિશૂન્ય ઊટપટાંગ એબ્સર્ડ કથાઓની વ્યથાઓ વ્યક્તિજીવનને ધમરોળતી હોય તેમજ મનુજ પુરુષાર્થના પારાવાર પરસેવા-આંસુ-લોહી વહ્યાં છતાં કશી કારી ના ફાવતી હોય, કોઈ ગુરુચાવી આ ભેદી તાળામાં બંધ બેસતી હોય નહિ ત્યારે -

- ત્યારે પણ દૃશ્યમાં નહિ વરતાતી વિધાતાનો વિચાર આકાર ધારણ કરે છે. વિધિ અંગેની કલ્પનાઓ દેશદેશાન્તરમાં એટલી ભિન્નભિન્ન ચિત્રવિચિત્ર તથા ભાતીગળ હોય છે કે વિધિ, નિયતિ કે વિધાતા આખરે શું કરવા તાકે છે કે તાકતી હતી એનો અંદાજ મનુજમતિને આવી શકતો નથી. આખું ગોળ ગોળ ચક્કર છે વિધિકલ્પનાનું!

> વિધાતાનો કોયડો
> કોણ ઉકેલી શકે...
> આની પાછળ
> તારો સંદેશો શો છે?
>
> ચાર્લ્સ લૅમ્બ

બની ગયેલા નાનામોટા બનાવ પાછળ કેવો સંકેત હતો, કે કયો સંદેશ હતો કે છે એનોયે મૂઝારો અનુભવતાં લોકને આપણે ક્યાં નથી જોયાં?

જગતમાં એક બાળકનો જન્મ થયો. માતાપિતા, સગાંવહાલાં રાજી રાજી થઈ ગયાં, પછી.....

થોડીક ઘડીતડીમાં નવજાત શિશુએ સદા માટે આંખ મીંચી દીધી! જેવું જન્મ્યું એવું જ ગુજરી ગયું! ઓ તેરા ક્યા કહના, વિધાતા!?

ચાર્લ્સ લેમ્બનું સૂત્ર, ઉપરની આ ઘટનાને અનુલક્ષીને, અનુવર્તીને ઊપજ્યું છે. જન્મ અને મરણ એ બે છેડાની વચ્ચે જીવનનો વિસ્તાર જ ગાયબ! બાળક અવતર્યું એવું જ મર્યું એમાં વિધાતાનો કયો સંકેત? કેવો સંદેશ? બોધ આપનારા અને ઝીલનારા તરત બોલી ઊઠે ક્ષણભંગુર જિન્દગીનો સંદેશ અને સંકેત છે... પણ પ્રશ્ન એ નથી. પ્રશ્ન એ છે કે આને માટે એક સદ્યજાત નિર્દોષ શિશુના પ્રાણહરણના દુઃશાસન બનવાનું દૈવને શાને સૂઝ્યું? કોયડો ઉકેલવા જઈએ તેમ પતંગદોરની પેઠ ગૂંચવાઈ શકે. ક્યારેક માણસને પણ વિધાતાના કામમાં હસ્તક્ષેપ પુરુષાર્થ કરવાની પેચીદી પળ આવે છે, ચળ આવે છે અથવા વિધિ જ આવું સુઝાડી દે છે.

નોબુનાગા નામનો એક જપાની યોદ્ધો. શત્રુ ઉપર ત્રાટકવાની અદમ્ય એની તમન્ના. પણ દુશ્મનના દળના દસમા ભાગ જેટલા જ સિપાઈઓ એની ફોજમાં!

નોબુનાગાને જાત પર પાકો ભરોસો. પણ ઓછા લશ્કરને આસ્થા ઓછી. શું કરવું? પણ ભડવીર ખરો. થોડા સૈનિકોને લઈ નીકળ્યો. માર્ગમાં શિન્તો પંથનું દેવળ આવતાં એ દર્શન કરવા અટક્યો. પોતાના સાથીદારોને બોલાવી કહ્યું, ' દેવળમાં દર્શન કરી આવું પછી હવામાં સિક્કો ઉછાળીશ ને સિક્કામાં ચહેરો આવશે તો જ આપણે દુશ્મન સામે હુમલો કરવા ઊપડીશું.'

દેવ આગળ દેવળમાં પ્રાર્થના કરી નોબુનાગાએ બહાર આવી, કહેવા પ્રમાણે સિક્કો હવામાં ઉછાળ્યો. બધાની નજર જમીન પર પેલા સિક્કા પર હતી - ચહેરો આવ્યો! દુશ્મન ઉપર આક્રમણ કરી જંગ જીતી લેવાયો.

સરદારનો પરિચારક બોલ્યો : વિધાતાના હાથને કોઈ ના પહોંચી શકે! નોબુનાગા બોલ્યો, હા કોઈ જ ના પહોંચી શકે. ખિસ્સામાંથી પેલો સિક્કો કાઢ્યો ને દેખાડ્યો - સિક્કાની બંને બાજુએ એક જ જાતનો ચહેરો હતો!! □



—— પંચમહાલના સિંહ અને દેશભક્ત ——

વામનરાવ સીતારામ મુકાદમ

—— ડૉ.જયકુમાર ર. શુક્લ ——

પંચમહાલ જિલ્લાનું હાલનું મુખ્ય મથક તે ગોધરા, ઈસવી સનની આઠમીથી બારમી સદી દરમિયાન અણહિલવાડમાં પોતાનું પાટનગર રાખીને રાજ્ય કરતા રાજપૂતોની સત્તા હેઠળ હતું. પંદરમી સદીમાં મુહંમદ બેગડાના અમલ દરમિયાન તેના પાંચ પ્રાંતોમાંના એક પ્રાંતનું વહીવટી મુખ્ય મથક ગોધરા હતું. અઢારમી અને ઓગણીસમી સદીઓમાં સિંધિયા (મરાઠા) અને બ્રિટિશ સત્તા હેઠળ પણ ગોધરા-પ્રાંત અથવા જિલ્લાનું મુખ્યમથક રહ્યું હતું. સિંધિયાના અમલ દરમિયાન તેમનો વહીવટ સંભાળવા મહારાષ્ટ્રનાં કેટલાંક કુટુંબો ગોધરા આવીને વસ્યાં હતાં. તેમાંના એક દક્ષિણી દેવલૂક બ્રાહ્મણ પરિવારમાં ૨૬ જાન્યૂઆરી ૧૮૮૫ના રોજ ગોધરામાં વામનરાવનો જન્મ થયો હતો. તેમના પિતાશ્રી સીતારામ મુકાદમ મધ્યમ વર્ગના ધાર્મિક, પ્રામાણિક અને સ્વમાની સદ્‌ગૃહસ્થ હતા. વામનરાવ માંડ મૅટ્રિક સુધીનું શિક્ષણ લીધા બાદ, ત્યાંની ન્યૂ હાઇ સ્કૂલમાં શિક્ષક બન્યા. તેમને ઇતિહાસ ભણાવવામાં વધારે રસ પડતો. વિદ્યાર્થીઓ ખાસ કરીને તેમના ઇતિહાસના શિક્ષણકાર્યથી વિશેષ પ્રભાવિત થતા હતા.

વીસમી સદીના પ્રથમ દાયકામાં દેશમાં જહાલવાદી વિચારો ઝડપથી ફેલાતા જતા હતા. દેશના અનેક નવયુવાનો લાલા લજપતરાય, બાળગંગાધર ટિળક, અરવિંદ ઘોષ અને બિપિનચંદ્ર પાલના બહિષ્કાર, સ્વદેશી, રાષ્ટ્રિય શિક્ષણ અને સ્વરાજના વિચારોથી પ્રભાવિત થયા હતા. પંચમહાલ જેવા પછાત વિસ્તારમાં વસતા વામનરાવ પણ લોકમાન્ય ટિળકના જીવન તથા તેમના મરાઠી સાપ્તાહિક 'કેસરી'માં પ્રકટ થતા લેખોમાંથી પ્રેરણા મેળવીને પ્રખર દેશભક્ત અને ઉદ્દામ વિચારના બન્યા હતા. તેઓ ખૂબ સાદુ જીવન જીવતા હતા. તેમણે જાહેરજીવનની શરૂઆત બંગાળમાં શરૂ થયેલાં ૧૯૦૫ના બંગભંગ અને સ્વદેશી આંદોલનથી કરી હતી. અમદાવાદમાં ૨૧-૨૨ ઑક્ટોબર, ૧૯૦૬ના રોજ ભરાયેલ મુંબઈ પ્રાંતિક રાજકીય પરિષદમાં તેમણે જાણીતા સ્થાનિક વકીલ અને પંચમહાલ જિલ્લામાં હાઇ સ્કૂલોના સંચાલક મણિલાલ હરિલાલ મહેતા સાથે હાજરી આપી હતી.

ટિળકે ૨૮મી એપ્રિલ, ૧૯૧૬ના રોજ ઇન્ડિયન હોમરૂલ લીગની સ્થાપના કરી. તેનો હેતુ ભારત માટે સાંસ્થાનિક દરજ્જાનું સ્વરાજ મેળવવાનો હતો. ત્યાર બાદ આખા દેશમાં તેઓ લોકોના સર્વમાન્ય નેતા બન્યા અને 'લોકમાન્ય' તરીકે પ્રસિદ્ધ થયા. પંચમહાલ જિલ્લા કોન્ગ્રેસ સમિતિના મંત્રી અને સ્થાનિક હાઇ સ્કૂલના શિક્ષક વામનરાવે પણ ગોધરામાં હોમરૂલ લીગની શાખા સ્થાપી. તેઓ ગુજરાતમાં ટિળકના પટ્ટશિષ્યોમાંના એક અને ગાંધીજીના પ્રશંસક હતા. તેમના નિમંત્રણથી મુંબઈથી શંકરલાલ ઘેલાભાઈ બેન્કર, મનસુખલાલ આત્મારામ માસ્તર અને વકીલ ચંદ્રશંકર નર્મદાશંકર પંડ્યા ૨૧ જુલાઈ, ૧૯૧૭ના રોજ ગોધરા આવ્યા હતા. રાત્રે જાહેરસભા યોજવામાં આવી અને તે પછી હોમરૂલ લીગના ૫૬ સભ્યો વામનરાવે નોંધ્યા. તેમણે તથા તેમના યુવાન સાથીઓ વકીલ દલસુખભાઈ શાહ, વકીલ પુરુષોત્તમદાસ શાહ અને ડૉ.માણેકલાલ શાહે હોમરૂલની પ્રવૃત્તિ અંતર્ગત પંચમહાલ જિલ્લામાંથી વેઠપ્રથા નાબૂદ કરવાનો જોરદાર પ્રચાર કર્યો. પંચમહાલમાં હોમરૂલના પ્રચારને લીધે રાજકીય જાગૃતિ સારી પેઠે વધી હતી. તાલુકે તાલુકે હોમરૂલ લીગની શાખાઓ સ્થાપવામાં આવી અને વામનરાવે સ્વરાજ મેળવવાના વિચારો ગામડાંઓમાં ફેલાવ્યા. મુંબઈના રાષ્ટ્રવાદી અંગ્રેજી દૈનિક 'બૉમ્બે ક્રૉનિકલ'ના તંત્રી બી.જી. હૉર્નિમન અને ત્યાંની હોમરૂલ લીગની શાખાના પ્રમુખ અને મહત્ત્વના નેતા બૅરિસ્ટર જમનાદાસ દ્વારકાદાસ મહેતા ૫ ઑગસ્ટ, ૧૯૧૭ના રોજ ગોધરા ગયા. તેમણે વામનરાવના સહકારથી શહેરનાં મહત્ત્વનાં લોકોનો સંપર્ક સાધ્યો અને રાત્રે જાહેરસભાને સંબોધી. શરૂમાં વામનરાવે હોમરૂલ વિષે ભાષણ કર્યું અને મહેમાનોનું સ્વાગત કર્યું. સભાનું પ્રમુખસ્થાન ગણપતરાવ સીતારામ મુકાદમે સંભાળ્યું હતું.

ગોધરામાં ૧૯૧૭ના ફેબ્રુઆરીની ૧૯ અને ૨૦ તારીખોએ ગાંધીજી, ગોખલેની સંવત્સરીની ઉજવણી માટે આવ્યા અને સભાઓને સંબોધી ત્યારે તેમનો મુકામ વામનરાવને ઘેર હતો. રેલવે સ્ટેશન પર ગાંધીજીનું ભવ્ય સ્વાગત કરીને સરઘસ કાઢવામાં આવ્યું હતું. ત્યાર બાદ ગોધરાના સ્થાનિક આગેવાનોએ ત્યાં પ્રથમ ગુજરાત રાજકીય પરિષદ ભરવાનું વિચાર્યું. તે

મુજબ વામનરાવ અને વકીલ મણિલાલ મહેતાએ અમદાવાદ જઈ ગાંધીજીને આ વિચાર જણાવ્યો અને તેનું પ્રમુખપદ સંભાળવા વિનંતી કરી. ગાંધીજીએ નવેમ્બર ૧૯૧૭માં પરિષદમાં આવવા સ્વીકાર્યું. મુકાદમ સ્વાગત સમિતિના મંત્રી બન્યા અને તેમણે પરિષદની બધી વ્યવસ્થા મણિલાલ હરિલાલ મહેતા, વકીલ દલસુખભાઈ લલ્લુભાઈ શાહ, વકીલ પુરુષોત્તમદાસ મગનલાલ શાહ અને ડૉ.માણેકલાલ નરસિંહદાસ શાહ જેવા ઉત્સાહી સાથીઓના સંપૂર્ણ સહકારથી સફળ બનાવી. આ પરિષદમાં ગાંધીજી, વિઠ્ઠલભાઈ પટેલ, લોકમાન્ય ટિળક, મહંમદઅલી ઝીણા, વલ્લભભાઈ પટેલ, અબ્બાસ તૈયબજી વગેરે નેતાઓ ઉપસ્થિત રહ્યા હતા. આ પરિષદમાં પંચમહાલના સામાન્ય લોકોના દુઃખનું નિવારણ કરવા વેઠનો જુલમ દૂર કરવા તથા સ્વદેશીનો પ્રચાર કરવાના ઠરાવો પસાર કરવામાં આવ્યા. સરકારી અમલદારોનો ગામડાંમાં મુકામ થાય ત્યારે તેમની સગવડ માટે નાણાં લીધા વિના સીધુંસામગ્રી આપવાં પડતાં અને તેમનું બધું કામ લોકોએ કરવું પડતું. તેને વેઠપ્રથા કહે છે. વામનરાવ આ અન્યાયની સામે ઝૂઝ્યા. પંચમહાલના નેતાઓએ હોમરૂલ લીગના નેજા હેઠળ રાષ્ટ્રિય પક્ષ સ્થાપ્યો. આ પક્ષે મુકાદમના નેતૃત્વ હેઠળ જિલ્લાનાં ગામોનો પ્રવાસ ખેડીને વેઠની પ્રથા નાબૂદ કરવા હજારો પત્રિકાઓ વહેંચી, સભાઓ ભરી અને લોકોને તેમના અધિકારો પ્રત્યે જાગૃત કર્યા. તેમણે મોટું આંદોલન ઊભું કર્યું. તેનાથી ત્યાંની આદિવાસી પ્રજામાં અપૂર્વ જાગૃતિ આવી. આખરે જિલ્લા કલેકટરે પરિપત્ર પાઠવીને વેઠ ન કરાવવાની સરકારી અધિકારીઓને સૂચના આપી. આ દરમિયાન ખેડા સત્યાગ્રહ ચાલતો હોવાથી, મુકાદમ એપ્રિલ ૧૯૧૮માં ખેડા જિલ્લાનાં કઠલાલ, તોરણા, કપડવંજ વગેરે ગામોની જાહેરસભાઓમાં ગીતો દ્વારા વેઠપ્રથા વિરુદ્ધનો સંદેશો સંભળાવતા હતા. ઈ.સ.૧૯૨૦માં અમદાવાદમાં ભગુભાઈના વંડામાં મેળલી ચોથી ગુજરાત રાજકીય પરિષદમાં વામનરાવે બુલંદ અવાજથી પંજાબમાં અત્યાચારો કરવા માટે બ્રિટિશ સરકાર સામે સિંહગર્જના કરી હતી. તેઓ પ્રખર વક્તા હતા અને તેમની જીભમાંથી વિદેશી સરકારની વિરુદ્ધમાં આગ વરસતી હતી. તેઓ સરદાર વલ્લભભાઈ પટેલ જેટલા જૂના, કસાયેલા અને ખડતલ કાર્યકર હતા. પંચમહાલના યુવાનો વામનરાવની નીડરતાથી તે સમયે ઘણા પ્રભાવિત થયા હતા. તેઓ પંચમહાલના સિંહ કહેવાતા હતા. તેમની કુશાગ્ર બુદ્ધિ, હૈયાઉકલત, હાજરજવાબીપણું અને જે પ્રશ્ન હાથમાં લે તેનો તલસ્પર્શી અભ્યાસ કરવાની ટેવને કારણે મહાત્મા ગાંધી પણ વર્ષો સુધી તેમને વકીલ માનતા હતા. તેમનું વક્તૃત્વ ભાષામાં સાદું, પરન્તુ કહેવતો, રૂઢિપ્રયોગો તથા ગામઠી ઉપમાઓથી ભરેલું તેમજ ડરપોક વ્યક્તિનાં પણ રૂંવાડાં ઊભાં કરી દે એવું હતું.



શ્રી વામનરાવ સીતારામ મુકાદમ - ૧૯૩૭

ગાંધીજીએ ૧૯-૨૦માં દેશવ્યાપી અસહકારની ચળવળ શરૂ કરી ત્યારે સમગ્ર દેશમાં ઉત્સાહનું પ્રચંડ મોજું ફરી વળ્યું. પંચમહાલ જેવા પછાત જિલ્લાના પાટનગર ગોધરાની ન્યૂ હાઈ સ્કૂલે સરકારની માન્યતા ફગાવી દીધી અને રાષ્ટ્રિય શિક્ષણ અપનાવ્યું હતું. લોકસેવક ઈન્દુલાલ યાજ્ઞિકના પ્રયાસોથી જિલ્લામાં રાષ્ટ્રિય શિક્ષણ સમિતિની રચના કરવામાં આવી. તેના મંત્રીઓ તરીકે વામનરાવ, મામા ફડકે તથા તેલંગ હાઈ સ્કૂલમાંથી સરકારી નોકરી છોડીને સ્વાતંત્ર્ય સંગ્રામ માટે જીવન સમર્પણ કરનાર શિક્ષક છોટુભાઈ દેસાઈને નીમવામાં આવ્યા. ગોધરામાં શરૂ કરેલી રાષ્ટ્રિય શાળાને ટિળક શાળા નામ આપવામાં આવ્યું હતું. આ દરમિયાન આદિવાસીઓમાં વ્યાપક બનેલું દારૂ પીવાનું દૂષણ દૂર કરવા માટે વામનરાવ, વાડીલાલ શાહ, મામા ફડકે, પુરુષોત્તમદાસ શાહ જેવા આગેવાનો દારૂની દુકાનો પર પિકેટિંગ કરવા જતા અને બીજાં અનેક લોકોને તે માટે મોકલતા હતા. તેમણે સભાઓમાં તથા લોકસંપર્ક દ્વારા પણ દારૂનિષેધનો ઘનિષ્ઠ પ્રચાર કર્યો. તેના ફલસ્વરૂપે સરકારને આ જિલ્લામાંથી થતી દારૂની આવકમાં નોંધપાત્ર ઘટાડો થયો હતો. ૧૯૨૧ની ૬થી ૧૪ એપ્રિલ દરમિયાન ગોધરામાં રાષ્ટ્રિય સપ્તાહ ઊજવવામાં આવ્યું. આ દરમિયાન વામનરાવની આગેવાની હેઠળ વિવિધ લત્તાઓમાં સરઘસ ફર્યું અને વિદેશી કપડાં ઉઘરાવ્યાં. સરઘસ સભાના રૂપમાં ફેરવાયું. ભાષણો થયાં અને વામનરાવના હસ્તે વિદેશી કપડાંની હોળી પ્રકટાવવામાં આવી. લોકમાન્ય ટિળકની પ્રથમ પુણ્યતિથિ ૧ ઑગસ્ટ ૧૯૨૧ના રોજ ગોધરા મુકામે ખાદીના પોષાકમાં સજ્જ થયેલું સરઘસ વામનરાવ સહિત અન્ય સ્થાનિક નેતાઓની આગેવાની હેઠળ ગામમાં ફર્યું હતું અને વિદેશી કપડાંની હોળી કરવામાં આવી હતી.

બિહારમાં ગયા મુકામે ડિસેમ્બર ૧૯૨૨માં મળેલા કૉન્ગ્રેસના અધિવેશનમાં તેમણે ભાગ લીધો હતો. તેમાં ધારાસભાઓનો બહિષ્કાર ચાલુ રાખવાનો ઠરાવ કરવામાં આવ્યો. તે પછી ગુજરાત પ્રદેશ કૉન્ગ્રેસ સમિતિની ૧૩ જાન્યુઆરી, ૧૯૨૩ની સભાની ચર્ચામાં સવિનય કાનૂનભંગનો વિરોધ કરનારમાં તેઓ મુખ્ય હતા. તેમણે તેના વિરોધમાં પંચમહાલના પ્રતિનિધિ

તરીકે રાજીનામું આપીને દેશબંધુ સી.આર. દાસે સ્થાપેલા સ્વરાજ પક્ષમાં તેઓ જોડાયા હતા. ૧૯૨૩માં ચૂંટણીમાં ઉમેદવારી કરીને તેઓ પંચમહાલના પ્રતિનિધિ તરીકે મુંબઈની ધારાસભામાં મોટી બહુમતીથી ચૂંટાયા હતા. ધારાસભામાં તેઓ સ્વરાજ પક્ષના મુખ્ય દંડક બન્યા હતા. પંચમહાલ જિલ્લા લોકલ બોર્ડમાં રાષ્ટ્રવાદીઓની બહુમતીનો લાભ લઈને વામનરાવે તેમના સાથીઓ ડૉ.માણેકલાલ શાહ, માણેકલાલ ગાંધી, મારુતિસિંહ ઠાકોર વગેરે સભ્યોના સહકારથી જિલ્લા અને તાલુકા લોકલ બોર્ડનાં બધાં કાર્યાલયોમાં દેશનેતાઓ તથા હિંદદેવીની તસ્વીરો મૂકવાનો ઠરાવ પસાર કરાવ્યો.

ગોધરામાં ગણેશચતુર્થીની ઉજવણી કરવા ૧૯૨૮માં હિંદુઓનું સરઘસ વામનરાવના નેતૃત્વ હેઠળ નીકળ્યું હતું. તેમાં આખે રસ્તે વાજાં વગાડવામાં આવ્યાં. સરઘસ વિખેરાવાનું થયું ત્યારે કેટલાક મુસલમાનોએ વામનરાવ ઉપર ભારે હુમલો કર્યો. તેઓ નીચે પડી ગયા ત્યારે એમના મિત્ર પુરુષોત્તમદાસ શાહે, પોતે નિઃશસ્ત્ર હોવા છતાં આગળ આવીને ઉપરાછાપરી અનેક ઘા ઝીલ્યા અને એમને બચાવી લીધા. પુરુષોત્તમદાસને ખૂબ માર પડ્યો અને ત્યાં જ શહીદ થયા. એ સ્થળે તેમનું સ્મારક રચવામાં આવ્યું છે.

સવિનય કાનૂનભંગની ચળવળ શરૂ કરવા ગાંધીજીએ માર્ચ ૧૯૩૦માં દાંડીકૂચ કરી ત્યારે વામનરાવે ધારાસભામાંથી રાજીનામું આપી દીધું અને સત્યાગ્રહમાં જોડાયા. જિલ્લાના કાર્યકરો સાથે ૧૫ એપ્રિલ, ૧૯૩૦ના રોજ તેઓ સચિન નજીકના ઉબેર ગામે ગાંધીજીને મળ્યા અને પંચમહાલમાં કાનૂનભંગ કરવાની અનુમતિ મેળવી. મે ૧૯૩૦માં સુરત જિલ્લાના ધરાસણા મુકામે મીઠાના અગરો લૂંટી સવિનય કાનૂનભંગ કરવા, વામનરાવ પંચમહાલના ૨૫ સ્વયંસેવકોની ટુકડી લઈને જતા હતા ત્યારે ગોધરાનાં લોકોએ વામનરાવ અને સ્વયંસેવકોને સરઘસાકારે નગરમાં ફેરવી, હારતોરા કરી ભવ્ય વિદાય આપી હતી. 'ઇન્કિલાબ ઝિંદાબાદ', 'ગાંધીજી કી જય'-નાં સૂત્રોથી તથા 'ડંકો વાગ્યો લડવૈયા શૂરા જાગજો રે, શૂરા જાગજો રે, કાયર ભાગજો રે' જેવાં રાષ્ટ્રગીતોથી ગગન ગાજી ઊઠ્યું હતું. તેમની ટુકડીએ ૩ જૂન, ૧૯૩૦ના રોજ ધરાસણાના મીઠાના અગરો પર હુમલો કર્યો ત્યારે ટુકડીની આસપાસ પોલીસોએ કૉર્ડન કરી, મુકાદમને કેદ કરવાનો દેખાવ કરી, તેમને ટુકડીમાંથી ખેંચી લીધા. સ્વયંસેવકોને ગિરફતાર થયેલા જાહેર કરી, કેદ કરવાના બહાના હેઠળ ત્યાંથી બહાર કાઢી છોડી મૂકવામાં આવ્યા! વામનરાવનું ખૂબ અપમાન કરવામાં આવ્યું, ફટકારવામાં આવ્યા અને દરેક રીતે નમાવવાના પ્રયાસ કરવામાં આવ્યા. આ અંગે વામનરાવે પાછળથી નીચે મુજબ નિવેદન આપ્યું હતું :

'તારીખ ૩-૬-૧૯૩૦ના રોજ ધરાસણા અગર ઉપર ચડાઈ લઈ જવામાં આવી હતી. તેમાં મને માર પડવાના સંબંધમાં બહુ અતિશયોક્તિ ભરેલી અફવાઓ ઊડી રહી છે. લોકોમાં ખોટી ઉશ્કેરણી ન ફેલાય તેથી નીચે પ્રમાણેની સાચી હકીકત હું પ્રજાની જાણ માટે જાહેર કરું છું. મેદાન પર અમે ગયા પછી એક યુરોપિયને બહુ ગુસ્સાથી મને પૂછ્યું કે, 'તમે વામન મુકાદમ?' મેં હા કહ્યું. ત્યાર બાદ અમને પરહેજ કર્યા. મને સૈનિકોથી છૂટો પાડ્યો. મને એ યૂરપીઅન ધક્કા મારતો, ખેંચતો, મોંથી ગાળો દેતો, કેબિન સુધી લઈ ગયો. પછી મને પોલીસ-સિપાઈઓને સ્વાધીન કરવામાં આવ્યો. ૧૫-૨૦ મિનિટ પછી એક યૂરપીઅન અને બીજા ઑફિસરો વગેરે ત્યાં આવ્યા. મને નીચે મેદાનમાં બોલાવ્યો. ત્યાં એ યુરોપિયને મને ગાળો દીધી, અપમાન કર્યું અને બે સોટીઓ મારી. મને ઓરડીમાં લઈ ગયા નથી. મને કેબિન આગળ લાવ્યા તે વખતે મને અડધો દોડાવતો લાવ્યા. વચ્ચે વચ્ચે ધક્કા પણ મને માર્યા, એને લીધે મને છાતીમાં દુઃખે છે. મને બે સોટીઓ મારી. તે મારું અપમાન કરવાના ઇરાદાથી જ મારવામાં આવી હતી. ઉપરની હકીકત ટૂંકમાં હું જણાવું છું. કોઈએ અફવાઓ વાંચી ઉશ્કેરાઈ જવું નહિ.' મુકાદમ પર અદાલતમાં કેસ ચલાવીને દોઢ વર્ષની સખત કેદની સજા કરવામાં આવી હતી. સન ૧૯૩૨માં બીજા તબક્કાની લડતમાં તેમની ધરપકડ કરીને વિસાપુર જેલમાં તેમને અટકાયતમાં રાખવામાં આવ્યા હતા.

સન ૧૯૩૫ના હિંદ સરકારના ધારા મુજબ ૧૯૩૭માં થયેલી ચૂંટણીમાં ગોધરાથી વામનરાવ, દાહોદમાં લક્ષ્મીકાંત મંગળદાસ શ્રીકાંત અને કાલોલના માણેકલાલ મગનલાલ ગાંધી મુંબઈની ધારાસભામાં કૉન્ગ્રેસ પક્ષના પ્રતિનિધિઓ તરીકે બહુમતીથી ચૂંટાયા હતા. તેમણે પંચમહાલના ખેડૂતોની સ્થિતિ સુધારવા ઋણરાહત આપવા ધારાસભામાં અને સરકારમાં સબળ રજૂઆત કરી. સન ૧૯૩૮માં પંચમહાલ જિલ્લા લોકલ બોર્ડમાં કૉન્ગ્રેસે બહુમતી મેળવી અને વામનરાવ પ્રમુખપદે ચૂંટાયા. દ્વિતીય વિશ્વયુદ્ધ શરૂ થયા બાદ વાણીસ્વાતંત્ર્યના અધિકાર માટે ઑક્ટોબર ૧૯૪૦થી ગાંધીજીના સૂચનથી કૉન્ગ્રેસે વ્યક્તિગત સત્યાગ્રહ શરૂ કર્યો. તેમાં કૉન્ગ્રેસની પરવાનગી મેળવ્યા બાદ, જિલ્લા મૅજિસ્ટ્રેટને જણાવીને દરેક સત્યાગ્રહીએ સરકારની યુદ્ધનીતિનો વિરોધ કરવાનો હતો. વામનરાવે ગોધરા ખાતે કાછિયાવાડમાં ૨૨ નવેમ્બર, ૧૯૪૦ના રોજ દ્વિતીય વિશ્વયુદ્ધવિરોધી સૂત્રો પોકારીને વ્યક્તિગત સત્યાગ્રહ કર્યો. બીજે દિવસે તેમની ધરપકડ કરી, કેસ ચલાવીને એક વરસની સખત કેદની સજા કરવામાં આવી. જિલ્લા લોકલ બોર્ડે, સત્યાગ્રહ કરીને જેલમાં જવા બદલ ઠરાવ કરીને વામનરાવ, લક્ષ્મીકાંત શ્રીકાંત અને માણેકલાલ ગાંધીને અભિનંદન પાઠવ્યાં.

૧૯૪૨માં 'હિંદ છોડો' ચળવળ શરૂ થતાં પ્રથમ દિવસે

૯ ઑગસ્ટ, ૧૯૪૨ના રોજ જિલ્લાના પીઢ કૉન્ગ્રેસી આગેવાન વામનરાવની ધરપકડ કરીને અટકાયતમાં રાખવામાં આવ્યા. જેલમાં તેમણે 'શિવાજી મહારાજ' નામનું પુસ્તક લખ્યું હતું. બધા દેશનેતાઓ સાથે ૧૯૪૪માં તેઓ જેલમાંથી છૂટ્યા. સન ૧૯૪૬માં થયેલી ચૂંટણીઓમાં પણ તેઓ મુંબઈની ધારાસભામાં ચૂંટાયા હતા અને કૉન્ગ્રેસ પક્ષના મુખ્ય દંડક તરીકે તેમની નિમણૂક થઈ હતી. સન ૧૯૪૮માં ફેલાયેલી અશાંતિ દરમિયાન ગોધરામાં લાગેલી ભયંકર આગમાં ૪૦૦૦ જેટલાં મકાનો બળી ગયાં. તેની તેમના મનમાં અપાર વેદના હતી. આગને કાબૂમાં લેવા અને અસરગ્રસ્તોને સહાય કરવા, રાહત આપવા તેમણે દિવસ-રાત કામ કર્યું. ત્યાર બાદ ગોધરામાં તેમણે નગરખંડ (ટાઉનહૉલ) બંધાવી તેને 'સરદાર નગરખંડ' નામ આપ્યું. તેનું ઉદ્ઘાટન ૧૩ ફેબ્રુઆરી, ૧૯૪૯ના રોજ ભારતના વડાપ્રધાન જવાહરલાલ નેહરુએ કર્યું. ૧૬ ફેબ્રુઆરી ૧૯૫૦ના રોજ મુંબઈની હૉસ્પિટલમાં તેમનું અવસાન થયું ત્યારે પંચમહાલ સહિત ગુજરાતના અસંખ્ય લોકોએ ઊંડા આઘાતની લાગણી અનુભવી હતી. તેમના નશ્વર દેહને મુંબઈથી વિમાનમાં વડોદરા લાવી ત્યાંથી ગોધરા સુધી યાત્રારૂપે લઈ જઈને હજારો લોકોની હાજરીમાં અગ્નિસંસ્કાર કરવામાં આવ્યા.

વામનરાવ પંચમહાલ જિલ્લા સ્કૂલ બોર્ડના બે વાર પ્રમુખ બન્યા હતા. તેઓ જિલ્લાના હોમગાર્ડ કમાન્ડન્ટ હતા. તેઓ કદમાં વામન હોવા છતાં તેમની શક્તિ વિરાટ હતી. તેમની આર્થિક સ્થિતિ સાધારણ હોવા છતાં તેમણે કોઈનું કરજ કર્યું નહોતું અને ગોધરામાં જે પ્રતિષ્ઠિત મહેમાનો આવે તેમનો યથાશક્તિ સત્કાર પોતાને ઘેર જ કરતા. જાહેર સેવામાં તેઓ એટલા બધા ઓતપ્રોત થયેલા હતા કે પોતાના કુટુંબીઓ પ્રત્યે એમણે દુર્લક્ષ સેવ્યું હતું. ડરપોકપણાના તેઓ સખત વિરોધી હતા. સ્વભાવે તેઓ ઘણા રમૂજી અને મશ્કરા હતા. પરંતુ મોટા સરકારી અમલદારોને પણ તડ ને ફડ સંભળાવી દેતા. સરદાર પટેલ તેમની દેશભક્તિ, વીરતા, ત્યાગ, નિઃસ્વાર્થ સેવા અને કુનાગીરીને સાચા અર્થમાં ઓળખતા હતા. તેથી આખર સુધી તેમણે મુકાદમની કદર કરી હતી. કેટલાકના મતાનુસાર તેઓ રૂઢિચુસ્ત હતા. ગરીબોની સેવા કરવામાં એમણે કંઈ પણ મેળવવાની કે પોતાના લાભની ઇચ્છા રાખી નહોતી. તેઓ ગોધરાથી 'વીર ગર્જના' નામનું સામયિક પ્રકટ કરતા હતા. તેમણે કેટલાંક રાષ્ટ્રગીતો તથા 'મદિરા પ્રતાપ' નામનું પાંચ અંકનું નાટક પણ લખ્યું છે. □

લઘુકથા

'મૃત્યુ અભિજ્ઞાન કેન્દ્ર'

બહાદુરભાઈ જ. વાંક

શહેરમાં બરાબર સ્મશાનની બાજુમાં જ ગુરુ બજુવાએ મૃત્યુવિષયક તલસ્પર્શી જ્ઞાન આપવા એક કેન્દ્રની સ્થાપના કરી હતી. તેનું નામ રાખ્યું હતું, 'મૃત્યુ અભિજ્ઞાન કેન્દ્ર.' આમાં મૃત્યુનું રહસ્ય, ધ્યાનમાં મૃત્યુ, મૃત્યુમાં ધ્યાન અને જીવતેજીવ મૃત્યુમાં કેવી રીતે ઊંડા ઊતરવું વગેરે બાબતોને ખાસ ધ્યાનમાં રાખવામાં આવતી હતી. વિદ્યાર્થીઓમાં મૃત્યુ-બોધનું સાતત્ય સતત જળવાઈ રહે એ માટે દર દસ દસ મિનિટે 'મૃત્યુઘંટ' વગાડવામાં આવતો. અહીં પ્રત્યેક દિવસને 'મૃત્યુ પર્વ' તરીકે અને 'મૃત્યુઘંટ'ને 'આનંદઘંટ' તરીકે ઓળખવામાં આવતો. મુખ્ય ધ્યાનખંડની દીવાલના ઉપરના ભાગે મોટા અક્ષરે મૃત્યુનું મહિમાગાન ગાતાં શ્લોકો-સૂત્રો કોતરવામાં આવ્યા હતાં. તો મૃત્યુના હાર્દને વિશિષ્ટ રીતે ઉજાગર કરતાં વાક્યો પણ કોતરવાંમાં આવ્યાં હતાં.

ગુરુ બજુવાની જ્ઞાન આપવાની પદ્ધતિ એટલી સરળ છતાં વિશિષ્ટ હતી કે ચાર-છ માસના ગાળામાં તો આ કેન્દ્રમાં સારી એવી સંખ્યામાં વિદ્યાર્થીઓ જોડાઈ ગયાં હતાં.

કેન્દ્રની આધ્યાત્મિક પ્રવૃત્તિઓ અને તેના મૌલિક અભિગમથી પ્રભાવિત થઈને એક દિવસ ત્રણ પત્રકારો કેન્દ્રમાં દાખલ થવા માટે આવ્યા. ત્રણેએ પોતાનો પરિચય બજુવાને આપ્યો. બજુવાએ ત્રણેને ઉષ્માભર્યો આવકાર આપ્યો.

એક પત્રકાર બોલ્યો : 'આખી જિંદગી બીજાઓને પ્રશ્નો પૂછી પૂછીને અમે જીવનથી એટલા બધા કંટાળીને દુઃખી દુઃખી થઈ ગયા છીએ કે અમારું જીવન જ અમારા માટે એક મોટો પ્રશ્ન બની ગયું છે.'

'સ્વયં જીવન જ જો તમારા માટે પ્રશ્ન બની ગયું હોય તો, મૃત્યુ તો એથી મોટો પ્રશ્ન છે એનું શું કરશો?' બજુવાએ પૂછ્યું, ને ઉમેર્યું : 'જીવનથી હારેલાને મૃત્યુ પણ કેવી રીતે સાચવી શકે?

ત્રણે કશો જ જવાબ આપી શક્યા નહીં.

બજુવા તેમને આશ્વાસન આપતાં બોલ્યા : 'ખેર, કોઈ હરકત નહીં.' ને પાછું ત્રણેને પૂછ્યું : 'અહીં દાખલ થવાના અનુસંધાને તમે તમારાં બૈરાં-છોકરાંઓનો તો પૂરેપૂરો વિચાર કર્યો છે ને?'

'હા, હા, પૂરેપૂરો વિચાર કરીને જ અમે અહીં દાખલ થવાનો નિર્ણય લીધો છે.' ત્રણેએ ઉત્સાહ સાથે જવાબ આપ્યો. બજુવા બોલ્યા : 'સૉરી! હું તમને અહીં દાખલ નહીં કરી શકું.'

'કેમ? ' ત્રણેએ સાશ્ચર્ય પૂછ્યું. 'તમે બધું જ વિચારીને અહીં આવ્યો છો ને એટલે...' બજુવાએ કહ્યું.

'આપનો જવાબ અમને સમજાયો નથી. આપ શું કહેવા માગો છો?' ત્રણે પત્રકારોએ બજુવાને સવાલ કર્યો.

'ને બજુવાએ ધ્યાનખંડની દીવાલ ઉપર મોટા અક્ષરે કોતરાયેલા એક વાક્ય તરફ આંગળી ચીંધતાં કહ્યું : 'એ વાંચો...'

ત્રણેએ દીવાલ તરફ ઊંચે નજર કરી; બરાબર વાંચ્યું : સવાલ પણ મૃત્યુ છે, ને જવાબ પણ મૃત્યુ છે!! □



સુગરીનો માળો

બી. કેશરશિવમ્

આજે સવારથી પલ્લવી કોણ જાણે કંઈક ધમાલમાં હતી. સવારે તેણે ચા બનાવી તેમાં ખાંડ નાખવાનું ભૂલી ગઈ હતી. ચા પીતી વખતે પરિમલને ખબર પડી કે ચા તો મોળી છે. એણે પલ્લવીને કહ્યું, 'કેમ આજે કંઈ મૂડમાં નથી કે શું?'

'કેમ શું થયું?'

'ચામાં ખાંડ જ નથી.'

પલ્લવીને પછી ખ્યાલ આવ્યો કે તે ઉતાવળમાં ખાંડ નાખવાનું ભૂલ ગઈ હતી. તેને આજ સવારથી બગીચાની ચિંતા થતી હતી. બગીચો જંગલ જેવો થઈ ગયો હતો. તેની સાફસૂફી કરાવવાની હતી. તે ખિજાઈને બોલી,

'આજે ખાંડ નાખવાનું ભૂલી ગઈ એમાં તો તમે મોંઢા પર મને ગાઈ વગાડીને કહ્યું. એમાં શું થઈ ગયું? ભૂલી ગઈ તો ડબ્બામાંથી ચમચી ભરીને લઈ લો. એમાં કહેવાની શી જરૂર છે?'

પરિમલ સાંભળી રહ્યો. તેને લાગ્યું કે હમણાંથી પલ્લવી ખૂબ ખિન્ન રહેતી હતી. બાળકો પર પણ તે નાની નાની બાબતમાં ખિજાઈ જતી હતી. તેનો સ્વભાવ પણ જાણે ભૂલકણો થતો જતો હતો. પરિમલને તેની કંઈ સમજ પડતી ન હતી. પલ્લવી પણ ફોડ પાડીને કંઈ વાત કરતી ન હતી. ચા પીને ટુવાલ લઈને તે બાથરૂમમાં ગયો પણ તેને આજે પલ્લવીના જ વિચારો આવ્યા કરતા હતા.

પરિમલ અને પલ્લવી એક જ કચેરીમાં સાથે નોકરી કરતાં હતાં. પરિમલ અધિકારી હતો ને તેના હાથ નીચે પલ્લવી તેની સ્ટેનો હતી. બંને વચ્ચે એવો કોઈ પ્રેમસંબંધ ન હતો. પલ્લવીએ ફરી લગ્ન નહીં કરવાની પ્રતિજ્ઞા લીધી હતી. અગાઉ તેના છૂટાછેડા થયા હતા, એટલે એને હવે લગ્ન કરવામાં રસ રહ્યો ન હતો છતાં પરિમલનાં બે બાળકો હોવા છતાં પલ્લવીએ પરિમલ સાથે લગ્ન કર્યાં હતાં. પરિમલની પત્નીને હાર્ટઅટેક આવતાં બે નાનાં બાળકોને મૂકી ને ગૂજરી ગઈ હતી. સ્ટાફના બીજા કર્મચારીઓ સાથે પલ્લવી બેસણામાં આવી હતી. એ વખતે તેણે નાનાં બાળકો અને ઘરની હાલત જોઈ હતી. બે નાના પુત્રોને ઉછેરવાનો પ્રશ્ન હતો. અંકુર બે વર્ષનો હતો ને મયૂર ત્રણ વર્ષનો હતો. પરિમલ કચેરીમાં અનિયમિત થતો જતો હતો. કચેરીમાં ઘણી વાર પરિમલ સૂનમૂન બેસી રહેતો. ફાઈલ લઈને પલ્લવી પરિમલ પાસે જતી ત્યારે તે પરિમલ સામે તાકી રહેતી. પરિમલના ચહેરા પર ઉદાસી છવાયેલી રહેતી. પહેલાંનો હસમુખો પરિમલ હવે ગમગીન રહ્યા કરતો હતો. એક વાર પલ્લવી ફાઈલ લઈને પરિમલ પાસે ગઈ ત્યારે પરિમલે તેને બીજે દિવસે આવવા કહ્યું હતું. તેની ઉદાસી જોઈ પલ્લવીથી પુછાઈ ગયું, 'સર, ઘેર કંઈ પ્રૉબ્લેમ છે?'

પરિમલે પલ્લવી સામે જોયું. પલ્લવીના ચહેરા પર સહાનુભૂતિના ભાવો જોઈ તે બોલ્યો, 'આજે પેલા નાનાને તાવ આવ્યો છે. મારે ઘેર જવું હતું પણ મંત્રીશ્રીનો ફોન આવ્યો છે એટલે હમણાં જઈ શકાશે નહીં.'

પલ્લવી પરિમલ સામે તાકતી બોલી, 'સર, તમે ચિંતા ના કરશો. હું ઘેર જઈ આવું છું.'

પરિમલને આશ્ચર્ય થયું. આટલી આત્મીયતા પહેલાં કદી પલ્લવીએ બતાવી ન હતી. તેનાથી બોલાઈ ગયું, 'આ તો મારે હવે રોજનું થઈ ગયું છે. તેના ગયાં પછી હું માનસિક રીતે ભાંગી પડ્યો છું.'

પલ્લવીએ જોયું તો પરિમલની આંખો ભીની થઈ ગઈ હતી. પરિમલ થોડી વાર અટકીને બોલ્યો, 'સગાંસંબંધીઓ ક્યાં સુધી સહારો આપે? અને તમને મારે ક્યાં તકલીફ આપવી?'

પલ્લવી બોલી, 'એમાં તકલીફનો સવાલ નથી. હું જઈ આવું છું. એવું કાંઈ હશે તો હું આપને ફોન કરીને બોલાવી લઈશ.'

પલ્લવીને લાગ્યું હતું કે પરિમલને સહારાની જરૂર હતી. પરિમલની સ્થિતિ એને દયાજનક લાગી હતી.

તે દિવસે પલ્લવી પોતાનું લ્યૂના લઈને પરિમલના ઘેર ગઈ હતી. નાના અંકુરનો તાવ માપ્યો હતો. તેને તાવ વધારે જણાતાં પલ્લવીએ અંકુરના કપાળે પોતાં મૂક્યાં હતાં. થોડી વાર પછી એણે પાણી બદલી નાખ્યું હતું. ફ્રીજમાંથી ઠંડું પાણી કાઢી, તેમાં થોડું મીઠું નાખી, તેણે ફરીથી પોતાં મૂકવાનું ચાલુ કર્યું. પોતાં મૂકતાં મૂકતાં પલ્લવી વિચારોમાં ખોવાવા લાગી. તેની આગળ તેનો ભૂતકાળ આળસ મરડી બેઠો થયો. અગાઉ તેનાં લગ્ન તેની જ્ઞાતિના એક શિક્ષક વિનાયક સાથે થયાં હતાં. ત્રણ વર્ષ પસાર થઈ જવા છતાં તેને સંતાન થયું ન હતુ. બંને ડૉક્ટર પાસે ગયાં હતાં. ડૉક્ટરે બંનેની મેડિકલ તપાસ કરી હતી. એના રિપોર્ટની પલ્લવીને ખબર પડતાં તે ચોંકી ગઈ હતી. વિનાયક તેને બાળક આપી શકે તેમ ન હતો. પલ્લવીએ તેની માને વાત કરી. તેની મા ઘડીભર સ્તબ્ધ બની ગઈ. તેની આંખોમાં જળજળિયાં આવી ગયાં. લગ્નને હજુ વધારે સમય થયો ન હતો. બાળક વિના પોતાની દીકરી ઝૂરે એ પલ્લવીની માને મંજૂર ન હતું. તેની માએ પલ્લવીના પિતાજીને વાત કરી. ઘરમાં બધાં ચિંતામાં પડી ગયાં. શું કરવું તેની મથામણમાં હતાં. પિતાજી પડ્યું પાનું નિભાવી લેવાના મતના હતા; પણ મા ભવિષ્યની ચિંતાથી અકળાઈ ઊઠી હતી. એમણે છૂટાછેડા લઈ લેવા માટે પલ્લવીના પિતાજીને વાત કરી. પિતાજી એ માટે તૈયાર થતા ન હતા. એમની જ્ઞાતિમાં એક સ્ત્રીએ સામે ચાલીને છૂટાછેડા માગ્યાનો કોઈ કિસ્સો બન્યો ન હતો. આખરે એની માએ પિતાજીને

સમજાવી લીધા. એના પિતાજીએ જ્ઞાતિના આગેવાનોને વાત કરતાં છૂટાછેડા માટે કોઈ સંમત થયા ન હતા. પલ્લવીના પિતાજીએ બીજો રસ્તો અપનાવ્યો. એમને લાગ્યું કે જો વિનાયક છૂટાછેડા આપે તો પ્રશ્ન જલ્દી પતી જાય એમ હતો. પણ વિનયાકને સમજાવવો કેવી રીતે? અને તે તૈયાર થાય કે કેમ? ઘણી મથામણ પછી પલ્લવીના પિતાએ વિનાયકને છૂટાછેડા માટે પૂછ્યું. એમના આશ્ચર્ય વચ્ચે વિનાયક તરત જ છૂટાછેડા આપવા સંમત થઈ ગયો હતો. પલ્લવીને પણ તેની ખૂબ નવાઈ લાગી હતી. છૂટાછેડા થઈ ગયા પછી તેની જ્ઞાતિમાં તેને મૂરતિયો મળે તેમ ન હતું. વર્ષો પસાર થયે જતાં હતાં. પરિમલના ઘરની સ્થિતિ જોઈને તથા પેલાં બે નાનાં બાળકોને જોઈને તેનું સુષુપ્ત માતૃત્વ જાગી ગયું. પલ્લવીને પરિમલ સાથે લગ્ન કરી લેવાનો વિચાર આવી ગયો. એણે વિચાર્યું કે ઘેર કામવાળી રાખી લેશે. તે બાળકોને સાચવશે. બાળકો તો કાલે મોટાં થઈ જશે. એને પતિનું સુખ મળશે ને તે મા બની શકશે. પરિમલ ઉચ્ચ અધિકારી હતો પણ દલિત હોવાથી તેનાં બ્રાહ્મણ મા-બાપ આ લગ્ન માટે તૈયાર નહીં થાય. એણે વિચાર્યું કે પહેલાં લગ્ન કરી લેવાં, પછીથી તે માને સમજાવી લેશે.

પલ્લવી વિચારોમાં હતી ત્યાં પરિમલ ઘેર આવી ગયો. પલ્લવીને પોતાં મૂકતી જોઈને બોલ્યો, 'તાવ વધી ગયો હતો? મને બોલાવી લેવો હતો ને?'

'એને તો ૧૦૩ તાવ થઈ ગયો હતો. મને ખૂબ ચિંતા થતી હતી. ફોન કર્યો તો આપ મંત્રીશ્રી પાસે ગયા હતા. પછીથી મેં પોતાં મૂકવાનું ચાલુ કરી દીધું.'

'મારે લીધે તમે મુસીબતમાં મુકાઈ ગયાં.'

'એમાં શાની મુસીબત? વચ્ચે મેં તાવ માપ્યો ત્યારે ૧૦૦ની નીચે હતો. હવે ચિંતાનું કારણ નથી.'

પરિમલ પલ્લવી સામે તાકી રહ્યો. એણે પલ્લવીના ચહેરા પર હવે શરમના શેરડા પડતા જોયા. પરિમલ ચા બનાવવા રસોડામાં ગયો. પલ્લવી તરત ઊભી થઈ ને પરિમલના હાથમાંથી તપેલી લઈ લીધી. એણે ચા મૂકી દીધી. ચાના બે કપ ભરીને તે બહાર આવી. પરિમલ તેની સામે અહોભાવથી જોઈ રહ્યો. ચા પીતાં પીતાં પલ્લવીએ સામે ચાલીને લગ્નનો પ્રસ્તાવ મૂક્યો. પરિમલ આશ્ચર્યમાં ગરકાવ થઈ ગયો. બીજાં લગ્ન કરી લેવા કુટુંબના વડીલો ક્યારના યે કહેતા હતા ને સમજાવતા હતા છતાં પરિમલ સંમત થતો ન હતો. તેને ચિંતા હતી કે નવી આવનાર પત્ની આ બાળકોને સાચશે કે કેમ? પલ્લવીનો બાળકો પ્રત્યેનો પ્રેમ જોઈ પરિમલને સંતોષ થયો હતો. છતાં તે બોલ્યો, 'તમે મારી જાતિ જાણો છો ને? વળી, હું બીજવર છું.'

પલ્લવી હસીને બોલી હતી, 'મારાથી કશું અજાણ્યું નથી.'

પલ્લવીએ લગ્ન પછી આ બાળકોની જવાબદારી ઉપાડી લીધી. પરિમલની પોતાની જિંદગીમાં પણ વસંત સોળે કળાએ મહોરી ઊઠી હતી. પરિમલને લાગતું હતું કે બાળકોને સાચી માનો પ્રેમ મળે છે, એને બાળકોના ભવિષ્યની હવે જરા પણ ચિંતા રહી ન હતી.

થોડાં વર્ષો પસાર થઈ જતાં, પલ્લવી નિરાશ રહેવા લાગી. પરિમલને લાગ્યું કે કદાચ તેને બાળકની ઇચ્છા થઈ હશે. હજુ તેની કુખ સૂની હતી. એક વાર પરિમલે તેને કહ્યું, 'પલ્લવી, ચાલ આપણે ડૉક્ટર પાસે જઈ ચેકઅપ કરાવીએ.'

એણે કહ્યું, 'આ બે બાળકો મારાં જ છે ને?'

પલ્લવીના આ જવાબમાં મમતા કરતાં ઈર્ષ્યાની તેને ગંધ આવી. પરિમલ ઘડીભર વિચારમાં પડી ગયો. તેને લાગ્યું કે આ કદાચ તેની આ શંકા હશે! એને લાગ્યું કે કોઈ પણ સ્ત્રીને પોતાની ગોદ ભરાય તેના ઓરતા હોય છે. પરિમલની સમજાવટ પછી તે ડૉક્ટર પાસે જવા સંમત થઈ. ડૉક્ટરે તપાસીને કહ્યું, 'બહેનનું ગર્ભાશય નાનું છે. આપણે દવાથી પ્રયત્ન કરી જોઈએ.'

પલ્લવીએ નિયમિત દવા લેવા માંડી પણ પરિણામ શૂન્ય આવ્યું. એ પછી ડૉક્ટરની સલાહ પ્રમાણે ક્યૂરેટિંગ કરાવ્યું છતાં કંઈ ફરક ન પડ્યો. હવે પલ્લવીને લાગી ગયું હતું કે બબ્બે લગ્ન કરવા છતાં તે મા બની નહીં શકે. હવે તેને ખાતરી થઈ ચૂકી હતી કે ખામી તેના પોતાનામાં જ હતી. ત્યાં તેને વિનાયક યાદ આવી ગયો. હવે તેને લાગ્યું કે વિનાયક છૂટાછેડા આપવા માટે જલદી તૈયાર કેમ થઈ ગયો હતો! આ આઘાતની અસર તેના માનસ પર થઈ. તે હવે વાતવાતમાં ચિડાઈ જતી. નજીવી બાબતમાં બાળકો પર ગુસ્સે ભરાઈ જતી. પરિમલ પ્રત્યેના તેના વ્યવહારમાં પણ પરિવર્તન આવવા લાગ્યું. પેલો દામ્પત્યરસ જાણે સુકાવા લાગ્યો. પલ્લવીનું ધ્યાન બીજે વાળવાના તેણે પ્રયત્નો શરૂ કરી દીધા. પરિમલે ઘરની પાછળના ભાગમાં શાકભાજી વાવ્યાં, એની જવાબદારી પલ્લવીને સોંપી. નવા નવા છોડ ઉછેરવામાં હવે તે વ્યસ્ત રહેવા લાગી. બીમાં ફણગો ફૂટે ત્યારે એ પેલા અંકૂર સામે તાકી રહેતી. એવામાં એક દિવસ જોયું તો પાછળના જાસૂદના છોડની મોટી ડાળી પર સુગરીએ માળો બાંધ્યો હતો. આ સુગરી બંગલાની ફરતે ઊડ્યાં કરતી. કોઈ કોઈ વાર પાછળનું કાચનું બારણું બંધ હોય ત્યારે તેના પર તે ચાંચો માર્યા કરતી. પલ્લવી પાછળ ખુરશી મૂકીને ક્યાંય સુધી પેલા માળાની સામે તાકી રહેતી. એવામાં એ જ છોડ પર, બીજી ડાળ પર, એણે બીજો સુગરીનો માળો જોયો. એને નવાઈ લાગી. તે તરત ઘરમાં આવી ને પરિમલને પાછળ લઈ જઈને પેલા બે માળા બતાવ્યા. પરિમલ હસી પડ્યો. તેને પણ બે માળા જોઈ આશ્ચર્ય થયું. તે હસતાં હસતાં બોલ્યો, 'લોકો સુગરીનો માળો લાવીને ઘરમાં શોભા માટે લટકાવે છે જ્યારે આપણે ત્યાં તો નેચરલ માળો આવ્યો!'

પરિમલને એ માળો કાઢીને ઘરમાં લટકાવવાની ઇચ્છા થઈ આવી પણ તેને પેલો પ્રસંગ યાદ આવી ગયો. એક વાર પોતાની ટૂર દરમિયાન પલ્લવી અને બાળકો જંગલ વિસ્તારમાં ફરવા ગયાં હતાં. ત્યાં સુગરીના સામટા પાંચ માળા જોયા હતા. બાળકોએ તે લેવા હઠ લીધી હતી પણ પલ્લવીએ તે લેવા દીધા ન હતા.

પલ્લવી પેલા બે માળા સામે તાકી રહી હતી. પરિમલ બોલ્યો. 'પેલાં વાંદરાં આવશે તો આ માળો તોડી નાખશે.'

એ ગુસ્સામાં બોલી, 'તમને તો એવા જ વિચારો આવશે!'

પરિમલની વાતમાં તથ્ય હતું. આ ઘરની ચારે બાજુ મોટાં મોટાં ઝાડ હતાં. વાંદરાં ઘણી વાર શનિવારે આવી જતાં ને ઉપરના ધાબા પર રાતવાસો કરતાં.

એક વાર વાંદરાંની ફોજ આવેલી જોઈને, હસીને પરિમલે કહ્યું, 'આ હનુમાનદાદાને જોયા પછી મને ખબર પડી કે આજે શનિવાર છે. તારો માળો સાચવજે.'

પલ્લવી ઘડીભર ગંભીર બની ગઈ. પરિમલના પેલા શબ્દોમાં તેને વ્યંગની ગંધ આવી. 'તારો માળો સાચવજે' - આ મારો માળો ક્યાં છે? આ તો સુગરીનો માળો છે. પલ્લવી કંઈ પણ બોલ્યાં વિના ઘરમાં ચાલી ગઈ. પરિમલને લાગ્યું કે પલ્લવીને ખોટું લાગી ગયું છે. એને નવાઈ લાગી. પોતે શું ખોટું કહ્યું હતું!

પલ્લવી પેલા માળાનું ખૂબ ધ્યાન રાખતી. વાંદરાં નીચે આવે તો તે તેમને ભગાડતી. એક વાર તે બહાર ગઈ હતી ને વાંદરાંઓએ શાકભાજીના મોટા ભાગના છોડ પાડી દીધા હતા. બહારથી તેણે આવીને જોયું તો છોડ કરતાં તેને પેલા માળાની ખૂબ ચિંતા હતી. એણે જોયું તો પેલા સુગરીના માળા સલામત હતા. તેને ઘણો આનંદ થયો. એ વખતે પરિમલથી બોલાઈ ગયું હતું, 'છોડ પણ બાળક જેવા જ ગણાય ને?'

બાળક શબ્દ સાંભળી એણે પરિમલ સામે જોયું. પરિમલ તો નિર્દોષભાવે બોલ્યો હતો પણ પલ્લવીને આમાં પણ જાણે વ્યંગની બૂ આવી. એણે પરિમલને કંઈ જવાબ ન આપ્યો. એણે પડી ગયેલા છોડ ઊભા કરી દીધા. ત્યાં તેને કંઈક યાદ આવ્યું હોય એમ બોલી, 'લોકો કહે છે કે વાંદરો સુગરીનો માળો તોડી નાખે પણ અહીં તો તોડ્યો નથી.'

'એ બધું વાર્તામાં સાચું લાગે' કહી હસીને પરિમલ ઘરમાં આવ્યો. પલ્લવી ત્યાં જ હતી. તે ક્યાંય સુધી પેલા બે માળા સામે તાકી રહી. ત્યાં એના મનમાં પ્રશ્ન થયો : સુગરીએ બે માળા કેમ બનાવ્યા હશે? શું બીજી સુગરી પણ આવી હશે? કે એક જ સુગરીએ બે માળા બનાવ્યા હશે? બીજો બનાવવાની એને શી જરૂર પડી હશે? પોતાની જેમ એનું પણ બીજું ઘર હશે? પહેલો માળો બનાવનારી સુગરી મરી ગઈ હશે? બીજી સુગરીએ આવીને બીજો માળો બનાવ્યો હશે? તે ક્યાંય સુધી મનમાં પ્રશ્નો પૂછતી રહી. એક પણ પ્રશ્નનો જવાબ તેની પાસે ન હતો.

પલ્લવી ઘરમાં આવી. વાંદરાંએ માળો તોડ્યો નથી એનો આનંદ એના હૃદયમાં સમાતો ન હતો. એ દિવસે પરિમલે જોયું હતું કે આખો દિવસ તે ખુશમિજાજમાં રહી હતી. નાના અંકુરની આગળ તેણે 'વાંદરો અને સુગરીનો માળો'ની પેલી જૂની વાત માંડી હતી.

પરિમલ બાથરૂમમાંથી નાહીને બહાર નીકળ્યો ત્યારે પલ્લવીનો જોરજોરથી બોલવાનો અવાજ બહારથી સંભળાયો. એના અવાજ પરથી લાગતું હતું કે તે ખૂબ ગુસ્સામાં હતી. કોના પર ગુસ્સો કરી રહી છે તેની તરત તો પરિમલને ખબર ન પડી. પરિમલે ઝટપટ બેડરૂમમાં જઈ કપડાં પહેરી લીધાં ને બહાર આવ્યો. જોયું તો તે પેલા માળી પર વરસી રહી હતી. પરિમલને કંઈ સમજાયું નહીં. સવાર સવારમાં બિચારો માળી તેના હાથમાં આવી ગયો હતો. પરિમલને બહાર આવેલો જોઈને, તે કંઈ પૂછે તે પહેલાં પલ્લવી તેની પાસે દોડી આવી ને બોલી, 'જોયું, તમારા આ માળીનું કારસ્તાન?'

'પણ છે શું?'

'શું હોય? તે દિવસે તમારો મનગમતો છોડ કાઢીને ફેંકી દીધો ત્યારે મેં તમને વાર્યા હતા. હશે, બિચારાએ ભૂલથી છોડ કાઢીને ફેંકી દીધો હશે, પણ આજ?'

એણે ગુસ્સાભરી આંખે માળી સામે જોયું. માળી એક બાજુ દયામણે ચહેરે ઊભો રહી બોલતો હતો, 'બેન, મારી ભૂલ થઈ ગઈ. મેં કચરો જાણી.....'

ત્યાં માળીને અટકાવી તે બોલી,

'તું હવે રહેવા દે ને, હું તને સારી રીતે જાણી ગઈ છું.'

પરિમલને હવે એટલું તો સમજમાં આવી ગયું કે માળીએ પલ્લવીની ગમતી વસ્તુ ફેંકી દીધી હતી. પલ્લવીને ગુસ્સે થયેલી જોઈ, કારણ જાણ્યા વિના, પરિમલ પણ માળી પર ગુસ્સે થઈ ગયો. તેણે માળીને ગુસ્સામાં કહ્યું, 'તું છે જ એવો. ગઈ વખતે તેં મારો ગમતો પારિજાતનો છોડ કાઢીને ફેંકી દીધો હતો. તારામાં અક્કલ જ નથી.'

પરિમલને આમ ગુસ્સે થયેલો જોઈ પેલો માળી ડઘાઈ ગયો. ત્યાં પલ્લવી બોલી, 'એ વખતે મેં તમને માંડ માંડ શાંત પાડ્યા હતા પણ આજે...?...

ને તે પેલા માળી સામે જોઈ દાંત કચકચાવવા લાગી. એની આંખો લાલ લાલ થઈ ગઈ. એના નાકમાંથી ગરમ ગરમ ગરમ ઉચ્છ્વાસ બહાર નીકળતો હતો.

પરિમલને એ જૂનો પ્રસંગ યાદ આવી ગયો. એ વખતે તેઓ આ સરકારી મકાનમાં નવાં નવાં રહેવા આવ્યાં હતાં.

બંગલાની આજુબાજુ ખુલ્લી જમીન હતી. શરૂઆતમાં જેમ આવડ્યું તેમ માળી વિના બગીચો બનાવી દીધો હતો. કેટલાક છોડ આડેધડ લગાવી દીધા હતા. પરિમલ હવે તેમાં લૉન લગાવવા વિચારતો હતો. થોડા સમય પર તેને દિલ્હી જવાનું થયું હતું. ત્યાંથી એક આશ્રમમાંથી તે પારિજાતનો છોડ લાવ્યો હતો ને તેને વચ્ચે જ રોપી દીધો હતો. આ છોડ પરિમલને ખૂબ ગમતો હતો. માળીને લૉન ઉગાડવા અને સાફસૂફી કરવાનું કહ્યું હતું. પરિમલ પેલા પારિજાતના છોડ સંબંધી તેને સૂચના આપવાનું ભૂલી ગયો હતો. સાંજે કચેરીમાંથી તે ઘેર આવ્યો ત્યારે પેલો છોડ ન હતો. પરિમલને ફાળ પડી. પહેલાં તો તેને લાગ્યું કે કોઈ કાઢી ગયું હશે. બીજે દિવસે સવારે માળી આવ્યો ત્યારે ખબર પડી કે લૉન માટે પ્લૉટ તૈયાર કરતી વખતે માળીએ પેલા છોડને કાઢીને કચરામાં ફેંકી દીધો હતો. માળીના મનમાં એમ હશે કે બધા છોડ કાઢી નાખવાનું કહ્યું છે તો આ છોડ પણ કાઢી જ નાખવાનો હશે પરિમલ માળી પર ગુસ્સે થઈ ગયો હતો. પેલો કાઢેલો છોડ કદાચ કચરાપેટીમાં પડ્યો હશે એમ માની પહેલાં તો એણે જાતે જઈને કચરા- પેટીમાં તપાસ કરી. કચરો લઈ જનારા આમ તો મહિના સુધી દેખાતા નહીં, પણ તે દિવસે અધૂરામાં પૂરું કચરાપેટીનો બધો કચરો ઉપાડી ગયા હતા. પરિમલની નિરાશાનો પાર ન હતો. પરિમલે તે દિવસે માળીની ધૂળ કાઢી નાખી હતી. માળી એક બાજુ ઊભો રહીને માફી માગી રહ્યો હતો. માળીનું દયામણું મોઢું જોઈ પલ્લવીએ કહ્યું હતું,

'એને શું ખબર પડે કે તમારે છોડ રાખવાનો છે? આપણે તેને કહ્યું હોત તો તેણે પારિજાત કાઢ્યો ન હોત. હવે થઈ ગયું તે થઈ ગયું. બીજો છોડ લાવી દેજો.'

પરિમલ માંડ માંડ શાંત થયો હતો ત્યાં પલ્લવીના આવા વર્તાવથી તે તાડૂક્યો,

'તું પણ માળીનો પક્ષ લે છે! તને ખબર તો છે કે એ છોડ હું છેક દિલ્હીથી લાવ્યો હતો. પેલા આશ્રમવાળા આપવાની ના પાડતા હતા છતાં માંડ સમજાવીને હું લાવ્યો હતો.'

એ વખતે પરિમલને પલ્લવી પર પણ ગુસ્સો આવી ગયો હતો. 'પોતાના પતિનો પક્ષ લેવાને બદલે તે પેલા માળીને આશ્વાસન આપી રહી હતી, એવી લાગણી પણ તેને થઈ આવી હતી.

પલ્લવીએ યાદ કરાવતાં પેલો જૂનો પ્રસંગ પરિમલને સાંભરી આવ્યો. પરિમલ માળી પર ગુસ્સે થયો એ પલ્લવીને ગમ્યું હતું. એટલે જ ગુસ્સામાં તેણે પેલા માળી સામે સાવરણો ઉગામી કહ્યું, 'એક તો માળો ફેંકી દીધો ને પાછો કેવું કેવું સમજાવે છે?'

માળી બોલ્યો, 'બેન, હજુ તો કદાચ કચરાપેટીમાં પડ્યો હશે. ઊભા રો'. હું લઈ આવું છું.'

માળી તરત જ કચરાપેટી તરફ દોડ્યો. પેલા સુગરીના માળા હજુ ત્યાં જ પડ્યા હતા. તે માળા પાછા લાવ્યો ને બોલ્યો, 'સાયેબ, આ માળા હતા ત્યાં લટકાવી દઉં?'

પરિમલના જવાબની રાહ જોયા વિના તેણે જ્યાંથી માળા કાઢ્યા હતા ત્યાં લટકાવી દીધા. માળીની આ ચેષ્ટા પલ્લવીને જરા પણ ગમી ન હતી. તેનો ગુસ્સો હજુ પણ કાબૂમાં ન હતો. તેણે પરિમલને કહ્યું, 'આ માળીને તમે છૂટો કરી દો. બીજો માળી રાખી લઈશું.'

પરિમલ બોલ્યો, 'માંડ માંડ આ માળી મળ્યો છે.'

'તો પછી હું જાતે જ બગીચાની સંભાળ રાખીશ. તમે આજે ને આજે તેને રજા આપી દો.'

પરિમલ કંઈ બોલ્યો નહીં એટલે એણે પેલા માળીને સીધું જ કહી દીધું, 'તારે હવે કાલથી આવવાનું નથી. આવતી કાલે તારો હિસાબ લઈ જજે.'

પરિમલને એ વખતે નવાઈ તો લાગી જ હતી. પલ્લવીનો આટલો બધો ક્રોધ એણે પહેલાં કદી જોયો ન હતો. પલ્લવીની લાગણી હવે તે સમજી શકતો હતો. માળીએ જાણે એક ઘરનો નાશ કરી દીધો હોય એટલી પીડા પલ્લવીને થઈ રહી હતી. પલ્લવીનો આવો પ્રકોપ જોઈ પેલો માળી એ વખતે ત્યાંથી સરકી ગયો. પરિમલે હવે પલ્લવીને શાંત પાડવા કહ્યું, 'કાલથી માળીને હવે બંધ કરી દઈએ.'

એ દિવસે પલ્લવી ઘરમાં કોઈની સાથે બોલી ન હતી. એની વેદના પરિમલ સમજી શકતો હતો.

પરિમલને કચેરી જવાનો સમય થવા આવ્યો હતો. હજુ જમવાનું બન્યું ન હતું. તે જમ્યા વગર જ કચેરીએ જવા નીકળી ગયો. બપોરે એક વાગે તે જમવા આવ્યો ત્યારે પણ જમવાનું બન્યું ન હતું. પલ્લવી તો ભૂખી હતી જ, પણ બાળકો પણ ભૂખ્યાં થયાં હતાં. હવે પરિમલ પલ્લવી પર ખિજાયો. પલ્લવી હજુ પણ શાંત બેઠી હતી. તેને પલ્લવી પર ગુસ્સો આવી ગયો. તેનાથી અનાયાસ બોલાઈ ગયું.

'તારાં પેટનાં બાળકો હોત તો અત્યાર સુધી ભૂખ્યાં ન હોત.'

પલ્લવીએ પરિમલ સામે જોયું. એ નજરમાં નર્યો અભાવ ડોકાતો હતો. થોડી વારમાં એણે જોયું તો પલ્લવીને ચક્કર આવતાં તે નીચે ફસડાઈ પડી. તેના મોઢામાં ફીણ આવી ગયું હતું. તરત જ પરિમલે તેને ઊંચકીને ગાડીમાં લીધી ને તેને દવાખાને લઈ ગયો. ડૉક્ટરે તપાસીને કહ્યું,

'ચિંતા ના કરશો. હીસ્ટીરિઆ છે. થોડી વાર પછી ભાનમાં આવી જશે.'

પલ્લવીને ભાનમાં આવતાં પરિમલ તેને ઘેર લાવ્યો. પલ્લવીને હવે વારેવારે હિસ્ટીરિઆનો અટૅક આવવા લાગ્યો. બાળકોની સાથે હવે પલ્લવીની પણ પરિમલને ચિંતા થવા લાગી. □


સિડની ઑલિમ્પિક્સ

— ડૉ.પી.ડી. શર્મા —

આ જે વિશ્વના દરેક રમતપ્રેમીનું ધ્યાન 'સિડની ઑલિમ્પિક્સ' તરફ હોય તે સ્વાભાવિક છે, કારણ કે તે વીસમી સદીનો અંતિમ (કેટલાકને મતે એકવીસમી સદીનાં પ્રથમ) ઑલિમ્પિક રમતોત્સવ હશે. આ રમતોત્સવ આ વર્ષે ઑસ્ટ્રેલિયાના પાટનગર સિડનીમાં ૧૫ સપ્ટેમ્બરથી ૧ ઑક્ટોબર દરમિયાન યોજાવાનો છે.

એમ તો આધુનિક ઑલિમ્પિક રમતોત્સવની શરૂઆત ૧૮૯૬માં થઈ હતી અને આ રીતે આ રમતોત્સવનો ૧૦૪ વર્ષનો ભવ્ય ઇતિહાસ છે. છતાં વીસમી સદીનો આ અંતિમ ઑલિમ્પિક રમતોત્સવ હોવાથી તેનું એક વિશેષ આકર્ષણ છે. ઑસ્ટ્રેલિયા દેશમાં ઑલિમ્પિક રમતોત્સવનું આયોજન બીજી વાર થઈ રહ્યું છે, કારણ કે ૧૯૫૬માં મેલબોર્ન મુકામે ૧૬મા ઑલિમ્પિક રમતોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. હાલમાં સિડની મુકામે ૨૭મા ઑલિમ્પિક રમતોત્સવ માટેની ભવ્ય તૈયારીઓ ચાલુ છેતથા ઉદ્‌ઘાટન માટેનું 'કાઉન્ટ ડાઉન' પણ શરૂ થઈ ગયું છે.

આમ તો રમતગમતની દુનિયામાં ૨૦૦૦નું સમગ્ર વર્ષ જ 'ઑલિમ્પિક વર્ષ' તરીકે ગણવામાં આવે છે. કોઈ પણ ખેલાડીની મહત્તમ મહત્ત્વાકાંક્ષા 'ઑલિમ્પિક રમતોત્સવ'માં ભાગ લેવાની હોય છે. 'ઑલિમ્પિક ખેલાડી' તરીકેનું બહુમાન ખૂબ જ ઓછા ખેલાડીઓને મળતું હોય અને તેમાં ચંદ્રક મેળવનાર તો ન



સિડનીમાં તૈયાર થયેલું પ્રખ્યાત ઑપેરા હાઉસ





સિડનીનું વલયાકાર ઑલિમ્પિક રેલ-ટર્મિનલ ▶



મિલખાસિંગ (૪૦૦ મીટર દોડ, ૧૯૬૦માં ચોથું સ્થાન રોમમાં)



પી. ટી. ઉષા (૪૦૦ મીટર વિઘ્નદોડમાં ચોથું સ્થાન)



લીએન્ડર પેસ (આટલાન્ટામાં કાંસ્યચંદ્રક - ટેનિસ)


કલ્પી શકાય તેટલા ભાગ્યશાળી ગણાય છે. છેલ્લાં છ વર્ષથી 'સિડની' શહેરને એક દુલ્હનની જેમ ઑલિમ્પિક રમતોત્સવ માટે તૈયાર કરવામાં આવી રહ્યું છે. આજે ઑલિમ્પિક રમતોત્સવ યોજવો કોઈ નાનીસૂની વાત નથી. અબજો રૂપિયાના ખર્ચ ઉપરાંત આશરે આઠ વર્ષનો સખત અને સતત પરિશ્રમ તે માગી લે છે. એટલે આજે કોઈ પણ દેશ કે શહેર 'ઑલિમ્પિક રમતોત્સવ' યોજે તો તે દેશ અને શહેરને રમતગમતની દુનિયામાં આંતરરાષ્ટ્રિય સ્તરે બહુમાન પ્રાપ્ત થાય છે.

પ્રાચીન ઑલિમ્પિક રમતોત્સવ

ઑલિમ્પિક રમતોત્સવનો ઇતિહાસ ખૂબ જ જૂનો તેમજ જાણવા જેવો છે. ઑલિમ્પિક રમતોત્સવ શરૂ કરવાનું શ્રેય ગ્રીક દેશને ફાળે જાય છે. ઑલિમ્પિક રમતોત્સવના ઉદ્ભવ વિશે ઘણી દંતકથાઓ પ્રચલિત છે. છતાં લિખિત નોંધને આધારે પ્રાચીન ઑલિમ્પિક રમતોત્સવની શરૂઆત ઈ.સ. પૂર્વે ૭૭૬માં થઈ હતી. આ રમતોત્સવ દર ચાર વર્ષે ગ્રીસમાં ઑલિમ્પિક પર્વતની તળેટીમાં યુનાનની નગરી ઑલિમ્પિયાના મેદાનમાં યોજાતો હતો. તેથી તેનું નામ 'ઑલિમ્પિયન' પડ્યું હતું. આ 'ઑલિમ્પિયન' શબ્દ ઉપરથી હાલનો 'ઑલિમ્પિક' શબ્દ ઊતરી આવ્યો છે. શરૂઆતમાં આ રમતોત્સવ ઘણી જ સાદાઈથી યોજાતો હતો અને વિજેતાઓને પવિત્ર ઑલિવ વૃક્ષની ડાળીઓનો તાજ બનાવીને પહેરાવવામાં આવતો હતો. ઈ.સ. પૂર્વે ૭૭૬ના જૂન-જુલાઈમાં પૂર્ણિમાની રાત્રે આ મેદાનમાં ૨૦૦ મીટરની એક દોડનું આયોજન કરાયું હતું અને તેમાં ઇલિસ પ્રદેશનો કેરોબસ નામનો યુવાન વિજેતા બન્યો હતો. તે જમાનામાં સ્ત્રીઓને આ રમતોત્સવમાં ભાગ લેવાની તેમજ જોવાની મનાઈ હતી. પ્રાચીન ઑલિમ્પિક રમતોત્સવ ૬૦૦ વર્ષથી પણ વધુ સમય સુધી યોજાયો હતો. પછી ધીમે ધીમે આ રમતોત્સવમાં રમત પ્રત્યેની સદ્ભાવનાનો લોપ થવાથી, નૈતિકતાનું ધોરણ નીચું જવાથી અને ધંધાદારી સ્પર્ધકોનો પ્રવેશ થતાં તેને ઈ.સ. ૩૯૪માં રોમન શહેનશાહ થિઓડોસિઅસે બંધ કર્યો હતો.

આધુનિક ઑલિમ્પિક રમતોત્સવ

આધુનિક ઑલિમ્પિક રમતોત્સવ શરૂ કરવાનું શ્રેય ફ્રેંચ ઉમરાવ બેરન દ. કુબરટિનને ફાળે જાય છે. તે ચોક્કસપણે માનતા હતા કે રમતોત્સવ આંતરરાષ્ટ્રિય મૈત્રી અને શાંતિ સ્થાપવામાં ખૂબ જ અસરકારક નીવડશે. ઑલિમ્પિક રમતોત્સવના ઉત્થાન માટે તેમણે પોતાની યોજના ઈ. ૧૮૯૨ના નવેમ્બરની ૨૫મી તારીખે પૅરિસમાં યોજાયેલ ફ્રેંચ યૂનિયનની ખેલકૂદ સભામાં રજૂ કરી. ૧૮૯૪માં તેમણે પૅરિસમાં એક આંતરરાષ્ટ્રિય અધિવેશન બોલાવ્યું. આ અધિવેશનમાં ૧૩ દેશો હાજર હતા અને બીજા ૨૧ દેશોએ સંમતિ મોકલી હતી. આ અધિવેશનમાં પ્રતિ ચાર વર્ષે ગ્રીક ઑલિમ્પિક રમતોત્સવના ધોરણે વિશ્વ ઑલિમ્પિક રમતોત્સવ યોજવાનું નક્કી થયું અને તે પ્રમાણે ૧૮૯૬ની છઠ્ઠી એપ્રિલે એથેન્સ મુકામે પ્રથમ આધુનિક ઑલિમ્પિક રમતોત્સવની શરૂઆત થઈ. આ રમતોત્સવ એથેન્સના પાન-એથેનૈકા સ્ટેડિઅમ પર યોજવામાં આવ્યો હતો. આમાં ૧૨ દેશોના ૫૦૦ જેટલા સ્પર્ધકોએ સાત સ્પર્ધાઓમાં ભાગ લીધો હતો. ગ્રીક માત્ર મેરેથૉન દોડમાં વિજય પ્રાપ્ત કરી શક્યું હતું.



ઑલિમ્પિકની પ્રાચીન ટ્રૉફી

ઑલિમ્પિક રમતોત્સવનું સંચાલન

સમગ્ર ઑલિમ્પિક રમતોત્સવનું સંચાલન 'આંતરરાષ્ટ્રિય ઑલિમ્પિક સમિતિ' કરે છે. તે સંપૂર્ણપણે બિનરાજકીય સંસ્થા છે. ઑલિમ્પિક સિદ્ધાંતોની રક્ષા કરીને આ રમતોત્સવનું વિશ્વકક્ષાએ




જે. સી. આંવન્સ, ૧૯૩૬ (ખેલકૂદ)


નિયમન પણ આ સમિતિ કરે છે. આ સમિતિના સભ્ય થવાનું પ્રથમ બહુમાન ભારતના દોરાબજી જમશેદજી તાતાને ૧૯૨૦માં મળ્યું હતું. ત્યાર બાદ આજ સુધીમાં જી.ડી. સોંધી, રાજા ભાલેન્દરસિંઘ અને અશ્વિનીકુમારને આ બહુમાન પ્રાપ્ત થયું છે. હાલમાં આ સમિતિના પ્રમુખ સ્પેનના જુઆન એન્ટિઓ સમારાય છે અને ઉપપ્રમુખ ભારતના શ્રી અશ્વિનીકુમાર છે.

ઑલિમ્પિક ધ્વજ અને મુદ્રાલેખ

બેરન ડી. કુબરટિને પોતે ઑલિમ્પિક ધ્વજની રૂપરેખા તૈયાર કરી હતી. એમાં શ્વેત કાપડ (શ્વેત રંગ શાંતિનો સૂચક છે) ઉપર લાલ, લીલા, પીળા, વાદળી અને કાળા રંગનાં પાંચ વર્તુળ એકબીજામાં સાંક-ળીને ડબ્લ્યુ આકારે દર્શાવવામાં આવ્યાં છે. આ પાંચે વર્તુળ યુરોપ, અમેરિકા, એશિયા, આફ્રિકા અને ઓસ્ટ્રેલિયા ખંડનાં સૂચક છે. આ વર્તુળોની નીચે ઑલિમ્પિકનો 'મુદ્રાલેખ' લેટિન ભાષામાં ત્રણ શબ્દોમાં લખાયો છે - સાઈટિયસ (Citius), આલ્ટિયસ (Altius)અને ફોર્ટિયસ (Fortius). જેનો અનુક્રમે અર્થ થાય છે : વધુ ઝડપે, વધુ ઊંચે અને વધુ તાકાતથી. ખેલાડીઓને વધુ ઝડપે દોડવાની, વધુ ઊંચે કૂદવાની અને વધુ તાકાતથી ફેંકવાની પ્રેરણા તેમાં અભિપ્રેત છે. આ ધ્વજ પહેલવહેલાં ૧૯૨૦માં એન્ટ-વર્પમાં યોજાયેલા રમતોત્સવમાં ફરકાવવામાં આવ્યો હતો.



આતશ સાથે રમતવીર




જિમ્નાસ્ટિક્સમાં ૧૦માંથી ૧૦ ગુણ મેળવનાર પ્રથમ મહિલા નાદિયા કોમેન્સી (૧૯૭૬)

પ્રતિજ્ઞાવાચન અને ઑલિમ્પિક આતશ

ઑલિમ્પિક રમતોત્સવના ઉદ્ઘાટન પ્રસંગ 'ઑલિમ્પિક ધૂન' વગાડવામાં આવે છે તથા ખેલાડીઓ નૈતિક તથા માનસિક રીતે આ રમતોત્સવની ભાવના અને પવિત્રતા સમજે તેટલા માટે બધાંજ ખેલાડીઓ આ પ્રસંગે 'પ્રતિજ્ઞા' લે છે. આ પ્રતિજ્ઞાવાચનની પ્રણાલિકા પણ ૧૯૨૦માં એન્ટ-વર્પ મુકામે યોજા-યેલા રમતોત્સવથી શરૂ થઈ છે. યજમાન દેશનો ઉત્તમ ખેલાડી બધા વતી શપથ ગ્રહણ કરે છે. ૧૯૩૬માં બર્લિન મુકામે યોજવામાં આવેલા અગિ-યારમા ઑલિ-મ્પિક રમતોત્સ-વમાં સૌપ્રથમ 'ઑલિમ્પિક આતશ' (Olympic Flame)નો ઉપયોગ કરવામાં આવ્યો હતો. લોકોનો આવકાર મળતાં આ વિધિ કાયમી બની. આ આતશજ્યોત સતત રમતોત્સવ દરમિયાન જલતી રાખવામાં આવે છે. હાલમાં ઑલિમ્પિક જ્યોત વિશ્વનું ભ્રમણ કરીને ઓસ્ટ્રેલિયા પહોંચી ગઈ છે અને ઑસ્ટ્રેલિયામાં તે ૨૬૦૦૦ કિ.મી.ની યાત્રા પૂર્ણ કરશે એટલું જ નહિ, પણ આતશ લઈને દોડવાની તક જે તે દેશના રાષ્ટ્રિય તથા આંતરરાષ્ટ્રિય સ્તરના ખલેડીઓને જ પ્રાપ્ત થાય છે. રમતોત્સવની પૂર્ણાહુતિ વખતે ભાવપૂર્વક તેને ઓલવવાની ક્રિયા સાથે આગામી ઑલિમ્પિક ક્યાં યોજાશે તેની જાહેરાત કરવામાં આવે છે.

ઑલિમ્પિક રમતોત્સવની આગેકૂચ

૧૮૯૬માં શરૂ થયેલ ઑલિમ્પિક રમતોત્સવની સતત આગેકૂચ ચાલુ રહી છે. આજે એ દુનિયાનો સૌથી મહત્ત્વપૂર્ણ રમતોત્સવ



માઇકલ જ્હોનસન

ગણાય છે. ૧૦૪ વર્ષની અંદર ઑલિમ્પિક રમતોત્સવના આયોજનમાં ઘણી મુશ્કેલીઓ આવી છે અને કેટલીક વાર રાજકીય રીતે એનો બહિષ્કાર પણ કરવામાં આવ્યો છે. દા.ત. ૧૯૮૦માં અમેરિકા તથા તેના સહયોગી દેશો દ્વારા અને તેવી રીતે જ ૧૯૮૪માં રશિયા અને તેના સહયોગી દેશો દ્વારા. છતાં પણ પ્રથમ વિશ્વયુદ્ધને કારણે ૧૯૧૬માં અને દ્વિતીય વિશ્વયુદ્ધને કારણે ૧૯૪૦ અને ૧૯૪૪ ને છોડીને દર ચાર વર્ષે વિશ્વના જુદા જુદા ખંડોમાં આ રમતોત્સવ ખૂબ જ ભવ્ય રીતે યોજાતો રહ્યો છે. લંડન, પૅરિસ અનેલોસ અન્જેલસ શહેરે તો આ રમતોત્સવ બે વાર યોજવાનું બહુમાન પ્રાપ્ત કર્યું છે. આજ સુધીમાં આ રમતોત્સવ ક્યારે અને ક્યાં યોજવામાં આવ્યો છે તેની સંપૂર્ણ વિગત લેખના અંતે સારણિમાં આપવામાં આવી છે.

વિવિધ રમતોનું આયોજન

સિડની ઑલિમ્પિકમાં વિવિધ રમતોનું આયોજન કરવામાં આવ્યું છે - જેમ કે એથ્લેટિક્સ, આર્ચરી, બેડમિંટન, બાસ્કેટ બૉલ, હેન્ડબૉલ, બૉક્સિંગ, સાઇક્લિંગ, ફેન્સિંગ, ફૂટબૉલ, જિમ્નાસ્ટિક્સ, હૉકી, વેઇટલિફ્ટિંગ, જુડો, કુસ્તી, તરણ, શૂટિંગ, વૉલીબૉલ વગેરે. વિવિધ સ્ટેડિઅમો પર આ રમતોનું આયોજન થશે. ઉદ્‌ઘાટન અને સમાપન મુખ્ય સ્ટેડિઅમ પર થશે. અત્યાર સુધીમાં ક્યારેય ઉપયોગમાં ન લેવાઈ હોય એવી આધુનિક ઇલેક્ટ્રૉનિક સિસ્ટમ્સનો ઉપયોગ એમાં થવાનો છે.

જંગી ખર્ચ અને મબલક આવક

આજે ઑલિમ્પિક રમતોત્સવ યોજવા માટે અબજો રૂપિયા તેમજ છથી આઠ વર્ષનું આયોજન જરૂરી છે. આ જંગી ખર્ચને પહોંચી વળવા ટી.વી.ના હકો આપીને, ટિકિટો વેચીને તેમજ વિવિધ કંપનીઓને જાહેરાતના હકો આપીને મબલક રકમ આયોજકો ભેગી કરે છે. દા.ત. આ વખતે સિડની ઑલિમ્પિકમાં ઉદ્‌ઘાટન તથા સમાપન કાર્યક્રમ ઉપરાંત અન્ય રમતોની ફાઇનલ સ્પર્ધા જોવા માટેની ટિકિટ રૂ.૬૩,૦૦૦ની છે!

ઑલિમ્પિક્સમાં ભારતનો દેખાવ

અત્યાર સુધી હૉકી સિવાય ભારતનો ઑલિમ્પિકમાં દેખાવ ખૂબ જ નબળો રહ્યો છે. ૧૯૨૮થી ૧૯૫૬ અને ત્યાર બાદ ૧૯૬૪ અને ૧૯૮૦માં ભારતે હૉકીમાં સુવર્ણચંદ્રક પ્રાપ્ત કર્યો છે. હૉકી ઉપરાંત ભારતના શ્રી કે.ડી. યાદવે ૧૯૫૨માં હેલસિંકી મુકામે કુસ્તીમાં બેન્ટમ વેટમાં કાંસ્યચંદ્રક તથા ૧૯૯૬માં એટલાન્ટા મુકામે ટેનિસમાં લિએન્ડર પેસે કાંસ્યચંદ્રક પ્રાપ્ત કર્યા છે. ૧૯૫૬માં મેલબોર્ન ઑલિમ્પિકમાં ભારતે ફૂટબૉલમાં ચોથું સ્થાન પ્રાપ્ત કર્યું હતું. ૧૯૬૦માં રોમ ઑલિમ્પિકમાં ૪૦૦ મી. દોડમાં મિલ્ખાસિંઘે ચોથું સ્થાન પ્રાપ્ત કર્યું હતું. મહિલાઓમાં સર્વશ્રેષ્ઠ દેખાવ પી.ટી. ઉષાનો છે. ૧૯૮૪ના ઑલિમ્પિકમાં ૪૦૦ મી. વિઘ્નદોડમાં ચોથું સ્થાન એણે મેળવ્યું હતું.

ઑલિમ્પિક્સના અમર ખેલાડીઓ

ઑલિમ્પિક્સના ઇતિહાસમાં ઘણા અમર ખેલાડીઓ જેવા કે જેસી ઓવેન્સ, પાવો નૂર્મો, એમિલ ઝારોપેક, એબેબે બિકિલા, એલ ઑર્ટર, બાબ બીમન, બાબ મેથિયાસ, માર્ક સ્પિટ્ઝ, નાદિયા કૉમેન્સી, ડેલી ટૉમસન, કાર્લ લુઈ, માઇકલ જહોનસન જેવા અનેક ખેલાડીઓએ 'અજોડ સિદ્ધિઓ' પ્રાપ્ત કરી છે. દા.ત. જેસી ઓવન્સ અને કાર્લ લુઈ એથ્લેટિક્સમાં ચાર સુવર્ણચંદ્રકો, માર્ક સ્પિટ્ઝે મ્યૂનિચ ઑલિમ્પિક્સમાં સ્વિમિંગમાં સાત સુવર્ણચંદ્રકો, નાદિયાએ જિમ્નાસ્ટિક્સમાં ૧૦માંથી ૧૦ ગુણ વગેરે. અમેરિકાના એલ ઑર્ટરે તો સળંગ સોળ વર્ષ સુધી એટલે ચાર ઑલિમ્પિક્સમાં ચક્રફેંકમાં સુવર્ણચંદ્રક જાળવી રાખ્યો હતો અને એવી રીતે જ કાર્લ લુઈએ લાંબીકૂદમાં સતત ચાર ઑલિમ્પિક્સમાં સુવર્ણચંદ્રક જાળવી રાખ્યો હતો. આજે પણ આ અમર ખેલાડીઓની સિદ્ધિઓ નવા ખેલાડીઓ માટે પ્રેરણાસ્રોત છે. આજે તો સિડની ઑલિમ્પિક રમતોત્સવ એક અદ્વિતીય રમતોત્સવ બની જાય તે જાતની તૈયારીઓ ચાલી રહી છે. ૧૬ દિવસ સુધી ચાલનારો વીસમી સદીનો આ અંતિમ અને સૌથી વધુ ભવ્ય અને આધુનિક વીજાણુયંત્રો પર આધારિત રંગદર્શનીય રમતોત્સવ હશે, તેમાં કોઈ શંકા નથી.

(અનુસંધાન પૃ.૫૧૧)

રાજકીય અને આંતરરાષ્ટ્રિય રાજકારણને ત્રિભેટે



કાશ્મીર

દેવવ્રત પાઠક

મોગલ બાદશાહ જહાંગીરે જેને પૃથ્વી ઉપરનું સ્વર્ગ કહ્યું તે કાશ્મીર આજે એક રાજકીય કોયડો બનીને ચર્ચાના ચકડોળે ચડ્યું છે. તેમાં પણ ખાસ કરીને જ્યારે જમ્મુ-કાશ્મીરની વિધાનસભાએ મોટી બહુમતીથી કાશ્મીરને સ્વાયત્ત બનાવવાનો ઠરાવ પસાર કર્યો (૨૬ જૂન, ૨૦૦૦) ત્યારે સૌની આંખ ચમકી અને આ અંગે અનેક તર્કવિતર્કો વહેતા થયા.

કાશ્મીરનો પ્રશ્ન આપણને વર્ષોથી સતાવતો રહ્યો છે અને તેને ઉકેલવાના પ્રયત્નો એક યા બીજે કારણે સફળ થઈ શક્યા નથી અને તેમાં પણ ૧૯૯૮ના ધડાકા પછી ભારત અને પાકિસ્તાન બન્ને પરમાણુ શસ્ત્રોથી સજ્જ થયાથી પરિસ્થિતિ વધુ વિકટ અને નાજુક બની છે.

તેમ છતાં આજની પળે જે રાજકીય વાતાવરણ ઊભું થયું છે તે આ પ્રશ્નના ઉકેલ માટે કંઈક અનુકૂળ હવામાન સર્જનારું બન્યું છે. એક કારણ એ છે કે અમેરિકાની નીતિમાં પલટો આવ્યો છે. તેની અત્યાર સુધીની પાકિસ્તાન-તરફી નીતિમાં ઓટ આવી છે. ઠંડા યુદ્ધની સમાપ્તિ પછી તેને પાકિસ્તાનની ગરજ નથી. અલબત્ત, તેનો અર્થ એવો નથી કે તે પાકિસ્તાનને સંપૂર્ણ રીતે તરછોડી દેશે. પરંતુ આજે તેને ભારત સાથે વધુ ગાઢ સંબંધ બાંધવાની જરૂર છે. ભારતનું મોટું બજાર, તેનો મોટો મધ્યમ વર્ગ, માહિતી ટેક્નોલોજિમાં ભારતમાં તૈયાર થતા અનેક શિક્ષિત યુવાનો અને તેમનું અમેરિકાના ટેક્નોલોજિના ક્ષેત્રમાં મોટું પ્રદાન, દક્ષિણ એશિયામાં સ્થિરતા સ્થાપી શકે, જાળવી શકે એવું ભારતનું સામર્થ્ય અને છેલ્લે, ચીનના વધતા જતા પ્રભાવની સામે સમતુલન જાળવી શકે તેવી ભારતની ગુંજાયેશ. સામે પક્ષે પાકિસ્તાનનું કથળતું જતું અર્થતંત્ર, લોકશાહી રાજ્યતંત્રને જાકારો આપીને સરમુખત્યાર બનેલા મુશર્રફની જેહાદની નીતિ અને તેના પરિણામે સરજાઈ રહેલી અસ્થિરતાની પરિસ્થિતિ, આતંકવાદને વ્યવસ્થિત રીતે મળી રહેલું પ્રોત્સાહન, કેફી દ્રવ્યોની હેરાફેરીમાં પાકિસ્તાનની ભૂમિકા અને છેલ્લાં દસ વર્ષથી કાશ્મીરમાં અને ભારતના અન્ય પ્રદેશોમાં ચલાવાઈ રહેલી હિંસક દરમિયાનગીરી. ગયા વર્ષે પચાસ દિવસ ચાલેલું કારગિલનું યુદ્ધ કાશ્મીરને ગમે તે ભોગે પડાવી લેવાની પાકિસ્તાનની મુરાદ વ્યક્ત કરે છે. તે સાથે તેને મળેલી નિષ્ફળતા પણ એટલી જ નિર્ણાયક બની છે. કહેવાય છે કે પાકિસ્તાન ઉપર ત્રણ જણાનું રાજ્ય ચાલે છે. અલ્લાહ, અમેરિકા અને 'આર્મિ' (લશ્કર). પાકિસ્તાનના શાસન ઉપર ભલે લશ્કરનો દોર હશે (છેલ્લાં પચાસ વર્ષમાં અડધાથી વધારે સમય લશ્કરી સરમુખત્યારોએ ત્યાં રાજ્ય કર્યું છે.) પરંતુ તેનું અર્થતંત્ર આજે એટલી કક્ષાએ કથળ્યું છે કે તેને અમેરિકા ઉપર આધાર રાખ્યા સિવાય છૂટકો નથી.

આ વર્ષે માર્ચ માસમાં જ્યારે અમેરિકાના પ્રમુખ ક્લિન્ટને દક્ષિણ એશિયાની મુલાકાત લીધી ત્યારે તેમણે આ પ્રશ્ન વિશે જે વાત ઉચ્ચારી તે બદલાયેલા વાતાવરણને વાચા આપતી હતી. ૧૯૭૫માં હેલસિન્કી ખાતે જે સિદ્ધાન્ત સ્વીકારાયો હતો તેનો સંદર્ભ ટાંકીને તેમણે જણાવ્યું કે હવે પછી હિંસા દ્વારા સરહદો બદલી શકાશે નહિ. ઝઘડાઓના ઉકેલ માટે મંત્રણાઓનો માર્ગ સ્વીકારવો જોઈએ. ભારત અને પાકિસ્તાને સંયમ રાખવો જોઈએ (પરમાણુ શસ્ત્રોના ઉપલક્ષ્યમાં) અને તેમની વચ્ચેના પ્રશ્નોને મંત્રણાઓ દ્વારા ઉકેલવા જોઈએ. તદુપરાંત, તેમણે પાકિસ્તાનને આતંકવાદથી દૂર રહેવાની અને કાશ્મીરમાં આવેલી અંકુશરેખાને માન્ય રાખવાની વાત કરી હતી. આમ છતાં જો પાકિસ્તાન હિંસાનો માર્ગ છોડશે નહિ તો તેના પરિણામે જે કોઈ હિંસક ઘર્ષણ થશે તેમાં અમેરિકા મદદ કરશે નહિ અને લાંબે ગાળે પાકિસ્તાન એકલું પડી જશે. આમ, પાકિસ્તાનને હિંસા, આતંકવાદ અને જેહાદમાંથી પાછા ફરવાની અને મંત્રણાનો રસ્તો લેવાનો આગ્રહ કરવામાં આવ્યો. પાકિસ્તાનની આર્થિક ગુંગળામણ પણ આજે તેને સતાવી રહી છે.

બીજી તરફ ભારત પણ સંયમ દાખવે, મંત્રણાઓ કરે અને અંકુશરેખાને માન્ય રાખીને કાશ્મીરનો પ્રશ્ન ઉકેલે એવો આગ્રહ સેવવામાં આવ્યો છે. પાકિસ્તાનને ખુલ્લેખુલ્લું કહેવામાં

આવ્યું છે તો આપણને કંઈક ગર્ભિત રીતે સૂચન કરાયું છે. પરંતુ બન્નેની ઉપર દબાણ આવ્યું છે તેમાં કોઈ શંકા નથી.

આ બધાની સાથે કાશ્મીર પ્રશ્નની અનેક વાર વિવિધ કક્ષાએ અને જુદાં જુદાં સ્થળે ચર્ચાઓ, પરિસંવાદો તથા વિચારગોષ્ઠિઓ ગોઠવાતી રહી છે; જેમાં અમેરિકા અગ્રેસર રહ્યું છે. ઉદાહરણ તરીકે ફારૂક કથવારી નામના અમેરિકા-નિવાસીએ 'કાશ્મીર સ્ટડી ગ્રૂપ'ની સ્થાપના કરી છે જેની ચર્ચાના મુદ્દાઓ સ્વાયત્તતા અંગેની સમિતિઓએ વ્યક્ત કરેલા વિચારોને મળતા આવે છે. આ બધાનો મુખ્ય સૂર એ રહ્યો છે કે કાશ્મીરને ભારતનાં અન્ય રાજ્યોની માફક ગણવું તે બરાબર નથી. કાશ્મીર અદ્વિતીય છે. તેની અસ્મિતા, તેના સાંસ્કૃતિક જીવન અને 'કાશ્મીરિયત'ને અવગણી શકાય તેમ નથી. તેના સામુદાયિક, રાજકીય તેમજ આર્થિક જીવનમાં વર્ષોથી જે બિનસાંપ્રદાયિકતા પોષાઈ છે તેને માનભર્યું સ્થાન મળવું જોઈએ અને તેનો સ્વીકાર થવો જોઈએ. કાશ્મીરનો પ્રશ્ન નાજુક પ્રશ્ન છે અને તેને હલ કરવા માટે જે દૃષ્ટિ, સમજ અને સંવેદનશીલતા જરૂરી છે તેનો કોઈ પણ પ્રકારના - ઇસ્લામના કે હિન્દુત્વના - કટ્ટરવાદ સાથે મેળ ખાય તેમ નથી.

છેલ્લાં કમ સે કમ દસ વર્ષથી ચાલી રહેલા હિંસાના દોર અને તાંડવથી કાશ્મીરનાં લોકોનું માનસ ઘવાયું છે અને આળું બની ગયું છે. ત્રાસવાદીઓના કરતુકોથી તેની ધીરજનો અંત આવી ગયો છે. આ માટે પાકિસ્તાન મોટે અંશે જવાબદાર છે. તેની સાથે આપણાં લશ્કરો તથા સિપાઈઓએ પણ ઓછો-ત્રાસ વરતાવ્યો નથી. ટૂંકમાં, કાશ્મીરી માનસહિંસાથી તોબા પોકારી ગયું છે અને અંતરથી શાન્તિ ઇચ્છી રહ્યું છે. આ ભીષણ પરિસ્થિતિમાંથી છુટકારો મેળવવા તે તલસી રહ્યું છે. આ બધાં કારણોથી કાશ્મીરી લોકોના માનસમાં જે અળગાપણાનો ભાવ ઊભો થયો છે તેમાંથી તેમને બહાર લાવવાનાં છે.

ભારતની બધી સરકારો અને લોકો કાશ્મીરને ભારતનો એક અંતર્ગત ભાગ ગણે છે. પણ તેને ખરેખર આપણું બનાવવા માટે રાજકીય કુનેહ, દીર્ઘદૃષ્ટિ, ઉદાર માનસ અને સમાનતાના ધોરણની જરૂર છે. એક મુસ્લિમ રાજ્ય આપણી સાથે જોડાયું. તેને હંમેશને માટે જોડાયેલું રાખવામાં આપણી બિનસાંપ્રદા-યિકતાની મોટી કસોટી થઈ રહી છે.

છેલ્લાં કેટલાંક વર્ષોથી ભારતના રાજકારણમાં પલટો આવ્યો છે. આજે કોઈ પક્ષ પોતાને રાષ્ટ્રિય કક્ષાનો પક્ષ ગણાવી શકે તેમ નથી. લગભગ પ્રત્યેક રાજ્યમાં પ્રાદેશિક પક્ષો ઊભા થયા છે અને એમાંના મોટા ભાગના સાથે મળીને સંયુક્ત રીતે દેશનું રાજ્ય સંભાળી રહ્યા છે. મિશ્ર સરકાર અનિવાર્ય બની ગઈ છે. તે સાથે ભારતનું સમવાય સહકાર સાધીને ચાલી રહ્યું છે. એક નવી રાજકીય ભાત કે સંસ્કૃતિ આકાર લઈ રહી છે, જેનો પડઘો સરકાર દ્વારા નિમાયેલા સરકારિયા કમિશનના અહેવાલમાં (૧૯૮૭) જોવા મળે છે. આપણે કેન્દ્રીકરણમાંથી વિકેન્દ્રીકરણ તરફ જઈ રહ્યા છીએ.

આ પ્રબળ બનતા વલણનું પગેરું કાઢીએ તો ૧૯૭૪માં તામિલનાડુની વિધાનસભાએ આ પ્રકારનો ઠરાવ પસાર કરેલો. તેને તે સમયે અવગણવામાં આવ્યો, પણ તેની પાછળની લાગણીની નોંધ લેવાઈ હતી. તે જ પ્રમાણે આનંદપુર સાહેબમાં પસાર થયેલા ઠરાવમાં પંજાબ તરફથી આ પ્રકારની લાગણી પ્રકટ થઈ હતી. ભારતનાં રાજ્યો મોટાં એકમો છે અને તે દરેકને મોટી વસતિ, પોતાની ભાષા, સાંસ્કૃતિક વારસો તથા પોતાની અસ્મિતા છે. ભારતનાં અન્ય રાજ્યો માટે જે સાચું છે તે કાશ્મીર માટે સવિશેષ પ્રમાણમાં છે.

આમ, રાષ્ટ્રિય અને આંતરરાષ્ટ્રિય ક્ષેત્રમાં જે પલટો આવ્યો છે તેના પરિપ્રેક્ષ્યમાં કાશ્મીરના પ્રશ્નનો તકાદો ઊભો થયો છે. ક્લીન્ટનની ભારત-મુલાકાત પછીના થોડા દિવસોમાં આપણી સરકારે હુરિયતના બંદીવાન નેતાઓને જેલમાંથી છૂટા કર્યા અને તેમની સાથે મંત્રણાઓ કરવાની તૈયારી બતાવી. કાશ્મીરના પ્રશ્ન અંગે આ એક નવું અને નોંધપાત્ર પગલું હતું. હિંસક વાતાવરણમાંથી મુક્ત થવા માટે મંત્રણાઓનાં દ્વાર ખોલવામાં આવ્યાં. પ્રતિભાવરૂપે હુરિયતના નેતાઓએ મંત્રણાઓની તૈયારી તો બતાવી, પણ તેમાં પાકિસ્તાન પણ સામેલ થાય તેવી ઇચ્છા પ્રકટ કરી.

ઑલ પાર્ટી હુરિયત કૉન્ફરન્સ (APHC)માં એકમ નથી. જો યાસિન મલીક આઝાદી ઇચ્છે છે તો અબ્દુલ ગની ભટ પાકિસ્તાનતરફી છે. સૈયદ અલી શાહ ગિલાની ધર્મની ભૂમિકા ઉપર રાજ્યની રચના થયા તેમ ઇચ્છે છે, જે બિનસાંપ્રદાયિકતા સાથે બિલકુલ સુસંગત નથી. તેમના ઉપરાંત બીજા બધા ભારતવિરોધી વલણ ધરાવે છે. તે સૌની કુલ સંખ્યા ત્રેવીસની છે. હુરિયતના નેતાઓએ ત્રાસવાદીઓની તરફદારી કરી છે. જો કે આજે તેઓ તેનાથી કંઈક વિમુખ થયા છે. પરંતુ તેમના રાજકીય વલણ વિશે કોઈ ચોક્કસ મત બાંધી શકાય તેમ નથી. કોમવાદી માનસ ધરાવતા જમાતે ઇસ્લામી તેમજ જમ્મુ કાશ્મીર લિબરેશન ફ્રન્ટની સાથે પણ તેઓ નજીકનો સંબંધ ધરાવે છે. કાશ્મીરમાં ત્રાસ ફેલાવનાર મંડળોમાં મુખ્યત્વે હરકત મુઝાહીદીન, હીઝબુલ મુજાહીદીન, લશ્કરી તોઈબા તથા અલ બદર રહ્યાં છે. આ બધાની વતી હુરિયતના નેતાઓ કેટલા વિશ્વાસથી વાત કરી શકે તે શંકાસ્પદ છે.

આ પશ્ચાદ્ભૂમિકા ફારૂક અબ્દુલ્લાનાં વલણ અને નેશનલ કૉન્ફરન્સે અપનાવેલી સ્વાયત્તાની નીતિ વિશે સમજ આપે છે. ભારત સરકાર જો હુરિયતના નેતાઓને જેલમાંથી મુક્ત કરીને તેમની સાથે મંત્રણા કરવા તૈયાર હોય તો નેશનલ કૉન્ફરન્સને કેવી રીતે અવગણી શકાય? તેના સભ્યોના ૨/૩ ટેકાથી પસાર થયેલ સ્વાયત્તાનો ઠરાવ કેવી રીતે ઠુકરાવી

શકાય? સ્વાયત્તતા આજકાલ ઊભો થયેલો સિદ્ધાન્ત કે નીતિ નથી. કાશ્મીર ભારત સાથે જોડાયું ત્યારથી કાશ્મીરનું વિશિષ્ઠ સ્થાન, તેની અસ્મિતા અને તેના લોકોની અભીપ્સાઓને માન આપવાની નીતિ સ્વીકારાઈ છે. આપણા બંધારણની ૩૭૦મી કલમ દાખલ કરવામાં આવી તેમાં જેટલો ભારતનો તેટલો જ કાશ્મીરનો હિસ્સો રહેલો છે. ભારત સરકારની પ્રતિબદ્ધતા અને વચનબદ્ધતા તેમાં વ્યક્ત થાય છે. તેને અવગણવાનો અવાજ ઊઠ્યો છે, પરંતુ આજ દિન સુધી તેમ થઈ શક્યું નથી.

ભારત અને કાશ્મીર વચ્ચેના જોડાણને આજે પચાસ વર્ષથી વધારે સમય વીતી ગયો છે, જે દરમિયાન તેમની વચ્ચેના સંબંધોમાં અનેક તડકીછાંયડી આવી ગઈ છે. તેમ છતાં આજની પરિસ્થિતિનો તાગ મેળવીએ તો કાશ્મીરનાં લોકોનું માનસ પાકિસ્તાન તરફી હોય એવું લાગતું નથી. કારણ કે છેલ્લાં દસ વર્ષથી ચાલતી ત્રાસવાદી હિંસા તેમજ કારગિલના યુદ્ધે તેમની આંખ ખોલી નાખી છે.

૧૯૫૩ પહેલાં અપનાવાયેલી સ્વાયત્તતાનો વીગતથી વિચાર કરીએ તો તેમાં નીચે પ્રમાણેનાં તત્ત્વો રહેલાં છે :

- બંધારણની ૩૫૬ કલમ જમ્મુ-કાશ્મીરમાં રદ થવી જોઈએ.
- ભારત સરકાર પાસે ફક્ત સંરક્ષણ, વિદેશ મંત્રાલય અને દૂરસંદેશા વ્યવહારની હકૂમત રહેશે.
- કેન્દ્રની જમ્મુ-કાશ્મીરમાં દખલગીરી અંગે અંતિમ સત્તા. વિધાનસભાની રહેશે.
- બંધારણની ૩૭૦મી કલમમાં 'હંગામી'ને બદલે 'વિશેષ' શબ્દ પ્રયોજાવો જોઈએ.
- આઈ.એ.એસ., આઈ.પી.એસ. વગેરેને રાજ્યમાં નિયુક્તિ નહીં.
- ચૂંટણીપંચ, સુપ્રિમ કોર્ટ અને કેગને જમ્મુ-કાશ્મીરમાં કોઈ સત્તા મળશે નહીં.
- રાજ્યપાલની નિયુક્તિ જમ્મુ-કાશ્મીરની વિધાનસભા કરશે.
- રાજ્યપાલને સદર-એ-રિયાસત અને મુખ્યમંત્રીને વઝિર-એ-આઝમ કહેવાશે.
- આંતરરાજ્યના પ્રશ્નો, નદીઓની જળવહેંચણી અંગે કેન્દ્ર અધિકાર ગુમાવશે.
- જમ્મુ-કાશ્મીર માટે બંધારણના અલગ મૂળભૂત અધિકારો રહેશે.
- સુપ્રિમમાં કોઈ અપીલ નહીં કરી શકે.
- જમ્મુ-કાશ્મીરના બંધારણને બદલવાની સત્તા ભારતીય સંસદ પાસે રહેશે નહીં.

પરંતુ ૧૯૫૩ પછી તો યમુના અને જેલમ નદીમાં ઘણાં પાણી વહી ગયાં છે અને પરિસ્થિતિ સારી પેઠે પલટાઈ ગઈ છે. વધુ વીગતમાં ઊતર્યા સિવાય એટલું તો કહી શકાય કે રાજકીય, કાયદાકીય અને બંધારણીય રસ્તે કાશ્મીર અને ભારત વચ્ચેના સંબંધો અત્યન્ત ઘનિષ્ઠ બનીગયા છે. ઉદાહરણ તરીકે ૧૯૫૪માં રીઝર્વ બેન્ક, કસ્ટમ, એક્સાઈઝ, પોસ્ટ, અને ટેલિગ્રાફ સેવાઓ કાશ્મીરમાં પહોંચી છે. તે જ પ્રમાણે ૧૯૬૦ થી સર્વોચ્ચ અદાલત, ચૂંટણી કમિશન તથા કન્ટ્રોલર અને ઑડિટર જનરલની સત્તાઓ કાશ્મીરમાં પ્રવેશી ચૂકી છે. ૧૯૬૪માં બંધારણની કલમ ૩૫૬ તથા ૩૫૭ કાશ્મીરને લાગુ પાડવામાં આવી છે. ઉપરાંત ૧૯૮૬માં બંધારણની કલમ ૨૪૯, જે દ્વારા કેન્દ્ર સરકાર રાજ્યના વતી કાયદા કરી શકે છે તે લાગુ કરવામાં આવી છે. તે જ પ્રમાણે કલમ ૨૫૬નો અમલ પણ થઈ શકે છે. છેલ્લાં કેટલાંય વર્ષોથી કાશ્મીરના પ્રતિનિધિઓ આપણી સંસદના સભ્યો છે અને અત્યારે તો ફારૂક અબદુલ્લાના પુત્ર ઓમાર પ્રધાનમંડળમાં મંત્રીનું સ્થાન ભોગવી રહ્યા છે.

આથી પણ વિશેષ મહત્ત્વની વાત એ છે કે કેન્દ્ર સરકાર તરફથી કાશ્મીરને સારી એવી નાણાકીય સહાય મળતી રહી છે. કહેવાય છે કે આ મદદ બિહાર કરતાં ૧૪ ગણી, તામિલનાડુની સરખામણીમાં ૧૧ ગણી તથા આસામ સાથે સરખાવીએ તો ૬ ગણી છે. આટલી બધી મદદ મળવા છતાં ન તો કાશ્મીરની ગરીબી કે ન તો તેની બેકારી દૂર કરી શકાઈ છે. વિકાસની દષ્ટિએ જોઈએ તો કાશ્મીર પછાત રહેવા પામ્યું છે.

તો પછી દોષ ક્યાં છે? સહેજ ઊંડાણથી જોઈએ તો ભારતનાં અન્ય સૌ રાજ્યોની માફક કાશ્મીરમાં પણ ભ્રષ્ટાચાર ફૂલ્યોફાલ્યો છે. સુશાસન કે સુરાજ્યનો સંપૂર્ણ અભાવ રહેવા પામ્યો છે. કાશ્મીરમાં આજ દિન સુધી યોજાયેલી ચૂંટણીઓમાં માત્ર ૧૯૭૭માં યોજાયેલી ચૂંટણી સિવાય બધીમાં ગોલમાલ અને ગેરરીતિઓ જોવા મળી છે. આટલું પૂરતું ન હોય તેમ ત્યાં હિંસાનું-ત્રાસવાદનું તાંડવ છેલ્લાં દસ વર્ષથી ચાલી રહ્યું છે.

આ પરિસ્થિતિમાં સ્વાયત્તતાનો ઠરાવ વિધાનસભામાં પસાર કરાવવો તે કેટલે અંશે યોગ્ય કહેવાય? આગળ જણાવ્યું તે પ્રમાણે ૧૯૫૩માં સ્વીકારાયેલી સ્વાયત્તતા આજે પ્રસ્તુત ખરી? વિધાનસભાની ચાલુ બેઠકે ફારૂક અબદુલ્લા દિલ્હી આવીને વડાપ્રધાનને મળ્યા હતા અને માત્ર ચર્ચા કરવામાં આવશે તેવું આશ્વાસન આપીને ગયા હતા. તેમ છતાં સ્વાયત્તતાનો ઠરાવ જોરશોરથી અને મોટી બહુમતીથી પસાર કરવામાં આવ્યો. સ્વાયત્તતા અંગે રચવામાં આવેલી વિવિધ સમિતિઓના અહેવાલોમાં પણ એકવાક્યતા જોવા મળતી નથી. તો પછી એવી કઈ પરિસ્થિતિનું નિર્માણ તેમાં અભિપ્રેત છે? વળી, જો કાશ્મીર અંગે સ્વાયત્તતાની દિશામાં પગલું ભરાય તો અન્ય રાજ્યોનું શું? શું ઘડિયાળનો કાંટો પાછો ફેરવી શકાય ખરો? આ અને આવા પ્રકારના સવાલો કે શંકાઓ પાછળનો તર્ક સમજી શકાય તેમ છે.

પરંતુ કાશ્મીરના પ્રશ્નની સંકુલતા, તેનાં આંતરરાષ્ટ્રિય પાસાંઓ, યુદ્ધ અને તે પણ ખરાખરીનું યુદ્ધ, કે શાન્તિ વચ્ચે

ઝોલાં ખાતી નિત્ય પલટાતી પરિસ્થિતિ, પ્રશ્નની નાજુકાઈ ને તેનો ઉકેલ લાવવા માટેની ઉચ્ચ પ્રકારની મુત્સદ્દીગીરી - આ બધાંનો ખયાલ કરીએ ત્યારે ફારૂકની વિષમ સ્થિતિનો અહેસાસ આવી શકે છે. આપણે ભૂલવું ન જોઈએ કે ૧૯૯૬ની ચૂંટણી વખતે સ્વાયત્તતાનો નિર્દેશ નેશનલ કૉન્ફરન્સે તેના મેનિફેસ્ટોમાં કર્યો હતો. આ પહેલાંના બે વડાપ્રધાનોએ - નરસિંહરાવ તથા દેવગૌડાએ - વધુમાં વધું સ્વાયત્તતા આપવામાં આવશે એવાં વચન આપ્યાં હતાં.

કાશ્મીરના પ્રશ્નમાં બંધારણીય અને કાયદાકીય બાજુ છે અને તેને અવગણી શકાય નહિ. પરંતુ પ્રશ્ન લાંબા ગાળાનો છે અને એટલો પેચીદો છે કે તેનો કોઈ સીધોસાદો ઉત્તર નથી. વર્ષોથી ચાલી આવેલી નરાધમ હિંસા અને ત્રાસવાદના કારણે કાશ્મીરના હિન્દુ પંડિતો ઉચાળા ભરીને કાશ્મીર છોડી ગયા છે. કાશ્મીરના શિયાપંથી મુસલમાનો તેમના ધર્મપાલનમાં હિન્દુઓને મળતા આવે છે એટલું જ નહિ, ત્યાં વિવિધ ધર્માઓ સંપથી અને અમનથી એકમેક સાથે વર્ષોથી રહ્યાં છે. બિનસાંપ્રદાયિકતા તેમના કોઠામાં છે અને તેમાં જ તેમની શોભા, તેમનું સૌજન્ય અને શાંતિપ્રિયતાનાં મૂળ જોઈ શકાય છે. સૌથી મહત્ત્વની વાત એ છે કે અત્યાર સુધી પાકિસ્તાન-તરફી રહેલા અને ત્રાસવાદને ઉત્તેજન આપનારા અને હવે કંઈક બદલાયેલા હુરિયતના નેતાઓને મુક્ત કરીને તેમની સાથે મંત્રણા કરવા આપણી સરકાર તૈયાર થતી હોય તો તેમની સરખામણીમાં કાશ્મીર વતી બોલવાનો અને તેમનું પ્રતિનિધિત્વ કરવાનો નેશનલ કૉન્ફરન્સનો દાવો ઓછો ગણી શકાય તેમ નથી. બલકે, કંઈક અંશે સરકારના હુરિયતને પ્રાધાન્ય આપવાના પગલાને કારણે જ ફારૂક સ્વાયત્તતાનો ઠરાવ પસાર કરીને નેશનલ કૉન્ફરન્સના સ્થાનની અગત્ય બતાવી રહ્યા છે. આ ઠરાવ પસાર થયો ત્યારે શરૂઆતમાં વાજપેયી તેમજ અડવાણીએ સમાધાનકારી વલણ અપનાવ્યું હતું અને સંસદમાં ચર્ચા પછી નિર્ણય લેવાશે તેવું આશ્વાસન પણ આપ્યું હતું. પરંતુ પાછળથી કંઈક ઉતાવળથી અને સંઘ પરિવાર અને ખાસ તો રાષ્ટ્રિય સ્વયંસેવક સંઘના દબાણને વશ થઈને કેબિનેટની ખાસ બેઠક ત્વરાથી બોલાવવામાં આવી અને સ્વાયત્તતાનો ઠરાવ ઠુકરાવી દેવામાં આવ્યો. આટલું પૂરતું ન હોય તેમ નેશનલ કૉન્ફરન્સને નેશનલ ડેમોક્રેટિક અલાયન્સના સભ્ય તરીકે સરકાર સાથે રહેવું કે તેમાંથી છૂટા થવું તે નિર્ણય તેઓ કરી શકે છે એમ પણ કહેવામાં આવ્યું. આ પ્રકારની આમનેસામને કરવાની નીતિ આપણી સરકારની રાજકીય નાદાનિયત અને સંકુચિત કોમવાદી માનસ વ્યક્ત કરે છે. પ્રશ્નને હલ કરવાને બદલે તેમાં ઉશ્કેરાટ વધુ અને પરિપક્વતા ઓછી વરતાય છે.

સમજવાની વાત એ છે કે સ્વાયત્તતા આઝાદી નથી. ફારૂકે સ્પષ્ટ કહ્યું છે કે જે કાંઈ નક્કી થશે તે ભારતીય બંધારણના ચોકઠામાં જ થશે; તેની સામે કે તેની વિરુદ્ધ નહિ. સ્વાયત્તતા ત્રાસવાદ સામેનું ઓસડ છે, એનો પ્રભાવક પ્રતિકાર છે. થોડે-ઘણે અંશે પણ કાશ્મીરની વિશિષ્ટ પરિસ્થિતિને લક્ષમાં લઈને સ્વાયત્તતાનો સ્વીકાર કરવામાં આવે તો તેમાં ત્રાસવાદને નાથવાનું સામર્થ્ય છે. તે સાથે કાશ્મીરના ઘવાયેલા અહમ્‌ને, તેની પીડાની માનસિકતાને, દમન અને જુલમ તળે કચડાયેલાં તેનાં નાગરિકો માટે સ્વાયત્તતા થોડી આશા આપી શકે તેમ છે. સ્વાયત્તતા એ છટકબારી નથી. તેનો અસ્વીકાર કરીને આપણી સરકારે ત્રાસવાદને, પાકિસ્તાનને સહારો આપ્યો છે એમ પણ કહી શકાય તેમ છે.

હાલની ભારત સરકાર તેની કાશ્મીર અંગેની નીતિમાં આર.એસ.એસ.નો અભિગમ સ્વીકારીને ચાલવાની હોય તો તેનાં માઠાં પરિણામોનો વિચાર કરવો ઘટે. આર.એસ.એસ. કાશ્મીરના ભાગલા પાડવાનું સૂચન કર્યું છે. લદાખ, કાશ્મીરનો ખીણનો પ્રદેશ અને જમ્મુ, એટલે કે બૌદ્ધ, મુસ્લિમ અને હિન્દુધર્મની ભૂમિકા ઉપર ત્રણ વિભાગો કે રાજ્યો ઊભાં કરવાં. ૧૯૪૭માં ધર્મની ભૂમિકા ઉપર જ દેશના ભાગલા પડ્યા હતા. તેનાં વિષમ પરિણામો ભોગવ્યાં છતાં ધર્મનિરપેક્ષતાનો અંચળો ફેંકી દઈને આપણી સરકાર ફરીને એ જ નીતિ અપનાવે તો તેનાં ભયંકર, માઠાં પરિણામની કલ્પના પણ કરી શકાય તેમ નથી.

થોડા દિવસો પહેલાં સિન્ધુદર્શનનો કાર્યક્રમ યોજાયો હતો, જેમાં કાશ્મીરના લદાખ વિસ્તારમાંથી વહેતી સિન્ધુ નદીના કિનારે વડાપ્રધાન, ગૃહપ્રધાન તથા ફારૂક હાજર રહ્યા હતા. તે સમયથી લદાખને છૂટું પાડવું અને જમ્મુને હિન્દુ રાજ્ય બનાવવાનો મનસૂબો વહેતો મુકાયો છે. કાશ્મીરને ત્રણ વિભાગમાં વહેંચવાની આ યોજના ખરેખર તો અમેરિકા તરફથી રજૂ કરાઈ હોવાનો એક અભિપ્રાય છે. અમેરિકા તરફની વફાદારી તથા ગમે તે ભોગે તેને ખુશ રાખવાની આ નીતિની ભયાનકતા ભારતના પ્રત્યેક નાગરિકે સમજવી આવશ્યક છે. શું હિન્દુત્વનું ખંડદર્શન તેમાં ડોકિયું કરી રહ્યું છે?

શાંતિ માટેનું અને યુદ્ધ સામેનું અમેરિકાનું દબાણ છે. પરંતુ પ્રશ્ન આપણો છે. આપણા રાષ્ટ્રના હિતનો અને તેના ભાવિનો ગંભીર સવાલ છે. એક તરફ 'એક'રાષ્ટ્ર, એક સંસ્કૃતિ એક નેતા'ની વાત થાય અને બીજી તરફ રાષ્ટ્રના ભાવિને જોખમમાં નાખવાની વાત સ્વીકારાય તે ખૂબ નાલેશીજનક છે.

સ્વાયત્તતા અંગેનો ઠરાવ કર્યા પછી ફારૂક અબ્દુલ્લાએ કરેલા નિવેદનોમાં બે વાતનું પુનરુચ્ચારણ કરવામાં આવ્યું છે. એક, સ્વાયત્તતા ભારતીય બંધારણને વફાદાર રહીને ગોઠવવાની છે. બીજું, કાશ્મીરને ભારત સાથેનો સંબંધ જેવો અતૂટ છે તેવો જ રહેવાનો છે. તેમાં પાકિસ્તાનને સ્થાન નથી. આગળ ચાલતા તેમણે કાશ્મીરના ભાગલાનો સંપૂર્ણ

અને જોરદાર વિરોધ કર્યો છે. કાશ્મીરમાં સૌકોઈને - બૌદ્ધ, હિન્દુ, મુસ્લિમ, ગુજ્જર, ડોગરા અને શીખો - સમાનતાના ધોરણે સ્થાન છે અને રહેશે. વળી, સ્વાયત્તતામાં બાંધછોડ, સમાધાન, છૂટછાટ વગેરેને પૂરો અવકાશ છે.

આ અંગે સરકારિયા કમિશનના પ્રમુખ સરકારિયાએ પણ જણાવ્યું છે કે બંધારણ કેન્દ્ર, રાજ્ય અને બન્નેને લાગુ પડતા લિસ્ટમાં ફેરફાર કરવામાં આવે તો તેનાથી રાષ્ટ્રની એકતાને કોઈ વાંધો આવે તેમ નથી. ઊલટું તે દ્વારા ભારતીય સમવાયનો પાયો વધુ મજબૂત બનશે અને રાજ્યો કેન્દ્રની સાથે સામંજસ્ય સાધી શકશે.

અત્રે એ પણ નોંધવું જોઈએ કે ફારૂકના નિવેદન પ્રમાણે અત્યારની અંકુશરેખા ભવિષ્યની આંતરરાષ્ટ્રિય સરહદ બની શકે છે. આ અંગે આજે આંતરરાષ્ટ્રિય અભિપ્રાય કેળવાતો જાય છે અને ખુદ અમેરિકા પણ તેમાં ટેકો આપે તેવી શક્યતા છે. કાશ્મીર છોડી આઝાદ કાશ્મીર (પાકિસ્તાન કબજાવાળા) ગયેલાં લોકો તેમજ કાશ્મીરથી જમ્મુ અને દિલ્હી આવેલા હિન્દુ પંડિતો કાશ્મીરમાં પાછા જવાનું હૃદયથી ઇચ્છી રહ્યાં છે. એ સર્વને આવકારવાની સૈદ્ધાન્તિક ભૂમિકાને સ્વાયત્તતાના માહોલમાં સ્થાન છે.

કાશ્મીર વિધાનસભાના ઠરાવને ઉતાવળથી ઠુકરાવીને ભારત સરકારે તેમની નજીક રહેલી અને ભાગીદારી ધરાવતી નૅશનલ કૉન્ફરન્સને કાશ્મીરી પ્રજાની આંખમાં અપમાનજનક રીતે ઉતારી પાડી છે અને આડકતરી રીતે અન્ય ભારતવિરોધી પરિબળોને અજાણતાં પણ પ્રોત્સાહિત કર્યાં છે.

સ્વાયત્તતાનો ઠરાવ એક આવાહન છે, રચનાત્મક અભિગમનું સોપાન છે. કાશ્મીરનો પ્રશ્ન હલ કરવાની તે એક તક પૂરી પાડે છે. ઘણાં વર્ષો પછી ફરીને એક વાર કાશ્મીરનો પ્રશ્ન હલ કરવાની, કમ સે કમ ભારત અને કાશ્મીર વચ્ચેના તંગ બનેલા વાતાવરણને દૂર કરવાની, અને નવી ખૂલેલી દિશામાં આગળ વધવા માટે સુવિધા પૂરી પાડે છે.

ભારતના કાશ્મીર સાથેના સંબંધોમાં પ્રગતિ થઈ શકશે તો તેનાથી દેશને મોટો ફાયદો થવા સંભવ છે. આજે રશિયાની દક્ષિણે અને ભારતની ઉત્તરે આવેલાં રાજ્યો સાથે આપણે નજીકના આર્થિક સંબંધો બાંધી શકીએ તો તેના દ્વારા આર્થિક આબાદીનાં પગરણ માંડી શકાય તેમ છે. તે જ પ્રમાણે ઈરાન સાથેના સંબંધો પણ કેળવી શકાય તેમ છે. અનેક નોંધપાત્ર શક્યતાઓનાં દ્વાર ખૂલી શકે તેમ છે. જરૂર છે દીર્ઘદૃષ્ટિની, વિશાળ પરિપ્રેક્ષ્યની અને ભાવિના રચનાત્મક અભિગમની. કાશ્મીર આપણી પાસે રાજકીય કુનેહ, આવડત અને મુત્સદ્દીગીરી માગી રહ્યું છે. સંકુચિત માનસ, ધાર્મિક કટ્ટરવાદ, પક્ષીય સ્વાર્થને બાજુએ રાખી, પ્રજામાનસના દર્દને સમજી આપણી સરકારે આગળ વધવાનું છે. મૃત્યુના ઓછાયા નીચે ગભરાટભર્યું જીવન વિતાવતાં કાશ્મીરનાં લોકોની પહેલી જરૂરિયાત શાન્તિની છે. પ્રયોગ ખાતર એક વાર આપણે એકપક્ષીય જાહેરાત કરીને 'યુદ્ધમોકૂફી' શરૂ કરવી જોઈએ. લોકોના માનસને સ્પર્શે એવાં વિવિધ પગલાં આપણે ભરી શકીએ.

ભારતની સરકાર વિશે કાશ્મીરી માનસ અણગમો ધરાવે છે, પણ ભારતનાં લોકો, તેની વૈવિધ્યભરી જીવનશૈલી તથા સંસ્કૃતિ તેમજ જેવી છે તેવી લોકશાહી માટે તેમને માન છે, આકર્ષણ છે. હિન્દી ફિલ્મો, સંગીત અને આર્થિક, વૈજ્ઞાનિક વિકાસથી તેઓ પ્રભાવિત છે. કાશ્મીર અંગે વિધેયાત્મક વાતાવરણ સર્જાયું છે. તેનો પૂરો લાભ લેવાનું આપણે રખે ચૂકીએ!

અંગ્રેજીમાં એક જાણીતી ઉક્તિ છે : We change only to preserve. પરિસ્થિતિનું જતન કરવા માટે પણ પરિવર્તન જરૂરી બને છે. આજે કાશ્મીરને આ પ્રકારના અભિગમની જરૂર છે. □

તૈયારી

પ્રા. મુકુંદ દે. ભટ્ટ

ઘણા લાંબા ગાળે દુર્ગાબાનો ફોટો તૈયાર થઈ આવ્યો ત્યારે તેના સ્થાન અંગે ભાઈ-ભાભીઓ વચ્ચે ખાસ્સો એવો વિવાદ પણ થયેલો. ત્યારે પણ દિનાનાથ ગં.સ્વ. કલ્પનાનો મત ક્યાં લેવાયેલો?

આખરે દિનાનાથની રૂમમાં વૉલક્લૉકની ડાબી બાજુએ ફોટો ગોઠવાયો. બરાબર તેમની પાટ પણ તેની સામે જ હતી. ફોટા સામે મીટ માંડતા દિનાનાથ ઘણીવાર અતીતમાં સરી પડતા અને સ્વગત બોલી પણ ઊઠતા - જાણે દુર્ગા સન્મુખ ન હોય!

શિયાળો ધીમે ધીમે નમતો જતો હતો. વધતી જતી ઠંડી, ઉધરસ અને દમના હુમલાને વધુ ઉશ્કેરતી હોય તેમ દિનાનાથને લાગતું. પરંતુ કલ્પના ગરમ પાણીની કોથળીનો શેક મધરાત સુધી કરતી તેથી રાહત લાગતી. કળ વળતાં વહેલી પરોઢે આંખ મળી જતી અને આથી મોડું ઉઠાતું. ઘડિયાળના કાંટા સાથે દોડવા રઘવાયા બનતા પરિવારનાં સભ્યોમાં તેઓ પોતાની જાતને ભૂલા પડેલા બાળકની જેમ અનુભવતા.

આજે ઠંડી પણ ઓછી હતી અને શેક પણ સારો એવો થયો હોવાથી ઉધરસ વેરી બની ન્હોતી. તેઓ આડે પડખે થયા હતા. ત્યાં બાજુના રૂમમાંથી ધીમા અવાજે થતી વાતચીત કાને પડી.

'દર વખતે તમે તો મોડા જ પડો છો.' 'કાં?'

'કાં... કેમ?' બાના બેસણા વખતે કેટલી દોડધામ કરવી પડેલી?'

'તે... તેનું અત્યારે સવારમાં શું છે?' તે ચિડાઈ ગયો.

કાગળના સરસરાટ સાથે શબ્દો બોલાયા, 'અરે... પણ આ તો બાપુજીનો...'

દિનાનાથ વધુ સાંભળી ન શક્યા. ઓરડાના આછા ઉજાશમાં દુર્ગાના ફોટા તરફ નજર ફેરવી પણ એકાએક ધસી આવેલાં આંસુઓ આજે અંતરાળ બની બેઠાં. તેમના જોડાયેલા હાથ અને હોઠ હજી ધ્રૂજી રહ્યા હતા.... ધીમે ધીમે. □

ક્રાયોજેનિક્સ

પ્રહ્‌લાદ છ. પટેલ

જરૂરિયાત શોધનું મૂળ (કે માતા) છે. કશાયની પણ તાતી જરૂરિયાત ઊભી થાય ત્યારે માણસ તે મેળવવા દોટ મૂકે છે. ભારત જેવડા મોટા દેશ માટે, અનેકવિધ હેતુઓસર, સુપરકમ્પ્યૂટરની જરૂરિયાત એક સ્વાભાવિક બાબત છે. સંશોધન પરમાણુ ઊર્જા અને અવકાશવિજ્ઞાનના ક્ષેત્રે જટિલ ગણતરીઓ તથા હવામાનની આગાહી માટે સુપરકમ્પ્યૂટર અનિવાર્ય ગણાય. ભારતે સુપરકમ્પ્યૂટરની અમેરિકા (યુ.એસ.) પાસે માગણી કરી. અમેરિકાએ રાજકીય હેતુસર તે આપવાની ના પાડી.

સુપરકમ્પ્યૂટરની ભારતને જરૂર તો હતી - છે. ભારતે ઘરઆંગણે 'અનુપમ' અને 'પરમ' સુપરકમ્પ્યૂટરનું નિર્માણ કર્યું. હવે તો વિકસતા દેશો ભારત પાસે સુપરકમ્પ્યૂટર માગતા થયા છે.

તારાપુર પરમાણુ રિએક્ટરના નિર્માણમાં અમેરિકાનો સહયોગ ખરો. જરૂરી સમૃદ્ધ યૂરેનિઅમ પૂરું પાડવા માટે તે કરારબંદ્ધ હતું. પણ પાછળથી સમૃદ્ધ યૂરેનિઅમ પૂરું પાડવા માટે અમેરિકાએ ધાંધિયાં શરૂ કર્યાં. અંતે તે આપવા ના પાડી. ભારતમાં બિહારના નરવાપહાડ, જદુગુડા અને તુરામ્ડીહ ખાતે યૂરેનિઅમની ખાણો તો છે જ. ખનિજો છૂટા પાડવા માટે ભારત સરકારે પ્લૉટ તૈયાર કર્યા. ઘરઆંગણે-સમૃદ્ધ યૂરેનિઅમ મેળવવાનું શરૂ કર્યું.

એક બાજુ આ બંને ક્ષેત્રે અમેરિકાની બોલતી બંધ કરી દીધી અને બીજી બાજુ ભારત લગભગ સ્વનિર્ભર બનતાં જ ભારતના વિજ્ઞાનીઓ અને ઇજનેરોનો આત્મવિશ્વાસ ઘણો જ મજબૂત બન્યો.

અંતરીક્ષ વિજ્ઞાન સંશોધન અને ઉપયોગોના ક્ષેત્રે ભારતે હરણફાળ ભરી છે. ઇન્સેટ શ્રેણીઓ અને દૂરસંવેદન ઉપગ્રહો બાબતે ભારતે સારી એવી સફળતા મેળવી છે. હવે આપણે રાક્ષસીકાયા ધરાવતા ભૂસ્થિત પ્રમોચન વાહન (Geo Stationary Launching Vehical - GSLV)ના ઉડ્ડયનની તૈયારી કરી રહ્યા છીએ. તેવા પ્રમોચન માટે ક્રાયોજેનિક (cryogenic) એન્જિનની જરૂર પડે છે. કાયોજેનિક એન્જિન કે તેની ટેક્નોલૉજિ, અગાઉના અનુભવોને આધારે, અમેરિકા તો આપે તેમ નથી. પણ રશિયા તે આપવા માટે વચનબદ્ધ હતું. અમેરિકાના દબાણને વશ થઈ રશિયાએ પણ પીછેહઠ કરી. મુશ્કેલી તો ઊભી થઈ, પણ સારા માટે.

સુપરકમ્પ્યૂટર અને સમૃદ્ધ યૂરેનિઅમની મદદથી ભારત પરમાણુ બોમ્બ બનાવશે તેવી ભીતિને કારણે અમેરિકાએ યજ્ઞમાં હાડકાં નાખવાનું શરૂ કર્યું. અને ક્રાયોજેનિક એન્જિનની બાબતે પણ તે ચાલુ રાખ્યું. ક્રાયોજેનિક ટેક્નોલૉજિ ભારતને આપવામાં આવે તો 'મિસાઈલ ટેક્નોલૉજિ કંટ્રોલ રેઝીમ'ના માર્ગદર્શક સિદ્ધાંતોનો ભંગ થશે, એમ ભડકાવીને અમેરિકાએ રશિયાનાં કાંડાં આમળવાની શરૂઆત કરી. અમેરિકાનો કહેવાનો અર્થ એ થયો કે ક્રાયોજેનિક એન્જિન કે ટેક્નોલૉજિ મળતાં ઈસરો (ભારત) તેનો ઉપયોગ મિસાઈલ છોડવામાં કરશે. અહીં ઉલ્લેખનીય બાબત તો તે છે કે જાન્યુઆરી ૧૯૯૧માં તત્કાલીન યુ.એસ.એસ.આર. અને ભારત વચ્ચે કરાર થયા હતા કે અવકાશ મથક ગ્લાવકૉસ્મૉસ ભારતને ક્રાયોજેનિક ટેક્નોલૉજિ તબ્બકાવાર પૂરી પાડશે. પણ ૧૯૯૨ના મે મહિનામાં અમેરિકન શાસને ઈસરો અને ગ્લાવકૉસ્મૉસને કાળી યાદીમાં મૂક્યાં. અને તેમની ઉપર પ્રતિબંધો પણ મૂક્યા.

ઈસરોએ પ્રતિબંધો અને પડકારો સામી છાતીએ ઝીલી લીધા અને ક્રાયોજેનિક એન્જિન બનાવવા કટિબદ્ધતા દોહરાવી.

૧૬ ફેબ્રુઆરી, ૨૦૦૦ના રોજ સાંજના સવાપાંચ વાગે સ્વદેશમાં તૈયાર કરેલા પ્રવાહી હાઇડ્રોજન અને ઑક્સિજનના નોદક (propellent)વાળા ક્રાયોજેનિક એન્જિનને તામિલનાડુના મહેન્દ્રગિરિની તળેટીમાંથી ઈસરોના લિક્વિડ પ્રોપલ્ઝન સિસ્ટિમ કેન્દ્ર ઉપરથી સફળતાપૂર્વક જ્વલિત (ignite) કરવામાં આવ્યું. ઈસરોના ઇતિહાસમાં આ ઘટના સીમાચિહ્નરૂપ છે, કારણ કે આ ક્ષેત્રે ભારત સ્વનિર્ભરતાના શિખરે પહોંચવા આવ્યું છે. આજ લગી લાગતી વિદેશી ટેકનોલૉજિ.હવે ભારત માટે ગૃહઉત્પાદનની ઘટના બને છે. આ જટિલ ટેક્નોલૉજિ માત્ર પાંચ જ વર્ષમાં સિદ્ધ કરી છે. તેના કરતાં વધુ પ્રબળ એન્જિન થોડાક મહિનાઓમાં સંભવિત થશે. બધું જ કસોટીમાંથી પાર ઊતર્યું છે માટે ઈસરોના અધ્યક્ષ ડૉ.કસ્તૂરીરંગનના મત પ્રમાણે આ એક મહત્ત્વની સિદ્ધિ છે.

પણ ક્રાયોજેનિક્સ વિષે વિગતવાર જાણવું જરૂરી છે. ક્રાયોજેનિક્સ એટલે નિમ્નતાપિકી. લગભગ નિરપેક્ષ શૂન્ય તાપમાનની નજીક પદાર્થોનાં તાપમાન આધારિત લક્ષણોનાં અભ્યાસ આમાં સમાવિષ્ટ થાય છે. નિરપેક્ષ શૂન્ય જેટલું નીચું તાપમાન કેવી રીતે મેળવવું, તે કેવી રીતે જાળવી રાખવું અને આટલા નીચા તાપમાને પદાર્થોના ગુણધર્મો વગેરેનો અભ્યાસ કરવામાં આવે છે. આ સાથે નિમ્ન તાપમાને પદાર્થોના ગુણધર્મોનો હેતુપૂર્વક ઉપયોગ કરવાનો ખયાલ પણ ખરો. અત્યંત ધ્યાનાકર્ષક બાબત તો એ છે કે નિરપેક્ષ શૂન્ય તાપમાનની નજીક વિદ્યુતવાહકનો અવરોધ શૂન્ય થાય છે, પરિણામે આવા વાહકમાં વિદ્યુતનું વહન થતું હોય ત્યારે ઊર્જાનો બિલકુલ વ્યય થતો નથી. પદાર્થના આ ગુણધર્મને અતિવાહકતા (superconductivity) કહે છે.

ઉષ્માયાંત્રિકી (thermodynamics)ના સિદ્ધાંત પ્રમાણે નીચામાં નીચું ૦ (શૂન્ય) કેલ્વિન અથવા -૨૭૩.૧૫° સે. તાપમાન શક્ય છે. આ તો નિમ્ન તાપમાનનાં સૈદ્ધાંતિક મૂલ્યો છે,

પણ પ્રાયોગિક રીતે લગભગ ૪.૨ કેલ્વિન (જે પ્રવાહી હિલિઅમનું ઉત્કલન-બિંદુ છે) તાપમાન સંભવિત બન્યું છે. આવા તાપમાન અને તેની સાથે સંકળાયેલા પદાર્થોના ગુણધર્મોનો અભ્યાસ એટલે નિમ્નતાપિકી. અદ્યતન નિમ્નતાપિકીના પ્રયોગમાં જોવા મળ્યું છે કે કેટલાક પદાર્થો ૧૦૦ કેલ્વિન અથવા -૧૭૩° સે. તાપમાને અતિવાહકતાનો ગુણધર્મ વ્યક્ત કરે છે. નિમ્ન તાપમાને અતિવાહકમાં વિદ્યુત પસાર થતાં ઊર્જાના વ્યય વિના તેનું વહન થાય છે. ઉપરાંત વિદ્યુતનો સંગ્રહ પણ શક્ય બને છે. તાંબાના તારમાંથી વહેતા વિદ્યુતપ્રવાહ કરતાં નિમ્ન તાપમાને સિરેમિક વાહકની લચીલી પટ્ટીઓમાં ૧૨૦૦ ગણો વધારે પસાર થાય છે.

ઝડપી કમ્પ્યૂટરમાં વપરાતા ઇલેક્ટ્રોનિક ઘટકો માટે જ્યાં અત્યંત નીચું તાપમાન અનિવાર્ય છે ત્યાં આવા ઘટકો નિમ્ન તાપમાને તૈયાર કરવામાં આવે છે. હવામાં ઊંચે રાખનાર ચુંબકીય તંત્ર (magnetic levitation જેમ કે જપાનની રેલવે ગાડી જે પાટાથી અધ્ધર રહીને પૂરપાટ દોડે છે)માં નિમ્નતાપિકીનો ઉપયોગ થાય છે. હવે તો આ સિદ્ધાંતને આધારે ખોરાકને વર્ષો સુધી થીજેલો રાખી શકાય છે. ઉપરાંત ઈંડાં, શુક્રાણુ (બીજ) અને પૂર્વભ્રૂણ (pre-embryo)નું હિમીકરણ તો સામાન્ય બાબત છે. બેન્કોમાં સેફ ડિપોઝીટ વોલ્ટની જેમ મહત્ત્વનાં કેન્દ્રો ઉપર મૃતદેહ સાચવી રાખવા ક્રાયોજેનિક્સ વોલ્ટ ઊભા કરાશે. મૃતદેહને અત્યત નીચા તાપમાને અતિ શીત વાતાવરણમાં ટકાવી રાખી જીવિત કરવાની ટેક્નિકને સસ્પેન્ડેડ એનિમેશન કહે છે. અમેરિકાના પ્રોફેસર એફ.ડી. રૂઝવેલ્ટે (૧૯૩૩માં) આવા ક્રાયોજેનિક્સ વૉલ્ટનો ખયાલ રજૂ કર્યો હતો અને તેની રચના પણ કરાવી હતી. આ વૉલ્ટમાં શૂન્ય અંશે જેટલા નિમ્ન તાપમાને ૩૦ જેટલા મૃતદેહ સાચવવાની વ્યવસ્થા છે. છેલ્લા ડઝન પ્રમુખોમાંથી સાતના મૃતદેહો તથા વૉલ્ટ ડિઝનિ અને પેટ ઓલ્સમના મૃતદેહો અહીં સાચવી રાખ્યા છે. ડિઝનિના મૃતદેહને જીવંત કરવામાં સફળતા મળી નથી, પણ વ્યવસ્થાપકો અને વિજ્ઞાની તાકાત અને સક્ષમતા પૂરો વિશ્વાસ ધરાવે છે.

આ થયો ક્રાયોજેનિક્સનો આછોપાતળો ખયાલ અને તેના ઉપયોગો. ફરીથી ઈસરોની વાત. ક્રાયોજેનિક એન્જિનો તૈયાર કરતાં બીજા દેશોને ૧૫થી ૨૦ વર્ષ લાગ્યાં છે. ભારતે તે માત્ર ૫ વર્ષમાં સિદ્ધ કરી બતાવ્યું! ક્રાયોજેનિક એન્જિન બનાવવા માટે અદ્યતન ટેક્નોલૉજિનો ઉપયોગ કરવામાં આવ્યો છે અને ઉત્કૃષ્ટ કામગીરી બજાવી શકે તે માટે આ એન્જિનમાં ઈંધણ તરીકે પ્રવાહી હાઇડ્રોજનનો ઉપયોગ કરવામાં આવ્યો છે. વિશ્વમાં ભારત, યુ.એસ. અને રશિયાએ જ આ સિદ્ધિ ઉપલબ્ધ કરી છે. એન્જિનની કાર્યવાહી શરૂ થયા પછી માત્ર ૧૫ સેકન્ડમાં જ્વલનનો અંત આવવો જોઈતો હતો, પણ નળીમાં કાણું પડી જતાં હિલિઅમ ચૂવાને કારણે તેનો અંત તો ૧૫ સેકન્ડ પછી આવ્યો જેથી એન્જિનને હાઇડ્રોજનનો પુરવઠો મળ્યો નહીં. આ તો એક નાની નિષ્ફળતા છે. તે છતાં, ઇસરોના વિજ્ઞાનીઓ અને ઇજનેરોનું મનોબળ ઘણું ઊંચું રહ્યું છે અને ઇચ્છિત (નિર્ધારિત) પરિણામો માટે પૂરેપૂરો આત્મવિશ્વાસ ધરાવે છે. પ્રથમ ૧૫ સેકન્ડમાં જે કોઈ માહિતી મળી તેને આધારે ક્ષતિનો ઝીણવટપૂર્વક અભ્યાસ કરીને જરૂરી સુધારો કરવા માટે વિજ્ઞાનીઓ કટિબદ્ધ છે. તેમને માટે જ્વલન પરમ સિદ્ધિ છે.

જ્યારે રાક્ષસીકાયા ધરાવતા GSLVને શ્રીહરિકોટા મથકેથી છોડવામાં આવશે ત્યારે ક્રાયોજેનિક એન્જિનની મહત્ત્વની કાર્યવાહી થોડાક જ સમયમાં સૌકોઈને વિદિત થશે. તે એન્જિન વડે ૧૬૦૦ કિ.ગ્રામ. દળના ભૂસ્થિત ઉપગ્રહને પૃથ્વીથી ૩૬૦૦૦ કિ.મી.ની ઊંચાઈએ ગોઠવવામાં આવશે. આવા ઉપગ્રહને ભૂ-સ્થિત કક્ષામાં ગોઠવવા માટે ક્રાયોજેનિક એન્જિન અનિવાર્ય છે.

યુ.એસ.નાં દબાણથી રશિયાએ વચનભંગ તો કર્યો, પણ યુ.એસ.ને પાયાનો ખ્યાલ હોવો જોઈતો હતો કે મિસાઈલ છોડવા કોઈ ક્રાયોજેનિક એન્જિનનો ઉપયોગ કરતું નથી. રશિયાએ પાછળથી મૃત કરાર જીવંત કર્યો. તેમાં ટેક્નોલૉજિના હસ્તાંતરણને બદલે ક્રાયોજેનિક એન્જિન આપવા માટે સંમતિ આપી. તે રીતે, રશિયાથી આયાત કરેલ ક્રાયોજેનિક તબક્કાઓ વડે ભારતના પ્રથમ GSLVને શ્રીહરિકોટા મથકેથી જુલાઈ, ૨૦૦૦માં છોડવાનો કાર્યક્રમ હતો. અહીં પ્રવાહી હાઇડ્રોજનને -૨૬૦° સે. અને પ્રવાહી ઑક્સિજનને -૧૮૩° સે. તાપમાને જાળવી રાખવાના હોય છે. આટલા નીચા તાપમાને ધાતુઓ બરડ બની જાય છે અને તેમના ગુણધર્મો સંપૂર્ણપણે જાણી શકાતા નથી. તેથી ધાતુઓને રેણ કરવાની નવી તકનિક, નવી મિશ્ર ધાતુઓ અને નવા જ પ્રકારના ઊંજણનો ઉપયોગ કરવાનો રહે છે. ઉપરાંત પ્રવાહી હાઇડ્રોજન અને પ્રવાહી ઑક્સિજનનો એન્જિનમાં ઉચિત પ્રમાણમાં મોકલવાના રહે છે. તંત્રમાં પ્રવાહી હાઇડ્રોજન અને પ્રવાહી ઑક્સિજનને સંઘરી રાખવા માટે પણ વૈજ્ઞાનિક તજ્જ્ઞોની જરૂર પડે છે.

તેમાં ટર્બો-પંપ રાખીને એક મેગાવૉટ પાવર પેદા કરવામાં આવ્યો. સમગ્ર પ્રણાલીના નિયંત્રણ માટે કેટલાંક નવાં યાંત્રિક ઘટકોનો સમૂહ તેમાં સામેલ કરવાનો રહે છે. આ ઘટકો તૈયાર કરવા માટે જાતજાતનાં અને ભાતભાતનાં દ્રવ્યની જરૂર પડે છે. આ બધી બાબતે આપણે લગભગ પૂર્ણતાની નજીક જઈ રહ્યા છીએ. તે અર્થમાં ભારતના સ્વદેશી ક્રાયોજેનિક એન્જિનના પરીક્ષણનો પ્રયોગ ઉત્કૃષ્ટ રહ્યો ગણાય અને સાથે સાથે ક્રાયોજેનિક ટેક્નોલૉજિના ક્ષેત્રે ભારત માટે તે આત્મનિર્ભરતા પરત્વે પ્રશંસનીય પ્રગતિનો સૂચક તબક્કો છે. □



આપણો રાષ્ટ્રધ્વજ

— જિતેન્દ્ર વી. શાહ —

વિશ્વના દરેક દેશને પોતાનો રાષ્ટ્રધ્વજ હોય છે. રાષ્ટ્રધ્વજ દેશની સાચી અસ્મિતાનું પ્રતીક લેખાય છે. પરંતુ રાષ્ટ્રધ્વજની શરૂઆત ક્યારે થઈ તે કહેવું મુશ્કેલ છે.

એક માન્યતા મુજબ આદિ માનવીઓ જ્યારે ઈશ્વરને માનતા થયા અને અમુક સ્થળે ઈશ્વરની પ્રતિમા સ્થાપિત કરી ત્યાં પ્રાર્થના અર્થે એકઠાં થવાં લાગ્યાં. આવા સ્થળને દૂરદૂરથી આવતાં માનવીઓને ઓળખવા માટે ઊંચા વૃક્ષ પર નિશાની રૂપે કપડાનો હવામાં ફરકતો ટુકડો બાંધવામાં આવ્યો. માઈલોથી ધર્મસ્થાન તરીકે આ જગ્યાને પામી શકે એવો હેતુ તેની પાછળ હતો. ત્યાર બાદ માનવીઓને પોતાનાં ટોળાંઓમાં રહેવાના કસ્બાઓની નિશાની તરીકે પોતે પોતાની પસંદગીના રંગોનાં કપડાંનાં ચિહ્નો લગાવવાનું શરૂ કર્યું. આમ, ટોળાશાહી સમાજ વ્યવસ્થામાંથી કાળક્રમે રાષ્ટ્રનો જન્મ થયો અને દરેક રાષ્ટ્રને ઓળખવા માટે એક રાષ્ટ્રધ્વજ નિયત થયો.

રાષ્ટ્રધ્વજ પ્રારંભમાં એકાદ રંગીન કપડાના ટુકડા તરીકે વપરાતો, પરંતુ પાછળથી લિપિનો વિસ્તાર થતાં તેમાં શબ્દોનું અંકન શરૂ થયું. ત્યાર બાદ જેમ જેમ માનવી બુદ્ધિશાળી અને મનોવૈજ્ઞાનિક ભાવનાને સમજતો થયો તેમ તેમ રાષ્ટ્રધ્વજોમાં રંગો અને પ્રતીકચિહ્નોનો સમાવેશ થતો ગયો. આજે દુનિયાના રાષ્ટ્રધ્વજને નિહાળવાથી જે તે દેશના સિદ્ધાંત, માન્યતા વગેરેનું નિરૂપણ જાણવા મળે છે. દા.ત. જપાનના ધ્વજમાં સૂર્યનું પ્રતીક છે. જપાનની પ્રજા પોતાના આદ્યદેવતા સૂર્યની પૂજક છે. પાકિસ્તાનના ધ્વજમાં ચાંદ અને તારાનું પ્રતીક ઇસ્લામ ધર્મની યાદ સાથેની ધર્મભાવના વણાયેલી છે. એ સુવિદિત છે કે ઇસ્લામ ધર્મમાં ચાંદના દર્શન પછી જ ઈદનો દિવસ નક્કી થાય છે. ભારત શાંતિપ્રિય દેશ છે. તેના ધ્વજમાં અશોકની સમૃદ્ધિની ભાવનાનો પડઘો પડે છે. અશોકે યુદ્ધ કરવાનો નિર્ણય છોડ્યો ત્યારે તેની યાદમાં ઊભા કરેલ અશોકસ્તંભના ચિહ્નમાંથી લેવાયેલું ચક્ર શાંતિના માર્ગે પ્રગતિની ભાવના નિરૂપે છે.

એના રંગમાં ગાંધીવાદનો વિજય અંકિત કરતા ત્યાગ, નમ્રતા, સાદાઈ તથા દાક્ષિણ્ય અને શ્રદ્ધાનો સંદેશ છે. સમ્રાટ અશોકના સ્તંભ પર આવેલા ત્રણ સિંહ જેના નીચેના ભાગના મધ્યમાં ધર્મચક્ર અને જમણી બાજુએ આખલો તથા ડાબી બાજુએ ઘોડો છે એ શિલ્પકૃતિને 'રાષ્ટ્રિય પ્રતીક' તરીકે સ્વીકારવામાં આવી છે. પ્રતીક નીચે 'સત્યમેવ જયતે'નો મુદ્રાલેખ રાખવામાં આવ્યો છે.

આપણો રાષ્ટ્રધ્વજ ત્રણ રંગના આડા પટ્ટા ધરાવે છે. સૌથી ઉપરના ભાગમાં કેસરી રંગ, મધ્યમાં શ્વેત અને તદ્દન નીચે લીલો રંગ છે. ધ્વજના સઘળા પટ્ટાની પહોળાઈ એકસરખી છે. ધ્વજની લંબાઈ અને પહોળાઈનું પ્રમાણ બેથી ત્રણ (૨:૩)નું છે. ધ્વજ પરનું પ્રતીક સારનાથ ખાતે અશોકસ્તંભ પરના ચક્રની તદ્દન પ્રતિકૃતિ છે. આ ચક્ર વચલા પટ્ટા પર રાખવામાં આવ્યું છે અને સફેદ રંગના પટ્ટા જેટલી જ તેની પહોળાઈ છે. આ પ્રતીક ઘેરા ભૂરા રંગનું છે અને ચક્રમાં ચોવીસ દાંતા હોય છે. ઈ.સ. ૧૯૪૭ની ૨૨મી જુલાઈએ બંધારણ સભાએ આ રાષ્ટ્રધ્વજને અપનાવ્યો હતો.

ગૃહ મંત્રાલય તથા સંરક્ષણ દળના વડામથક દ્વારા ધ્વજના યોગ્ય ઉપયોગ માટે કેટલાક વિનિયમો ઘડી કાઢ્યા છે. રાષ્ટ્રધ્વજ હંમેશાં ખાદીના કાપડનો જ હોય છે. રાષ્ટ્રધ્વજથી ઊંચો અથવા તેની જમણી બાજુએ બીજો કોઈ પણ ધ્વજ અથવા પ્રતીક મૂકી શકાય નહીં. સઘળા ધ્વજ આપણા રાષ્ટ્રધ્વજની ડાબી બાજુએ મૂકવા જોઈએ. જ્યારે રાષ્ટ્રધ્વજ સાથે અન્ય ધ્વજ ફરકાવવામાં આવે ત્યારે આપણા રાષ્ટ્રધ્વજને સૌપ્રથમ ફરકાવવો જોઈએ અને સૌથી છેલ્લે નીચે ઉતારવો જોઈએ. જ્યારે એક જ કાઠી પર રાષ્ટ્રધ્વજને અન્ય ધ્વજ સાથે ફરકાવવામાં આવે ત્યારે રાષ્ટ્રધ્વજ સૌથી ઊંચો ટોચ પર હોવો જોઈએ. રાષ્ટ્રધ્વજ ઊંધો કે આડોઅવળો પકડી શકાય નહીં, પણ તેને હંમેશાં મુક્તપણે લહેરાવા દેવો જોઈએ. જ્યારે સરઘસમાં રાષ્ટ્રધ્વજ લઈ જવો હોય ત્યારે ધ્વજ પકડનાર પ્રમાણભૂત વ્યક્તિએ પોતાની જમણી બાજુના ખભા પર તદ્દન ઊંચો ધ્વજ રાખવો જોઈએ અને સરઘસમાં સૌથી આગળ રહેવું જોઈએ. જ્યારે ઉંબરા પરથી, છજા પરથી અથવા મકાનની આગળ કાઠીવાળો ધ્વજ આડો અગર ખૂણા પડતો ફરકાવવામાં આવે ત્યારે એનો કેસરી પટ્ટો ટોચ પર જોઈએ.

રાષ્ટ્રપતિની મોટર પર તો ખાસ રાષ્ટ્રપતિનો ધ્વજ પ્રદર્શિત કરવામાં આવે છે. ફાટેલો, તૂટેલો કે ચોળાઈ ગયેલો રાષ્ટ્રધ્વજ ફરકાવી શકાય નહીં, તેમજ તેમાંથી બીજાં કોઈ સુશોભન માટેની આકૃતિ બનાવી શકાય નહીં. બીજા રંગીન કપડાના ટુકડાઓને પણ એવી રીતે ગોઠવી શકાય નહીં કે જેથી તે ટુકડાઓ રાષ્ટ્રધ્વજનો આભાસ આપે. રાષ્ટ્રધ્વજને વક્તાના ટેબલ ઉપર કે સભામંચ ઉપર ઓઢાડી શકાય નહીં કે છતના આવરણ તરીકે વાપરી શકાય નહીં અથવા કોઈ પણ પહેરવેશ

કે ગણવેશના એક ભાગ તરીકે તેને ઉપયોગમાં લઈ શકાય નહીં. તેનું તકિયા કે રૂમાલ ઉપર ભરતકામ કરી શકાય નહીં. અથવા તો નૅપ્કિન ઉપર કે ચીજવસ્તુના ખોખા ઉપર તે છાપી શકાય નહીં. રાષ્ટ્રધ્વજ જમીન કે ભોંયતળિયાને હરગીજ અડકવો ન જોઈએ.

એમ્બ્લમ્સ એન્ડ નેમ્સ (પ્રિવેન્શન ઑવ્ ઇમ્પ્રોપર યૂસ એક્ટ, ૧૯૫૦ એ એક ભારત સરકારનો કાયદો છે. આના પરિશિષ્ટમાં નિર્દિષ્ટ કરેલ કોઈ નામ કે પ્રતીક વડાપ્રધાનનું નામ, રાષ્ટ્રિય ધ્વજનું પ્રતીકનો કે તેની રંગીન નકલનો વ્યાપારધંધા કે વ્યાવસાયિક હેતુઓ માટે કે કોઈ પેટન્ટ ટ્રેડમાર્ક કે ડિઝાઈન અર્થે, ભારત સરકાર આ બાબતમાં અધિકૃત કરે તે સરકારી અધિકારીની પૂર્વપરવાનગી સિવાય ઉપયોગ કરવા પર પ્રતિબંધ સ્થાપે છે. આ કાયદાનો ભંગ અજ્ઞાનને કારણે થયો હશે તો પણ તે સજાને પાત્ર થશે. જો રાષ્ટ્રધ્વજ નુકસાન પામ્યો હોય કે ખરડાઈ ગયેલો હોય તો તેને ગમે ત્યાં નાખી ન દેવો કે અવગણના ભરેલી રીતે નિકાલ ન કરી નાખવો. તે જેવી સ્થિતિમાં હોય તેવી જ સ્થિતિમાં એટલે કે તેના ટુકડા-ચીરા કર્યા વિના જ ખાનગીમાં શક્ય હોય તો બાળી નાખીને ધ્વજના ગૌરવને છાજે એવી બીજી કોઈ પણ રીતે તેનો નાશ કરવો.

રાષ્ટ્રધ્વજનો નાશ કોઈ ગેઝેટેડ અધિકારીની નજર સમક્ષ જ થઈ શકે છે. રાષ્ટ્રધ્વજ જે જમીન ઉપર દફનાવ્યો હોય તે જમીન પર ફરી ખોદકામ ક્યારેય ના થઈ શકે. વિદેશોમાં રાષ્ટ્રધ્વજ રેશમી, પોલિસ્ટર કપડાનો બને છે. પણ આપણા દેશમાં મોટા ભાગે ખાદીનાં વસ્ત્રોનો ધ્વજ બનાવાય છે. રાષ્ટ્રધ્વજ લંબચોરસ હોવો જોઈએ. રાષ્ટ્રધ્વજ ભીંત કે જમીનને અડકવો ન જોઈએ. તે ગરીબના ઝૂંપડા પર કે મહેલ ઉપર ઊંચાઈએ રહેવો જોઈએ. રાષ્ટ્રધ્વજનું કાપડ સાંધેલું, ફાટેલું, કાણાવાળું નહીં હોવું જોઈએ. રાષ્ટ્રધ્વજ એકીસાથે બે (એક લાકડી પર) ના ફરકાવી શકાય.

રવીન્દ્રનાથ ટાગોરના 'જનગણમન...' ગીતને રાષ્ટ્રગાન તરીકે ઈ.સ.૧૯૫૦માં મળેલી સંસદે મંજૂર કર્યું છે. જ્યારે બંકિમચંદ્ર ચૅટરજીના 'વંદેમાતરમ્'ને રાષ્ટ્રિય ગીત ગણવામાં આવ્યું છે. 'વંદેમાતરમ્'ની મહત્તા 'જનગણમન...' જેટલી જ આલેખવામાં આવી છે.

૨૬મી જાન્યુઆરી ૧૯૫૦ એટલે કે પ્રજાસત્તાક દિને બરાબર ૫૦ વર્ષ અગાઉ આ દિવસે આપણે લોકશાહીના અધિકારોનો વારસો મેળવ્યો. આ દિવસે આપણે શહીદો અને સ્વાતંત્ર્ય-સેનાનીઓની યાદ તાજી કરીને આદરભાવ સાથે રાષ્ટ્રધ્વજને સલામ કરીએ છીએ.

રાષ્ટ્રધ્વજનો ઉપયોગ રાષ્ટ્રિય ધોરણે જ થઈ શકે - જેમ કે ૧૫મી ઑગસ્ટ, ૨૬મી જાન્યુઆરી, ૬થી ૧૩મી એપ્રિલ દરમિયાન ઉજવાતા જલિયાંવાલા હત્યાકાંડમાં શહીદ થયેલાઓની યાદમાં રાષ્ટ્રિય સપ્તાહના દિવસો, રાષ્ટ્રપિતા ગાંધીજીનો જન્મદિવસ ૨જી ઑક્ટોબર, વગેરે દિવસોએ ભારતનાં તમામ નાગરિકોને રાષ્ટ્રધ્વજ ફરકાવવાનો હક્ક છે, રાષ્ટ્રભાવના વ્યક્ત કરવાનો હક્ક છે. આચારસંહિતા પ્રમાણે, ખાસ પ્રસંગોએ જ રાષ્ટ્રધ્વજ ફરકાવી શકાય તે સિવાય રાષ્ટ્રધ્વજનો ગમે તેમ ઉપયોગ કરવો એ ગંભીર ગુનો બને છે. ત્રિરંગો ફરકાવવો એ અભિવ્યક્તિ સ્વાતંત્ર્યના અધિકારનો જ એક ભાગ છે.

સ્વાતંત્ર્ય દિને ભારતના વડાપ્રધાન રાષ્ટ્રજોગ પ્રવચન આપી સેનાની સલામી લે છે અને ૨૬મી જાન્યુઆરી પ્રજાસત્તાક દિન ભારતના રાષ્ટ્રપતિ રાષ્ટ્રજોગ સંદેશ આપી સલામી લે છે.

દુનિયાના દરેક રાષ્ટ્ર માટે ધ્વજો અસ્મિતાનું પ્રતીક છે. ભારતીય ધ્વજ આપણી એક શાન છે. રાષ્ટ્રધ્વજમાં એકતા, અખંડતા અને પ્રેરણાનાં દર્શન થાય છે. આઝાદી મેળવવા માટે સ્વાતંત્ર્ય સેનાનીઓએ રાષ્ટ્રધ્વજની આન, બાન અને શાન જાળવી રાખવા મોતને વહાલું કર્યું છે. આપણે તેની અવહેલના ન કરીએ અને અન્યો દ્વારા અવહેલના ન થવા દઈએ. ☐

જાણીતા માણસની અજાણી વાતો

પુષ્કરભાઈ ગોકાણી

વર્તમાનપત્રમાં વાંચ્યું, જૂનાગઢમાંથી સંસદમાં ગયેલા વિરેન શાહ, બંગાળના (પ.બંગાળ આપણે શા માટે કહીએ છીએ?) રાજ્યપાલ નિમાયા. ત્યારે પત્રકારે પૂછેલું, 'પ.બંગાળમાં જઈને આપ પ્રથમ કયું કાર્ય કરશો?' તેમણે જણાવેલું : 'પ્રથમ તો હું બંગાળી ભાષા શીખી લઈશ. બંગાળના હૃદયમાં ઊતરવું હોય તો ભાષા તો જાણી લેવી જ જોઈએ. તો જ મને મળવા આવતાં લોકોથી સંવાદ શક્ય બને.'

મુંબઈ તેમની ઑફિસે મળવા ગયા. તેમના કાર્યકર આશર કહે, 'સાહેબ, ડિક્ટેશન આપે છે, વાર લાગશે - હમણાં જ શરૂ કર્યું.' મેં કહ્યું, 'આપ ફોનથી કહી દો, અમે રાહ જોઈશું.' જરા ભારપૂર્વક ફરી તેમને કહ્યું, અને તરત જ વિરેનભાઈ પોતાની ઑફિસમાંથી બહાર આવ્યા. 'આશર, છેક દ્વારકાથી આવે છે, તેમને રાહ ન જોવડાવાય. મુંબઈના ટ્રાફિકને કારણે તેઓ થોડા મોડા પડ્યા છે, તે હું સમજી શકું છું.' અમે થોડા મોડા થયા હતા.. મુલાકાતના સમયથી ખાસ્સા અડધો કલાક! પણ દિલગીર થવાનો કોઈ મોકો આપ્યા વિના સહૃદયે તેઓ અમોને પોતાની કૉન્ફરન્સ રૂમમાં લઈ ગયા. અમારી વાત સાંભળી. મુલાકાત દસ મિનિટ માટે જ માગેલી. જૂનાગઢ જઈએ ત્યારે એમણે ત્યાં કામ શરૂ કરેલાં છે તે વિષે પૂરી વિવેચક દૃષ્ટિએ જણાવવા વિનંતી કરી. અમારા વિસ્તારનાં ખબર પૂછ્યા. અડધો કલાક થયો. ચીંધેલું કામ થઈ ગયું - તેઓ પાછા વળાવવાં લિફ્ટ સુધી આવ્યા. ☐

આથમતાં અજવાળાં - ૨

ગામચોરો

ભગીરથ બ્રહ્મભટ્ટ

હવે તો ગામ ગામ જ રહ્યું નથી ત્યાં ચોરાની શી વાત? પણ એ દિવસો હતા કે ચોરો એટલે સરકારી ઑફિસ. ચોરો એટલે ભજનમંડળીનું થાનક. નવરાઓનો અડ્ડો. સરપંચ, તલાટી અને મુખી-ચોકિયાતની જાણે ધણિયાતી જગ્યા!

ચોરો કેટકેટલા ઉપયોગમાં આવતો? કોઈની જાન ગામમાં આવી હોય તો એનો ઉતારો ચોરે. કોઈની ભાંજગડ કૂટવાની હોય તો ચોરે. કોઈએ ગામમાં ચોરી-ગુનો કર્યો હોય એની કબૂલાત કરાવવાની હોય તો પણ ચોરે. ગામમાં કોઈ મા'રાજ કે ગઢવી કે કથાકાર કે કોઈ અતિથિ આવ્યા હોય તો તેમનો ઉતારો પણ ચોરે.

ચોરો એટલે શું? દેવમંદિરના થાનકની બાજુમાં આવેલી જગામાં ઊભી કરેલી એક કાચી પડાળી. ઉપર પતરાં હોય, ક્યાંક ક્યાંક પાણીય પડતું હોય, તડકોય આવે; પણ એ જગ્યા જ એવી કે મોટા ભૂપને ત્યાં જાન આવે કે સામાન્ય જનને ત્યાં, ઉતારો તો એ ચોરે જ હોય.

ચોરો એટલે ગામડાની રસાકસી, ગામડામાં થતી સ્પર્ધાઓ, ગામડામાં રચાતા કાવા-દાવાનો સાક્ષી. પાંચ-દસ રૂપિયા માટે બબ્બે હજારનુ પાણી કરી નાખનારા ગામને ચોરે તમને આજેય જોવા મળે. દારૂ, જુગાર, ઠઠ્ઠા-મશ્કરીનો અડ્ડોય ત્યાં. ચોરે બેસનારાની તીવ્ર નજર અને ક્રૂર પંજા ગામડાની ભોળી પ્રજા ઉપર એવાં તો મંડાયેલાં હોય કે જાણે જીવતાં પશુ!

ચોરે જ્યારે કોઈની જાન આવે ત્યારે ચોરાનો રોફ જોવા જેવો હોય છે. આમ ક્યારેય ચોરે નહિ આવનારા પણ જાનના સામૈયાટાણે ચોરે આવે. આખો ચોરો માનવમહેરામણથી ભર્યો ભર્યો ! એના એક ખૂણે કુંભારે જાનૈયાઓ માટે નવીનકોર માટલી મૂકી હોય - મોટી માટલી જાણે કે ગોળો! માટલીનું ઢાંકણ પણ માટીનું. અંદરથી પાણી લેવાનું પાત્ર પણ માટીનું, જેને કુલડી કહેતા. કોડિયાં-પેટાવાયાં હોય. ક્યારેક મશાલ સળગાવી હોય, પેટ્રોમેક્ષ તો ઘણી મોડેથી આવી અમારા ચોરે.

સામૈયા ટાણે ચોરામાં કતારબંધ જાનૈયાં ઊભાં હોય. કન્યાપક્ષવાળાંઓ એક પછી એક એકબીજાંને 'રોમરોમ' કરી આગળ વધતા હોય... ઓળખાણો થાય, નવા સંબંધો બંધાય એવું તો કેટકેટલુંય... ચોરો તો દબદબાભેર આ બધું જોયા કરે, સાંભળ્યા કરે.

ગામનાં કેટકેટલાં માણસોનાં ચોકઠાં ચોરાની ભૂમિમાં ગોઠવાયાં હશે, એ તો ચોરો જાણે! એમ બીજી બાજુ કેટકેટલાંનાં કાસળ પણ ચોરાની સાક્ષીએ નીકળી ગયાં! ચોરો એ ગામનો વહીવંચો!

કન્યાપક્ષની કન્યાઓ લાંબા હાથ કરીકરીને વરપક્ષવાળાંઓને ફટાણાં સંભળાવતી હોય - એનું ગાણું સાંભળીને ચોરોય મલકતો હોય ઝીણું ઝીણું! ચોરો એટલે ગ્રામજનોની જાગીર!

ચોરાએ કેટકેટલા બંધાણીઓને પોષ્યા છે! કેટકેટલા લોકો એના ખોળે બેસીને કસુંબાપાણી શીખ્યા? કેટકેટલા લોકો બીડી-હૂકાં પીતાં શીખ્યા હશે? આ બધા હિસાબ મેળવવા જેવા છે.

તલાટીસાહેબો અને મુખી-માંધાતાઓની ફાંદ મોટીમસ ચોરાની સાક્ષીએ થઈ છે, હોં! મોટો જીવ નાના જીવને ખાય એ સૂત્રને આગેવાનોએ ચોરામાં જ ચરિતાર્થ કરી બતાવ્યું છે. છેવટે બિચારી ગામડાની પ્રજાની પીઠ ઉપર જ ચકામાં ને સોળ ઊપસી આવે અને ઉપરથી ભભરાવાય મીઠું એ પણ ચોરાની હાજરીમાં.

ચોરો ભક્તોનાં-સૂફીઓનાં ભજનો સાંભળી કાંઈ ડોલ્યો છે ડોલ્યો છે! અને એના આ લયપણામાં એણે એના દેહનું ભાન પણ ક્યાં રાખ્યું છે? દિવાળીના દિવસોમાં ચોરાએ પણ થોડો થોડો નશો કર્યો હોવો જોઈએ, નહિ તો આમ ભાન ભૂલીને, પોતાનું દિલ એ કંગાળ કરી નાખે ખરો? બેસતા વર્ષના દિવસે આખું ગામ એના ઉપર બેસણું કરે. 'રોમ રોમ' કરે. ગામના મહારાજ વર્ષનો સાર વાંચે. ત્યારે પણ ચોરો તો એના ભાવિની ગણતરીમાં જ હશે ને?

ચોરાએ કેટકેટલાં ભૂત-પલીત, ભૂવા, માતા, ડાકલાંનો પણ પરિચય મેળવ્યો છે! ચોરો એટલે નાગો બાવો - એને કશું સ્પર્શેય નહિ અને બધું સ્પર્શે પણ ખરું!

ચોરાએ કેટકેટલા અવાજો સાંભળ્યા છે : મુખીની ધમકીની ભાષા, ગુનેગારની ચીસો-કાકલૂદી, નમ્ર માણસની આજીજી, વીરપુરુષોના હાકોટા, ભજનિકોનાં નરઘાં, તંબુરાનો તાલ, મંજીરાંની રમઝટ, હરરાજીની બોલી, ભજનો, ગીતો, ફટાણાં ગાળો - એવું તો કેટકેટલુંય...

કેટલાંક ગામોમાં તો ચોરામાં નિશાળ ખૂલી હોય. બાળકો ભણે, સરકારનો રસીનો કાર્યક્રમ હોય. ચોરો એ ગામડાનો જાહેર ટી.વી., જ્યાં સારા કાર્યક્રમોય થાય ને નઠારા પણ.

ચોરાને કવિઓએ એમની કવિતામાં પણ વણી લીધો છે. 'ચોરે ને ચૌટે લોક વાતો કરે છે.' શહેરોમાં ભલે ચોરો ન હોય પણ ચોરાની મૂળ પ્રવૃત્તિઓ તો ઠેરઠેર રહેવાની જ. ભલે લોકોએ કહ્યું હોય કે ચોરાનું કદી નખ્ખોદ જતું નથી. એ કોઈ લાક્ષણિક અર્થમાં સાચું હશે, પણ અભિધાના સાદા અર્થમાં એક રીતે અસલ ચોરો હવે નામશેષ થતો જાય છે. ત્યારે મને થાય છે -

'ચોરો એ કંઈ કેવળ ભૌતિક જગ્યા જ નહોતો, ગામની ઝીણીઝીણી વિગતો એકઠી કરનારો વહીવંચો હતો.' એની આ દશા? □



સંમુખ સાગરમઠ-૧૬

લોકજીવનની ઝાંખી

—— પ્રીતિ સેનગુપ્તા ——

ગ્યાંગ્ત્ઝે શહેરની એ નવી ચોખ્ખી હોટેલમાં અમે બે રાત રહેલાં. મારા રૂમમાં તો હું હંમેશાં એકલી જ હોઉં. એટલે રૂમ મોટો, ને વ્યવસ્થિત જ લાગે. ગ્યાંગ્ત્ઝેના મારા રૂમમાં સરસ, પહોળો એક પલંગ હતો. ને ઘણો આરામદાયક હતો. અમારા જૂથમાંનાં કેટલાંક મારા રૂમમાં એક ડોકિયું કરી જતાં. દર વખતે એમને લાગતું કે મારો રૂમ વધારે સારો છે. અને અમે બધાં સાથે હસી પડતાં!

એ રૂમમાંના ટેબલનાં ખાનાં ફંફોસતાં મને એક બહુ હસવા જેવી યાદી મળી આવેલી. એની વાત મેં બધાંને કરેલી. ચીનની દરેક હોટેલ કોઈ પણ રૂમમાં થતી નાની-મોટી ચોરી, અથવા કશા પણ નુકસાન, પ્રત્યે બહુ કડક હોય છે, તે તો મને વર્ષો પહેલાં કરેલી ચીનની પહેલી મુસાફરીથી ખબર હતી. પણ આવી યાદી પહેલાં ક્યારેય જોઈ નહોતી. કાચા-પાકા અંગ્રેજીમાં ટાઇપ કરાયેલા એ કાગળમાં સૌથી ઉપર લખેલું કે હોટેલના રૂમમાં બહારની કોઈ પણ વ્યક્તિને બોલાવવાની, દારૂ પીવાની, માદક પદાર્થો લેવાની સખ્ત મનાઈ છે. પછી જુદી જુદી જાતના નુકસાનની કિંમત લખેલી : ચાની કિટલી તૂટે તો અમુક યુઆન, ને ચાનો કપ ફૂટે તો તમુક યુઆન, એશ-ટ્રે લઈ જાઓ તો પચાસ યુઆન, ને ફૂલદાની ઉચાપત કરો તો એક સો યુઆનનો દંડ. રૂમની જાજમમાં કાણું પડે તો એંશી યુઆન, ને પડદો ફાટે તો દોઢ સો યુઆન. સૌથી વધારે હસવા જેવી નોંધણી આ પ્રમાણે હતી : બાથરૂમમાંથી આખો બાથ-ટબ લઈ જનારાને બે હજાર યુઆન, અને ટેલિવિઝન ચોરી જનારને સાડા ત્રણ હજાર યુઆનની સજા ફટકારવામાં આવશે.

રૂમ ખાલી કરીને કોઈ જાય એ પહેલાં એ દરેક રૂમની તપાસ કરવાનો ધારો ચીનમાં છે જ, તેથી ચોરી - તેમજ ચોર પણ - પકડાઈ તો જવાના જ. ને પછી? એ કાગળમાં સ્પષ્ટ લખેલું કે તરત પોલીસને બોલાવવામાં આવશે, અને ચોરી કે નુકસાનીના પૈસા તત્કાળ વસૂલ કરી લેવામાં આવશે.

અમે તો, અલબત્ત, આ વાંચીને ખૂબ હસેલાં; પણ ચીનમાં આવી બાબત કેટલી ગંભીર ગણાય છે, તેનો ખ્યાલ પણ આ યાદી દ્વારા અમને અવશ્ય મળી ગયો.

બસમાં બેઠાં પછી ગ્યાંગ્ત્ઝેની બહાર નીકળી જતાં ઝાઝી વાર ના થઈ. પશ્ચિમ તરફ એક સો કિ.મી. દૂર શિગાત્સે શહેર તરફ અમે જવા માંડેલાં. એ દિશામાંના બીજા એક પહાડની ટોચ ઉપર બીજા કોઈ પુરાતન કિલ્લાના ભગ્ન, ને ભુલાયેલા, અવશેષો દેખાયા. મને થયું કે ભારતની જેમ ચીનમાં પણ અસંખ્ય પરગણાં, ને રજવાડાં હશે, ને એ બધાં સુરક્ષા માટે - કોઈ જૂના જમાનામાં - આવાં ઊંચા કિલ્લા બાંધતાં હશે. લાગે છે કે કિલ્લાને ઘેરીને હુમલો કરતા દુશ્મનો પાસે જીતવાની વધારે તકો રહેતી હશે - નહીં તો કઈ રીતે ભાંગ્યા આ કિલ્લા?

નજીકની તળેટીમાં એક ગામ હતું. સાવ નાનું. એની બંને તરફ ખેતર હતાં. ભૂમિ દૂર સુધી સરસ વિસ્તરેલી હતી. એની ઉપર લીલોછમ પાક લહેરાતો હતો. પહાડો મૃદુ અને મળતાવડા જેવા દેખાતા હતા. બહુ સરસ લાગતું હતું દૃશ્ય. પણ રસ્તો સાવ કાચો અને ઊબડખાબડ હતો. બસ સતત ઊછળ્યા જ કરે. ડાયરીમાં કશી પણ નોંધ કરવી અશક્ય હતી. આ બાજુનો અંચલ તિબેટનો હય-પ્રદેશ ગણાય છે. દર વર્ષે અહીં અશ્વો વચ્ચે વિવિધ હરીફાઈઓ ગોઠવાય છે અને પ્રસંગ એક મોટા લોક-ઉત્સવનું સ્વરૂપ લઈ લે છે. આહ, એવું કંઈક વિશિષ્ટ, ને વાર્ષિક, જોવા મળી જાય તો!

તિબેટના ગ્રામીણ પરિસરમાં આવતાં બધાં ઘરોની બહારની તથા અંદરની દીવાલો પર છાણાં થાપેલાં હોય છે. કોટની દીવાલની ટોચ પર સળંગ અને વ્યવસ્થિત રીતે - તેમજ ઊભાં-આડાં મૂકીને, ડિઝાઈન થયેલી લાગે તે રીતે - સૂકાં છાણાંની ગોઠવણી સાહજિક શોભા સર્જતી હોય. ત્યાંના લાંબા શિયાળા દરમિયાન એ બધાં કેટલા કામમાં આવવાનાં! હજી તો ઉનાળુ તડકો સર્વત્ર ફેલાયેલો હતો. એ ફળદ્રુપ, પ્રમાણમાં નીચા કહેવાય એવા એ, પ્રદેશમાં આવાં ઘર અને પેલાં લીલચટ્ટાં ખેતરો માઇલોના માઇલો સુધી સાથે ચાલતાં ગયાં.

લોકજીવનની પણ સારી ઝાંખી થઈ. નાના વહેળા પાસે સ્ત્રીઓ કપડાં ધોતી હોય, છોકરાં ન્હાતાં પણ હોય. પાણી તો બરફ ઓગળીને આવતું હોય એટલે ઠંડું જ હોવાનું, પણ બધા ચહેરા હસતા હોય! બસને આવતી જુએ એટલે દરેકનું મોઢું ઊંચું થાય. છોકરાં તો તરત હાથ હલાવવા માંડે. મને



તિબેટના ગ્યાંગ્ત્ઝે શહેરના રસ્તા પર ખચ્ચરનાં ગાડાંની વણઝાર

થાય કે દુન્યવી દૃષ્ટિએ જુઓ તો આ પ્રજા પાસે આમ કાંઇ જ નથી, ને છતાં એમની પાસે આ નિર્મળ, નિર્દોષ અમૂલ્ય હાસ્ય રહેલું છે.

એક સ્ત્રી બે ખેતરની વચ્ચેના ભાગમાં કરાયેલા ધાનના ઢગલા વચ્ચે બેઠેલી, ને ધાનને છડવાનું કામ કરવામાં એકાગ્ર ચિત્તે પરોવાયેલી હતી. મેં નોંધેલું કે એકલું એકલું પણ દરેક જણ કાંઈ ને કાંઈ કામ કર્યા જ કરતું હોય. પણ અલબત્ત, તે ગામડાના પરિસરમાં જ. તિબેટનાં શહેરીઓ કામ વગરનાં, સમય બગાડતાં, ઊભેલાં ને બેઠેલાં દેખાય.

આ ક્ષેત્ર-વિસ્તારમાં પ્રાણીઓ પણ ઘણાં હતાં. બકરાં, ઘેટાં, ગાયો એ બધાં ચરતાં હોય, ટોળામાં દોરી જવાતાં હોય. મરઘાં ને કૂતરાં તો ઘરોની નજીકમાં રખડ્યા કરતાંહોય. કબૂતર ને હોલા જેવાં પંખી તો ઓળખાયાં. બીજાં ખૂબ સુંદર પંખી ખેતરોને છેડે જોયાં. કાળી આંખો, ભૂરી પૂંછડી, ખાસ્સાં મોટાં હોય, ને એવાં સોહામણાં લાગે; વાહ!

ઘરોની બારી પર, પાળી પર, બારણાંની સાવ બહાર જ મૂકેલાં અને ઉગાડેલાં, ફૂલોનાં કૂંડાં ને ક્યારા જોવા મને બહુ ગમતાં. આ અભણ, અણબૂઝ ગામડિયાં-લોકોમાં સંવેદનશીલતા છે, ને કેવી અકૃત્રિમ રીતે એ પ્રકટ થાય છે, એમ હું વિચારતી. આકરી ઋતુઓ સહેતાં, કષ્ટવાળું જીવન જીવતાં એ લોકોને પણ ગમે છે ફૂલોના રંગ અને રૂપ અને કુદરતી મહેરબાની.

મન મુગ્ધ થઈ ગયેલું. આંખમાં કોઈ અજાણ્યા હર્ષથી ઊભરાઈને આંસુ આવી ગયેલાં. રવિ ઠાકુરનાં ગીતો હું પોતાને જ માટે સાનંદ, સંવેદનોને અંગત ને ગોપન રીતે વ્યક્ત કરતાં, ગાતી રહેલી. એક મેં એ સમયે ડાયરીમાં નોંધ્યું :

આજ ધાનેર ખેતે રૌદ્ર-છાયાય
લુકોચુરી ખેલા રે ભાઈ.....

આસપાસનાં ખેતરોમાં ઘાસના પૂળા બાંધવાનું કામ ચાલતું હતું. ઘણે ઠેકાણે લણેલાં ઘાસના ઢગલા કરેલા પણ હતા. બપોરના બારેક વાગતાં દેખાય કે પાંચ-સાત-દસ જણ ગોળ કુંડાળામાં બેસી, સાથે ભાથું ખાતાં હોય. બાજુમાં ચાના ગરમ પાણીની થરમૉસો પણ ખરી જ. બસમાંથી છૂપી નજરોથી એમની દિનચર્યા જોતી હોઉં એવું મને લાગે.

પહોળા પટવાળી છીછરી નદી આવી. એનો પટ પાછો લીલ ને લીલોતરીથી ભરાયેલો હતો. એનું સહેજ-સાજ પાણી પણ ગૂંગળાતુ હશે. ત્યાં અસંખ્ય ઘેટાં ચરવા નીકળેલાં. એમને તો ભીની ભીની લીલોતરીથી મઝા પડતી હશે! સામે થોડે જ દૂર ગામ હતું - તળેટીમાં, પર્વતોને સાવ ટેકીને જ જાણે. અહીં પ્રકૃતિ અને જીવસૃષ્ટિ જાણે પરસ્પર હૂંફ અને ઓથ આપતાં ના હોય!

· તિબેટની સ્ત્રીઓ હંમેશાં લાક્ષણિક પોષાકમાં જ હોય - જાડાં, કાળા કે બીજા ઘેરા રંગનાં કાપડનાં, 'બાકુ' જેવાં, પાની સુધી પહોંચતાં કપડાં; અંદર એવો જ જાડો બ્લાઉઝ કે



ગ્યાંગ્ત્ઝે શહેરની નજીકમાંનાં ગામઠી ઘર, જેમની દીવાલે પ્રાર્થના-ધ્વજ ખોસેલા છે અને છાણાં થાપેલાં નજરે પડે છે.

શર્ટ; ને ક્યારેક કમ્મરે એપ્રન જેવું બાંધેલું હોય. પણ પુરુષો પેન્ટ અને શર્ટ પહેરેલા પણ હોય. શહેરોમાં તો ખરા જ, પણ ખેતરમાં કામ કરનારા પણ. મનમાં મેં પ્રશ્ન કરેલા - એ આધુનિકતા હશે? કે સગવડ? સુવિધા? સસ્તું? કે પછી એ 'હાન' ચીની પુરુખો હશે? ખબર નથી.

ઘડી પછી ડાબે જોયું તો તદ્દન સૂકા ઢોળાવો હતા - જાણે રાખના, ભૂખરા કાંકરાના બનેલા બરડ જેવા હતા. એમના પર લિસોટા થઈને રહેલી, કોઈ બીજા સમયે વહેતાં ઝરણાંની નિશાનીઓ પણ હતી. બધું સાવ સૂકું કેમ હશે અચાનક? પણ પછી મિનિટો જતાંમાં ત્યાં પાછાં ધાનસભર ખેતરો આવી પણ જાય. ગામનાં ઘરોની છાણ-માટીથી લીંપેલી દીવાલો પર્વતોના રંગ સાથે એકદમ ભળી જાય. બધું ગોબરું, કથ્થઈ-હળદરિયું. સમષ્ટિ તથા સૃષ્ટિ વચ્ચે અદ્દભુત સામંજસ્ય. મારી સમસ્ત ચેતનાને બહુ જ ગમે.

એ જ ગીતમાં કવિ આગળ કહે છે, 'ઓ રે, આજે અંદર જવું જ નથી, ભાઈ, આજે હું અંદર જઈશ જ નહીં. ઓ રે, આકાશને ચીરીને પણ હું 'બહાર'ને લૂંટી લઈશ.' મને થાય, બસ, આમ ને આમ હજી બીજા કલાકો સુધી પ્રાકૃતિક કૃપા પામેલા આ પ્રદેશમાં વિહાર કર્યા જ કરું.

પણ પેટ્રોલ લેવા માટે બસ કોઈ એક પંપ પર ઊભી રહી, ને આસપાસના દેખાવ પરથી મનોમન જ થયું કે કાંઈ મોટું ગામ શરૂ થવામાં હતું. એ ખ્યાલ સાચો જ હતો. ને એ જ નીકળ્યું શિગાત્સે.

અત્યાર સુધી તો - સફેદ ધોળેલી હોય, કે છાણ-માટીથી લીંપેલી હોય - તિબેટી ઘરોની દીવાલો પર સ્ત્રીઓના હાથોથી આર્કા-આર્કાવાળી છાપ પડેલી જ હોય. કળાત્મકનો કેવો સહજ અભિગમ! અત્યાર સુધી મને થયા કરેલું શું ફેર છે ભારતની ગ્રામપ્રજામાં અને અહીંયાં? એક નિરાંતનો, નજદીકીનો ભાવ અનુભવ્યા કરેલો.

(અનુસંધાન પૃ.૪૯૨)

સંગીતશાસ્ત્ર - ૪૦

ડૉ. હસુ યાજ્ઞિક

ઘરાના પદ્ધતિનો ઈતિહાસ : તાનસેનવંશ

છેક ૧૯મી સદીના ઉત્તરાર્ધ સુધી ઘરાના પદ્ધતિનું વર્ચસવ રહ્યું અને મોટા ભાગનાં બધાં જ ગાયકો-વાદકો પોતાના ઘરાનાની પદ્ધતિને વળગી રહ્યાં અને પોતાના ઘરાનાનું ન હોય એવું કોઈ જ અંગ પોતાની કલામાં સ્વીકારતા ન હતાં. પરંતુ પછી એમાં કાળક્રમે પરિવર્તન આવ્યું. આ માટે સંગીતસમ્મેલનો, ગ્રામોફોન રેકોર્ડ્ઝ અને રેડિયો તથા બે ઘરાનાઓનો સમન્વય કારણભુત બન્યાં છે. સંગીતસંમેલનમાં વિવિધ ઘરાનાનાં કલાકારો સાથ લેવા માંડ્યાં એને કારણે કોઈ એક નિશ્ચિત ઘરાનાના કલાકારને અનેક ઘરાનાંઓ અને તેમની શૈલીનો પરિચય થયો. આથી અન્ય ઘરાનાનું ઉત્તમ હોય એનો પણ બીજા ઘરાનાવાળાં પોતાની કલામાં સ્વીકાર કરતાં થયાં. આમાં વિશેષ ભાગ ગ્રામોફોન રેકોર્ડ્ઝે ભજવ્યો. ભારતમાં ઈ.૧૯૦૪માં ગ્રામોફોન રેકોર્ડ્ઝનો આરંભ થયો અને શરૂઆતમાં તો એ જમાનાનાં લોકપ્રિય નાટકોનાં ગીતોની રેકોર્ડ્ઝ બહાર પડી અને શાસ્ત્રીય સંગીતનાં ઉત્તમ કલાગુરુઓ શાસ્ત્રીય ગાનને રેકોર્ડ્ઝમાં ઉતરાવવા તૈયાર નહોતાં થતાં એથી આરંભના ગાળામાં તો ગૌહરજાન અને ઝોહરાબાઈ આગ્રાવાલી જેવી તવાયફોની ઠુમરી ગાનની રેકોર્ડ્ઝ બહાર પડી. પરંતુ એ પછી બીજા દશકામાં આકાશવાણીનાં કેન્દ્રો થયાં અને તેના દ્વારા ઉત્તમ ગાયક-વાદકો મોટા સમૂહ સુધી પહોંચ્યાં અને પછી પંડિત અને ઉસ્તાદ ગાયક-વાદકોની પણ ગ્રામોફોન રેકોર્ડ્ઝ બની જેને કારણે વિવિધ ઘરાનાના ઉત્તમ અંશોનો પ્રચાર થયો અને અન્ય ઘરાનાવાળાં કલાકારો પર પણ અસર પડી. બીજું કારણ તે કલાકારનો પોતાનો જ બે ઘરાનાઓ સાથેનો 'પિતૃપક્ષે અને માતૃપક્ષે' બે ભિન્ન ઘરાનાઓ સાથેનો સંબંધ. દૃષ્ટાન્ત તરીકે બરોડાના ઉસ્તાદ ફૈયાઝખાન પિતૃપક્ષે તો રંગીલા ઘરાનાના હતા અને માતૃપક્ષે આગ્રા ઘરાના સાથે સંબંધ ધરાવતા હતા. એ ગર્ભમાં હતા ત્યારે એમના પિતા સફદારહુસેનનું મૃત્યુ થતાં માતા ગુલામ અબ્બાસખાન સાથે રહ્યાં જે આગ્રા ઘરાનાના હતા. આથી ફયાઝખાનને તાલીમ આગ્રા ઘરાનાની મળી હતી.

વિશેષ અસર તો સંગીતના સ્વરાંકનની પદ્ધતિની શોધની પડી. પં.વિષ્ણુ દિગંબર પલુસ્કર અને પં.વિષ્ણુ નારાયણ ભાતખંડેએ ભારતીય સંગીતની સ્વરલિપિ નિશ્ચિત કરવાની દિશામાં વિશેષ લક્ષ આપ્યું અને તેમનાં યોગદાનથી શાસ્ત્રીય સંગીતને સ્વરાંકિત રૂપ મળ્યું. એ પહેલાં તો સંગીત કેવળ ગુરુમુખી વિદ્યા જ હતી અને ગુરુ શિષ્યને પ્રત્યક્ષરૂપમાં ગાઈને સંભળાવતો હતો. વેદની જેમ જ સંગીતની પરંપરા પણ લેખનના આધાર વગર કંઠોપકંઠ પેઢી-દર-પેઢી જળવાતી આવતી. આથી. સંગીતનું શાસ્ત્રીય પાસું લિખિતરૂપ પામતું રહ્યું. પરંતુ એનું જ ગેયરૂપ હતું તે પ્રકટ કરવાની કોઈ લિપિ જ ન હતી અને આજની દૃષ્ટિએ તો સંગીતકલાના ઉત્તમ ઉસ્તાદો પણ નિરક્ષર જેવા જ હતા. આ કારણે ગુરુ પોતાની મૂઠી ઉઘાડીને શિષ્યને આપે એટલું શિષ્ય જાણે. ગુરુ પોતાના મહત્ત્વને ટકાવી રાખવા કેટલુંક તો શિષ્યને ન પણ આપે. ક્યારેક બોર આપે ને બોરડી ન દેખાડે! ગુરુમુષ્ટિની આવી મનોદશામાં કેટલીયે વિદ્યાઓ, સંગીતની, આયુર્વેદની, રસાયણશાસ્ત્રની, એક જાણકાર વ્યક્તિના મૃત્યુ સાથે જ લુપ્ત થઈ જતી હતી. સંગીતનું ગેયરૂપ લિપિ દ્વારા આલેખવાનું ભારતમાં શોધાયું ન હોવાથી અનેક રચનાઓ, સ્તોત્રો, મન્ત્રો, સૂક્તો કેવી રીતે ગવાતાં હતાં એના કોઈ દસ્તાવેજ ન રહ્યા. પશ્ચિમમાં તો જૂનામાં જૂના ચર્ચ મ્યૂઝિક પણ ચોપડે નોંધાયેલા અને સ્ટાફ નોટેશનથી એની સંગીતની લિપિ લગભગ સંપૂર્ણકક્ષાએ પહોંચેલી હતી. આથી ભાતખંડેએ એમાંથી જ પ્રેરણા લીધી અને ભારતીય સંગીતના સ્વરને અને તાલને અનુકૂળ રહે તેવી પદ્ધતિઓ શોધી અને તે માટેનાં ચિહ્નો નિશ્ચિત કર્યાં. અનેક ઘરાનાઓનાં કલાકારોને મળી, વર્ષો સુધી મહેનત કરી અનેક રચનાઓનું સંપાદન કર્યું અને તેનાં ગેયરૂપોને લિપિમાં ઉતાર્યાં.

કેટલાક ઘરાનાના ઉસ્તાદોને આ પ્રવૃત્તિ પોતાનું વર્ચસ ઘટાડે એવી લાગી. દરેક માણસ પુસ્તકના માધ્યમે પોતાના જ ઘરાનાની અનુપમ ચીજો ગાતો-વગાડતો થાય. એ પસંદ ન પડ્યું ને એનો વિરોધ કર્યો. સંગીત ગુરુ-શિષ્યની નિશ્ચિત પરંપરામાં વહેતું હતું. તેને આમ શિક્ષણનું સર્વસામાન્યરૂપ મળે તો ઘરાના કેમ રહે? એની વિશિષ્ટતા કેવી રીતે જળવાય? આથી પણ કેટલાકે વિરોધ કર્યો. પરંતુ અનેક ઘરાનાનાં કલાકારોને પં.ભાતખંડેનો શુભહેતુ સમજાયો અને સંગીતની પરંપરાને આધુનિક યુગમાં ટકાવી રાખવી હોય તો એને લિપિમાં ઉતારવાનું કેટલું જરૂરી છે, તે સમજાયું. એ લોકોએ તો આમાં પૂરતો સહકાર આપ્યો અને પોતાની ઘરાનેદાર ચીજો લખાવી, સંભળાવી અને તેને લિપિબદ્ધ કરવામાં પં.ભાતખંડેને સહકાર આપ્યો. ઉસ્તાદ ફૈયાઝખાન જેવા ઉદારચિત્ત અને ઉમદા કલાકારે આ પ્રવૃત્તિને બિરદાવી અને મ્યૂઝિક કૉલેજની પણ સ્થાપના થઈ.

આમ જે કુલપરંપરા હતી, ઘરાનાની જ ઉપાસના હતી

એને આધુનિક રૂપ મળ્યું. સંમેલનો, કાર્યક્રમો, ગ્રામોફોન રેકોર્ડ્ઝ, કસેટ, રેડિયો, દૂરદર્શન, ફિલ્મ - એવાં અનેક માધ્યમોને કારણે લગભગ બધા જ ઘરાનાઓની ઉત્તમ કલા સહુ માટે સુલભ બની. અને આથી જ તો કોઈ એક ઘરાનાના ગાયક કે વાદક પણ અન્ય ઘરાનાનું જે કંઈ ઉત્તમ હોય તે અપનાવતા ગયા. આ કારણે આધુનિક યુગમાં ઘરાનેદાર સંગીતમાં પણ વિવિધ ઘરાનાઓનાં લક્ષણોનો સમન્વય થતો ગયો. આજની આ સદીમાં પણ આપણા જે ઉત્તમ કલાકારો છે તે સહુને પોતપોતાનું આગવું ઘરાણું છે. એ ઘરાનામાં જ એમની કલા વહે છે. પરંતુ તે સાથે જ, તેમની કલાનાં અન્ય ઘરાનાઓનાં પણ કેટલાક ઉત્તમ અંશોનો એમણે સમાવેશ કર્યો છે. આથી આધુનિક કાળે ઘરાનાનાં બંધનો ચુસ્ત રહ્યાં નથી. પરંતુ આગળ જોયું તેમ ગાયકી અને બાજમાં કેન્દ્રસ્થાને તો કોઈ એક નિશ્ચિત ઘરાના અને તેનાં પદ્ધતિશૈલી હોય છે, અને એમાં જ ગાયક કે વાદકની નિશ્ચિત એવી મુદ્રા ઊપસે છે. કોઈ પણ કલાકાર, વિવિધ પદ્ધતિ અને શૈલીઓનો સમન્વય કરવાની સાથે જ, પોતાની એક નિશ્ચિત પદ્ધતિ અપનાવે, એનું રૂઢ એવું માળખું રાખે તો જ આખી વાત વિસ્તીર્ણ બની વેરાઈ ન જાય અને ખીલે બંધાય છે. બધાંનું બધું જ અપનાવ્યે કોઈ પણ કલારૂપ પોતીકું ગજું કાઢી ન શકે. આ વાત માત્ર સંગીતકલા પૂરતી જ મર્યાદિત નથી. શિલ્પ, ચિત્ર, નૃત્ય કે સાહિત્ય જેવી કોઈ પણ કલાના કલાકાર માટે આ રીતે જ કોઈ એક ઘરાનાના, કુળના, સ્કૂલના ખીલે બંધાવું પડે છે. એ પોતે બંધાતો નથી, પરંતુ એણે સ્વીકારેલી ભૂમિકા, પીઠિકા, અને એની કલાનું કાઠું જ એવું નિશ્ચિતરૂપ ઘડે છે. આમ, 'ઘરાના' કલાક્ષેત્રનું એક શાશ્વત મૂલ્ય છે. આથી કામ આપી ઘસાઈને ક્ષીણ પડતું આ કોઈ તત્કાલીન વસ્તુ નથી, સ્વરૂપ કે પ્રકારભેદે તો એ જ સર્વકાલીન છે.

ભારતીય વાદ્યસંગીતમાં વાદ્યનો વિકાસ ઘરાનામાં થયો છે અને તે બાજરૂપ આજે પણ પ્રચલિત છે. ધ્રુપદ-ધમાર પ્રાચીન તેમ વીણા વાદ્યોમાં પ્રાચીન છે. પરંતુ જેમ ખયાલનું પ્રાધાન્ય ગાયકીમાં રહ્યું તેમ વાદ્યક્ષેત્રે સિતારને પ્રાધાન્ય મળ્યું. ધ્રુપદમાં બીનનું મહત્ત્વ રહ્યું. જયપુરના સ્વ.રજબઅલીખાં બીનકારની શિષ્ય પરંપરા રહી છે, જ્યારે રામપુરના બીનકાર વઝિરખાંની શિષ્યપરંપરા લુપ્ત થઈ. સિતાર લોકપ્રિય બની તેમાં કલકત્તાના ઉસ્તાદ ઇમદાદખાં અને એમના પુત્રનું યોગદાન મુખ્ય છે. આ પછી વિવિધ શૈલીઓ આવી, પદ્ધતિઓ વિકસી પરંતુ તેના મૂળમાં તો આ બાઝનો આધાર રહ્યો.

ઘરાનાના ઇતિહાસનો આરંભ ધ્રુપદની પરંપરા અને તાનસેનથી થાય છે. તે મૂળ ગૌડ બ્રાહ્મણ હતો એથી એની વાણી ગોબરહારી-ગોડી મનાય છે. કોઈ અનુશ્રુતિ તાનસેનને ગ્વાલિયરની કોઈ રિયાસતનો મૂળ વતની હોવાનું દર્શાવે છે. ગ્વાલિયરના હઝરત મુહમ્મદ ગૌસે તાનસેનને વૃંદાવનના ગુરુ હરિદાસ પાસે મોકલ્યો, એવું કહેવાય છે. આરંભનું શિક્ષણ એણે સૂફી ગૌસ પાસે લીધું અને પછી સ્વામી હરિદાસ પાસે સંગીતનું શિક્ષણ લીધું. એ પછી તે રીવાનો રાજગાયક બન્યો અને અંતે તે અકબરના દરબારનું રત્ન બન્યો. અબુલ ફઝલના 'આઈને અકબરી'માં તાનસેનનો ગૌરવભર્યો ઉલ્લેખ છે. તાનસેનના નામે અનેક ધ્રુપદ રચનાઓ મળે છે. ફ્રેન્ચ વિદુષી નલિની દેલ્વોયે તાનસેનની ધ્રુપદની રચનાઓ, કઈ, કેટલી, એ પર સંશોધન કર્યું છે.

આ ગાળામાં અનેક ગાયક-વાદકો થયા જેના ઉલ્લેખ મળે છે અને કંઠ્યસંગીત, રબાબ, બીન, બંસરી, શહનાઈ વગેરેનાં વાદકોના ઉલ્લેખ મળે છે. મોટા ભાગના ગ્રન્થો મુસ્લિમ લેખકોના છે અને તેમાં હિંદુ ગાયક-વાદકોની વીગત સમાવિષ્ટ નથી. બાબા રામદાસ જેમણે રામદાસી મલ્હાર સર્જ્યો તથા તેમના પુત્ર સૂરદાસ જેમણે સૂરદાસી મલ્હાર બનાવ્યો તે આ યુગના છે. તાનસેનનું મુખ્ય અર્પણ ધ્રુપદગાનના ક્ષેત્રે છે. તાનસેનનો પુત્ર વિલાસખાં ગૌડહાર બાનીમાં, તાનસેનની પુત્રી સરસ્વતી જેનાં લગ્ન વીણાવાદક મિશ્રસિંહ સાથે થયેલાં તે ડાગુરબાનીમાં અને આ મિશ્રીસિંહના વંશજો ખડહારબાનીમાં પ્રખ્યાત થયેલા. તાનસેનના નામે મળતી ધ્રુપદની રચનાઓમાં ચાર વાણીના ઉલ્લેખ મળે છે. એનો અર્થ એ કે જો આવી રચનાઓ નિઃશંક તાનસેનની હોય તો તે કાળે ચાર વાણી પ્રસિદ્ધ હતી, અસ્તિત્વમાં હતી અને જો આ ચાર વાણીનાં, એ રીતે ધ્રુપદના ચાર ઘરાનાઓનો આરંભ તાનસેનના પુત્ર-જમાઈ દ્વારા થયો હોય તો આવી રચના અન્ય દ્વારા તાનસેનના નામે રચાઈ હોય એવો સંભવ સ્વીકારવો પડે. તાનસેને એક હજાર જેટલા ધ્રુપદની રચના કર્યાનું મનાય છે. તાનસેન દ્વારા અને તેના પુત્રો, શિષ્યો દ્વારા નવા રાગો મળ્યા. મિયાં મલ્હાર તાનસેને રચેલો મનાય છે. મલ્હારકુળના વિવિધ રાગો આ ગાળામાં જન્મ્યા. ચર્જ કે ચરજૂ નામે સેનિયા ઘરાનામાં ધ્રુપદ ગાયક છે, તેના નામ સાથે સંકળાયેલો ચરજૂ મલ્હાર મળે છે. વિલસખાની તોડી, તિલકકામોદ, પૂરિયાકલ્યાણ, કૌશિકી કાનડા જેવા રાગો તાનસેનની શિષ્યપરંપરામાં રચાયા.

તાનસેન સાથે અનેક ઘરાનાઓનાં મૂળ સંકળાયેલાં દર્શાવવામાં આવે છે. દરેક પરંપરા પોતાની પરંપરાને કોઈ ઉત્તમ આદિસ્રોત સાથે સાંકળે, એ સાહજિક છે. પરંતુ અનેક રચનાઓ, રાગો, વિવિધ શૈલીઓ, વીણા, રબાબ, સુરસિંગાર, સરોદ અને સિતાર જેવાં વાદ્યોનો આ પરંપરામાં વિકાસ થયો.

વારાણસી ભારતીય શાસ્ત્રીય સંગીતનું ઉત્તમ કેન્દ્ર. અહીંથી અનેક પરંપરાઓનો ઉદ્ભવ-વિકાસ થયો અને છેક આજ સુધીના સંગીતમાં આ પરંપરાએ જ પોષણ પૂરું પાડ્યું છે. વારાણસીની પરંપરા તાનસેનને વારાણસી સાથે સાંકળે છે.

આ અનુશ્રુતિ પ્રમાણે તાનસેન વારાણસીમાં જન્મ્યો હતો અને તેનું નામ રામતનુ હતું. તેના પિતા મકરંદ પાંડે કથાવાચક હતા. મંદિરમાં તે પૌરાણિક કથાઓનું ગાન કરતા. રામતનુએ પિતા પાસે પ્રારંભિક શિક્ષણ લઈને વૃંદાવનના સ્વામી હરિદાસ પાસે શિક્ષણ લીધું અને ગ્વાલિયરના સૂફીસંત ગૌસ પાસે પણ શિક્ષણ લીધું. અકબરે એને 'તાનસેન' નામ આપ્યું.

૧૮મી સદીમાં મુગલ સલ્તનતનો અંત આવ્યો અને તાનસેનના વંશજો જુદાં જુદાં સ્થળે વસ્યાં ને એમાંથી જુદા જુદા ઘરાના થયા એમ મનાય છે. તાનસેનનો મોટો પુત્ર સુરતસેન જયપુર વસ્યો. એની શિષ્યપરંપરામાં ગાયકો અને સિતારવાદકો હતા. તાનસેનના બીજા પુત્ર વિલાસખાંએ શુદ્ધબાની અપનાવી અને તે રબાબનો વાદક હતો. જમાઈ મિશ્રીસિંહના વંશજો વીણાવાદક બન્યા, અને ડાગુર તથા ખંડહાર બાનીમાં પ્રખ્યાત થયા. વિલાસખાંના ઘરાનામાં ૧૮મી સદીના ઉત્તરાર્ધમાં જાફરખાં, પ્યારખાં અને બાસતખાં થયા. તેઓ રબાબવાદક તથા ધ્રુપદગાયક હતા. આ બે ઘરાનાએ દિલ્હી છોડીને વારાણસીમાં નિવાસ કર્યો. તેઓ વારાણસીના કબીરમોટામાં રહેતા હતા. લખનઊ દરબારમાં પણ તેમને માનસ્થાન મળ્યાં અને દુર્ગાપૂજા વખતે વારાણસીના રાજાના નિમંત્રણે વારાણસી આવતા હતા.

જાફરખાં ઉત્તમ રબાબવાદક હતા. એમણે રબાબમાં વીણા અને સિતારની ખૂબીઓ ઉતારવા ફેરફાર કર્યા. એ સુરસિંગાર વાદ્યના શોધક મનાય છે. પ્યારખાંના નાનાભાઈ બાસતખાં ધ્રુપદગાયક અને રબાબવાદક હતા. તેઓ સંસ્કૃત ભાષા પણ જાણતા હતા. કલકત્તાના રાજા હરકુમાર ઠાકુરે એમને નાયકની ઉપાધિ આપી.

આમ, વારાણસી અને રામપુર સેનિયા ઘરાનાનાં મુખ્ય કેન્દ્રો બન્યાં. તાનસેનના સમકાલીન ઉત્તમ ગાયક મનાતા બૈજુબાવરાથી કલાવંત ઘરાનાની પરંપરા સ્થપાઈ અને એમાં મુખ્ય ગોપાલ નાયક હતા. એ પરંપરામાં ધ્રુપદ અને સરસ્વતી-વીણાનો વિકાસ થયો. એ સાથે જ અમીર ખુશરોની પણ પરંપરા હતી, જેમાં ખયાલ અને કવ્વાલીનો વિકાસ થયો. જોનપુરના સુલતાન હુસૈન શર્કી આ પરંપરાના મનાય છે. એમાં તરાના, સિતારવાદન વગેરેનો પણ વિકાસ થયો. આમાંથી જ કાળક્રમે શહનાઈવાદન અને તબલાવાદન ઘરાનાઓનો જન્મ થયો. (ક્રમશઃ)

અનુ.। **સંમુખ સાગરમઠ** [પૃ.૪૮૯થી

હવે જે મકાનો દેખાયાં તે અનાકર્ષક, ને સરકારી જેવાં લાગ્યાં. 'બૅન્ક ઑવ્ ચાઇના'નાં બારણાં તો સજ્જડ બંધ હતાં. જાણે દિવસોથી ખૂલ્યાં જ નહીં હોય. ચોક્કસ જાણ થાય કે આ જ શિગાત્સે શહેર છે, ત્યાં તો હોટેલ આવી પણ ગઈ. એના મોટા કૉમ્પાઉન્ડમાં બે હારમાં અનેક બાળકોને બેસાડેલાં હતાં. હોટેલના મકાન પર ચીની અક્ષરોવાળું લાલ કપડું લટકાવેલું. પછી તો ઘણાં તિબેટી સ્ત્રી-પુરુષોને પણ લાવીને હારબદ્ધ ઊભાં રખાયાં.

બસમાંથી ઊતરતાં તો અમે (મેં ભોળીએ!) એમ માન્યું કે અમારું સ્વાગત થવાનું હશે. પછી પૂછતાં પૂછતાં કોઈએ જણાવ્યું કે બેજિન્ગથી કોઈ મોટા સરકારી અધિકારીઓ આવવાના હતા, ને એ હતી એમના સ્વાગતની તૈયારી! હા વળી, અમારા ક્યાં એવા 'ક્લાસ' હતા તે!

મને થયું કે પરાણે ખેંચી લવાયેલાં, તડકામાં ઊભાં રખાયેલાં આ પ્રજાજનોને એ માટે પૈસા મળવાના હોય તો સારું. એ સર્વે તળ-તિબેટી લોકો હતાં - બાકી, તિબેટનું બીજા નંબરનું આ શહેર ચીની સરકાર દ્વારા યોજનાપૂર્વક ત્યાં વસાવાયેલા 'હાન' ચીની સદસ્યોથી ભરેલું છે. (ક્રમશઃ)

ઍન ફ્રેન્કની રોજનીશી



અનુવાદ
હિના ગોખલે

સોમવાર ૨૧મી સપ્ટેમ્બર ૧૯૪૨

પ્રિય કિટી,

આજે હું તને અમારા સર્વસામાન્ય સમાચાર લખું છું.

શ્રીમતી વેનડાન અસહ્ય છે. મારી અસ્ખલિત બડબડને લીધે અનેક વાર એમની કમાન છટકી જાય છે. અમને એક યા બીજી રીતે હેરાન કર્યા કરે છે. જેમ કે હમણાંનો જ પ્રસંગ લ્યો : રાંધેલું થોડુંક પણ વધ્યું હોય તો પણ એ વાસણ ઘસવા મૂકવામાં એ રાજી નહિ. વધેલું બીજા કાચના વાસણમાં ન કાઢતાં એ બગડી જાય ત્યાં સુધી એ જ વાસણમાં રાખી મૂકે.

એને કારણે ત્યાર પછીના જમણ બાદ માર્ગટને એકદમ સાતેક વાસણો ઘસવાં પડે અને ત્યારે બાઈસાહેબ બોલે જ, 'અરે, માર્ગટ આજે તો તારે ઘણું કામ છે.'

હું પપ્પાને કુટુંબનો આંબો તૈયાર કરવામાં મદદ કરું છું. જેમ જેમ અમે આગળ વધીએ છીએ તેમ તેમ પપ્પા મને કુટુંબની દરેક વ્યક્તિ વિશે થોડી થોડી વાતો કહેતા જાય છે. શ્રી ક્લાઈમન એકાંતરે અઠવાડિયે મારા માટે ખાસ પુસ્તકો લાવી આપે છે. 'જૂપ-ટર-હોયલ'ની શ્રેણી મને બહુ જ ગમી. સિસી વાન માર્ક્સવેલ્ટનાં બધાં જ પુસ્તકો વાંચવાની મને ખૂબ મજા આવી. અને 'મિડસમર મૅડનેસ' તો મેં ચાર વાર વાંચી નાખી. અને તોય એના કેટલાક ગમ્મતભર્યા પ્રસંગો પર હજી પણ મને હસવું આવે છે.

અમારું સત્ર ફરી શરૂ થઈ ગયું છે. હું ફ્રેન્ચમાં ખૂબ મહેનત કરું છું અને રોજના પાંચ નવા શબ્દો ગોખવાનું ચાલુ છે. નિઃસાસા અને બબડાટ સાથે પીટરનું અંગ્રેજીનું ભણતર ચાલુ છે. કેટલાંક શાલેય પુસ્તકો અમને અહીં પહોંચતાં કર્યાં છે. હું મારી સાથે લાવી હતી એટલે નોટબુક, પેન્સિલ અને રબરનો અમારી પાસે મોટો સંચ છે.

કોઈ વાર હું લંડનથી આવતા ડચ સમાચાર સાંભળું છું. તાજેતરમાં પાટવી કુંવર બર્નહાર્ટને સાંભળ્યો. એણે કહ્યું કે રાજકુમારી જૂલિયાનાને આવતા જાન્યુઆરીમાં બાળક આવવાનું છે. સાંભળી હું ખૂશ થઈ. મને રાજવી કુટુંબમાં રસ છે એનું બધાંને જ આશ્ચર્ય છે.

વચ્ચે મારા વિષયમાં ઘણી ચર્ચા થઈ અને બધાંનો એવો મત થયો કે હવે હું બુદ્ધ નથી રહી, અને એની અસર એ થઈ કે બીજા દિવસથી મારે વધુ મહેનત કરવાની શરૂ કરવી પડી. હું ચૌદપંદર વર્ષની થાઉં ત્યાં સુધી પહેલા ફોર્મમાં જ રહેવાની મારી ઇચ્છા નથી. મને કિશોરસાહિત્ય સિવાય ખૂબ ઓછાં પુસ્તકો વાંચવાની છૂટ છે, એની પણ ચર્ચા થઈ હતી. મમ્મી હિરેન, ફાઉવેન એન નંસ્ટેન વાંચે છે, જેની મને છૂટ નથી (માર્ગટને છે.) પણ પહેલાં મારી બહેનની જેમ મારે પીઢ થવું જોઈશે. પછી મારા તત્ત્વજ્ઞાન અને માનસશાસ્ત્રના અજ્ઞાન વિશે વાત થઈ. આ વિષયનું મારું જ્ઞાન શૂન્ય છે, શક્ય છે કે આવતા વર્ષે હું વધુ શાણી બનીશ (આ બે શબ્દોના અર્થ મેં તરત કોનેન - ડચ શબ્દકોશ -માં જોઈ લીધા.)

મને હમણાં જ ભાન થયું કે શિયાળા માટે મારી પાસે એક આખી બાંયનો ડ્રેસ અને ત્રણ હળવાં સ્વેટર સિવાય કાંઈ જ નથી. ઘેટાંના સફેદ ઊનથી એક આગળ બટનવાળું સ્વેટર ગૂંથવાની પરવાનગી મેં પપ્પા પાસેથી લઈ લીધી છે. ઊન બહુ સારી જાતનું તો નથી; પણ ગરમાવો આપશે એટલું જ બસ છે. અમે કેટલાંક કપડાં અમારા મિત્રોને સાચવવા આપ્યાં છે, પણ યુદ્ધ પૂરું થાય ત્યાં સુધી એ મળવાં મુશ્કેલ છે; એ પણ અમે જીવતાં હોઈશું તો. શ્રીમતી વેનડાન વિશે હું કાંક લખતી હતી ત્યાં જ એ આવ્યાં. ફટ દઈને મેં ડાયરી બંધ કરી દીધી.

'કેમ રે એન, મારાથી એક નજર પણ ન નખાય?'

'એ તો શક્ય નથી.'

'તો પછી ફક્ત છેલ્લું પાનું?'

'માફ કરજો; પણ ના.'

સ્વાભાવિક રીતે મારા પેટમાં ફાળ પડી, કારણ કે એ પાના પર મેં એમનું કટુ વર્ણન લખ્યું હતું.

લિ. એન.

શુક્રવાર ૨૫મી સપ્ટેમ્બર ૧૯૪૨

પ્રિય કિટી,

ગઈ કાલે સાંજે હું ઉપર વેનડાન લોકોને ત્યાં 'બેસવા' ગઈ હતી. હું આમ ક્યારેક ક્યારેક ગપસપ કરવા જાઉં છું. ત્યાં ડામરનાં બિસ્કીટ (ડામરની ગોળી મૂકેલા કબાટમાં આ બિસ્કીટનો ડબ્બો રહે છે.) અને લીંબુના શરબતથી સ્વાગત થયું. અમારી વાતોનો વિષય પીટર હતો. વાતવાતમાં મેં કહ્યું કે પીટર ઘણી વાર મારા ગાલ પંપાળે છે. છોકરાઓની આ હરકત મને જરાય પસંદ નથી.

દરેક માબાપની ખાસિયત પ્રમાણે એમણે મને પૂછ્યું કે 'તને પીટર નથી ગમતો? જો કે પીટર તો તને પસંદ કરે છે.' મનમાં બોલી, 'હે ભગવાન!' પણ મોટેથી જવાબ આપ્યો 'નહિ તો.' લે કર વિચાર!

મેં ઉમેર્યું કે, 'મારી સાથે પીટરનું વર્તન જરા જુદું લાગે છે, પણ એ એના શરમાળપણાને લીધે હોઈ શકે. જેનો છોકરી સાથે ઝાઝો સંબંધ ન આવ્યો હોય એવા છોકરાઓ આવું કરે ખરા!'

મારે કહેવું પડે કે 'ગુપ્તનિવાસ'ની નિર્વાસિત સમિતિ (પુરુષ વિભાગ) ઘણી ઉસ્તાદ છે. અમારા સમાચાર શ્રી વાનડીક સુધી પહોંચાડવા એમણે શું યુક્તિ અજમાવી છે એની જ વાત કરું. આ શ્રી વાનડીક 'ટ્રાવીસ'ના મુખ્ય પ્રતિનિધિ છે અને અમારા નજીકના મિત્ર છે. એમણે અમારી ઘણી બધી વસ્તુઓ છાનામાના સંતાડી રાખી છે. આ લોકો સાઉથ ઝીલેન્ડમાંના અમારી પેઢી સાથે ધંધો કરતા કેમિસ્ટને એવી રીતે પત્ર લખે કે જેનો જવાબ એણે પપ્પાના હસ્તાક્ષરે સરનામું લખેલા પરબીડિયામાં નાખીને અહીંની ઓફિસે મોકલવો પડે. આ પરબીડિયું અહીં આવે એટલે એને ખોલીને એમાંનો પત્ર કાઢી પપ્પાએ લખેલી ચિઠ્ઠી મૂકી બંધ કરી દે. આમ, વાનડીક પત્ર વાંચે ત્યારે જરાય શંકા ન આવે. આ લોકોનું ખાસ ઝીલેન્ડ પસંદ કરવા પાછળ પણ કારણ છે. ઝીલેન્ડ બેલ્જિઅમની નજીક છે. અને પત્રને સીમાની પેલી પોર પહોંચાડવો પ્રમાણમાં સહેલી વાત છે; સિવાય ઝીલેન્ડમાં પરવાના સિવાય જવાય એમ નથી. આમ, અમે ત્યાં છીએ એવી ખબર પડ્યા પછી કોઈ અમને શોધવાનો પ્રયત્ન પણ કરે નહિ.

લિ. એન.

રવિવાર ૨૭મી સપ્ટેમ્બર ૧૯૪૨

પ્રિય કિટી,

હમણાં જ મારે અને મમ્મીને વળી પાછી જામી ગઈ. અમને એકબીજાં સાથે જરાય ફાવતું નથી. એમ માર્ગટ સાથે પણ મારે બનતુ નથી. સામાન્ય રીતે અમારા કુટુંબમાં આવી બોલાચાલી અમે કરતાં નથી. અને મને બોલાચાલી કરવી ગમે છે એવું પણ નથી. માર્ગટ અને મમ્મીને હું સમજી જ શકતી નથી. મારી મા કરતાં મારા મિત્રોને હું વધુ સારી રીતે સમજી શકું છું - મને એનું જ દુઃખ છે.

અમે બધાં અહીં ઘણી વાર યુદ્ધ પછીના પ્રશ્નોની ચર્ચા કરીએ છીએ જેમ કે નોકર-ચાકર સાથે કેમ કામ લેવું વગેરે.

શ્રીમતી વેનડાને ફરી વાર નખરાં કર્યાં. એ બહેન ભયાનક મનસ્વી છે. પોતાની વધારે ને વધારે વસ્તુઓ સંતાડી દે છે. પછી વેનડાન વસ્તુના 'આયબ' થવાનો જવાબ મમ્મી ફેંક વસ્તુના ગાયબ કરી દેવાથી આપે. પાછું કેટલાંક લોકોને પોતાનાં બાળકો ઉપરાંત બીજાનાં બાળકોને ય ઉછેરવાની ભારે હોંશ! વેનડાન કુટુંબ આ પ્રકારનું છે. માર્ગટને આ ઉછેરની જરૂર જ નથી, કારણ કે એ તો રહી સર્વગુણસંપન્ન, ડાહીડમરી છોકરી, એક હું જ છું જેમાં અમારા બેયની અવળચંડાઈ ભરેલી છે. જમતી વખતે સામસામાં ફેંકાતાં ટીકાસ્રો અને એના પ્રત્યુત્તરો એક વાર તારે સાંભળવાં જ રહ્યાં. હંમેશાં મમ્મી-પપ્પા મારો જોરદાર પક્ષ લે છે. એમના વિના હું ટકી શકી જ ન હોત. એ લોકો મને ઓછું બોલવા, થોડું ગળી ખાવા અને દરેક બાબતમાં માથું ન મારવા ઘણું સમજાવે છે. પણ મારે નસીબે આમાં અસફળતા જ લખાઈ છે. પપ્પાની ધીરજને યશ છે, નહિતર એ બંને મારાથી ક્યારનાં નિરાશ થઈ ગયાં હોત. મને પ્રમાણમાં છૂટ પણ વધારે લેવા દે છે.

મને ન ભાવતું શાક જો મેં ઓછું લીધું અને એને બદલે બટાકાનું શાક વધારે લીધું તો વેનડાન કુટુંબથી અને ખાસ તો બાઈસાહેબથી છોકરાંને થતા આવાં લાડ જરાય જોયાં જાય નહિ.

'એન, શાક જરા વધારે લે જોઉં!' બોલ્યાં જ હોય.

'ના, ચાલશે, બટાકાનું શાક છે ને!' મારો જવાબ.

'શાકભાજી ખાવાં જોઈએ, જો તારી મા પણ એમ માને છે. વધારે લે જોઉં.' કહીને મને ત્યાં સુધી આગ્રહ કર્યા કરે જ્યાં સુધી પપ્પા મારી કુમકે ન આવે. પછી શ્રીમતી વેનડાન ચાલુ કરે 'તું અમારે ત્યાં હોત તો ખબર પડત. ઉછેર યોગ્ય રીતે થયો હોત. એનના આવા લાડનું મને તો આશ્ચર્ય જ થાય છે. એન મારી દીકરી હોત તો આવું ના ચાલત.'

કાયમ એમના વાક્યની શરૂઆતના અને અંતના શબ્દો નિશ્ચિત હોય, 'એન મારી દીકરી હોત તો' પ્રભુનો પાડ માનો કે હું નથી!

પણ ફરી એક વાર 'ઉછેર' વિષય પર આવીએ. ગઈ કાલે શ્રીમતી વેનડાનના આ ભાષ્ય પછી ગંભીર શાંતિ છવાઈ ગઈ. ત્યારે પપ્પાએ કહ્યું કે 'મારા હિસાબે એનનો ઉછેર યોગ્ય રીતે જ થયો છે. અને બાકી બધું ઠીક જાણે પણ એક વાતે તો એ ચોક્કસ શીખી છે અને તે એ કે તમારાં ભાષણો સામે મૂંગા રહેવું. હવે વાત રહી શાકભાજીની, એ માટે તમારી થાળીમાં જ જરા નજર કરો ને!' અહીં શ્રીમતી વેનડાનની ખરેખર હવા જ નીકળી ગઈ. કારણ કે એમણે પોતે તો નામનું જ શાક લીધું હતું. પણ એમનો તે વાંક હોય? ના રે ના, એમને તો સાંજે શાક વધારે ખાવાથી કબજિયાત થઈ જાય છે ને! આ બહેન મોઢું બંધ રાખતાં હોય તો! નાહકનાં આવાં પાયા વગરનાં બહાનાં તો ન કાઢવાં પડે. પાછું એ તો શરમથી પાણી પાણી થઈ ગયાં, એવું શરમાતાં મને આવડે એનોય એમને વાંધો.

લિ. એન.



અ.સૌ.થી ગં.સ્વ.



સુસ્મિતા ગૌરાંગ

દીકરી વળાવવી બહુ અઘરી છે. સાંભળ્યું હતું, પણ પતિને વળાવવો એ તો બધી વાચા અને વ્યાખ્યાથી પર છે. પતિની અર્થી ઊઠતી જોઈ અને એનાં છેલ્લી વખતનાં દર્શન કરી પાછી ફરતી સ્ત્રીની વેદના માટે સંસ્કૃત, પ્રાકૃત, ગુજરાતી બધું ટૂંકુ પડે છે - સર્વ લિપિઓથી પર છે.

સપ્તપદીના ચોખા કચડીને પાછી ફરતી એ સ્ત્રીની આસપાસ દેખાય છે ચારે તરફ ઊડતા સોપારીના લોહીલુહાણ ટુકડાઓ! સાથે માંડેલાં ડગલાંઓ તૂટીફૂટી જાય છે. ખબર નથી ક્યાં ખોવાઈ જાય છે છેડાછેડીના છેડાઓ! એક ઝાટકે કાપી નાખે છે અને ઈશ્વરની અવકૃપા.

પાછા વળતા પગ ઊપડતા નથી. ઢસડાય છે પગ. બાળકો તથા આજુબાજુના બહેનોના પ્રયત્નોથી ભારતીય સમાજની મર્યાદાઓ જાળવતા જેણે આજ સુધી પોતાના પતિ તરફનો પ્રેમ જાહેરમાં વ્યક્ત નથી કર્યો એ જ આજે આખા જગતની સામે, ચીસો પાડતાં, વાળ પીંખતાં, રડતાં અચકાતી નથી. જગતની કોઈ મર્યાદા નડતી નથી. મૃત્યુ કોઈની શરમ રાખતું નથી અને છવાઈ જાય છે એક શૂન્યમનસ્કતા!

શું કરવું એ સમજાતું નથી અને શું કરે છે એ ખબર નથી. આજુબાજુના આશ્વાસનના શબ્દો કાને પડતા નથી. સર્વ ઇન્દ્રિયો બધિર થઈ જાય છે. સમય અટકી જાય છે. જિંદગી સ્થગિત થઈ જાય છે. આગળપાછળ કાંઈ જ દેખાતું નથી. રહી જાય છે એક સ્તબ્ધ મૌન અને થોડી ચીસો. ખાલી ઓરડાઓ અને સૂનકાર! જગતઆખાના કોલાહલમાં અનુભવ થાય છે એક ખાલીપાનો!

સવાર ઊગતી નથી, સાંજ પડતી નથી. જેની આસપાસ દિવસ વીંટળાયેલ હતો એ જ ન હોય ત્યારે દિવસ શરૂ કેમ કરવો અને પૂરો કેમ કરવો?

રોજ એક કપ દૂધમાંથી બે કપ ચા બનાવવાની આદત છોડવી સહેલી તો નથી જ, ને ખૂણામાં પડેલ છાપું પણ મૂંગા મોઢે હતાશ થઈ બેઠું હોય છે. તેલની શીશી, દાંતિયો, રૂમાલ, ચશ્માં, પાકીટ - આ બધું હવે યાદ કરીને કોને આપવું? ટી.વી.ના સમાચાર અને કેટકેટલી સિરીઅલો અધૂરી રહી ગઈ! હવે કોની સાથે વાત કરવી કે 'મહાભારત'માં હવે શું આવશે?

નાની નાની વાતોનાં સતત ભાગીદાર બનીએ છીએ. હોય છે ભાગીદાર ત્યારે એ વાત દેખાય અને ન પણ દેખાય, પણ છૂટાં પડ્યાં પછી માત્ર એ જ બધું દેખાય છે!

રોજ સાંજે રાહ જોવાની આદત કેમ કાઢવી? આંખો તો ખોડાયેલી હોય છે દરવાજા ઉપર જ. પણ કોઈ આવતું જ નથી ને!

શું તાકી રહી હશે એ વૃદ્ધ આંખો બારીની બહાર? શું દેખાય છે? વીતી ગયેલાં વર્ષોની વ્યથા કે આવનાર સમયનું એકાકીપણું? એ દૃષ્ટિમાં શું છે એ આપણે જાણી કે સમજી નથી શકતા.

ઉંમર વધતાંની સાથે દિવસો મોટા થતા જાય છે અને રાતો ટૂંકી. વૃદ્ધાવસ્થાની વેદના તો એ અવસ્થાએ પહોંચ્યા પછી જ સમજાય. વીતી ગયેલ અવસ્થાનો ભાર ઉઠાવતાં ઉઠાવતાં જીવે છે. આગળ કોઈ આશા નથી, પાછળ છોડેલ ફરી મળવાનું નથી. અને આ ક્ષણ તો દબાઈ જાય છે અવસ્થાએ આપેલ અસલામતીની ભાવના અને શારીરિક નબળાઈના બોજથી. જીવન મૃત્યુનો ક્ષણેક્ષણ સાક્ષાત્કાર કરાવે છે.

એણે કરેલાં સમાધાનો આજે અચાનક બધાં તૂટી ગયાં હશે. વૃદ્ધાવસ્થાની પીડામાં એકલતાનો ઉમેરો થઈ ગયો. સતત સાથે રહેવાની આદત પાછલી જિંદગીમાં ખૂબ વધી જાય છે. એક બંધાણ થઈ જાય છે. એમાં જો પાછલી જિંદગીમા માંદગી આવે તો આખો દિવસ એ માંદગીને હળવી કરવામાં અને એ માટેના કામમાં સમયે સમયે આપવાની દવામાં અન એના જ વિચારોમાં ગર્ત થઈ જાય છે. અને મૃત્યુ અચાનક મુક્તિ આપી દે છે. ઊભું થઈ જાય છે એક મૂંઝવી દેનાર એકાંત. ઘરની સૂમસામ શાંતિ ગૂંગળાવી નાખે છે, ભરડો લઈ લે છે સમગ્ર અસ્તિત્વનો. અને તોડી નાખે છે પાંસળે પાંસળાંને; પણ ક્યાંય તૂટ્યાંનો અવાજ નથી સંભળાતો!

ફરી એક વખત ફ્લૅશબેકમાં દેખાય છે બધું - સગાઈ-લગ્ન વખતે કાઢેલ લાજમાંથી એણે તો થનાર પતિનું મોઢું પણ ઝાંખું ઝાંખું જોયું હશે. નાનાંમોટાં અધૂરાં રહી ગયેલાં સપનાંઓ એને આજ પજવતાં હશે કે યુવાવસ્થામાં કરેલ નાનીમોટી જિદ? શું ખૂંચતું હશે? કોઈ વખત વિચાર આવે છે કે એને ઇચ્છા નહીં થઈ હોય ભણવાની, ડૉક્ટર બનાવાની, સમાજમાં પોતાની રીતે જીવવાની? કે પછી એવી ઇચ્છા કરવાની, એવાં સ્વપ્નો જોવાની એનામાં હિંમત જ નહીં હોય?

ભારતીય સમાજ લગ્ન તો બહુ સરસ રીતે ઊજવે છે. બહુ આરામથી બહુ સહજ રીતે કોઈ પણ સ્ત્રીને કહી દે છે કે જે હતું તે ભૂલી જા હવે. આ તારું નવું ઘર. ભવિષ્ય માગી લે છે સમાજ, કુટુંબ અને પરંપરા, પણ ભૂતકાળ સુધ્ધાં માગી લેવાનો?

ઘણી વખત એ નથી સમજાતું કે કેવી રીતે એ સમયની સ્ત્રીઓએ પોતાનું આત્મવિલોપન હસતા મોંએ સ્વીકારી લીધું? એમણે એમ કેમ ન કહ્યું કે મારું જીવન મારી ઇચ્છા, મારી મરજી પ્રમાણે જીવીશ? એના પર તમારો અધિકાર ન હોઈ શકે. કઈ રીતે એણે દબાવી હશે એ ચીસ, જે નીકળી હશે સમાજના ભયંકર રૂઢિઓના પ્રહારથી.

અને હવે એ જ સમાજ ચૂડી અને ચાંદલા તરફ જુએ છે!

(અનુસંધાન પૃ.૪૯૭)

પસ્તીનાં પાનાં

— ડૉ. પ્ર. ચુ. વૈદ્ય —

પાંડુરંગ આઠવળે

તા.૩૦-૩-૮૪. હમણાં પીજ ટી.વી. ઉપર એક સરસ કાર્યક્રમ આવી ગયો. પોરબંદરના દરિયાકાંઠાની બે કોમ મેર અને ખારવા. આ બે કોમ વચ્ચે છેલ્લાં વીસપચીસ વર્ષથી વેરઝેર ચાલે. ચાકુ, છરી ઊછળે, ખૂનખરાબા થાય, ઝૂંપડાં બળે એવું ચાલ્યા જ કરે. આ એક વાત.

બીજી વાત, અમેરિકાની જેમ અમારા ગુજરાતમાં પણ આધ્યાત્મિકતા તરફ વલણ વધતું જાય છે. મોરારીબાપુની (કહેવાય 'બાપુ' પણ અમારા ભરતભાઈની સાથે ભણતા એટલે ૩૫-૩૬ વર્ષના છે) રામાયણકથામાં લાખોની મેદની જામે. એમાં પણ અસલનકલના પ્રશ્નો ઊભા થાય. મોરારીબાપુની કથાની લોકપ્રિયતા જોઈને એક બીજા મહારાજે પોતાનું નામ 'છોટે મોરારીબાપુ' રાખ્યું અને તેણે પણ રામકથા શરૂ કરી. એક શંભુ મહારાજ છે, તો વળી એક છોટે શંભુ મહારાજ, પણ ઊભા થયા છે. આ બધા કથાકારોમાં જુદી જ ભાત પાડે તેવા છે પાંડુરંગ આઠવળે. તે આવી ભાગવતપારાયણ કે રામાયણકથા કરતા નથી. પરંતુ તેમના શબ્દોમાં યોગેશ્વર કૃષ્ણના સંદેશનો નવા જમાનાને અનુકૂળ પ્રચાર કરે છે. અને આ પ્રચાર કેવળ વ્યાખ્યાન આપીને નથી કરતા. દક્ષિણ ગુજરાત અને મહારાષ્ટ્રમાં કૃષિશાળાઓ આશ્રમપદ્ધતિએ ચલાવે છે. અમદાવાદમાં સેટેલાઈટ સ્ટેશન સામે તેમણે 'ભાવનિર્ઝર' નામે મંદિર અને કેમ્પસ ઊભું કર્યું છે. હમણાં તેમણે સૌરાષ્ટ્રમાં પ્રવૃત્તિ શરૂ કરી છે.

પોરબંદરના મેર અને ખારવા કોમ વચ્ચે સુમેળ કરાવવાનું કાર્ય તેમણે હાથ લીધું. આઠવળેનું પછાત વર્ગના લોકોમાં ઘણું માન છે. તેમના અનુયાયીઓના પ્રયત્નથી મેર અને ખારવા કોમ વચ્ચે સુમેળ કરાવ્યો અને તે નિમિત્તે સત્યનારાયણ કથાનુ આયોજન થયું. કથા કેવી? ૧૦૦૮ જોડાં (પતિ-પત્ની) મેર કોમના અને ૧૦૦૮ જોડાં ખારવા કોમનાં એકસાથે એક મેદાનમાં સત્યનારાયમની પૂજા કરવા બેઠાં. દરેક જોડાંની આગળ બાજોઠ અને બાજોઠ ઉપર કુંભ અને શ્રીફળ મૂકીને સત્યનારાયણની સ્થાપના. હારબંધ વ્યવસ્થિત ૨૦૧૬ જોડાં પૂજા કરવામાં વ્યસ્ત ટી.વી. ઉપર અમે જોયાં અને સત્યનારાયણની સાક્ષીએ બન્ને કોમે વેર વીસરી જવાની પ્રતિજ્ઞા કરી.

રાજકારણીઓએ વાવેલાં વેરનાં બીજ પાંડુરંગ શાસ્ત્રીએ લોકોની મૂળભૂત ધર્મપરાયણવૃત્તિને ઉત્તેજીને દૂર કર્યાં. સાદા અને સરળ ગામઠી મેર-ખારવા સ્ત્રીપુરુષોને હાથમાં લાકડી, ભાલાને બદલે સંકલ્પનાં પાણી લેતા કરવાં એ નાનીસૂની સિદ્ધિ ન ગણાય. પાંડુરંગ તો કહે છે ધર્મ મહત્ત્વનો નથી, સદાચાર મહત્ત્વનો છે અને તેથી જ તે નવા યુગને અનુરૂપ કાર્યક્રમો યોજી શકે છે.

ભારત-પાક સંબંધો અને તર્કશાસ્ત્ર

તા.૨૭-૧-૮૭. હમણાં હમણાં ભારત-પાકિસ્તાન વચ્ચેના સંબંધોમાં આપણી તર્કશક્તિ બહેર મારી જાય એવી પરિસ્થિતિ સર્જાઈ છે. દરેક દેશ પોતાની સરહદ ઉપર દર વર્ષે અમુક લશ્કરી કવાયત કરે છે, જેથી સરહદ સંરક્ષણની લશ્કરને તાલીમ મળી રહે. ભારત અને પાકિસ્તાન પણ ઓક્ટોબર, નવેમ્બરમાં આવી લશ્કરી કવાયત યોજે છે. ૧૯૮૬ની આવી કવાયત માટે પાકિસ્તાને પંજાબ, કાશ્મીર સરહદે ગોઠવેલું તેનું સૈન્ય કવાયત પૂરી થયા પછી પણ પાછું ખેંચ્યું નથી અને આજે પણ યુદ્ધ ચાલુ હોય તેવી સ્થિતિમાં પાકિસ્તાની લશ્કર પંજાબ સરહદ ઉપર તૈયાર સાબદું થઈને ઊભું છે. અને એ જ સમયે પાકિસ્તાની ક્રિકેટ ટીમ ભારતના પ્રવાસે આવી છે.

નવેમ્બર પછી દોઢ મહિનો રાહ જોઈ તો પણ પાકિસ્તાની લશ્કર પંજાબ સરહદથી હઠાવી લેવાયું નહિ. બીજી તરફ પંજાબમાં આ દોઢ માસના ગાળામાં ત્રાસવાદી પ્રવૃત્તિ વધતી જ ચાલી; એટલે છેવટે ૨૪મી જાન્યુઆરીએ ભારતે પોતાનું લશ્કર પંજાબની સરહદે ગોઠવ્યું. પંજાબની સમગ્ર સરહદની અંદરનો ૧૦ કિલોમીટરનો પટ્ટો લશ્કરને સોંપી દીધો. અને બરાબર ત્યારે પાકિસ્તાની પ્રમુખ જનરલ ઝિયાએ કહ્યું કે ભારત આમંત્રણ આપે તો ભારત-પાકિસ્તનાન વચ્ચેની એક મેચ જોવા મારે તો ભારત આવવું છે!

છેને, સામાન્ય માણસની તર્કશક્તિ બહેર મારી જાય તેવી પરિસ્થિતિ! અલબત્ત, પરિસ્થિતિના ઉકેલ માટે પાકિસ્તાને વાટાઘાટોની તૈયારી બતાવી છે અને ભારતે સચિવ કક્ષાએ વાટાઘાટો સૂચવી છે. આજકાલમાં મંત્રણા શરૂ થશે.

સવાલ એ થાય છે કે બેમાંથી એકે દેશને લડવું નથી તો પછી આ નાટકનો હેતુ શો? પાકિસ્તાનનો શું હેતુ હશે એ તો આપણને ખબર નથી, પણ ભારતના હેતુ વિશે કલ્પના કરવી સરળ છે. પંજાબના શીખ ત્રાસવાદી પાકિસ્તાનમાં તાલીમ લઈને સરહદ ઓળંગી પંજાબમાં આવે છે એ તો જાણીતું છે અને તેથી ભારત સરકારે પાર્લમેન્ટમાં ખાસ કાયદો પસાર કરાવી લીધો કે આન્તરરાષ્ટ્રિય સરહદની બાજુમાં ૧૦ કિલોમીટરનો પટ્ટો ભારત સરકાર કબજામાં લઈ શકે. પણ તે માટે રાજ્ય સરકારની અનુમતિ લેવી જોઈએ અને પંજાબ સરકારે અનુમતિ નથી આપી. કેમ ન આપી તેનો પાછો જુદો

ઇતિહાસ છે. તેમાં આપણે અત્યારે ન જઈએ. પણ પંજાબ સરકારની અનુમતિ વગર પાર્લમેન્ટનો કાયદો નિરર્થક થઈ ગયો અને પાકિસ્તાની સરહદ પારથી તાલીમ અને શસ્ત્રો સાથે ત્રાસવાદીઓની આવનજાવન ચાલુ રહી.

પાકિસ્તાને સરહદ ઉપર તેનું લશ્કર ગોઠવ્યું એનો લાભ લઈ ભારતે સંરક્ષણના હેતુ માટે પંજાબ સરહદ ઉપર ભારતીય સેના ગોઠવી અને તે માટે પંજાબ સરકારની અનુમતિની જરૂર નથી રહેતી એટલે ૧૦ કિલોમીટરનો પટ્ટો આપોઆપ લશ્કરના નિયંત્રણમાં આવી ગયો!

આ હેતુ તો સમજાય તેવો છે, પણ જે પાકિસ્તાન પંજાબના ત્રાસવાદીઓને ઉત્તેજન આપે છે તેણે, ભારત સરકાર આવું પગલું લઈ શકે તેવી 'સગવડ' કેમ કરી આપી?

બધું જ તર્કથી પર લાગ્યા કરે છે.

રામ સવર્ણ, કૃષ્ણ અવર્ણ?

તા.૨૩-૯-૯૦. અનામતવિરોધી આંદોલનમાં કુરુક્ષેત્રના એક વિદ્યાર્થીએ સળગી જઈને આત્મવિલોપન કર્યું. આ આત્મવિલોપન એ બૌદ્ધોની પરંપરા છે અને જપાનમાં તો તે ઘણી પ્રચલિત છે. પણ આદિ શંકરાચાર્યે ભારતમાંથી બૌદ્ધ ધર્મને હાંકી કાઢ્યો તેની સાથે એ પરંપરા પણ લુપ્ત થઈ ગઈ.

પણ ૧૯૬૫માં હિન્દીવિરોધી ચળવળમાં તામિલનાડુમાં તે ફરી ઊગી નીકળી. ૧૯૬૫ના પ્રથમ એક-બે માસમાં આવા આત્મવિલોપનના કેટલાયે પ્રસંગો થયા. જાહેરમાં યુવાનને ભડભડ બળતો જોઈ લોકોમાં અરેરાટી ફેલાઈ ગઈ. સરકારે નમતું જોખ્યું. અને દક્ષિણનાં રાજ્યો સંમત ન થાય ત્યાં સુધી અંગ્રેજી નહિ હટે તેવો નિર્ણય લેવાયો. આંદોલનને તર્ક-વિચારના સ્તર પરથી ઊઠાવી લાગણીના સ્તર ઉપર લઈ જવાનો કેવો ક્રૂર રસ્તો!

તા.૩૦-૯-૯૦. દેશમાં, ખાસ કરીને ઉત્તરભારતના હિન્દી પ્રદેશમાં અનામત-વિરોધી આંદોલન હિંસકરૂપ ધારણ કરી રહ્યુંછે. ૧૮થી ૨૨ વર્ષના કેટલાયે યુવાનોએ આત્મવિલોપન કર્યું છે. ત્યારે ગુજરાતમાં પ્રમાણમાં શાન્તિ છે. અમારા ગણિતવિભાગમાં વર્ગો ચાલતા નથી. પણ ઘણીખરી શાળા-કૉલજો ચાલે છે. પણ નવાઈની વાત એ છે કે અહીંની જાણીતી શાળા સી.એન. ચાલતી નથી. અમારો રુચિર રોજ સાડા દસે ઘેરથી જાય છે અને સાડા અગિયારે પાછો આવે છે. સ્કૂલમાં જઈને વર્ગમાં બેસે પણ શિક્ષક જ વર્ગમાં ન આવે. આમ, આ શાળામાં વિદ્યાર્થીઓ હડતાળ પર નથી લાગતા પણ શિક્ષકો, આચાર્ય અને તંત્ર હડતાળ પર છે!

વી.પી. સિંઘની ૨૭% નોકરીઓ મંડળપંચે તારવેલી નીચલી જાતિના ઉમેદવારો માટે અનામત રાખવાની જાહેરાતનું એક બહુ જ ખરાબ પરિણામ એ આવ્યું છે કે દેશમાં સવર્ણો અને અવર્ણોના મોટા ભાગલા પડી ગયા છે. વાત એટલી બધી વણસી ગઈ છે કે સાંપ્રત બનાવોના જે વિશ્લેષણાત્મક લેખો જુદાં જુદાં છાપાંમાં આવે છે તે વાંચો તો તેમાં પણ આ સવર્ણ-અવર્ણના ભાગલા દેખાય. એક રાજકીય નેતાએ હમણાં કહ્યું હતું કે દેશના મુસલમાનો જો અયોધ્યામાં રામમંદિર બાંધવામાં વાંધો ન ઊઠાવે તો હિન્દુઓ કાશી કે મથુરામાં મસ્જિદ બાંધવા સામે વાંધો નહિ લે. આ નિવેદનનું વિશ્લેષણ કરતો એક લેખ જાણીતા અંગ્રેજી અખબારના વચલે પાને છપાયો હતો. તેનો મુખ્ય મુદ્દો એ હતો કે રામ ક્ષત્રિય હતા (સવર્ણ) પણ કાશીના શંકર તો કિરાત હતા (આદિવાસી) અને મથુરાના કૃષ્ણ હતા યાદવ (અવર્ણ) માટે અવર્ણોના દેવોને ભોગે સવર્ણોના દેવને ખુશ કરવાની આ વાત છે!!

કેટલી હલકી સ્થિતિએ દેશના બૌદ્ધિકોનું ધોરણ ઊતરી ગયું છે! અનામતનું તો જે થવાનું હશે તે થશે, પણ સમાજના પ્રશ્નોને સવર્ણ અને અવર્ણની નજરે જોવાની આ ટેવ કેટલી વિઘાતક નીવડશે તેની કલ્પના પણ થઈ શકતી નથી. □

અનુ.] અ.સૌ.થી [પૃ.૪૯૫થી

લોકોને કેમ નથી સમજાતું કે જે હતું એ તો બધું ઈશ્વરે લઈ લીધું છે. હવે તમે ચૂડી-ચાંદલા લઈ લો એનાથી એ સ્ત્રીને ફેર પડે?

પણ એ તો એ પણ સ્વીકારી લે છે. સમાજનાં બંધનો વચ્ચે જીવતાં જીવતાં સમાધાન કરી લીધું, એની જાત સાથે. આ જ જગત છે, આ જ દુનિયા છે, એમાં ફેરફાર શક્ય નથી. માટે સ્વીકારી લેવું એ જ યોગ્ય માર્ગ છે!!

કદાચ ઓગળી ગયા હશે એ બધા સવાલો મારા જન્મ સમયે. કદાચ વિખેરાઈ ગઈ હશે એની આત્મવિલોપનની ચીસ મારા સ્મિતમાં. આજના બોજમાંથી પણ હળવાશ આપે છે, રાહત આપે છે દીકરા-દીકરીનાં સંતાનો. એમનાં બાળપણમાં ફરી મળે છે પોતાનાં સંતાનોની બાલ્યાવસ્થા. ફરી એક વખત હસી ઊઠે છે એ આંખો પૌત્રો-પૌત્રીઓને જોઈને અને જિંદગી મહોરી ઊઠે છે એ વૃદ્ધ પાંપણોમાં! ફરી જીવંત બને છે પરીકથાઓમાં અને અરેબિયન નાઈટ્સની વાર્તાઓમાં! શરૂ કરે છે વાતો એમના જમાનાની, વીજળીના દીવાને બદલે ફાનસની અને કૂવામાંથી ભરવાનાં પાણીની....

લાજ કાઢીને જીવને આંખથી ઓઝલ કરીને જિંદગીની શરૂઆત કરનાર એ સ્ત્રીને અંતમાં, ખુલ્લી આંખે જગત નિહાળવાનો આનંદ આવતો હશે કે નહીં? કે પછી બંધ આંખે જગતને સ્વીકારવાની આદત છોડી શકાતી નહીં હોય? હા, પણ દીકરાની દીકરી પાછળ સ્કૂટર પર બેસી બહાર જવામાં કદાચ એની વ્યથાઓ ઓગળી તો જશે જ! □

ગણિત અને ગમ્મત


— જ્યોતિ ભટ્ટ —

અનેક લોકોને આનંદ આપી શકતો વિષય ગણિત શાળાભ્યાસ સમયે કેટલાક વિદ્યાર્થીઓ માટે માથાનો દુઃખાવો પણ બની રહે છે. તેઓની ગણિતની વ્યાખ્યા 'માત્ર સરવાળા-બાદબાકી તથા ગુણાકાર-ભાગાકાર' જેવી સીમિત હોવાને લીધે એમ થતું હોવું જોઈએ.

ગણિતનો ઉપયોગ જીવનનાં અનેકવિધ ક્ષેત્રોમાં જુદા જુદા સ્તરે એવો તો વણાઈ ચૂક્યો છે કે ક્યારેક તો એના તાણાવાણા છૂટા પાડી જોઈ સમજવાનું પણ અઘરું થઈ પડે છે.

ગંજીફાનાં પાનાં વાપરી કરવામાં આવતા 'જાદુના ખેલ'માં ગણિત પર આધારિત તરકીબોનો ઉપયોગ થતો રહ્યો છે. કેટલીક કલાકૃતિઓમાં પરોક્ષ કે પ્રત્યક્ષ રીતે ગણિતનો ઉપયોગ થયેલો જોવા મળે છે. ચીનની એક પ્રાચીન કલાત્મક રમત ટેનગ્રામ (કે તાનગ્રામ) અંગે વિગતવાર એક લેખ દોઢેક દાયકા પહેલાં 'કુમાર'માં પ્રકાશિત થઈ ગયો છે, પરંતુ તેમાંની થોડી માહિતીનું પુનરાવર્તન અહીં અસ્થાને નહીં ગણાય.

આ સાથેની આકૃતિ-૧માં જણાવ્યા પ્રમાણે ૪ x ૪ એકમના એક સમચોરસ પૂંઠા કે પાટિયાને સાત ટુકડામાં વિભાજિત કરી દેવામાં આવે છે. એ સાતેય ટુકડાઓને તેની એક બાજુ તો બીજા કોઈ ટુકડાની બાજુ સાથે જોડાય જ એ શરતમર્યાદામાં રહી એની વિવિધ ગોઠવણીઓ કરવામાં આવે છે. ધ્યાનપૂર્વક જોતાં જણાશે કે સાતેય ટુકડાઓના ખૂણાઓમાં ૪૫ કે તેના ગુણાંકો ધરાવતા ૯૦,૧૩૫ અંશ જોવા મળે છે. તે દરેકના ક્ષેત્રફળમાં પણ પરસ્પર એકબીજાથી અર્ધો કે બમણો અથવા 'ર'નો ગુણાંક-સંબંધ જળવાયો છે. ટેનગ્રામના સાત ટુકડાઓ જોડીને બનાવેલ કેટલાક નમૂના આકૃતિ-રમાં આપ્યા છે.



આકૃતિ-૧




આકૃતિ-૨

ટેનગ્રામમાં ખૂણાઓ તથા ક્ષેત્રફળમાં જળવાયેલ અંકોના પ્રમાણ-સંબંધ ઉપરાંત સ્થાનવિનિમય તથા સમન્વય સંભાવનાનો પણ ઉપયોગ થયો છે. ગણિતની પરિભાષામાં આને Permutation - Combination કહેવામાં આવે છે. આ સમજવામાં નીચેનું ઉદાહરણ ઉપયોગી થશે.


'અ' તથા 'બ' એ બે સંજ્ઞાઓનો ઉપયોગ કરીને તે બન્નેને સાથે સાથે કેટલી રીતે ગોઠવી શકાય, વધુમાં વધુ કેટલી ગોઠવણી શક્ય છે તે જાણવા સંજ્ઞાઓની સંખ્યાને ઊતરતા ક્રમમાં એકબીજા સાથે ગુણવામાં આવે છે. સૂત્રાત્મક રીતે કહીએ તો ૨ x ૧ = ૨. આમ, આ બે સંજ્ઞાઓના સમન્વય તથા સ્થાનવિનિમય વડે 'અબ' તથા 'બઅ' રચનાઓ મળી શકે, પરંતુ બે ને બદલે ત્રણ સંજ્ઞાઓ 'અ, બ તથા ક' વાપરીએ તો ૩ x ૨ x ૧ = ૬ સમન્વય રચનાઓ થઈ શકે - અબક, અકબ, બઅક, બકઅ, કઅબ અને કબઅ. આ પ્રમાણે ચાર સંજ્ઞાઓ વડે ૪ x ૩ x ૨ x ૧ = ૨૪ અને પાંચ સંજ્ઞાઓ વડે ૫ x ૪ x ૩ x ૨ x ૧ = ૧૨૦ અને ૬ સંજ્ઞાઓ વડે ૭૨૦ સમન્વય કરી શકાય.

પરંતુ અંક કે મૂળાક્ષર જેવી સંજ્ઞાઓને સ્થાને આકૃતિઓ લઈએ તો તેની સંભાવિત સમન્વય રચનાઓની સંખ્યા જાણવા ઉપરનું સૂત્ર કામ આપી શકતું નથી. ત્રિકોણાકારને ઊભો, આડો કે ત્રાંસો ગોઠવવા છતાં તે ત્રિકોણ જ રહે છે. અન્ય આકારોના સંદર્ભમાં તેનો મૂળ આકાર જળવાય છતાં સ્વરૂપાર્થ બદલાય. અંક કે મૂળાક્ષરને ઊંધી-અવળી સ્થિતિમાં ગોઠવી શકાય નહીં, કારણ કે ક્યારેક તેનો અર્થ જળવાતો નથી અથવા બદલાઈ જાય છે. આ કારણસર ટેનગ્રામના આકારોની ગોઠવણી કરનારને પોતાના હેતુ તથા કલ્પનાશક્તિ સિવાય ઉપરોક્ત સૂત્રની મર્યાદામાં રહેવું પડતું નથી.

ચતુષ્કોણ, ત્રિકોણ તથા ષટ્કોણને બિન્દુઓ વડે સમવિભાજિત કરી તૈયાર કરેલ માળખાંઓ (grid) પર આધારિત રંગોળી સ્વરૂપોથી આપણે પરિચિત છીએ. ૨x૨ ના માત્ર ચાર બિન્દુઓથી બનતા માળખાનાં બિન્દુઓને જોડતી રેખાઓથી બનેલ કેટલીક રચનાઓ આકૃતિ ક્રમાંક-૩માં દર્શાવી છે. રંગોળીના આવા પ્રકારનાં પરંપરાગત ઘણાં સ્વરૂપો મળે છે, જે ગણિત સાથે સંબંધિત છે.



આકૃતિ-૩




આકૃતિ-૪

આંધ્રપ્રદેશ તથા તામિલનાડુમાં બિન્દુઓ દ્વારા માળખું તૈયાર કરી, બિન્દુઓને જોડવાને બદલે તેને સ્પર્શે પણ નહીં તે પ્રમાણે તેની આજુ-બાજુ વહેતી સળંગ

રેખાઓ દ્વારા રંગોળી દોરવાની પરંપરા જળવાઈ રહી છે. એમાંની કેટલીક રચનાઓ તો ઘણી વિસ્તરેલી અને જટીલ હોવા ઉપરાંત ક્યારેક તો માત્ર એકાદ બે સળંગ રેખાથી જ દોરવામાં આવે છે. ૫x૫ બિન્દુના બનેલ ૪ માળખાં પર આધારિત કેટલીક પારંપરિક રચનાઓ આકૃતિ-૪માં દર્શાવી છે. આવાં સ્વરૂપોનો 'સ્થાન-વિનિમય દ્વારા થતી સમન્વય સંભાવનાઓ' સાથેનો સંબંધ સ્પષ્ટ છે. ટેનગ્રામના સમચોરસને પણ ૫x૫ બિન્દુના બનેલ માળખા સ્વરૂપે જોઈ શકાય કે નહીં?

હવે કલ્પનાને જરા છૂટો દોર આપીને જોઈએ. યુરોપ-અમેરિકાની લગભગ બધી જ ભાષાઓના મૂળાક્ષરોનાં સ્વરૂપો તથા સંખ્યામાં સામ્ય છે. આથી એમ કહી શકાય કે એ બધી ભાષાઓનું સાહિત્ય ૨૬ મૂળાક્ષરો તથા વિરામચિહ્નોના પુનરાવર્તન સહિત કરાયેલ સ્થાનવિનિમય અને વિવિધ સમન્વયો દ્વારા સર્જાયું છે. (જો કે સારા સાહિત્યસર્જન માટે એ સિવાય અન્ય અનેક લાક્ષણિકતાઓની આવશ્યકતાઓ તો રહે જ છે.)

'કુમાર'માં સંગીતશાસ્ત્ર અંગેની ડૉ. હસુ યાજ્ઞિકની લેખમાળા પ્રકાશિત થતી રહી છે. એથી સાત સ્વરો. તેનાં વિવિધ સ્વરૂપો અને આયોજન વડે રચાતાં રાગ-રાગિણીનાં સ્વરૂપોનો પણ ગણિત સાથે સંબંધ છે. એ અંગે વિશેષ કહેવું બિનજરૂરી છે.




↑ તીરની ↑ નિશાની છે ↑ ત્યાં કાપવું (આઠ ટુકડા) ↑

આકૃતિ-૫

સ્થાન-વિનિમય દ્વારા શક્ય આયોજન સમન્વય સંભાવનાઓ પર આધારિત એક રમત થોડા સમય પહેલાં જોવા મળી ગઈ. વિક્ટોરિઅન સમય દરમિયાન ઈંગ્લંડમાં પ્રચલિત થયેલ આ રમત રમનારને આનંદ આપે છે અને તેની સર્જનાત્મક કલ્પનાને અભિવ્યક્ત કરવા પ્રેરે છે. સર્કસમાં જોવા મળતા, નટ-બજાણિયાની જેમ પોતાના શરીરને મરડીને વિવિધ અંગભંગિઓ કરી દેખાડતા ખેલાડીઓ જેવી આઠ આકૃતિઓનો એ રમતમાં ઉપયોગ કરાયો છે. તેમાં છ સમચોરસમાં એક અથવા બે માનવાકૃતિઓ દરેકમાં સમાવી છે. તે આકૃતિઓને એકબીજી સાથે - ઉપર, નીચે, આડી, અવળી, ઊંધી-સીધી એમ ગોઠવીને સર્કસમાં કે વ્યાયામશાળાઓમાં જોવા મળતા -ક્યારેક પિરામિડ નામે ઓળખાતા - ખેલ જેવી અનેકવિધ રચનાઓ થઈ શકે છે. એ રમતનો આનંદ માણવા આ સાથે આપેલ (આકૃતિ-૫) રેખાંકનની ટ્રેસિંગ અથવા ઝીરોક્સ જેવી પદ્ધતિથી નકલ મેળવી એક જાડા પૂંઠા પર ચોંટાડી દેવી. પછી આઠ આકૃતિ સમાવતા સમચોરસ તથા લંબચોરસ ટુકડા કાપી છૂટા કરી દેવા અને દરેક આકૃતિ તેની બાહ્યરેખાને અનુસરી કાપી લેવી. આમ, કાપેલી આકૃતિઓને ઓછી કે વત્તી સંખ્યામાં જે રીતે એકબીજી સાથે જોડવી હોય તેમ જોડી શકાશે. (જુઓ આકૃતિ-૬).

આકૃતિ-૬



આકૃતિઓને તેની વાંકીચૂંકી બાહ્ય રેખાને અનુસરીને કાપવાનું મુશ્કેલ લાગે તો ચતુષ્કોણ ટુકડાઓ રહેવા દઈ તેમાં દરેક આકૃતિની પાછળ-પાર્શ્વભૂમિમાં કોઈ એક ઘેરો રંગ ભરી દેવો. ટ્રેસિંગ કરવા માટે વપરાતા ખાસ કાગળ પર રેખાંકન દોરીએ તો બન્ને બાજુથી અવળી-સવળી રીતે આકૃતિ જોઈ શકાય. બાહ્ય રેખાને અનુસરી કાપેલ આકૃતિની પાછળની બાજુએ જો તેની જ અવળી (દર્પણ-પ્રતિબિંબ જેવી) નકલ ચોંટાડી દઈએ તો સર્કસની વિવિધ ગોઠવણીની શક્યતાઓ અનેક ગણી વધી જાય.

મૂળ વિક્ટોરિઅન રમત ૧૨ કે વધુ મિલિમીટર જાડાઈ ધરાવતા લાકડાના પાટિયામાંથી 'ફ્રેટ સો' નામની કરવત વડે આ આકૃતિઓ કાપી, રંગરોગાન કરીને ઉપયોગમાં લેવાતી હતી. અગાઉ ઉલ્લેખ કર્યો છે તે સૂત્ર કે નિયમ આ રમતની શક્ય આયોજનાની સંખ્યા જાણવા ઉપયોગી થઈ શકે એવો સંભવ નથી. પરંતુ એ સંખ્યાને 'અસંખ્ય' કહીએ તે જ કદાચ વધુ યોગ્ય છે. □

સામાન્ય ઘટના

લે. બનફૂલ   અનુ. કલ્પના વોરા - શાહ

વર્ષો પહેલાંની વાત છે. વિશ્વયુદ્ધ ચાલતું હતું. હું સ્કૂલમાં ભણતો હતો. અમારા ઘર પાસે અમારો કેરીનો બગીચો હતો. બેજદા એ કેરીના બગીચાના રખેવાળ હતા. બેજદાનું ખરું નામ વ્રજવિહારી હતું. એમાંથી ધીરે ધીરે વ્રજ અને પછી 'બેજો' થઈ ગયું. અમે એમને બેજદા કહેતા. બેજદાની ઉંમર કેટલી હતી તે ખબર નહીં. એમના દાંત મોટા અને હળદર જેવા પીળા રંગના હતા. આંખો મોટી મોટી અને લાલ હતી. આંખના ખૂણા મોટે ભાગે ભીના રહેતા. બેજદા મજબૂત અને પ્રતિભાશાળી હતા. તેઓ વાંસની લાઠીના છેડે કેરી પાડવા એક કટકો બાંધી રાખતા. કોઈ પણ ઝાડ પર પાકી કેરી જોતા તો બેજદા એ પાડી લેતા. બેજદાના ડરથી કોઈ બગીચામાં આવતું નહીં. પરંતુ એક દિવસ એક સાહેબ આવી ચડ્યા. એમના ખભે બંદૂક હતી. અમારા બગીચામાં 'સિંદૂરે' નામની કેરી હતી. એ કેરી પર જાણે કોઈએ ચારે બાજુથી સિંદૂર ન છાંટ્યું હોય! એ કેરી ખૂબ ખાટી લાગતી, પણ દેખાવમાં સરસ હતી.

સાહેબે બેજદાને એ કેરી બતાવીને કહ્યું, 'મને પેલી કેરી પાડી દે.'

'ખાશો?'

'હા.'

'એ કેરી બહુ ખાટી હોય છે. ચાલો હું તમને મીઠી કેરી આપું.'

બેજદા કેટલીક કેરી કાપી લાવ્યા. એક પણ કેરી સિંદૂર કેરી જેવી સુંદર ન હતી. છાલ કાળી કે હળદર જેવા રંગની હતી. એમાંની બે કેરી ખૂબ મીઠી હતી. ઝાડ પર લાકડી મારી સાહેબે કેરી ઉતારી. તેઓ બોલ્યા, 'મને પેલી લાલ કેરી જ જોઈએ છે.'

બેજદા બોલ્યા, 'હું એ કેરી નહીં આપું. એ કેરીમાંથી અથાણું, ચટણી વગેરે બને છે.'

'વારુ. હું તને એ કેરીનો એક રૂપિયો આપું છું.'

સાહેબે ખિસ્સામાંથી એક રૂપિયો કાઢીને ઝટ કરતો બેજદા સામે મૂકી દીધો. બેજદા બોલ્યા, 'હું કેરી વેચતો નથી.'

સાહેબ બંદૂક ઊંચી કરીને બોલ્યા, 'કેરી નહીં આપે તો હું તને ગોળીએ મારીશ.'

બેજદાના હાથમાં વાંસની લાકડી હતી. તેમણે તડાક દઈને સાહેબના માથામાં લાકડી મારી.

સાહેબના હાથમાંથી બંદૂક પડી ગઈ. બેજદા જોરથી બોલ્યા, 'ઓ રે, કોણ ક્યાં છે? જલદી આવો - એક સાહેબ મને ગોળી મારવા ઇચ્છે છે.'

આસપાસના બગીચાઓમાંથી હોહો કરતા ઘણા લોકો દોડી આવ્યા. સાહેબ બંદૂક લઈને ઊભી પૂંછડીએ નાઠા.

મારાં મમ્મી-પપ્પા હૉસ્પિટલમાં ડૉક્ટર હતા. એક કૉન્સ્ટેબલ દારોગાની ચિઠ્ઠી લઈને પેલા સાહેબને લઈને આવ્યો. દારોગાએ લખ્યું હતું, આ સાહેબને કોઈકે માર્યા છે. સાહેબે પોલીસ સ્ટેશનમાં રિપોર્ટ લખાવ્યો છે. એમને કપાળમાં વાગ્યું છે. તમે એ વિશે મેડિકલ રિપોર્ટ મોકલાવો. પપ્પાએ ઘા તપાસીને દવા લગાડી અને પાટો બાંધી આપ્યો. કૉન્સ્ટેબલના હાથમાં મેડિકલ સર્ટિફિકેટ પણ આપ્યું.

પછી સાહેબને કહ્યું, 'તમે અમારા બગીચામાં ગયા હતા. મારા નોકરને ગોળી મારવા ગયા તેથી જ તેણે તમને લાઠી મારી. કંઈ વધારે ઈજા નથી થઈ. કપાળમાં ઘા પડ્યો છે. તમને કેરી ભાવે છે?'

'હા, બહુ ભાવે છે.'

'તો બેસો હું તમને કેરી ખવડાવું.'

બેજદા અંદરથી કેરી લઈ આવ્યા. બીજી કેરી સાથે સિંદૂર કેરી પણ હતી. પિતાજી બોલ્યા - 'તમને આ જ કેરી જોઈતી હતી ને? તો એ પહેલાં ખાવ.'

સાહેબ એક કપડું આપતાં બોલ્યા, 'ઓહ ગૉડ!' પછી થોડી મીઠી કેરી ખાધી.

કેરી ખાતાં એમને ખૂબ આનંદ થયો. તેઓ બોલ્યા - 'આશ્ચર્ય! આટલી મીઠી કેરી! પરંતુ બધાં કરતાં મીઠું શું છે જાણો છો?'

'શું?'

'તમારો આ નોકર.'

એમ કહી બેજદાને જોરથી પકડી ગાલે ચુંબન ચોડી દીધું. □

અમેરિકામાં ભારતીયો : આત્મઓળખની ખોજમાં - ૨૨

પ્રા. પ્રવીણ ન. શેઠ

હાઈટેકમાં અદ્‌ભુત 'ટેક-ઑફ'ની ઊર્ધ્વ દિશામાં (ગતાંકથી ચાલુ)

ભારતીય ફિલસૂફી પરંપરા પ્રતિ કેટલાક સફળ ઉદ્યોગસાહસિકો વળ્યા છે. ૧૯૯૮માં સ્ટેનફર્ડ યુનિવર્સિટી કેમ્પસ પર ગીતા ઇન્ટરનેશનલ કૉન્ફરન્સમાં આવા કેટલાક આંતરિક શાંતિથી વંચિત એવા સફળ ઉદ્યોગસાહસિકોએ પોતાની કેફિયત રજૂ કરી જ હતી. કૉન્ફરન્સનો વિષય પણ ભારતીય દિમાગને અનુરૂપ હતો. 'રીકનેક્ટિંગ સ્પિરિચ્યુઆલિટી વીથ ટેક્નૉલૉજિ' એમાં સુહાસ પાટિલ સહિત અગ્રણી ઉદ્યોગપતિ સ્વાનુભવો કહેતા, એક નીવડેલા ઉદ્યોગપતિએ કહ્યું : 'મારી કંપનીના વિકાસકાર્યમાં હું મારાં વધુ ને વધુ સમય અને ધ્યાન વધારતો ગયો. કુટુંબમાં મારી હાજરી નહીંવત્ બનીગઈ. તેથી મારી પત્ની મારાથી વિમુખ થઈ ગઈ. બાળકો માટે હું જાણે અજાણ મહેમાન જેવો બની ગયો. દરમિયાન હું ભારત-બનારસ ગયો ત્યાં એક વિદ્વાન સંતે મને ગીતાનું મહત્ત્વ સમજાવ્યું. હું પાછો અમેરિકા આવ્યો ત્યારે કામ તો લગભગ એવું જ કરું છું, પણ હું મારા જેવી જ સૉફ્ટવેર વસ્તુ બનાવનાર હરીફ વધુ સારી પ્રોડક્ટ બનાવી લેશે તો?, મારી કંપનીના સ્ટોકના ભાવ ઓછા થશે અને હરીફ કંપનીના સ્ટોક ઊંચા જશે ને હું પાછળ પડી જઈશ તો?, આવી કોઈ ચિંતા કર્યા વિના ફળની આશા રાખ્યા વિના જ હું કાર્યરત રહું છું. તેથી મને હવે આંતરિક અજંપો રહેતો નથી. અને ઘરમાં પત્ની અને બાળકો સાથે સમય ગાળવામાં મનથી પૂરો પરોવાઈ શકું છું. હવે કુટુંબમાં ઉષ્મા અને એખલાસનો માહોલ અનુભવુ છું.' બીજા આવા ઉદ્યોગપતિએ કહ્યું : 'ભૌતિક વૈભવની સુખ આપવાની મર્યાદા ગીતાએ મને બરાબર સમજાવી છે. અહીં (સિલીકોન વેલિમાં) ગીતાકેન્દ્રમાં વારંવાર જવાનું શરૂ કર્યા પછી હું વ્યવસાયની સફળતા, કુટુંબનો આનંદ અને અંગત શાંતિ વચ્ચેની સમતુલા જાળવવા પ્રયત્ન કરું છું એટલે પ્રમાણમાં તનાવમુક્તિ અનુભવી રહ્યો છું.'

અહીં પોતાના શિક્ષણ, વૈજ્ઞાનિક સંશોધન કે બિઝનેસઉદ્યોગમાં આગળ આવવા અમેરિકન યુવક-યુવતીઓ મહત્ત્વાકાંક્ષી હોય, તો ૩૫-૪૦ વર્ષ સુધી પરણતાં નથી. તેથી તેમને કૌટુંબિક દબાવનો પ્રશ્ન નડતો નથી. વળી, સેક્સ અંગે તેઓ મુક્ત સાહચર્ય સરળતાથી માણી શકે છે. એટલે યુવાનીસહજ મૂંઝવણો અનુભવતા નથી. સુહાસ પાટિલથી માંડીને અજય તલવાર તેમના ઇન્ટર્વ્યૂમાં જણાવે છે કે તેઓ અમેરિકન યુરોપિયનોની જેમ માત્ર ઉદ્યોગવ્યવસાયને કે ઊંચી પાયરીની જૉબની સમય માગ છતાં પોતાના કુટુંબ પાછળ પૂરતો સમય ગાળે છે. વળી, કુટુંબ માટેના મહત્ત્વના પ્રસંગોમાં ભાગ લેવા માટે પૂરતો સમય ફાળવવામાં સતર્ક રહે છે. સમજુ પત્ની તો પશ્ચિમના યુગલમાં બને છે તેમ સ્ત્રી પોતાના વ્યક્તિત્વના વિકાસ અને અલગ રુચિ કે વ્યવસાયી વિકાસને છોડતી નથી, તેવું ભારતીય કુટુંબોની બાબતમાં ઓછું બને છે. ભણેલી કે વ્યવસાયશિક્ષણ પ્રાપ્ત કર્યું હોય તેવી પત્ની પણ પતિને તેના નવા સાહસમાં વધુ સમય આપવો પડે તે સમજીને તેને સાથ આપે છે કે બાળકોની સંભાળમાં પોતે વધુ સમય ફાળવે છે. આવા સામાજિક-સાંસ્કૃતિક પરિબળો પણ અહીં ભારતીયોની (ગોરા સહિત બીજી ઘણી પ્રજાઓની સરખામણીએ) વધુ ઝડપી પ્રગતિ અંકે કરી શક્યાં છે. સાથે ટેકનોલૉજિની સામાજિક અસરો અસહ્ય ન બની જાય તે માટે (યહૂદી, ચીના, પાકિસ્તાની જેવા અપવાદ સાથે) વ્યવસાય અને કુટુંબ વચ્ચે સમતુલા જાળવી શકાય તેવી સમજ અને સજ્જતા પ્રાપ્ત કરી શકે, તેવુંમાનવાને પૂરતાં કારણો રહે છે.

ભારતીયોએ હોટેલ-મોટેલ અને હાઈટેક ક્ષેત્રમાં વ્યાપક સિદ્ધિ મેળવી છે. તો બીજા આર્થિક ક્ષેત્રોમાં પણ વ્યક્તિગત રીતે મોટો બિઝનેસ સિદ્ધ કર્યો છે. 'ઇન્ડિયા ટુ અબ્રોડ' (ન્યૂ યૉર્ક સહિત નૉર્થ અમેરિકામાં છ સ્થળેથી પ્રસિદ્ધ થતું, દક્ષિણ એશિયાનું સૌથી વધુ ફેલાવો ધરાવતું અઠવાડિક ન્યૂઝ મેગઝીન ૧૯૯૭થી અમેરિકાના આવા ભારતીય બિઝનેસ ઉદ્યોગપતિઓની વિગતવાર મોજણી કરે છે. દર ૫ વર્ષે પહેલાં સો ઉદ્યોગપતિઓની વિગતો સાથે યાદી બહાર પાડે છે. ઉત્તરોત્તર આવા ઉદ્યોગપતિઓની કુલ અસ્કયામત વધતી ગઈ છે. તેઓ કુલ ૩૦,૦૦૦થી વધુ લોકોને નોકરી આપે છે. પહેલાં સો ભારતીય ઉદ્યોગપતિઓમાં સૌથી વધુ મૂળ ગુજરાત કે મુંબઈથી આવેલા ગુજરાતીઓના નામ ગણી શકાય છે. નાના પાયાના ઉદ્યોગોમાં ભારતીયો કોરીઅનો અને જપાનીઓ પછી ત્રીજે ક્રમે આવે છે. હવે તો ભારતીયોએ બૅન્ક પણ કાઢવા માંડી છે. ૨૦૦૦ના વર્ષમાં આટલાન્ટામાં હોરાઈઝન બૅન્ક માઇક પટેલે ભારતીય, એશિયનો અને ગોરા અગ્રણીઓ સાથે મળીને સ્થાપી છે. તેઓ તેના પહેલા પ્રમુખ છે. મોટેલ ઉપરાંત કન્વિનીઅન્સ સ્ટોર્સ, ડ્રાઇ ક્લીનર્સ વગેરે સ્થાપવા માગતા ભારતીયો અને બીજા એશિયનો માટે તે લોન આપીને ખાસ ટેકારૂપ બનવા માંડી છે. એક નોંધવાયોગ્ય પાસું એ છે કે મોટેલ, હાઈટેક અને મધ્યમ-નાના વેપાર ઉદ્યોગોમાં આગળ આવનાર કે નામ કાઢનાર ભારતીયોમાં ઠીક પ્રમાણમાં આફ્રિકામાં (ટાન્ઝાનીઆ,

કેન્યા, યુગાન્ડા)થી સીધા કે થોડો સમય લંડન રહીને આવેલા હોય તેવા ભારતીયો (મુખ્યત્વે ગુજરાતીઓ) છે. આજે વૈભવમાં આળોટતા કે પોતાના ક્ષેત્રમાં અગ્રણી બનેલા ભારતીયો પહેલી વાર ન્યૂ યોર્ક કે સાનફ્રાન્સિસ્કો ઊતર્યા ત્યારે તેમની પાસે ૨૨થી ૫૦ ડોલર માંડ હતા. છાપાંનો સ્ટૉલ કાઢીને કે રેસ્તુરાં-મોટેલમાં ડિશ ધોવાનું કે સાફસૂફી કરવાનું કામ કરતા હતા. 'રૂમ ટુ રીચીઝ'ની કે 'સ્ટૉલથી મિલ્યન ડૉલર હોટલ'ની વાર્તાને ચરિતાર્થ કરનાર ભારતીયો છે.

ભારત સાથે અનુબંધ : આવો વર્ગ કેવા વિચારો ધરાવે છે? પોતાના અહીંના અને વતનના સમાજ પ્રતિ કેવી ભાવના ધરાવે છે? સિલીકોન ઇન્ડિયાના એપ્રિલ અંકમાં અહીં ભારતીયોમાં પહેલા ૫૦ ક્રમે મુકાયેલા ઉદ્યોગપતિઓની મોજણી કરવામાં આવી છે. એમણે આપેલા ઉત્તરોનું મેં વિશ્લેષણ કર્યું ત્યારે જાડી રીતે આવું તારણ કાઢ્યું છે. ૩૦ ઉદ્યોગપતિઓ એમની સફળતામાં પ્રભુની કૃપા અને/કે પોતાની પત્નીના સાથને યાદ કરે છે. ભારતમાં ખાસ કરીને પોતાના વતન રાજ્યમાં બૃહદ્રૂપે શિક્ષણનો પ્રસાર કરવા માટે, તેમજ કેટલાક નવી ટેક્નોલૉજિલક્ષી શિક્ષણસંસ્થા સ્થાપવા માગે છે. કેટલાક હેલ્થકેર માટેનાં કેન્દ્રો પાછળ નાણાં આપવા માગે છે. ઘણાંએ લાખો રૂપિયાના દાનથી કે ટ્રસ્ટ ઊભું કરવાનું કામ પૂરું પણ કર્યું છે. કેટલાંક અહીં શિક્ષણ, સ્વાસ્થ્ય, અપંગોના કલ્યાણ વગેરે માટે સ્વૈચ્છિક સંસ્થા ઊભી કરીને ભારતમાં તેનું કાર્ય ગોઠવે છે. શેર એન્ડ કેર, કાય, ઇન્ડિયા, લિટરસી પ્રોગ્રામ, આશા વગેરે આ ક્ષેત્રમાં ધ્યાન ખેંચે છે. તો કેટલાંક પોતાના ગામનો સંકલિત વિકાસ કરવા માટેના પ્રોજેક્ટ સફળતાપૂર્વક આગળ વધારી રહ્યાં છે. કુમાર બહુલેયન નામના ન્યૂરો સર્જને કેરલના પોતાના ગામનો આવા અભિગમથી ચહેરો બદલી નાખ્યો છે. ૧૯૮૯માં આ ગામ પાસે પાણીથી પોચો પડેલો જમીન વિસ્તાર હતો. ભારે બેરોજગારી, જાહેર સુખાકારી કે પીવાનાં પાણીનું નામમાત્ર નહિં. લોકોમાં ભૂખમરો વ્યાપક હતો. કુમારે પોતાની લગભગ બધી સંપત્તિ પોતાના ગામના સર્વ પ્રશ્નોના ઉકેલ માટે રોકી. ૧૯૯૯માં 'ધ વીક' સામયિકે તેની સમીક્ષામાં બતાવ્યું છે તેમ ત્યાં હવે પ્રોવિઝન સ્ટોર અને હેલ્થકેર કેન્દ્રો ધબકે છે. ગામને વીજળી પ્રાપ્ત થઈ છે. અરે, ત્યાં સુપરસ્પેશ્યાલિટી હોસ્પિટલનું આ સર્જને સર્જન કર્યું છે. મહેસાણામાં ટેકનિકલ અને મૅનેજમૅન્ટનું સંકુલ ગણપતનગર તરીકે ઊભું થવા માંડ્યું છે. સામ પિત્રોડાનો એકશન ઇન્ડિયા પ્રોજેક્ટ ગુજરાત અને ભારતના જળસંશોધન, ગ્રામવિકાસ, ઇન્ટરનેટ દ્વારા જનસાધારણનો વિકાસ સાધવો કે અમદાવાદમાં અમરિકાના ડૉક્ટર દંપતી (ડૉ.અતુલ ચોકસી) હૃદય અને બીજા રોગોની ખૂબ અદ્યતન સર્જરી, હાર્ટટ્રાન્સપ્લાન્ટ અને બીજી સુવિધાઓ માટે કરોડો રૂપિયા ફાળવીને સુપરસ્પેશ્યાલીટી હોસ્પિટલ સ્થાપે છે. બીજું મહત્ત્વનું પ્રદાન અદ્યતન ઉચ્ચ ટેક્નોલૉજિ ભારતમાં બધે આપવામાં અહીંના ઉદ્યોગપતિઓ છેલ્લાં દોઢેક વર્ષથી વ્યવસ્થિત રીતે પ્રયાસ કરી રહ્યા છે. 'ટાઈ' સંસ્થાના પાંચ ચૅપ્ટર છેલ્લા છ માસમાં ભારતમાં સ્થાપવામાં કંવલ રેખીએ અગ્ર ભાગ ભજવ્યો છે. ખાસ કરીને સૉફ્ટવેર જેવું જ્ઞાનકેન્દ્રી બિઝનેસક્ષેત્ર 'નવા અર્થકારણ'માં ભારતને આગળ લાવી દે, તેવું ક્ષેત્ર છે. ભારતમાંના યુવાનોના સૉફ્ટવેર-કૌશલને સિલીકોન વેલિના અનુભવી ઇન્ફોટેક ભારતીયોનું માર્ગદર્શન મળે અને તે રીતે ભારતમાં 'ઇન્ફોટેક-વિસ્ફોટ'ની ઘટનાને આકારવામાં ભારતીય અમેરિકનો ધીરાણ આપીને પણ સક્રિય બનવા લાગ્યા છે. અદ્યતન આઈ.આઈ.ટી. કેન્દ્રો સ્થાપવા કરોડો રૂપિયા ફાળવનાર છે. ભારત અને અમેરિકા પોતાના મૂળ વતન અને અપનાવેલા વતન એ ઉભય વચ્ચે પોષક અને ભાવનાત્મક અનુબંધ ઊભો થાય તેવો આ સાંપ્રત પ્રવાહ સૂચક બની જાય તેવું લાગે છે. કારણ નવી સદી અને નવા યુગના અર્થકારણ ટેક્નોલૉજિ સાથે તેનો સંબંધ છે. હાઇટેક ઉદ્યોગ-સાહસિકોએ અહીંના ભારતીયોનો પ્રોફાઇલ ખૂબ ઊંચે લાવી દીધો છે. ફૉર્ચ્યૂન જેવું પ્રતિષ્ઠિત વ્યવસાયલક્ષી મૅગેઝીન (૧૫ મે, ૨૦૦૦)ના ખાસ અંકમાં અમેરિકાના ટોચના ૨૫ બિઝનેસ-અગ્રણીઓની યાદીમાં ત્રણ તો ભારતીયો છે - સંજીવ સીધુ, વિનોદ ખોસલા અને મોહનવીર સોહની. વિનોદધામ પ્લેટિઅમ ચિપ્સનો અને માઇક્રોપ્રોસેસરનો મુખ્ય સર્જક છે. વિશ્વમાં સૌથી વધુ ઇ-મેઇલ લાઇનના વપરાશકાર ધરાવનાર હૉટમેઇલનો સર્જક સુબીર ભાટિયા છે. ઘર બાંધવાનો ખર્ચ અડધોઅડધ કરી આપે, ઘરમાં ઓછાં લાકડાં વપરાય તેવી ટેક્નોલૉજિ ઇન્ટરનેટ દ્વારા શોધી આપીને પર્યાવરણીય સંપદાને બચાવી આપે, ખૂબ પરવડે એવા દરે ઝડપથી વ્યક્તિગત અને વ્યાપારી સંપર્કોને સુલભ કરી આપે તેવી ઇન્ટરનેટ અને ટેલિકૉમ્યૂનિકેશન્સ ક્ષેત્રે જે પ્રદાન કરનાર હોય તેમાં ભારતીયો અગ્રસ્થાને છે. ફૉર્ચ્યૂનના સંવાદદાતા આને 'બીજી ઔદ્યોગિક ક્રાન્તિ' કહે છે.

૨૦મી સદીના અને ૨૧મી સદીના સંધિકાળના મહિનાઓમાં ભારતીય અને અમેરિકન મીડિઆએ આ ઘટનાની મન મૂકીને નોંધ લેવા માંડી છે. ફાઈબર ઑપ્ટીક્સ અને ચિપ્સ 'નવું અર્થકારણ' આકારનારા, 'ઇ-બિલીઓનર્સ', 'ફેમિ ફેટલ' (ગતિશીલ ભારતીય મહિલા ઉદ્યોગપતિઓને અનુલક્ષીને), આવા પ્રયોગોથી તેમને વિશેના લેખો લખાયા છે. 'કરી નેટવર્ક'ના શીર્ષક નીચે હાઇટેક ક્ષેત્રમાં ભારતીય બિરાદરી કેવા જંગી મૂડીરોકાણ અને લાખો ડોલરના 'સ્ટાર્ટ-અપ' (નવી કંપની) સ્થાપવાનો પિંડ બાંધે છે તેની વાત 'ઇન્ડસ્ટ્રિઅલ ટાઇમ્સ' અને 'ફૉર્ચ્યૂન' આપે છે, ટાઇમ્સ ઑવ્ ઇન્ડિયા સમગ્ર વિશ્વમાં ઇન્ફોટેક દ્વારા છાઈ જતા એ 'ગ્લોબોકૉર્પ'ની વાત કરે છે. પ્રમુખ ક્લીન્ટન મે, ૨૦૦૦માં એશિયા અને પૅસિફિક આઇલૅન્ડર્સ વિષયક ૧૫ અગ્રણીઓની પ્રતિષ્ઠાની

(અનુસંધાન પૃ.૫૦૪)

प्रसंगपराग

સિડી નવાબ

રમેશ બી. શાહ

સો વર્ષ પહેલાંની વાત છે. ઓગણીસમી સદીનું અવધની નવાબીવાળું શહેર - લખનઊ. ત્યાં ગોલાગંજ મહોલ્લાના એક ખૂણાની દુકાનમાં નાનબાઈ કબાબ, ગોસ્તના ટુકડા અને રોટી-પરોઠા શેકે છે. સામે લાકડાની બે-ચાર બેન્ચો પર ખાવાવાળા ગ્રાહકો તલપથી બેસી રાહ જોઈ રહ્યા છે. પાસેની એક બેન્ચ પર આધેડ વયનો એક ગાયક ગાઈ રહ્યો છે. એની આજુબાજુ ટોળે વળેલાં લોકો વારંવાર વાહ... વાહ... પોકારી રહ્યાં છે.

ભીડમાંથી કોઈએ પૂછ્યું : 'આ કોણ ઉસ્તાદ છે?' જવાબ મળ્યો, 'નામ તો ખબર નથી. એ ઉસ્તાદ છે કે નહીં એની પણ મને ખબર નથી. પરંતુ આ મહોલ્લામાં અને પૂરા લખનઊ શહેરમા એને 'સિડી નવાબ'ના નામે જાણે છે.'

ફરી સવાલ, 'સિડી નવાબ પાગલ છે શું?'

ત્રીજો બોલ્યો, 'પાગલ જ છે ને! એટલે તો આવો ગુણવંત ગાયક અહીં નાનબાઈની દુકાન પર ગાયા કરે છે.'

પહેલો જણ ફરી બોલ્યો, 'અજબ વાત છે! આવું જોરદાર ગાનાર રાજદરબારમાં પહોંચી જાય તો એ શાહી ગવૈયાનું સન્માન પામે. કેવો સૂરીલો અવાજ છે! અને કેવી મુશ્કેલ તાનો એના ગળામાંથી સરળતાથી વહે છે!'

ચોથો વળી ઊંચા અવાજે દાદ દેતો બોલ્યો, 'વાહ ઉસ્તાદ! મોતીની માળા જેવી તાનો ગૂંથાય છે!'

પાંચમો બુઝર્ગ બોલ્યો, 'બરખુદાર! આવી બંદીશ તો ક્યારેય સાંભળી નથી. બોલ-બનાવનો શું અંદાજ છે.!'

આધેડ વયનો આ ગાયક જેને બધા પ્યારથી 'સિડી નવાબ' કહેતા એ હજુ ઉત્સાહથી ગાઈને જાણે પોતે મજા લઈ રહ્યો છે! નાનબાઈ પણ ટિક્કીઓ શેકતાં શેકતાં તવા પર તાવેથાથી તાલ દે છે. ગાયન પૂરું થયું એટલે બોલ્યો, 'વલ્લાહ ક્યા બાત હૈ, નવાબ સાહબ!'

સિડી નવાબ કાંઈ બોલે એ પહેલાં ભીડમાંથી એકસામટા અવાજો ઊમટ્યા, 'એક ગઝલ હો જાય, નવાબ સાહબ!'

'રૂક જાઓ મિયાં! બધાંની ફરમાઈશ પૂરી કરવા દો.' સિડી નવાબે હસીને શ્રોતાઓ તરફ નજર નાખીને નાનબાઈને કહ્યું. 'હાં જનાબ! તમારી તબિયત ખુશ થાય એવી ગઝલ સંભળાવું.'

સિડી નવાબે જેવી ગઝલ છેડી કે દુકાન પર એકઠાં થયેલાં લોકો 'વલ્લાહ ક્યા બાત હૈ, માશા અલ્લાહ, જિયો જિયો'ના અવાજ સાથે ઊછળવા લાગ્યા. સિડી નવાબના કંઠે એક એક શેર સાંભળી લોકો ખુશીથી ઝૂમી ઊઠ્યા.

ગાયન પૂરું થયું. નવાબ પાસે જઈ જઈને લોકો મુબારકબાદી આપી રહ્યાં એટલામાં નાનબાઈ એક ડિશમાં બે રોટી અને કબાબના ટુકડા લઈ આવ્યો. 'લીજીએ નવાબ સાહબ, ખાના હાજીર હૈ, મલાઈ પણ મંગાવી છે, હમણાં જ આવી જશે.'

સામે ડિશ જોઈ નવાબે પૂછ્યું, 'બડે મિયાં, ઘરે બીબીજાનને પણ ખાવાનું પહોંચાડ્યું છે ને?'

નાનબાઈએ હકારમાં માથું ધુણાવ્યું. પછી જ સિડી નવાબે રોટીના ટુકડા કર્યા.

*

અવધની નવાબીનો દરબાર લખનઊની 'છત્તર મંઝિલ'માં એની જાહોજલાલી છલકાવતો હતો. ભર્યા દરબારમાં વિદ્વાનો અને ગુણીજનોની સભા ભરાતી. એ દિવસોમાં દિલ્હીથી આવેલા કોઈ ગાયકનું ગાયન લખનઊ દરબારમાં ચાલતું હતું. ગવૈયો એની ગાયનકળામાં ઉસ્તાદ હતો છતાં એનું ગળું એને સાથ આપતું ન હતું; સ્વર પણ ગાયકને સાથ આપતા ન હતા. નવાબ પોતે પારખુ હતા. એમનું મન નાખુશ થયું. જલસો અધૂરો રહ્યો. વજીરને કહ્યું, 'મીર સાહેબ, કોઈ જાણકારને બોલાવીને ગાયન સંભળાવો.'

વજીરે કહ્યું, 'હજુર, આલીજાહ! આપણા લખનઊની ધૂળમાં જ અણમોલ રતન છે! લાજવાબ સૂરીલો કંઠ છે. આલાપ તો એવો ગાય છે કે સાંભળનાર ગદ્‌ગદ થઈ ઊઠે છે! એની કમનસીબી છે કે આપની અમીનજર એના ઉપર પડી નથી.'

નવાબે હુકમ કર્યો, 'તરો બોલાવો એને.'

વજીરે કહ્યું, 'એનું ઠામ-ઠેકાણું મળવું મુશ્કેલ છે. લોકો એને હૈદરીખાંના નામથી ઓળખે છે. લાડથી એને સહુ 'સિડી નવાબ' કહે છે. એનું ગાયન રોજ સાંજે ગોલાગંજમાં થાય છે. ક્યારેક આપણે એ બાજુ નીકળીશું ત્યારે એને સાંભળીશું.'

નવાબ હસીને બોલ્યા, 'બહુત ખૂબ, બહુત ખૂબ! આજે સાંજે જ.'

એ દિવસે સાંજે, ગોલાગંજમાં એ જ નાનબાઈની દુકાન પર રોજની જેમ ભીડ જામી હતી. સૂરપેટી લઈને હૈદરીખાં ઉર્ફે સિડી નવાબની મહેફિલ જામી હતી.

સિડી નવાબની હરેક તાન પર 'વાહ વાહ'ની ઝડી વરસતી હતી. એનું ગાયન પણ કેવું હૃદયદ્રાવક! સાંભળનારાઓની આંખમાંથી આંસુ વહ્યે જતાં હતાં.

નક્કી થયા પ્રમાણે, નવાબની ફાઇટન ઘોડાગાડી એ રસ્તે નીકળી. લખનઊમાં સહુ જાણતા કે પ્રજાનાં સુખ-દુ:ખ જોવાં જાણવાં માટે, નવાબ ખુદ નગરચર્યા માટે આમ નીકળતા હોય છે. લોકોને આની નવાઈ ન હતી; હૈદરીખાંનું ગાયન સાંભળવામાં સહુ મશગુલ હતાં. નવાબની સવારી પણ દૂર એક બાજુ ગાયન સાંભળવા અટકી. નવાબ સાહેબ, જે આજે શાહી લેબાશમાં ન હતા તે, મુગ્ધ થઈ ગાયન સાંભળી રહ્યા હતા. વચ્ચે વચ્ચે 'વલ્લાહ ક્યા બાત હૈ' એમ બોલી ઊઠતા.

ગાન પૂરું થયું. નવાબ સાહેબે સિડી નવાબને પોતાની પાસે બોલાવી કહ્યું, 'વાહ! માશા અલ્લાહ! આપ બહુ સુંદર ગાઓ છો.'

સિડી નવાબે આદરપૂર્વક એમની વાત સાંભળી. અવધના

નવાબે કહ્યું, 'અમારા ગરીબખાનામાં આવીને મહેફિલ જમાવો. તમારી મહેરબાની થશે.'

સિડી નવાબે કહ્યું, 'આવીશ. જરૂર આવીશ. એમાં શી મોટી વાત છે!'

નવાબની ગાડી ઊપડી. થોડી આગળ વધી ત્યાં તો સિડી નવાબ દોડીને ગાડી પાસે ગયા. 'અરે! ભાઈ સા'બ! આપે નિમંત્રણ તો આપ્યું. પરંતુ આપનું ઠેકાણું તો આપ્યું નહીં.'

નવાબ સાહેબ હસ્યા. એમને થયું કે કોઈ અલગારી કલાકાર સાથે પાનો પડ્યો છે. હાથથી ચપટી વગાડીને કહ્યું, 'ગોમતીને કિનારે છત્તર મંઝિલ છે ત્યાં હું રહું છું.'

હૈદરીખાંએ એકદમ કહ્યું, 'હાં હાં! ત્યાં તો આપણા લખનઊના નવાબ પણ રહે છે.'

'હાં, હાં!' સિડી નવાબના જ લહેકાથી નવાબ સાહેબે જવાબ વાળ્યો, 'એ જ જગ્યા.' અને નવાબની ગાડી આગળ ચાલી.

*

આજે અવધમાં નવાબનો દરબારે-આમ ભરાયો હતો. ખુદ નવાબ સાહેબ આજે લખનઊના હૈદરીખાંને સાંભળવા હાજર હતા. હૈદરીખાંએ આલાપથી ગાયનનું મંડાણ કર્યું. થોડી વારમાં તો મહેફિલ સૂરની ગાંઠમાં પરોવાઈ ગઈ. રાગ યમનથી માંડીને રાગ દરબારી સુધી એવી અજોડ રાગદારી પેશ કરી કે સાંભળનારાઓ પોતાની સૂધબૂધ ભૂલી ગયા. સિડી નવાબે એવું ગાયન ગાયું કે શ્રોતાઓ ક્યારેક ઝૂમી ઊઠે, ક્યારેક આનંદમાં ડૂબી જાય, ક્યારેક રડી ઊઠે! સંગીતને તાલે તાલે 'વાહ, વાહ'ના સ્વરોથી દરબાર ગાજી ઊઠ્યો.

મહેફિલ પૂરી થઈ અને હૈદરીખાં સહુને સલામ કરી ઊભા થયા. લખનઊના નવાબ સંતોષભરી નજર નાખી બોલ્યા, 'કમાલ કરી તમે તો! આવું દિવ્ય સંગીત અમે ક્યારેય સાંભળ્યું નહોતું. નવાબ ખૂબ જ ખુશ છે. માગો. તમારી મુરાદ પૂરી કરીશું.'

હૈદરીખાં ખુશ થઈને બોલી ઊઠ્યા, 'બસ, હજૂરની મહેરબાની રહે. બીજું આ બંદાને કાંઈ ન જોઈએ.' નવાબ ફરી બોલ્યા, 'નહીં, તમે માગી લ્યો. તમારે શું જોઈએ?'

હૈદરીખાં જરા ખમચાયા, ઊભા રહ્યા. પછી બોલ્યા, 'માગું હજૂર?'

નવાબ બોલ્યા, 'હાં, હાં, ભાઈ!'

હૈદરીખાં કહે, 'હજૂર, બે ચીજ આપો.'

નવાબે કહ્યું, 'વગર સંકોચે.'

હૈદરીખાં પછી બોલ્યા, 'પહેલી માગ તો એ કે, ગોલાગંજના નુક્કડ પર નાનબાઈને ત્યાંથી બે રોટી અને કબાબના ચાર ટુકડા તથા એની બાજુના ચુન્ના હલવાઈને ત્યાંથી ચાર પૈસાની મલાઈ મગાવી આપો. આ મારી માગ છે.'

નવાબ બોલ્યા, 'આજ મારા મહેલમાં મારી સાથે ભોજન લેવા પધારો.' પણ હૈદરીખાંએ વિનમ્રપણે ઇન્કાર કરતાં આગળ કહ્યું, 'અને હજૂર! આવી બીજી પ્લેટ નાકા હિંડોલની ગલીમાં મારે ઘેર રાહ જોતી મારી બેગમને મોકલી આપો. એ ખાશે નહીં ત્યાં સુધી હું એક બટકું પણ ખાઈ નહીં શકું.'

નવાબ સાહેબ ગાયકની આ નિર્દોષ વાતોથી પ્રભાવિત થયા. સિપાહીને નાનબાઈને ત્યાં દોડાવ્યા. પછી હૈદરી મિયાંને પોતાની સામે બેસાડી પૂછ્યું, 'બડે મિયાં, હવે બીજી માંગ પણ જણાવો.'

'હજૂર! જાન માફ હોય તો જણાવું.'

'નિર્ભય થઈ કહો.'

હૈદરીખાં સાવધાની બોલ્યા, 'હજૂર! આજે આપે મને બોલાવ્યો તે ભલે બોલાવ્યો. હવે બીજી વાર મને દરબારમાં ગાવા ન બોલાવતા. આજે આપ ખુશ થઈ જાગીર આપી દેશો તો ક્યારેક નારાજ થઈ મારી જાન પણ લઈ લો! અવધને બીજા નવાબ તો મળશે પણ લખનઊના આશિકોને બીજો હૈદરી નહીં મળે. મારી જગ્યા તો ગોલાગંજમાં નાનબાઈની દુકાન જ છે. હજૂરને ક્યારેય મારું ગાયન સાંભળવાની ઇચ્છા થાય તો ત્યાં એની દુકાન પર જરૂરથી તશરીફ લાવજો.'

સિડી નવાબે પોતાનું નામ સાર્થક કર્યું અને નવાબ પાસેથી જવાબની કોઈ ઉમેદ રાખ્યા વિના ઝૂકી આદાબ કરી સહુના દેખતાં દરબાર છોડી ચાલી નીકળ્યા.

બીજે દિવસે ગોલાગંજના એ જ નુક્કડ પર નાનબાઈની દુકાનમાં મસ્ત થઈ એમના આશિકોને રીઝવી રહ્યા હતા. એવી જ હકડેઠઠ ભીડ જામી હતી. તાન અને મુર્કી પર વાહ વાહ વરસી રહી હતી. નાનબાઈની આંખોમાં ખુશીનાં આંસુ છલકી ઊઠ્યાં.

'સિડી નવાબે તો મારી આ દુકાનને અવધના દરબાર કરતાં પણ ઊંચો દરજ્જો આપ્યો!'

(કેશવચન્દ્ર વર્માના હિંદી પુસ્તક 'મનકે સૂર'માંથી અનુવાદ)

અનુ.] અમેરિકામાં ભારતીયો [પૃ.૫૦૨થી

સલાહકાર સમિતિમાં વિનોદ ધામ અને માઇક (મુકેશ) પટેલને નીમે છે. પ્રમુખની સોફ્ટવિષયક સલાહકાર સમિતિના અગ્રણી તરીકે ડૉ.રાજુ મુકાય છે. વડા પ્રધાન વાજપેયીની સોફ્ટવેરની સલાહકાર સમિતિમાં અને બીજી ઉચ્ચ સમિતિઓમાં પણ ભારતીય અમેરિકનો છે.

ટેક્નોલોજિ અને અર્થકારણ ક્ષેત્રમાં ભારતની પ્રતિભાનો, તેનો વધુ સારો ચહેરો અને પ્રભાવશાળી હસ્તી સિલીકોન વેલી અને વૉશિંગ્ટન-વર્જેનિયાની પટ્ટી પર આકાર લઈ ચૂક્યો છે. તેથી જ આ લખનારે એમના હમણાં જ તૈયાર થઈ ચૂકેલા 'ઇન્ડિયન્સ ઇન અમેરિકા : વન સ્ટ્રીમ, ટુ વેઝ એન્ડ થ્રી જનરેશન્સ' એ પુસ્તકમાં આ વિષય પરના પ્રકરણનું શીર્ષક આપ્યું છે - 'ઇન્ડિયન અમેરિકન ઇન્કોર્પોરેશન.' □

ઈતિહાસધારા

અશોક હર્ષ

પંજાબના મહારાજા રણજિતસિંહે ઈ.૧૮૦૯માં હિમાલયના પહાડી વિસ્તારમાં આવેલ મંડી તથા કાંગરા જીતી લીધાં ત્યાં સુધી તે તરફ નહોતી મુગલોની નજર વળી કે નહોતી અંગ્રેજોની. રણજિતસિંહે આ વિસ્તાર કબજે કર્યા બાદ થોડા સમયમાં ત્યાં નવા જ ચહેરા નજરે પડવા માંડ્યા. સ્થાનિક લોકો એમ માનવા લાગ્યાં કે મંડીના ગણપતિના મંદિરની યાત્રાએ આવેલા એ યાત્રાળુઓ હશે, જે મંડીના રાજાએ ઈ.૧૭૦૫માં બંધાવેલું, પરંતુ યાત્રાળુ આવડી મોટી સંખ્યામાં હોવા બદલ લોકોમાં ધીમે ધીમે શંકાએ સ્થાન લેવા માંડ્યું.

આ નવી લોકભરતીમાં કેટલાકના ચહેરા અને પોશાક દક્ષિણ હિન્દુસ્તાનના રહેવાસીઓ જેવા લાગતા હતા. એમાંના એક હતા નાગપુરના પદભ્રષ્ટ રાજવી અપ્પાસાહેબ ભોંસલે. સદા વિચારવાન રહેતા. તેના તેજસ્વી ચહેરા પરથી જ તે કોઈ રાજવંશી હોવાનું સ્થાનિક લોકોનું અનુમાન હતું અને તે સર્વદા સાચું હતું. દેશમાંથી અંગ્રેજોને હાંકી કાઢવા સતત તરફડતો રહેલો તે એક દુર્ભાગી આત્મા હતો. મહારાજા રણજિતસિંહને બાદ કરતાં તમામ રાજામહારાજા ત્યારે અંગ્રેજોના ખંડિયા બની ગયેલા. હોલકર, સિંધિયા અને નિઝામ સુધ્ધાં. પેશાવર સુધ્ધાં ને હવે મરાઠી સત્તા ગુમાવી અંગ્રેજોનાં પેન્શન પર નભવું પડતું હતું.

આવી પ્રતિકૂળ પરિસ્થિતિઓમાં પણ અપ્પાસાહેબે દેશને સ્વતંત્ર કરવાનો પોતાનો પ્રયત્ન ચાલુ રાખેલો. પેશવાની જેમ તેમનું રાજ્ય લીધા છતાં તેમને પેન્શન બાંધી આપવાની ઉદારતા પણ આ દેશના શાસક બની બેઠેલા અંગ્રેજોએ નહોતી બતાવી. અંગ્રેજો વિરુદ્ધ પોતાની સહાય માટે એણે અનેક રાજામહારાજાઓનો સાથ માગી જોયેલો, પરંતુ બધેથી નિરાશા સાંપડેલી.

છેવટે અપ્પાસાહેબની નજર પંજાબકેસરી કહેવાતા મહારાજ રણજિતસિંહ તરફ વળી. અંગ્રેજો સામે તે ઉન્નત મસ્તકે ટકી રહેલ અને સતલજ નદીની ઉત્તરે તેણે પોતાના રાજ્યની સીમા અફઘાનિસ્તાન સુધી વિસ્તારેલી. અપ્પાસાહેબે પોતાનું ધ્યેય સિદ્ધ કરવા મંડીના વિકટ જંગલી વિસ્તારની પસંદગી કરેલી. આ વિસ્તારમાં અંગ્રેજવિરોધી સૈન્યની જમાવટ પૂરેપૂરી ગુપ્ત રહી શકવાની તેમને ખાતરી હતી. વળી, આ વિસ્તાર રણજિતસિંહના હાથ નીચે હોઈને અંગ્રેજો રણજિતસિંહ સામે કશું કરવાની હિંમત નહિ કરે એવો પણ એમને વિશ્વાસ હતો

સૈન્ય જમાવવા માટે સૌથી પહેલી આવશ્યકતા છે પૈસાની. એ વખતનાં મોટા ભાગનાં સૈન્યોમાં તો સૈનિકો પેટ ભરવા ખાતર જ જોડાતા. એટલે ભાડૂતી સૈનિકો એ જમાનામાં સસ્તા હતા. અપ્પાસાહેબને પૈસાની કમી નહોતી. નાગપુરથી ગુપ્ત રીતે જ્યારે અને જોઈએ તેટલા પૈસા તે મેળવી લેતા - પછી તે પોતે ભોપાલમાં હોય કે નેપાળમાં. નાગપુરનો તેમનો ભંડાર ગુપ્ત સ્થળે આવેલો, જેમાં સોનારૂપા અને હીરામાણેકથી માંડીને સર્વ પ્રકારનું ધન તેમણે સંઘરેલું. કંપની સરકાર અને તેના ટેકેદારો સતત પ્રયાસ છતાં આ ભંડારનો પત્તો મેળવી શક્યા નહોતા. ગણપતિનાં દર્શનાર્થે આવ્યા હોવાનો દેખાવ કરીને અપ્પાસાહેબના વિશ્વાસુ સેવકો છૂપી રીતે તેમને જોઈતાં નાણાં પહોંચાડી દેતા. અપ્પાસાહેબ પોતાની યોજનાની ચર્ચાવિચારણા પણ પોતાના અંગત માણસો સાથે ગણપતિના મંદિરમાં જ કરતા.

પરંતુ પૈસા સિવાય બીજી કેટલીક બાબતો હતી જે એટલી સરળ નહોતી. હિમાલયની ગોદમાંથી નાગપુર પર આક્રમણ કરેલું નહોતું, અને મહારાજા રણજિતસિંહ તેમાં કેટલા સહાયક નીવડે તે પણ સવાલ હતો.

આખરે હરભગતસિંગ નામના પોતાના શીખ સમર્થક સાથે તે લાહોર પહોંચ્યા. હરભગતસિંગને તેમણે ૧૦૧ અશરફી, મૂલ્યવાન કંઠી, રત્નજડિત મૂઠવાળી તલવાર; એક હાથી તથા અન્ય ભેટસોગાદો સાથે રણજિતસિંહના દરબારમાં મોકલ્યો. રણજિતસિંહને એકલા મળવાનું કહી તેમણે બધી ભેટસોગાદો દરબારમાં રજૂ કરી. દરબાર વિખેરાતાં હરભગતસિંગે અપ્પાસાહેબના આગમન અને તેમના હેતુની વાત કરી જણાવ્યું કે, અપ્પાસાહેબની ઇચ્છા છે કે આપ ભારતના ભાગ્યવિધાતા બનો. પરંતુ રણજિતસિંહે ઈ.૧૮૦૯માં કરેલી સંધિમાં પોતે સતલજ નદી નહીં ઓળંગે એવી ખાતરી આપેલી એટલે હરભગતસિંગે વ્યક્ત કરેલી અપ્પાસાહેબની લાગણીના સ્વીકાર માટે પોતાની અશક્તિ જાહેર કરી. પરિણામે અપ્પા- સાહેબનું સ્વપ્ન રોળાઈ ગયું.

*

મેવાડની રાજધાની ચિત્તોડગઢ મુગલ સેનાએ જીતી લેતાં મહારાજ ઉદયસિંહે અરવલ્લીની પર્વતમાળામાં આશ્રય લીધો અને ઈ.૧૫૭૦માં તેમણે ઉદયપુર નામનું નગર પોતાના નામે વસાવ્યું, જેણે સાધેલા વિકાસને લઈને એને અનેક બિરુદો આપવામાં આવ્યાં. કર્નલ ટોડે તો તેને આ દેશનું સૌથી ઉત્કૃષ્ટ નગર ગણાવ્યું છે. ઉદયસિંહ માત્ર બે જ વર્ષ એ પછી જીવીને ઈ.૧૫૭૨માં માત્ર ૫૧ વર્ષની ઉંમરે મરણ પામ્યો. પરંતુ મરતાં પહેલાં તે રાજવંશીય પરંપરાનો ભંગ કરીને ગાદીના વારસ પ્રતાપસિંહના સ્થાને પોતાની માનીતી રાણીના પુત્રને સ્થાપતો ગયો.

ઉદયસિંહના આ પગલાએ સર્વત્ર આશ્ચર્ય અને આઘાત ઉપજાવ્યાં. પ્રતાપસિંહ જેવા શૂરવીર અને દૂરદર્શી કુંવરને બદલે માનીતી રાણીના પુત્ર જગમાલને રાજતિલક કરવા માટે દરબારમાં આવતાં મેવાડના બે અગ્રગણ્ય સામંતો આગળ આવ્યા અને જગમાલના હાથ પકડી બોલ્યા કે મહારાજ, આપની ભૂલ થાય છે. ગાદીના સાચા વારસ તમારા ભાઈ પ્રતાપસિંહ છે. અને હાથ પકડી જગમાલને દૂર કરી પ્રતાપસિંહને ગાદીએ બેસાડ્યો, જે ઇતિહાસમાં 'રાણા પ્રતાપ' તરીકે વિખ્યાત છે. □



પ્રાક્કથન

કલા એટલે સર્જન. મૌલિક સર્જન - પછી ભલે સપાટ ભૂમિ પર ચિત્રના રૂપમાં હોય કે લાકડું-પથ્થર-ધાતુ-હાથીદાંતમાંથી કંડારેલું હોય. પથ્થર અને લાકડાના સંયોજનથી કોઈ ઇમારતના નિર્માણમાં હોય. કે રંગમંચ પર નાટક નૃત્યસંગીતથી સંયોજાયેલું હોય, કે કોઈ ઇમારતના રૂપમાં સર્જાયું હોય, કર્ણમધુર સંગીતરૂપે લહેરાતું હોય, સર્જનાત્મક પ્રવૃત્તિ જે મન-હૃદય ને હસ્તના સંયોજનથી સર્જાઈ હોય તે બધાંને આપણે કલા તરીકે ઓળખીએ છીએ.

આપણી ભારતીય પરંપરામાં ૬૪ કલા ગણવામાં આવી છે. મહાકવિ પ્રેમાનંદે સાંદીપનિ ઋષિના આશ્રમાં ભગવાન શ્રીકૃષ્ણ ૧૪ કલા સંપાદન કરે છે એમ વર્ણવ્યું છે. ઘણી વાર ૧૬ કલાનો પણ ઉલ્લેખ થાય છે. આપણામાં એક કહેવત છે :


તરવું તસ્કરવું અને તાંતરવું, નાડી અને વળી ન્યાય;
વાચ, કાજ ને પાઘ એ આઠે ચાપ કલાય.


એટલે કે પાણીમાં તરવું, ચોરી કરવી, કાપડ વણવું, નાડી જોઈ વૈદું કરવું, વક્તૃત્વકલા, કાર્યકુશળતા અને પાઘડી બાંધવી એ આઠ કલા પણ કલાના પ્રકાર છે. ટૂંકમાં, કોઈ પણ કાર્ય સુન્દર રીતે દક્ષતાથી સંપાદન કરવું એનું નામ કલા. અહીં કલાનો અર્થ વિદ્યા લઈ શકાય.

આર્યો ભારતવર્ષમાં ચાર વેદ લઈને આવ્યા. વેદ એટલે વિદ્યા, અને વિદ્યાની શાખા એટલે આધુનિક યુગમાં વિશ્વ-વિદ્યાલયમાં શિખવાડાતા અનેક વિષય - એ શાખાઓને આપણે ફેકલ્ટિ કહીએ છીએ. એ અનેક છે. એનો કોઈ ચોક્કસ આંકડો નથી. આપણે જે વિદ્યા-કલાની વાત કરીશું તે બધી Visual Arts - દશ્યકલા તરીકે ઓળખાય છે. એને લલિતકલા - Fine Arts પણ કહેવામાં આવે છે. જે દષ્ટિગોચર છે તે visual.




વીનસ ઑવ્ લૉસેલ - જીવન્ત ખડકની બનેલી ભાસ્કર્યની ગુફામાં આ શિલ્પ કોતરેલું છે. વીનસના જમણા હાથમાં ભેંસ કે પાડાનું શીંગડું છે. આ પ્રકારની વીનસની પ્રતિમા પ્રજોત્પત્તિની કામનાની સૂચક ગણાય છે. ફ્રાન્સના સૅન્ટ જરમેઇન-એ-લાયાના મ્યૂઝીઅમમાં તે સંગૃહીત છે.






સ્પેનમાં આવેલી આલ્તામાયરાની ગુફામાં હિમયુગ દરમિયાન દોરાયેલાં બે પ્રચંડ આખલાનાં રંગીન ચિત્રો



↑ રેન્ડીઅરનાં શીંગડાં પર કોતરેલાં આખલાનાં રિલીફ શિલ્પો

મસ્તક વગરનું શિલ્પ - શિકારના હથિયાર તરીકે વપરાતું સાધન →




એમાંથી સંગીત-નૃત્ય-નાટ્ય જે રંગમંચ પર ભજવાય છે તેને હવે ભજવણીની કલા (performing art) તરીકે ઓળખીએ છીએ. અને ચિત્ર, શિલ્પ, સ્થાપત્ય, ફોટોગ્રાફી ઇત્યાદિને માટે Plastic Art શબ્દ વપરાય છે. Plastic એટલે ત્રિપરિમાણીય કલા, જેને જોતાં ઘનતાનો ભાસ થાય - લંબાઈ, પહોળાઈ, ઊંચાઈ, ઊંડાઈનો. ચિત્રો, મ્યૂરલ ચિત્ર, ફોટોગ્રાફ, સપાટ કાગળ, કપડું કે દીવાલ પર તે આલેખાય છે. છતાં ઘનતાનો ભાસ થવાથી એને પણ Plastic Art તરીકે ગણવામાં આવે છે. બાકી શિલ્પ, લાકડું-પથ્થર આદિ ઘન વસ્તુમાંથી કંડારાય છે એટલે એ તો પ્લાસ્ટિક છે જ. અર્વાચીન સમયમાં ચલચિત્રને પણ કલાના એક સ્વરૂપ તરીકે ગણવામાં આવે છે. બલકે એ સ્વરૂપ અતિ સુન્દર ગણી શકાય: કારણ કે એમાં હલનચલન સાથે સંગીત-રંગ-પ્રકાશનું સંયોજન કરેલું હોય છે. એ રીતે એ અદ્‌ભુત કલા છે.


દૃશ્યકલા - સંગીત, નૃત્ય, નાટ્ય - ખૂબ જ સુન્દર છે; પરંતુ એનાં દૃશ્યો ક્ષણભંગુર છે. એમાં શાશ્વતતા નથી, જ્યારે ચિત્ર, શિલ્પ, સ્થાપત્ય એ કલાનું એવું સ્વરૂપ છે જે વર્ષો સુધી ટકી રહે છે અને માનવજાતને આનંદ જ નહીં, પણ ઇતિહાસ, સમયનો પણ ખ્યાલ આપે છે. આજે વર્ષોજૂનાં શિલ્પો, ચિત્રો, અરે પ્રાગૈતિહાસિક કાળના પણ નમૂના જોવા મળે છે અને તેને આધારે પુરાતત્ત્વવિદો માનવજાતનો ઇતિહાસ રજૂ કરે છે.

નવલકથા, કાવ્ય, નાટક (લેખિત) પણ એક અલૌકિક કલા છે, જેને વાંચવાથી-શ્રવણ કરવાથી એક માનસિક અનુભૂતિ પેદા થાય છે અને મનને અનેરો આનંદ મળે છે.

પરંતુ તે ફક્ત કલ્પનાના માનસિક પટ પર જ દૃષ્ટિગોચર થાય છે અને જે વાંચે છે તેને જ આનંદ આપે છે. જેનો સ્વાદ બીજાઓ માણી શકતા નથી. શેક્સ્પિયર, કાલિદાસ કે પ્રેમાનંદનાં સાહિત્યસર્જનો અદ્‌ભુત છે એટલે સાહિત્ય પણ એક કલાનો



હાડકામાંથી કોતરીને તૈયાર કરાયેલી કાંસકી - સ્વીડન






સ્વીડન અને સ્કેન્ડિનેવિયામાં કાંસ્યયુગ દરમિયાન તૈયાર થયેલાં પ્રાણીઓ-સિપાઈઓનાં કાંસ્યશિલ્પો

ઉમદા પ્રકાર છે.

આજથી લગભગ સો વર્ષ પૂર્વે ડાર્વિન નામના સંશોધકે (Ape) પુરવાર કર્યું કે હાલનો માનવ વાનરમાંથી વિકાસ પામી પ્રગતિ કરી અસ્તિત્વમાં આવ્યો છે, જેને આપણે ઉત્ક્રાંતિ (Evolution) - તરીકે જાણીએ છીએ. આમ છતાં કેટલાક આધુનિક વિદ્વાનોએ તે વિચારનું ખંડન કર્યું છે, અને સિદ્ધ કરવાનો પ્રયત્ન કર્યો કે - આજે જે હાથપગ હલાવતો માણસ આપણે જોઈએ છીએ તે પરાપૂર્વથી એવો જ હતો. પરંતુ તેનો માનસિક અને શારીરિક વિકાસ ધીમે ધીમે થયો છે. જંગલી અવસ્થામાંથી પસાર થઈ સુધરતાં સુધરતાં આધુનિક સ્વરૂપ પામ્યો. એ ઉપરથી કહી શકાય કે આ પૃથ્વી પર જીવમાત્રનું નિર્માણ ધીમે ધીમે પ્રગતિ કરતું આવ્યું અને છેવટે સંપૂર્ણ માનવ જેવું રૂપ પામ્યાં. આપણી દશાવતારની વાત એની સાક્ષી પૂરે છે કે જેમાં આ પૃથ્વી પર જીવસૃષ્ટિનો વિકાસ મત્સ્ય (માછલું) કુર્મ (કાચબા)માંથી ધીમે ધીમે માનવ સ્વરૂપે થયો.

સૂર્યમાંથી જ્યારે પૃથ્વી છૂટી પડી ત્યારે ધગધગતા અંગારા જેવી અર્ધનક્કર અર્ધગૅસયુક્ત હતી. ધીમે ધીમે ઠંડી પડવા લાગી અને પ્રથમ પાણી અને જમીન છૂટાં પડ્યાં. એ પાણી પણ કેવું ગરમ ગરમ જાડું રગડા જેવું, જે ધીમે ધીમે ઠંડું પડી હાલનાં પાણી જેવું બન્યું. તેમાં પ્રથમ જીવ પેદા થયો તે મત્સ્ય, પછી વર્ષો બાદ એવું પ્રાણી વિકાસ પામ્યું, જે પાણીમાં તરી શકે, જીવી શકે અને જમીન પર પણ ચાલી શકે તે




કાચબો. વર્ષો બાદ વિકાસ થતાં મોટું પ્રાણી ઉત્પન્ન થયું તે વરાહ, જેને આપણે વરાહ-અવતાર કહીએ છીએ. પછી નૃસિંહ અર્ધમાનવ અર્ધસિંહ જેવું શક્તિશાળી સ્વરૂપ પછી વામન, સંપૂર્ણ ઠીંગુજી માનવ. પછી ફરસી લઈ સંરક્ષણ કરતો માનવી તે પરશુરામ. પછી પૂર્ણ બુદ્ધિશાળી-ચારિત્ર્યવાન માણસ તે શ્રીરામ ને પછી જગતની આંટીઘૂંટીને સમજતો માનવજાતમાં પરમ પુરુષોત્તમ શ્રીકૃષ્ણ. પછી દયા પ્રેમ, અહિંસાનો પ્રવર્તક શ્રી બુદ્ધ અને છેવટે આ યુગનો યુગપ્રવર્તક. આમ, દશાવતારની માનવજાતની વિકાસની કથા છે, જે ખૂબ જ સૂચક અને બુદ્ધિગમ્ય કહેવાય.

બાઈબલમાં તો ભગવાને, પહેલાં એકલા માનવીનું જ ઘડતર કર્યું છે અને એને સ્વર્ગભૂમિ પર વિચરતો દર્શાવ્યો

છે. પરંતુ જ્યારે એ માનવીને એકલા ગમતું નથી, ઉદાસીન રહે છે તેથી ભગવાનને દયા આવે છે અને એની પાંસળીમાંથી એક નારી જે ઈવ (Eve) તરીકે ઓળખાય છે તેનું સર્જન કરે છે. બન્ને મોજમાં હરેફરે છે અને આનંદમાં દિવસો પસાર કરે છે. તેમાં આપણે જેને કામદેવ-રતિ તરીકે જાણીએ છીએ તે સર્પના રૂપે બન્નેને એક ફળ આપે છે, જે ખાવાથી પ્રજોત્પત્તિ થાય છે અને આ પૃથ્વી પર માનવજાત પથરાઈ જાય છે.

પાશ્ચાત્ય ચિત્રકારો રાફેલ, માઇકેલ એન્જિલો વગેરેએ આ વિષયનાં અનેક ચિત્રો બનાવ્યાં છે તે જગમશહૂર છે.



ફ્રાન્સ અને સ્પેનની સરહદે આવેલી લાસ્કોસ ગુફામાંનાં રંગીન પ્રાણીચિત્રો

પાશ્ચાત્ય વિદ્વાનોએ સમયનું વિભાજન નીચે મુજબ કર્યું છે :

(1) Solutrean (2) Aurignacian - Perigordian
(3) Maglenian (4) Palaeolithic to Neolithic
ઈ.સ.પૂર્વે ૪૦,૦૦૦થી ઈ.સ.પૂર્વે ૧૦,૦૦૦ વર્ષ
(5) Bronze Age (6) Iron Age
ઈ.સ. પૂર્વે દસ હજારથી અત્યાર સુધી

આપણે ત્યાં એને યુગો કહીએ છીએ અને એ યુગોનાં નામ નીચે મુજબ પાડ્યાં છે :

(૧) સત્યુગ (૨) દ્વાપરયુગ (૩) ત્રેતાયુગ (૪) કલિયુગ

આ બધા યુગોની લંબાઈ એક સરખી નથી. કોઈ નાનો તો કોઈ મોટો. હાલમાં આપણે કલિયુગમાં જીવીએ છીએ.

કવિ પ્રેમાનંદે 'નળાખ્યાન'માં - નળરાજા જ્યારે એના ભાઈ સાથે જુગાર રમે છે તે પહેલાં પોતાના પગ ધોતી વખતે પગની એડી ધોવાની રહી જવાથી પગની એડી મારફતે કળિયુગ દાખલ થાય છે. એટલે જુગારમાં તે હારી જાય છે અને નળ-દમયંતીને ખૂબ દુ:ખ આપે છે એવી વાત છે. નળરાજા મહાભારતના એ સમય પહેલાં થઈ ગયા ત્યારથી કલિયુગ બેઠો. એમાં માનવજાતિ-છળકપટ-ખૂનામરકી ઇત્યાદિ કુકર્મો કરતી થઈ જે આપણે હાલમાં અનુભવીએ છીએ. યુદ્ધો-મહાયુદ્ધો પણ થયાં છે.

આપણી સંસ્કૃતિમાં ચારનો આંકડો મશહૂર છે : ચાર યુગ, ચાર વેદ, ચાર વર્ણ, ચાર આશ્રમ, ભગવાનના ચાર હાથ વગેરે. એ ખૂબ જ સૂચક કહેવાય. સમયનું ચક્ર ફર્યા જ કરે છે. સમય કોઈનો થંભાવ્યો થોભતો નથી. સમયના વહેણ સાથે દરેક દેશ, દરેક વ્યક્તિની ચડતી-પડતી આવ્યા કરે છે. એમાં સ્થિતપ્રજ્ઞ રહેવું એવો પ્રભુનો આદેશ છે. અમેરિકન ફિલોસોફર અને ઇતિહાસકાર વિલ ડુરાં (Will Durant) એ માનવજાતના ઇતિહાસના ચાર મહાગ્રંથો રચ્યા છે :



નોર્વેમાં ખડક પર દોરવામાં આવેલાં ચિત્રો

(1) Our Oriental Heritage. (2) Life in Greece. (3) Caesar and Christ (4) Modern World.

એના પ્રથમ ગ્રંથમાં એટલે કે Our Oriental Heritageમાં લખ્યું છે કે માણસની ઉત્પત્તિ અને વિકાસ નદીકિનારે થયો છે. ત્યાં મોટાં મોટાં સામ્રાજ્યો રચાયાં છે અને કલાની વિપુલ સામગ્રી બની છે. આફ્રિકાની નાઇલ નદીને કિનારે ઇજિપ્શિઅન સંસ્કૃતિ જન્મી અને વિકાસ પામી. ઇરાકની યુફ્રેટિસ અને ટાઇગ્રિસ નદીને કિનારે બેબિલોનિઅન અને મેસોપોટેમિઅન સંસ્કૃતિ જન્મી અને વિકાસ પામી. ચીનમાં યાન્ગસે ક્યાંગ અને હોયાંગ હો નદીકિનારે ચીની સંસ્કૃતિ જન્મી અને વિકાસ પામી. આપણે ત્યાં સિંધુ, ગંગા

અને યમુના નદીને કિનારે ભારતીય સંસ્કૃતિ જન્મી અને વિકાસ પામી. એવી જ રીતે ગ્રીક-રોમન સંસ્કૃતિનો પણ વિકાસ થયો. એ બધી સંસ્કૃતિના સાક્ષીરૂપ આપણને અનેક કલાના નમૂનાઓ - ચિત્રો, શિલ્પો, સ્થાપત્યરૂપે દેશદેશનાં મ્યૂઝીઅમોમાં જોવા મળે છે.

માનવીના આરંભ કાળમાં માનવી પોતાના ખોરાકની શોધમાં નદીકિનારે ગુફામાં રહેતો, આજુબાજુના જંગલમાં શિકાર કરી ઉદરનિર્વાહ કરતો. પોતાનું શરીર પ્રાણીના (શિકાર કરેલા) ચામડા અને ઝાડની છાલથી ઢાંકી ઠંડી-ગરમીમાં કુદરત સામે ઝઝૂમતો. અને નવરાશના સમયમાં જે ગુફામાં એ રહેતો તેની છત અને દીવાલ પર પોતે જેનો શિકાર કરે છે તે પ્રાણીના ચિત્રની કલ્પના કરી, ઉપલબ્ધ સાધન, રંગ, ઇત્યાદિ વડે ચિત્રો ચીતરતો. તે વખતે એની પાસે હાલના વૈવિધ્યભર્યા રંગો કે સાધનો નહોતાં, પરંતુ જે ચકમકનાં ઓજારો એણે બનાવ્યાં તેના વડે આકૃતિ સ્પષ્ટ બનાવી. લાલ ગેરુ, પીળી અને સફેદ માટી (ચૂનો-ચાઇનાક્લે), મેશ, કોલસો અને કોઈક વાર લીલા પથ્થરને કૂટી ચરબીમાં કાલવી ચિત્રો નિર્માણ કરતો તે આજે પણ જોવા મળે છે. સ્પેન અને ફ્રાન્સની સરહદ પર આવેલ (Lascaus અને Altamira) લાસકો અને આલ્તામાયરાની ગુફામાં, અમેરિકાની ·lજી ગુફામાં, ભારતની સિંઘનપુરની અને બીજા દેશોની આવી જ ગુફામાં આવાં ચિત્રો જોવા મળે છે. આ જ રંગનો ઉપયોગ ભવિષ્યની વિકસિત સંસ્કૃતિના અવશેષો સમા ઇજિપ્ત, રોમ, ભારતમાં બનેલાં અજંતા ઇત્યાદિનાં ચિત્રોમાં થયો છે. પરંતુ આ પ્રક્રિયાનો વિકાસ થતાં હજારો-લાખો વર્ષ લાગ્યાં અને એ જ પદ્ધતિ હજી પણ જોવા મળે છે. આ જ પ્રમાણે મનુષ્યે પુરુષાર્થથી અને સંશોધનથી ખૂબ વિકાસ કર્યો. આજે આપણે એવા સમયે ઊભા છીએ કે એ જ વિકાસ અને સંશોધન માનવજાતનો વિનાશ પણ સર્જી શકે છે.

આદિમાનવ જ્યારે નદીકિનારે અને ગુફામાં શાંતિથી રહેતો હતો ત્યારે રેન્ડીઅર જેવાં અને બાયસન (આખલા) જેવાં પ્રાણીઓનાં હાડકાંનો ઢગ જોઈ તેમાંથી સાથળનાં મોટાં હાડકાં અને શિંગડાં પર એણે કંઈ કોતરવાનો પણ પ્રારંભ કર્યો, જે આદિ શિલ્પ તરીકે આજે ઓળખાય છે. વખત જતાં અગ્નિ અને ચક્રની શોધ થઈ એટલે માટીમાં પણ આકૃતિ સર્જી અને અનાયાસે અગ્નિના સ્પર્શથી તે પથ્થર જેવી કડક બની, જેને આપણે ટેરાકોટા (શિલ્પ) તરીકે ઓળખીએ છીએ. એ બધા નમૂનાઓ પણ આજે ઉપલબ્ધ છે. ચાકડા ઉપર માટીનાં નાનાં-મોટાં વાસણો પણ સર્જાયાં, મોહેન-જો-ડેરોના અવશેષોમાં મોટી મોટી કોઠી પણ મળી આવી છે. ત્યાર પછી અનાયાસે ધાતુ મળી આવી, જેમાં મુખ્યત્વે સોનું ત્રાંબું અને કલાઈ-જસત મળ્યાં. તેમાંથી જે ધાટો બન્યા તેને આપણે Bronze Age - તામ્ર અને કાંસ્ય યુગ - તરીકે ઓળખીએ છીએ. આજે દરેક દેશમાં એના અવશેષો મળી આવ્યા છે. ઇજિપ્ત, સિથીઆ, ગ્રીસ, રોમમાંથી સોનાનાં શિલ્પો પણ મળ્યાં છે.

આમ, માનવજાતે અત્યાર સુધી સર્જનપ્રવૃત્તિ ચાલુ રાખી છે. દુનિયાનો કોઈ પણ ભાગ એવો નહીં હોય જ્યાં માનવીએ પોતાની હસ્તકલાના નમૂના મૂક્યા નહીં હોય.

મહાભારતમાં મહારથી કર્ણનું અદ્‌ભુત પાત્ર છે. જન્મથી જ તરછોડાયેલો દાસીપુત્ર કહેવાતો કર્ણ મહાપરાક્રમી એવો જ દાનવીર હતો. અર્જુન માફક શ્રીકૃષ્ણનો પરમ ભક્ત હતો. યુદ્ધમાં ઘવાઈ અંતિમ દશામાં હતો ત્યારે એ શ્રીકૃષ્ણને કહે છે, 'મને કુંવારી ધરતી પર અગ્નિદાહ કરજો.' સમગ્ર ધરતીનાં ખૂણેખાંચરે શ્રીકૃષ્ણ ફરી વળે છે. પરંતુ ક્યાંય કુંવારી ધરતી મળતી નથી. અને છેવટે સુદર્શન ચક્રની ધરી જમીન પર રાખી સુદર્શન ચક્ર પર અગ્નિદાહ કરે છે. એનો અર્થ એટલો જ કે જગતની કોઈ પણ જગ્યાએ માનવી ભટક્યો છે અને પોતાની હયાતીનાં ચિહ્‌ન કલાના અવશેષો મારફત મૂકી ગયો છે.

કલાનું મુખ્ય તત્ત્વ સૌંદર્ય છે. એ સૌંદર્યને આદિ માનવે સ્ત્રીના રૂપમાં જોયું. ઇજિપ્ત, ગ્રીસ, રોમ, ભારતમાં ધીમે ધીમે તે વિકાસ પામી કલાના અદ્‌ભુત નમૂનારૂપે આજે પણ જોવા મળે છે. આ સ્ત્રીનું આદિ સ્વરૂપ Vilendorfની વીનસ ઇત્યાદિ શિલ્પોમાં જોવા મળે છે, જેમાં સ્ત્રીના મુખારવિંદ કરતાં ધડમાં એણે સૌન્દર્યનાં અદ્‌ભુત દર્શન કર્યાં તે આજે પણ હયાત છે. ધડનું આકર્ષણ એટલા માટે હતું કે એ પ્રજોત્પત્તિ કરી શક્યો. માનવજાતનાં વૃદ્ધિવિકાસ થયાં ત્યાર બાદ તો એ સ્ત્રી વીનસ તરીકે મશહૂર થઈ. ગ્રીસની Venus-de-Melo અને બીજી અનેક સુન્દર સ્ત્રી-આકૃતિઓ, ઇજિપ્તનાં નારીશિલ્પો, ભારતમાં સ્ત્રીઓના શક્તિના રૂપે સર્જાયેલાં અસંખ્ય શિલ્પો, ઇલોરાની ગુફામાં કંડારાયેલાં ગંગા, યમુના અને સરસ્વતીનાં અદ્‌ભુત નારીશિલ્પો અને ભુવનેશ્વર, કોણાર્ક, ખજુરાહોની અંગમરોડવાળી નારી-પ્રતિમાઓને જગતમાં અદ્‌ભુત ગણવામાં આવે છે. અર્વાચીન યુગમાં પણ ફ્રેંચ શિલ્પી રોદાં, તથા મૈલોલે અદ્‌ભુત નારીશિલ્પનાં દર્શન કરાવ્યાં છે.

અર્વાચીન સમયમાં, પહેલાં જે ધાર્મિક ભાવનાથી કલા સર્જન થયું તે સમયના પ્રવાહ સાથે એની ઉપયોગિતા બદલાઈ છે. હવે ધર્મનું આકર્ષણ પહેલાં જેવું રહ્યું નથી. પરંતુ માણસ-માત્રને કલા ગમે છે. પહેલાં દરેક માણસ કંઈ ને કંઈ સર્જન કરતો તેને બદલે હવે કલાકારનો વર્ગ જુદો પડ્યો છે. કેટલાક વ્યવસાયી કલાકાર બન્યા છે. પરંતુ જનસમૂહમાં પણ જે નૈસર્ગિક કલાભાવનાના સુષુપ્ત કલાઅંકુર છે તેને પણ મૂર્ત સ્વરૂપ મળે છે, જે લોકકલા નામે ઓળખાય છે. કેટલાક આદિમાનવો, આદિવાસીઓ પોતાનાં માનેલાં દેવદેવીનાં, ઘરશોભા વધારવા ઘરની ભીંત ઉપર અને આંગણામાં જે ચિત્રો દોરે છે તે પણ આજે કલાને નામે ઓળખાય છે.

ઘરનું રાચરચીલું જે પોતાની ઢબે કરે છે તે કારીગરી પણ કલાને નામે પંકાય છે. એને ગૌણ કલા તરીકે પણ ઓળખવામાં આવે છે. બાળકો પોતાની કલ્પના અને અનુભવનાં ચિત્રો ચીતરે છે તે બાલકલા તરીકે ઓળખાય છે. ભારતમાં લોકકલા ખૂબ વિકસેલી છે.

બંગાળના કાલિઘાટનાં, કચ્છનાં ભીંત પરનાં લીંપણચિત્રો-લોકચિત્રો, ઓરિસ્સાનાં પુરીચિત્રો, ડાંગની આદિવાસી પ્રજાનાં માટીનાં પ્રાણીશિલ્પો, મહારાષ્ટ્રનાં વારલી ચિત્રો, ગુજરાતમાં છોટાઉદેપુરની આદિવાસી પ્રજાનાં રાઠવા ચિત્રો, રાજસ્થાનનાં માંડણાં, દક્ષિણના કોલમ, મથુરાના સાંજી માટેના પેપર કટ, ઈત્યાદિ પણ કલાનો એક અગ્રગણ્ય વારસો કહી શકાય. મધ્યપ્રદેશનાં ધાતુશિલ્પો, આફ્રિકાનાં કાષ્ઠશિલ્પો, મેક્સિકોનાં મયશિલ્પો, પાસિફીક સમુદ્રનાં દ્વીપનાં પ્રચંડકાય પાષાણશિલ્પો પણ કલાના વિશિષ્ટ નમૂના તરીકે પંકાયાં છે.

જ્યારે ભારતમાં અજંતા-ઈલોરા અને અન્ય મંદિરોનાં શિલ્પો અને મુઘલ, રાજપૂત તથા પહાડી કલમનાં ચિત્રો, ઈજિપ્તનાં પ્રચંડકાય શિલ્પો અને ચિત્રો, ગ્રીસ અને રોમની પ્રજાએ ઘડેલાં અસંખ્ય માનવશિલ્પો, રેનેસાં યુગનાં ચિત્રો-શિલ્પો અને ચીન-જપાનનાં નાજુક ચિત્રો તેમજ શિલ્પો, કમ્બોડિયાનું અંકોરવટ, જાવા-સુમાત્રાનું બોરોબુદર એ માનવજાતે મેળવેલી કલાની પરમ સિદ્ધિ છે. આધુનિક યુગ યંત્રયુગ છે. એમાં સામાન્ય યંત્રથી માંડી કમ્પ્યૂટર અને ગગનભેદી અવકાશયાનો ખરેખર રોમાંચક છે. હવે પછી માનવ શું શું કરશે એ કલ્પી શકાય એમ નથી.

અમેરિકામાં એલેક્ઝાંડર કાલ્ડરે માનવ અને પ્રાણીની આકૃતિની છાયાવાળા અને લટકતાં સમતુલન ધરાવતાં અદ્ભુત શિલ્પો સર્જ્યાં છે. જ્યારે બ્રાન્કુસી નામના શિલ્પકારે નયનરમ્ય અંબ્સ્ટ્રેક્ટ શિલ્પો બનાવ્યાં છે. જોન મીરો તથા પોલ કલીએ બાલસુલભ ચિત્રો બનાવી ચિત્રની નવી જ દિશા બતાવી છે. સ્થાપત્યકલામાં જર્મનીના વોલ્ટેર ગ્યુપીઅસે એક નવી જ દૃષ્ટિથી સ્થાપત્યની રચના સૂચવી છે અને પરંપરાગત સ્થાપત્યને વેગ આપ્યો છે. આજે અમેરિકા-જર્મની એમાં અગ્રેસર છે. શિલ્પમાં વળી મનુષ્યાકૃતિ તો ખરી, પરંતુ મેક્સિકોની મય શિલ્પાકૃતિ અને આફ્રિકાનાં કાષ્ઠશિલ્પથી પ્રેરાઈ હેન્રિ મુર જેવા બ્રિટિશ શિલ્પકારે મોટે ભાગે સૂતેલી સ્ત્રીના અને ખૂબ જ સાદાઈવાળાં બીજાં અનેક શિલ્પો બનાવ્યાં છે. પિકાસો, બ્રાક મોડી ગ્લીઆની જેવા ચિત્રકારોએ પણ નવી જ શૈલીનાં ચિત્રો બનાવ્યાં છે. તે જોતાં એક જાતની અનન્ય અનુભૂતિ થાય છે.

પશ્ચિમની અસર આપણે ત્યાં પણ પડી છે. અને અનેક ચિત્રકારો અને શિલ્પકારો એ દિશામાં કામ કરી રહ્યા છે. (ક્રમશઃ)

ઑલિમ્પિક રમતોત્સવ : વર્ષ, સ્થળ અને તારીખો

અ.નં.	વર્ષ	સ્થળ	દેશ	તારીખો
૧.	૧૮૯૬	ઍથેન્સ	ગ્રીસ	૬-૧૫ એપ્રિલ
૨.	૧૯૦૦	પૅરિસ	ફ્રાન્સ	૨૦ મે- ૨૮ ઑક્ટો.
૩.	૧૯૦૪	સેંટલુઈસ	અમેરિકા	૧ જુલાઈ-૨૮ નવે.
૪.	૧૯૦૮	લંડન	ઈંગ્લંડ	૨૭ એપ્રિલ - ૩૧ ઑક્ટો.
૫.	૧૯૧૨	સ્ટોકહોમ	સ્વિડન	૫ મે-૨૨ જુલાઈ
૬.	૧૯૧૬	બર્લિન	જર્મની	પ્રથમ વિશ્વયુદ્ધને કારણે રદ
૭.	૧૯૨૦	એન્ટવર્પ	બેલ્જિયમ	૨૦ એપ્રિલ-૧૨ સપ્ટે.
૮.	૧૯૨૪	પૅરિસ	ફ્રાન્સ	૪મે-૨૭ જુલાઈ
૯.	૧૯૨૮	એમ્સ્ટર્ડમ	નેધરલેન્ડ	૧૭મે-૧૨ઑગસ્ટ
૧૦.	૧૯૩૨	લોસ-એન્જિલસ	અમેરિકા	૩૦ જુલાઈ - ૧૪ઑગસ્ટ
૧૧.	૧૯૩૬	બર્લિન	જર્મની	૧-૧૬ઑગસ્ટ
૧૨.	૧૯૪૦	ટોકિયો	જપાન	દ્વિતીય વિશ્વયુદ્ધને કારણે રદ
૧૩.	૧૯૪૪	લંડન	ઈંગ્લંડ	દ્વિતીય વિશ્વયુદ્ધને કારણે રદ
૧૪.	૧૯૪૮	લંડન	ઈંગ્લંડ	૨૭ જુલાઈ ૧૪ ઑગસ્ટ
૧૫.	૧૯૫૨	હેલસિંકી	ફેનલેન્ડ	૧૯ જુલાઈ - ૩ ઑગસ્ટ
૧૬.	૧૯૫૬	મેલબોર્ન	ઓસ્ટ્રેલિયા	૧૦-૧૭ જૂન
૧૭	૧૯૬૦	રોમ	ઈટાલી	૨૫ ઑગસ્ટ - ૧૧ સપ્ટેમ્બર
૧૮.	૧૯૬૪	ટોકિયો	જપાન	૧૦-૨૪ ઑક્ટો.
૧૯.	૧૯૬૮	મેક્સિકોસિટી	મેક્સિકો	૧૨-૨૭ ઑક્ટો.
૨૦.	૧૯૭૨	મ્યુનિચ	પશ્ચિમ-જર્મની	૨૬ ઑગસ્ટ - ૧૦ સપ્ટેમ્બર
૨૧.	૧૯૭૬	મોન્ટ્રિયલ	કેનેડા	૧૭ જુલાઈ-૧ ઑગસ્ટ
૨૨.	૧૯૮૦	મોસ્કો	રશિયા	૧૯ જુલાઈ-૩ ઑગસ્ટ
૨૩.	૧૯૮૪	લોસ-એન્જિલસ	અમેરિકા	૨૮ જુલાઈ - ૧૨ ઑગસ્ટ
૨૪.	૧૯૮૮	સિઓલ	દક્ષિણ કોરિયા	૧૭ સપ્ટે.-૨ ઑક્ટો.
૨૫.	૧૯૯૨	બાર્સેલોના	સ્પેન	૨૫જુલાઈ-૯ ઑગસ્ટ
૨૬.	૧૯૯૬	આટલાન્ટા	અમેરિકા	૧૯ જુલાઈ-૪ ઑગસ્ટ
૨૭.	૨૦૦૦	સિડની	ઓસ્ટ્રેલિયા	૧૫ સપ્ટે.- ૧ ઑક્ટો.

કલાવાર્તા

ઉમેશ ક્યાડાનાં ચિત્રોમાં નૃત્યરત ચરણો

૧૯૫૯માં તલાલા તાલુકાના વિઠ્ઠલપુરમાં (ગિર) જન્મેલા ઉમેશ



ક્યાડાને નાનપણથી ચિત્રકલામાં રસ. વલ્લભવિદ્યાનગરના કલાકેન્દ્ર, કૉલેજ ઑવ્ ફાઇન આર્ટ્સમાંથી ૧૯૯૧માં ચિત્રકલા વિષયમાં ડિપ્લોમા મેળવ્યો. હાલમાં તેઓ એચ.એમ. પટેલ અંગ્રેજી માધ્યમની શાળા, ધર્મજમાં ડ્રોઇંગ શિક્ષક તરીકે સેવા આપી રહ્યા છે.

નાનપણથી જ તેમને સૌરાષ્ટ્રની તળ-ભૂમિનાં જોશીલાં, વેગવંતાં, લયયુક્ત વિવિધ નૃત્યોમાં ખૂબ રસ. તેમાં પણ ખાસ તો ચરણની નૃત્ય દરમિયાન વિવિધ ગતિઓ તથા તેનાથી નીપજતી દૃશ્યપ્રધાન ભાતો તેમનું ખાસ ધ્યાન ખેંચે. એટલે આ લયયુક્ત ગતિને રંગરેખામાં ઝડપવા તેમણે ખૂબ ડ્રોઇંગ્સ અને ચિત્રો સર્જ્યાં. બંનેમાં તેમની સર્જકપ્રતિભા ઝળકી ઊઠી છે. તેમનામાં કેવળ એક ફોટોગ્રાફરની દૃષ્ટિ દેખાતી નથી, જે કેવળ એક દૃશ્ય-ક્ષણને ઝડપે છે, પરંતુ કલાકારની માફક એ દૃશ્યને કે ક્ષણને કલ્પનાના રંગો પૂરી સુંદર ચિત્રરચનાઓ સર્જે છે.

ઉમેશે શરૂઆતમાં દૃશ્યચિત્રો સર્જ્યાં. તેમાં ઘનવાદની અસર હતી. તેમનાં હાલનાં નૃત્યપ્રધાન ચિત્રોમાં અનુપ્રભાવ-વાદી શૈલીનો પ્રભાવ તરત જ દેખાઈ આવે છે, છતાં તેમાં આ અસર આત્મસાત્




આંગળીઓની નજાકતયુક્ત નાજુક મુદ્રા



નૃત્યમુદ્રામાં ચરણ

થયેલી છે. વળી, આશ્ચર્યની વાત એ છે કે તેમણે આ ચિત્રો સીધી જ રંગની ટ્યૂબોમાંથી નીકલેલા રંગોને કેનવાસ પર મૂકીને સર્જ્યાં છે. તેમાં બ્રશનો ક્યાંય લગીરે ઉપયોગ કર્યો નથી. વળી, તેમણે આ વિષય પર સર્જેલાં ડ્રોઇંગ્સમાં વોટરપ્રૂફ ઇંકનો ઉપયોગ કરી સુંદર શ્વેત અને શ્યામ વિસ્તારોની અસર ઊભી કરી છે.

ઉમેશે સૌરાષ્ટ્રની સ્ત્રીઓના નૃત્યરત ચરણોને દર્શાવવા ઉપરાંત આદિવાસી સ્ત્રીઓનાં વિશિષ્ટ નૃત્યોની ભાતોને ચિત્રોમાં અસરકારક રીતે દર્શાવી છે. આમાં નવરાત્રિ વેળા કૂદકા મારી રમાતું નૃત્ય 'ટપ્પો' પણ રજૂ થયું છે. વળી, 'બાળનૃત્ય' દર્શાવી નૃત્યના કોમળ ભાવને પણ સુપેરે દર્શાવે છે. એક ડ્રોઇંગમાં દાંડિયાનૃત્ય કરતી વ્યક્તિને જોશભેર ઘૂમતી દર્શાવી સાથેસાથે પવનની ગતિને પણ અદ્ભુત રીતે પ્રકટ કરી છે. આ ચિત્રનું શીર્ષક છે 'પવનનું નૃત્ય.' નૃત્યને અંતે ઝાંઝરને તૂટેલું જમીન પર દર્શાવ્યું છે. આ વેળા ઝાંઝરનો ઝણકાર સંભળાતો



'અઠિંગો' - દોરડાથી આઠ જણ ગોળાકારમાં રમે છે તેની ઝલક

હોય એવું અનુભવાય. પગની ઘૂંટીથી ઉપરના ઘાઘરાના પાલવના સળો ઘુમરાવ વખતે જે રીતે દેખાય તે પણ અદ્ભુત રીતે દર્શાવ્યા છે.

તેમને મહાકૌશલ કલા પરિષદ રાયપુરનો બે વાર એવોર્ડ મળ્યો છે. લલિતકલા અકાદમી ગુજરાતનું પારિતોષિક તથા સરદાર પટેલ રાષ્ટ્રિય સ્મારકનું પારિતોષિક પણ તેમને મળ્યું છે. તેમણે ચાર કાર્યશિબિરોમાં ભાગ લીધો છે. - બંસીલાલ દલાલ

કલાવૃત્ત

જિજ્ઞેશ પટેલનાં 'આંતરિક શોધ' દર્શાવતાં મનોવૈજ્ઞાનિક ચિત્રો

થોડા સમય પૂર્વે હતાશામાંથી બહાર આવેલા ઉત્સાહી પ્રસન્ન વ્યક્તિત્વ ધરાવતા સંવેદનશીલ યુવા કલાકાર જિજ્ઞેશ પટેલે



સુખદ મનોદશા વ્યક્ત કરતું ચિત્ર

અમદાવાદની કન્ટેમ્પરરી આર્ટ ગૅલરીમાં પોતાનું પ્રથમ વૈયક્તિક પ્રદર્શન યોજ્યું હતું. કોઈ કલાશાળાની ચિત્રકલા અને ડ્રૉઇંગની વિધિવત્ તાલીમ લીધા વિના નાનપણથી જ કલાકાર થવાની આંતરિક ઇચ્છાને સતત મનમાં રાખી જિજ્ઞેશે 'ઇન્સ્ટિટ્યૂટ ઑવ્ સાઇકોથૅરપિ' દ્વારા સંચાલિત તથા અંતરનાદ ફાઉન્ડેશનમાં ચાલતો 'આર્ટ થેરપિ' કોર્સ કર્યો. ફલસ્વરૂપે આ અભ્યાસક્રમ દરમિયાન તેની સુષુપ્ત સર્ગશક્તિ જાગૃત થવાને લીધે તેણે પેપર પર ઑઇલ પેસ્ટલમાં, મોટે ભાગે તેજસ્વી રંગપૂર્ણ ચિત્રશ્રેણી સર્જી છે. આ શ્રેણી તેની મનોવૈજ્ઞાનિક



એક વિશિષ્ટ દર્શાચિત્ર સૂર્યપથ (સંજીવ ભટ્ટ)

તીવ્ર જરૂરને કારણે અભિવ્યક્તિ માટે તૈયાર થઈ છે. ભલે આ શ્રેણીમાં કલાદક્ષતાની નબળાઈઓ દેખાતી હોવા છતાં તેમાં કલાકારની પ્રામાણિકતા, સર્જનાત્મક ખુલ્લાપણું તથા સ્વની શોધનાં દર્શન થાય છે. ચિત્રોમાં પ્રયોજાયેલા લાલ, પીળા, ભૂરા, કાળા તેજસ્વી તથા કેટલાંક ચિત્રોમાં ઘેરા રંગો તથા વળાંકાત્મક વોલ્યૂમવાળાં માનવીય ચહેરાઓ, વૃક્ષો, આંખ, ડાળીઓ, ઈંડાના આકારો તથા વમળોના આકારો લગભગ અમૂર્ત સ્વરૂપે કે પ્રતીકાત્મક રૂપે વ્યક્ત કર્યા છે. નોંધપાત્ર છે આદિમ સંસ્કૃતિની સ્ત્રીનો ચહેરો તથા કલાકારની સુખી મનોદશા દર્શાવતા બે ચહેરાઓવાળું ચિત્ર.

સંજીવ ભટ્ટનાં મનોવૈજ્ઞાનિક ચિત્રો

૧૯૭૧માં જન્મેલા સંજીવ ભટ્ટે કલાકેન્દ્ર કૉલેજ ઑવ્ ફાઇન આર્ટ્સ, વલ્લભવિદ્યાનગરમાંથી ડિપ્લોમા ઇન પેઇન્ટિંગ પ્રાપ્ત કર્યો છે. તેમણે રવિશંકર રાવળ કલાભવન, અમદાવાદમાં બે ગ્રૂપ શોમાં ભાગ લીધો અને એક વૈયક્તિક પ્રદર્શન યોજ્યું. તેમણે ગુજરાત રાજ્ય લલિત કલા અકાદમી અમદાવાદ, મહાકોશલ કલાપરિષદ રાયપુર (એમ.પી.), નાગપુરનાં સાઉથ સેન્ટ્રલ ઝોન, જયપુરની રાજસ્થાન કલા અકાદમી ઑવ્ ઇન્ડિયા, ફાઇન આર્ટ્સ એન્ડ ક્રાફ્ટ્સ સોસાયટી ન્યૂ દિલ્હી, કાલિદાસ અકાદમી ઉજ્જૈન તથા બોમ્બે આર્ટ સોસાયટીનાં પ્રદર્શનોમાં ભાગ લીધો છે.

તેમની વર્તમાન ચિત્રશ્રેણીમાં મનોવૈજ્ઞાનિક ભૂમિકાઓ, આધ્યાત્મિક ભૂમિકાઓની કલાત્મક હથોટી જોવા મળે છે. સૌંદર્ય તથા તેનું ચિંતન માનવજીવનના સંદર્ભમાં પ્રતીકાત્મક રીતે રજૂ કરવાનો તેમણે પ્રયત્ન કર્યો છે. તેમનાં બે નોંધપાત્ર ચિત્રો છે : જીવનસંધ્યા અને સૂર્યપથ.

- બંસીલાલ દલાલ

ચીની કલાકારનું નિધન

ચીનની પરંપરાગત ચિત્રશૈલીના મૂર્ધન્ય ચિત્રકાર ગુઆન શાન્યૂઅનુ ગુઆન્ઝહોઉ નગરમાં ૩જી જુલાઈએ ૮૯ વર્ષની વયે અવસાન થયું છે. આ નગરમાં તાજેતરમાં જ કલાનું એક મ્યૂઝીઅમ ખુલ્લું મૂકવામાં આવ્યું છે, જેમાં ગુઆનનાં ચિત્રોને કાયમી પ્રદર્શન માટે રખાયાં છે. 'ચાઇનીઝ આર્ટિસ્ટ્સ એસોસિએશન' ના તેઓ ઉપપ્રમુખ પણ હતા.

કલાસ્મૃતિ

શ્રી અવનીન્દ્રનાથ ટાગોર


ભારતીય ચિત્રકલાના ઇતિહાસમાં જે થોડાંક ચુનંદાં નામો સદાય યાદ કરવા



પડે અને સર્વકલાકારોનાં હૃદયમાં સ્થાન પામેલાં છે, તથા જેમનાં કામ અને કૌશલ્યની અમીટ છાપ ભારતીય ચિત્ર-કલાના ઉત્થાન કાળનાં કલાકારો ઉપર ઊપસેલી છે તેવા એક ગુરુદેવ શ્રી અવનીન્દ્રનાથ ટાગોર છે.

શ્રી અવનીન્દ્રનાથ ટાગોરનો જન્મ કલકત્તાના વિખ્યાત જોરાસાંકો વિસ્તાર મહાલયમાં ટાગોર પરિવારમાં સન ૧૮૭૧માં થયો હતો. ટાગોર પરિવારમાં કલા, સંગીત, સાહિત્ય વારસાગત ગણાતાં હતાં, આખા પરિવારમાં સમગ્ર વાતાવરણ સંસ્કૃતિસભર રહેતું હતું. અવનીન્દ્રનાથના દાદા એક સારા ચિત્રકાર હતા, તેઓ યૂરપીઅન શૈલીથી પૉર્ટ્રેટ અને દૃશ્ય ચિત્રોનું સર્જન કરતા. રહસ્યમય ચિત્રોના સર્જક શ્રી ગગનેન્દ્રનાથ ટાગોર શ્રી અવનીન્દ્રનાથના મોટા ભાઈ થાય. તેમનો શાળાકીય અભ્યાસ તેમના કલારસને કારણે ઝાઝો ટકી શક્યો નહીં. તેમ છતાં પરિવારમાં વિવિધ વિષયના શિક્ષકો શિક્ષણ આપવા આવતા તેમની પાસે તેમણે સંસ્કૃત અને અંગ્રેજી ભાષાની સારી તાલીમ લીધી હતી. ચિત્રશિક્ષણ માટે આર્ટ સ્કૂલના પ્રિન્સિપાલ ગિલ હાર્ડી અને ચાર્લ્સ પામર ઘેર આવતા હતા. સન ૧૮૯૦માં તેમણે યાકોહામા પાસે ચાઈનીઝ બ્રશવર્કનું શિક્ષણ પ્રાપ્ત કર્યું. સન ૧૮૯૨-૯૪ દરમિયાન 'સાધના' નામના સામાયિકમાં તેમનાં રેખાચિત્રો પ્રસિદ્ધ થવા લાગ્યાં. કલાગુરુ સંગીતના પણ શોખીન હતા. શ્રી રવીન્દ્રનાથ ટાગોર જ્યારે ગીત લખતા અને ગાતા ત્યારે ઇસરાજ નામનું વાજિંત્ર લઈને અવનીન્દ્રનાથને સાથે બેસાડતા. ત્યારે તેમની ઉંમર ૨૫ વર્ષની હતી. તેમનું લગ્ન થઈ ગયું હતું. તેમના યૂરપીઅન શૈલીના અભ્યાસનાં પેસ્ટલ, તૈલરંગો, ઇન્ક ડ્રૉઈંગ વગેરે ખૂબ જ વખણાએલાં, જેમાં શ્રી રવીન્દ્રનાથ ટાગોરનું પેસ્ટલમાં દોરેલું યુવા વયનું પોર્ટ્રેટ ભૂલી શકાય તેમ નથી. કહેવાય છે કે શ્રી અવનીન્દ્રનાથ કેનવાસ ઉપર તૈલરંગમાં કોઈ પણ પાત્રનું પૉર્ટ્રેટ માત્ર બે જ કલાકમાં પૂર્ણ કરી શકતા!

સન ૧૯૦૦માં કલકત્તા પાસેના મો'ઘેર નામના નદીકિનારે આવેલા સ્થળે તેમને જવાનું થયું. નદીકિનારાનાં ઘાટ, પનિહારીઓ, હોડીઓ, ઝાડપાન, વિવિધ પ્રકારનાં દૃશ્યો જોઈને તેમનામાં એકદમ બદલાવ આવ્યો અને તેમણે તૈલરંગો છોડીને જલરંગોમાં કામ કરવાનું શરૂ કર્યું. દૃશ્ય ચિત્રોની હારમાળા ખડી કરી દીધી, પછી તો તેઓ અવારનવાર મો'ઘેર જતા અને જલરંગી લૅન્ડસ્કેપનાં સર્જનો કરતા. એક વખત તેઓ જોરાસાંકોના મોટા ઓરડામાં આવેલા પુસ્તકાલયમાં કલાસંસ્કૃતિ વિષયક પુસ્તકો ઉથલાવતા હતા ત્યારે તેમના હાથમાં મુઘલ મિનિએચર, વિવિધ હસ્તપ્રતો, કેલિ-ગ્રાફીનાં લખાણ, પહાડી શૈલીનાં ચિત્રો વગેરે જોવામાં આવ્યાં. તેઓને ખૂબ જ રસ પડ્યો અને તેમણે રાધાકૃષ્ણ તેમજ દેવદેવીઓનાં ચિત્રોની રચનાઓ કરી. તેમની આ અવિરત કલાયાત્રામાં મોટા ભાઈ ગગનેન્દ્રનાથ અને સમરેન્દ્રનાથનો ઘણો મોટો ફાળો છે. આ ભાઈઓએ ટાગોર પરિવારની વિશાળ સંપત્તિની સારસંભાળ અને જાળવણીનું કામ સંભાળી લઈને શ્રી અવનીન્દ્રનાથને સર્જનકાર્ય માટે મુક્ત રાખ્યા. આ દરમિયાનમાં ધી ઇન્ડિયન સોસાયટી ઑવ્ ઓરિએન્ટલ આર્ટ્સની સ્થાપના થઈ, જે પાછળથી ધ બેંગાલ સ્કૂલ તરીકે ઓળખાઈ. શ્રી અવનીન્દ્ર-નાથે ગવર્નમેન્ટ સ્કૂલ ઑવ્ આર્ટમાં ચિત્રકલાના શિક્ષક તરીકે સન ૧૯૦૫થી '૧૫ સુધી સેવાઓ આપી. તેમણે સર્જેલાં ચિત્રોની યાદી ઘણી લાંબી થાય. અહીં તેમનાં થોડાંક પ્રખ્યાત ચિત્રોની નોંધ લેવાયોગ્ય છે. અભિસારિકા-૧૮૯૨, બુદ્ધ અને સુજાતા-૧૯૦૧, કૃષ્ણલીલા સીરીઝ-૧૯૦૩, ઋતુસંહાર-૧૯૦૫, કચદેવયાની-૧૯૦૮, તાજમહાલનું દૃશ્ય જોતા શાહજહાં-૧૯૦૯, દેવદાસી-૧૯૧૨, બાઉલ ગાયક-૧૯૧૬, ઉમા - ૧૯૧૭ અને પ્રખ્યાત ધ લાસ્ટ જર્ની, જેમાં થાકી ગયેલા ઊંટને સંધ્યાકાળના રંગોમાં લગભગ મૃત દશામાં બતાવેલ છે - ૧૯૧૪. બહુ ઓછાંને ખબર હશે કે શ્રી અવનીન્દ્રનાથને યુરોપના ઘણા બધા દેશોના સાહિત્યકાર તેમજ કલાવિવેચકોમાં સન્માનનીય સ્થાન મળેલું હતું. તેઓના અન્ય શોખમાં ટૂંકીવાર્તા લખવી, ટાગોરની નૃત્યનાટિકાઓમાં ક્યારેક ભૂમિકા પણ કરવી, આ નૃત્યનાટિકાઓનું સ્ટેજ સજાવવાનું કામ પણ કરવું. તેઓ સિતાર, ઇસરાજ, વીણા અને બંસરી સારી રીતે વગાડી શકતા.



શ્રી અવનીન્દ્રનાથ ટાગોરનું 'ઉમા' નામનું ચિત્ર

શ્રી અવનીન્દ્રનાથે હિંદુ શિલ્પશાસ્ત્રના મૂળભૂત સિદ્ધાંતો જેવા કે રૂપભેદ, પ્રમાણભેદ, ભાવ-લાવણ્ય, સાદશ્યમ, વર્ણિકા ભેદભંગ વગેરેનું લખાણોમાં વિસ્તારથી વર્ણન કરેલું છે. ચિત્રકલાની ૬૭ મુખ્ય શાખાઓ વિષે તેઓ લખે છે કે, નરી આંખે નીરખેલ દશ્ય કે પદાર્થને એના મૂળસ્વરૂપે જ ચિત્રમાં અંકિત કરવા, પ્રકાશ અને છાયા સાથે ક્ષિતિજનાં અંતરોનો અભ્યાસ પરસ્પરના વિભાગો સાથે યોગ્ય રીતે કરવો. કોઈ પણ પદાર્થનું અભ્યાસ દરમિાન ચારે બાજુએથી ચીત્રણ કરવું જેથી જ્યારે પદાર્થ નજર સમક્ષ ના હોય ત્યારે પણ કલ્પનાશક્તિથી અંકિત કરી શકાય. તેઓ કહેતા કે મનુષ્ય કે પ્રાણીઓના શરીરશાસ્ત્રનો અભ્યાસ કરવાથી તેનાં રેખાંકનમાં દેખાતી ક્ષતિઓ નિવારી શકાય છે. ચિત્રમાં દોરેલી અસર ઉપજાવવા માટે રંગશાસ્ત્રનો અભ્યાસ, આછા-ઘેરા પટોની અસર તેમજ રંગોના પ્રમાણભેદ, આકારો અને વિષય સાથેની સરખામણી, હૃદયની ભાવનાઓનું સંયોજનલાવણ્ય ચિત્રને પૂર્ણ કરવાની યોગ્યતાવાળો કસબ કરવાની રીત વગેરે ખૂબ જ જરૂરી છે.

તેઓ જ્યારે શાંતિનિકેતનના કલાભવનમાં આવતા ત્યારે તેમની પ્રાર્થનાના મુખ્ય શબ્દો આ પ્રમાણે હતા : 'We bow to Thee, for all inspiration come from God.'

તેમનાં પ્રદર્શનોમાં લૉર્ડ કર્ઝનના હાથે ઉદ્ઘાટિત કલકત્તા આર્ટ કોલેજનું પ્રદર્શન ૧૯૦૦, કોંગ્રેસના રાષ્ટ્રિય અધિવેશન પ્રદર્શનમાં ગોલ્ડ મેડલ એનાયત થયો તે ૧૯૦૨, આર્ટ સોસાયટીનું વાર્ષિક પ્રદર્શન ૧૯૦૮-૧૯૧૨, ઈંગ્લંડના રાજા પંચમ જ્યોર્જના રાજ્યાભિષેક વખતે લંડનની આર્ટ સોસાયટીમાં યોજાએલ પ્રદર્શન ૧૯૧૧, સોસાયટીના પસંદગીના ચિત્રકારોનું પ્રદર્શન, પેરિસ, બેલ્જિયમ અને હોલેન્ડ ૧૯૧૪, સોસાયટીના યુવાન ચિત્રકારોનું મંડળ રચાયું અને પ્રદર્શન મદ્રાસમાં યોજાયું - ૧૯૧૬, પસંદગીના ચિત્રોનું પરિભ્રમણ અમેરિકા, સ્વિટ્ઝરલેન્ડ વગેરે સ્થળે ૧૯૨૪-૨૮ને મુખ્ય ગણાવી શકાય.

શ્રી અવીન્દ્રનાથની કૃતિઓનો મુખ્ય સંગ્રહ અકાદમી ઓવ્ ફાઈન આર્ટ્સ કલકત્તા, વિન્ડસર કાસલ પેલેસ રાણી ઈલિઝાબેથનો સંગ્રહ, ઈન્ડિયન મ્યૂઝીઅમ કલકત્તા, રાષ્ટ્રિય આધુનિક કલા સંગ્રહાલય ન્યૂ દિલ્હી, ઓરિએન્ટલ અને ભારતીય રાજદૂત લાયબ્રેરી લંડન, રવીન્દ્રભારતી સોસાયટી કલકત્તા, વિક્ટોરિઆ એન્ડ આલ્બર્ટ મ્યૂઝીઅમના ટ્રસ્ટીમંડળ પાસે - લંડન, યૂનિવર્સિટીઝ ઓવ્ સસેક્સ ઈંગ્લંડ ખાતે છે.

શાંતિનિકેતન વિશ્વભારતી અને કલકત્તાના કલારસિકોમાં ગુરુદેવના નામે ઓળખાતા આવા આ સંત મહર્ષિ કલાકારનું અવસાન ૧૯૫૧માં કલકત્તામાં થયું. આજે પણ કલાજગતમાં તેમનું નામ આદરથી લેવાય છે. એવા ગુરુદેવને શત : શત : પ્રણામ. - ગજેન્દ્ર શાહ (ચિત્રકાર)

કંકાવટી

શાન્તાબહેન ગોરધનદાસ દલાલ

આજે તેમની ઉંમર ૯૪ વર્ષની છે. છેલ્લાં ૩૦-૩૫ વર્ષથી હસ્તકલા ઉદ્યોગમાં તેઓ ઊનના ગાલીચા



બનાવે છે. લગભગ ત્રણેક ડઝન ઉપરાંત ગાલીચા તેમણે બનાવ્યા હશે. ગાલીચા લગભગ સાડા પાંચ ફૂટના લાંબા હોય છે. આ ગાલીચા શોખથી કરીને તેમનાં પરિવારનાં સભ્યોને ભેટ આપ્યા છે. ભાઈ, બહેનો, દીકરીઓ, દીકરાઓ, દૌહિત્રીઓ, પૌત્ર તેનાં બાળકો, ભાણેજો, દિયર વગેરેને પ્રેમથી આપ્યા છે. જેને તેઓ ઓળખતાં હોય કે ના હોય તેવી બહેનો પણ તેમની પાસે ગાલીચા શીખવા આવે છે. સરખેજ-બાવળાથી બહેનો આવે. તેઓ ઊન ખરીદવા ગયાં હતાં ત્યારે તે બહેનોએ પૂછ્યું કે, આ ઊનનું તમે શું કરો છો? જવાબમાં કહ્યું, 'ગાલીચા બનાવું છું.' તો કહે 'અમને શીખવશો?' અને તેઓ નિયમિત ગાલીચા શીખવા આવે. શાન્તાબહેન તે બહેનોને પ્રેમથી શીખવાડે.

એક ગાલીચા પાછળ સામગ્રી - ઊન દોરી વગેરે -ના આશરે રૂપિયા હજારથી વધુ થાય અને મહેનત જુદી; છતાં તેમણે બધાંને પ્રેમથી આપવામાં આનંદ આવે છે. આજે પણ તેઓ ગાલીચા કરે છે અને કહે છે કે, મારું ઘડપણ શાંતિથી સારું જાય છે. ઉંમરને કારણે કેટલીક શારીરિક મર્યાદાઓ છે છતાં ઉમંગથી, કોઈની ખટપટ વગર શાંતિથી તેમનું ગાલીચા બનાવવાનું કામ કર્યા કરે છે.

નિયમિત ધાર્મિક પુસ્તકો, વર્તમાન પત્રો વગેરે પણ વાંચીને વખત પસાર કરે છે. આ ઉંમરે પણ બપોરે ઊંઘવાની ટેવ જરા પણ નથી.

તેમનાં માતા હીરાલક્ષ્મી જમનાદાસ કિનારીવાળા પાસેથી તેઓ ગાલીચા બનાવતાં શીખ્યાં. તેમના ગાલીચાની ઝીણી ડિઝાઈન, રંગની મેળવણી વગેરે આકર્ષક છે. દરેક કામમાં તેમની ચોક્સાઈ પૂરેપૂરી. કોઈ વેઠ ઉતારીને કામ કરે તે તેમને ગમે નહીં. પોતે પણ આજે ગાલીચામાં કાંઈ ભૂલ દેખાય તો તરત જ ઉકેલી નાખે. ચલાવી લેવાનું તેમને ફાવતું નથી. જબરી ચોક્સાઈ!

અભ્યાસ તો કદાચ પાંચ-છ ધોરણ જેટલો, પણ તેમના જમાનાની કવિતાઓ આજે પણ તેમને કંઠે છે. તે પ્રમાણે ભજનો પણ ગાઈ શકે. આજે ઉંમરને કારણ સાદ ઝીણો થઈ ગયો છે. આમ, આ ઉંમરે પણ તેઓ કર્મશીલ છે તે યુવાપેઢી માટે ઉદાહરણરૂપ છે. - ડૉ. પ્રિયબાળા શાહ

અડકો દડકો

તનીએ ચોર ભગાડ્યા

શ્રદ્ધા ત્રિવેદી

ઉનાળાની રજાઓ પડી નથી કે તની અને ઝીણી દાદીમાને ગામ ગયાં નથી. છેલ્લાં ત્રણ વરસથી તે રજાઓમાં ગામડે જાય જ. ને દાદીમા ગંગાબા રાહ જ જોતાં હોય. ગંગાબા ગામડે એકલાં રહે. બધું કામ જાતે કરે. આડોશપાડોશમાં સૌને મદદ કરે. તનીના પપ્પા રમણભાઈ શહેરમાં નોકરી કરે. તેમને સરસ મઝાનો ફ્લેટ હતો. તે ગંગાબાને કાયમ કહે કે 'બા! તમે એકલાં ત્યાં શું કામ રહો છો? અહીં શહેરમાં સાથે રહેવા આવી જાવને!' તનીની મમ્મી સરલાબહેન પણ ગંગાબાને બહુ સમજાવે. પણ ગંગાબા... ગામડું છોડવાની ના જ ભણે.

એક વાર રમણભાઈ અને સુશીલાબહેન જીદ કરીને દિવાળીમાં તેમને શહેરમાં લઈ આવ્યાં. ઘરમાં તની અને ઝીણી ખરાં ને એટલે ગંગાબાને બહુ જ આનંદ રહે. બેચાર દિવસ પછી રવિવાર હતો. રમણભાઈ પાસે સરસ મજાનું ટેપરેકોર્ડર હતું. રજા હતી. બપોરે બધાં જમીપરવારીને બેઠાં બેઠાં વાતો કરતાં હતાં. ત્યારે રમણભાઈએ ટેપ ચાલુ કરી, તેમાં સરસ ભજનો આવતાં હતાં. ગંગાબા તો આ સાંભળીને ખૂબ ખુશ થઈ ગયાં. રમણભાઈ કહે, બા, જો તમે પેલું રામજીનું ને અંબામાનું ભજન ગાઓ તો તેય આમાં આવી જાય. ગંગાબા રમણભાઈની સામે જોઈ રહ્યાં. એટલે તની કહે, 'હા બા, જુઓ તમે ગાઓ. હું ટેપ કરી લઉં.' આ સાંભળી રમણભાઈ તપી ગયા. તની તારે ટેપને અડકવાનું નથી. આ તે કંઈ તારું રમકડું છે? દૂર બેસ. સુશીલાબહેને તનીને ઈશારાથી સમજાવી શાંત કર્યો. ગંગાબા કહે, 'ના બેટા, મને આમ ગાવાનું ના ફાવે. હું તો નવડાવતાં નવડાવતાં જ ગાઉં. તું તારે આ તારું મશિન કબાટમાં મૂકી દે.' રમણભાઈ કહે, 'ના બા, તમે કંઈક તો ગાવ જ. ને પછી તમે સાંભળો.' બધાંએ બહુ આગ્રહ કર્યો ત્યારે ગંગાબાએ એક ભજન ગાયું. રમણભાઈએ તેને ફરી વગાડ્યું ને સૌએ આનંદથી સાંભળ્યું. ગંગાબાને પણ ખૂબ આનંદ થયો. સુશીલાબહેનને તો ગંગાબાનાં ભજનો ખૂબ ગમતાં. તેમને તો આખી કસેટ ટેપ કરી લેવી હતી. પણ ગંગાબાએ પછી ના ગાયું તે ના જ ગાયું.

થોડા દિવસ રમણભાઈએ ગંગાબાને અનેક ઠેકાણે ફેરવ્યાં. શહેરના જાણીતા મોટા મહાદેવના મંદિરે તો ખાસ બેત્રણ વાર લઈ ગયાં. એમ મહિનો તો ક્યાંય નીકળી ગયો. હવે ગંગાબાએ ગામડે પાછાં જવાની રઢ લીધી. ને તની અને ઝીણીને રજાઓમાં ગામડે આવવાનું કહી ગામડે ગયાં.

ને જેવી ઉનાળાની રજાઓ પડી કે ભાઈ-બહેનની જોડી તૈયાર થઈ ગઈ ગામડે જવા જ સ્તો! રમણભાઈએ કહ્યું, 'એમ એકલાં ના જવાય. હું રવિવારે મૂકી જઈશ.' પણ બેઉ જણાએ રમણભાઈના માથામાં વાગે તેવી ના પાડી. આ વખતે તનીએ સુશીલાબહેનને કહ્યું, 'મમ્મી, હું ટેપરેકોર્ડર સાથે લઈ જઉં છું.' સુશીલાબહેન કહે, 'ના, પપ્પા જાણે તો મારે શું કહેવું?' 'પણ મમ્મી મને ટેપ વગાડતાં આવડે છે. હું ખૂબ સાચવીશ. ને દાદીમા જ્યારે પૂજા કરતાં કરતાં ગાશે ત્યારે ટેપ કરી લઈશ. એ સાંભળીને પપ્પા પણ ખુશ થઈ જશે. જો પહેલેથી પપ્પાને કહીશું તો તે ના જ પાડશે. હમણાં એમને ના કહીશ. જ્યારે પૂછે ત્યારે કહેજે પણ ત્યાં લઈ જઉં તો દાદીનું ગાયેલું ટેપ કરી શકાય.' સુશીલાબહેનને વાત ગળે ઉતરી ગઈ. તેમણે તનીને કહ્યું : 'બેટા, તું ટેપ જીવની જેમ જાળવજે હોં.'

'મા, તું જરાય ચિંતા ના કર. મને લઢે તોય તું લઢવા દેજે. પણ ટેપ તો લઈ જઈશ.' સુશીલાબહેને સાડીમાં વીંટાળીને સરસ રીતે ગોઠવીને પેટી તૈયાર કરી આપી. એક સરસ સંગાથ જોઈ, તની-ઝીણીને ગામડે મોકલ્યાં.

ભાઈ-બહેનની જોડી પહોંચી ગંગાબાના ઘેર. ગંગાબાએ બેઉ હાથ ખુલ્લા કરી, બેઉને પોતાની બાથમાં લીધાં. ને બસ... પછી તો ગંગાબા રોજ જાતજાતનું રાંધે. બધાં ખાય-પીએ ને આનંદ કરે. સવારે ગંગાબા પૂજા કરતી વખતે રોજ જુદાં જુદાં ભજનો ગાય. ગાતાં ગાતાં કોઈક વાર તો તેમની આંખો ભીની પણ થઈ જાય. તની તેમને ખબર ન પડે તેમ ભજનો ટેપ કરી લે. એમ આખી કસેટ તેણે તૈયાર કરી. પછી એક સાંજે બધાં બેઠાં હતાં ત્યારે તેણે તે કસેટ વગાડી. પોતાનાં ગાયેલાં આ બધાં ભજનો સાંભળી ગંગાબા આભાં જ થઈ ગયેલાં.

એમ કરતાં આઠદસ દિવસ પસાર થઈ ગયા. એક વાર ગંગાબાને મળવા તેમના દૂરના સગા રણછોડભાઈ આવ્યા. એ ઘણા વખતે આવેલા. વાતોમાં અનેક સગાંઓને બેઉ જણે યાદ કર્યાં. નાનપણની યાદ તાજી કરી. ખાસ્સો અડધો-પોણો કલાક તેઓની ગોઠડી ચાલી. કોઈનેય ખબર નહીં ને તનીએ આ બેઉ જણની વાતો પણ ટેપ કરી લીધી. રણછોડભાઈ ચા-નાસ્તો કરીને ગયા એટલે તનીએ ટેપ વગાડી. રસોડામાં રાંધતા ગંગાબાએ પોતાનો ને રણછોડભાઈનો અવાજ સાંભળ્યો કે ફટાક બહાર આવ્યાં. 'અલ્યા તની, આવી વાતો આમ ટેપ કરે તે શા કામનું? આવો બગાડ ના કર. રમણ પછી તારા પર ખિજાય તો તું જાણે. હવે આજથી ટેપ કરવાનું કે વગાડવાનું બંધ.' તની મરક મરક હસતો રહ્યો. (ક્રમશઃ)

સાહિત્યસંપર્ક

કવિ મીનપિયાસી, સ્વ.

કવિ શ્રી દિનકરરાય કેશવલાલ વૈદ્ય, 'મીનપિયાસી'નું નેવું વર્ષની વયે તા. ૩-૩-૨૦૦૦ના રોજ તેમના વતન અને કર્મભૂમિ એવા સુરેન્દ્રનગર જિલ્લાના ચુડા ગામે દુઃખદ અવસાન થયું છે. તેમનો જન્મ તા.૨૧-૯-૧૯૧૦ ના રોજ જેતપુરમાં થયો હતો.

તેમના પિતા ચુડાના સુપ્રસિદ્ધ રાજવૈદ્ય સ્વ. કેશવલાલ પોપટભાઈ વૈદ્ય. તે સ્વ. ઝંડુ ભટ્ટજીના ભત્રીજા થાય. તેઓ અભ્યાસાર્થે થોડો વખત ભાવનગર અને મુંબઈ રહેલા.

સ્વ. મીનપિયાસીનો પ્રથમ કાવ્યસંગ્રહ 'વર્ષાજલ' ઈ.સ. ૧૯૬૬માં પ્રકટ થયો ત્યારે લાભશંકર રાવળ ઉર્ફે 'શાયરે' તેમને 'ધૂળના ગૌરવનો કવિ' તરીકે ઓળખાવ્યા હતા. તેઓ પક્ષીજગતના પણ અભ્યાસી હતા અને ઈ.સ. ૧૯૬૯માં તેમનું પુસ્તક 'નળસરોવરનાં પક્ષીઓ' પ્રકટ થયેલું.

ઈ.સ. ૧૯૬૦ - ૧૯૭૦ના દસકાઓનાં વર્ષોમાં સ્વ. મીનપિયાસી મુશાયરાઓમાં ખીલી ઊઠતા. ત્યારના તેમના સમકાલીન કવિમિત્રો સ્વ. ડૉ. બટુકભાઈ પંડ્યા, સ્વ. જમિયત પંડ્યા, સ્વ. આરઝુ નુરાની, સ્વ. કિસ્મત કુરૈશી, શ્રી મુકબિલ કુરૈશી, સ્વ. જટિલભાઈ વ્યાસ વગેરે સાથે મુશાયરામાં તેમને સાંભળવા એ એક લહાવો હતો.

ઈ.સ. ૧૯૮૬માં વીસ વર્ષના ગાળા પછી તેમનો બીજો કાવ્યસંગ્રહ 'ગુલછડી અને જૂઈ' પ્રકટ થઈ શક્યો, જ્યારે કવિ પોતાના આયુષ્યની પોણી સદીએ પહોંચ્યા હતા. છેલ્લે ઈ.સ. ૧૯૯૨માં ગુજરાત રાજ્યના માહિતી ખાતા દ્વારા 'પંખીમેળો' નામનું ગુજરાતમાં જોવા મળતાં પંખીઓ વિષેનું તેમણે લખેલું સચિત્ર પુસ્તક પ્રકટ થયું. આ પુસ્તકમાં ૧૬૫ પક્ષીઓનો પરિચય આપવામાં આવ્યો છે. આ પહેલાં ૧૯૬૬માં 'પંખીજગત', ૧૯૯૨માં 'ખગોળની ખૂબીઓ' પુસ્તક પ્રસિદ્ધ થયાં હતાં. એમના રસના વિષયોમાં કવિતા, ખગોળ, બાગાયત, પક્ષીઓ અને થિઓસૉફી હતા. થિઓસૉફીની વિચાર-ધારાના સંદર્ભમાં 'મરણ તો નથી જ' નામનું એમનું પુસ્તક પ્રસિદ્ધ થયેલું છે.

નવેમ્બર ૧૯૯૭માં 'મીનપિયાસી'નું તેમના વતન ચુડા ગામે જાહેર સમારંભ યોજી બહુમાન કર્યું, જેમાં અનેક લબ્ધ-પ્રતિષ્ઠ સાહિત્યકારો ઉપરાંત જાણીતા સાહિત્યકાર મુ. મનુભાઈ પંચોળી 'દર્શક' તેમજ સુપ્રસિદ્ધ રામાયણી શ્રી મોરારી-દાસજી ઉપસ્થિત રહ્યા હતા.

કલાકાર ક્યારેય મરતો નથી તે ઉક્તિ પ્રમાણે બહુમુખી પ્રતિભા ધરાવતા સ્વ. મીનપિયાસી લોકહૃદયમાં હંમેશાં જીવંત રહેશે. તેમના અવસાનથી અંતરસંતોષથી સમૃદ્ધ, નિખાલસ, સહૃદયી, પ્રેમાળ સજ્જનને ગુમાવ્યા છે. (સંકલિત)

પ્રાપ્ત પ્રકાશનો

ગૂર્જર ગ્રન્થરત્ન કાર્યાલય (રતનપોળ નાકા સામે, ગાંધી રોડ, અમદાવાદ - ૩૮૦ ૦૦૧)નાં પ્રકાશનો : **જે. કૃષ્ણમૂર્તિનો જીવનબોધ : ખંડ ૧થી ૭** (જે. કૃષ્ણમૂર્તિના સમગ્ર વિચારો) લે. બબાભાઈ પટેલ દરેક ડિમાઇ સાઇઝ, ખંડ ૧: પૃ.૨૦૦, રૂ.૧૦૦. ખંડ ૨ : પૃ.૧૮૦, રૂ.૯૦. ખંડ ૩ : પૃ.૧૪૦, રૂ.૭૦. ખંડ ૪ : પૃ.૧૪૦, રૂ.૭૦. ખંડ ૫ : પૃ.૧૬૪, રૂ.૮૨. ખંડ ૬ : પૃ.૧૭૨, રૂ.૮૬. ખંડ ૭ : પૃ.૧૫૨, રૂ.૭૨. **સમણે સમણે નોખી ભાત** (ટૂંકી વાર્તાસંગ્રહ) લે.ચન્દ્રકાન્ત મહેતા, ક્રાઉન સાઇઝ, પાકું પૂઠું, પૃ.૨૨૦, રૂ..૯૦. **દ્વિરેફની ઉત્તમ વાર્તાઓ** (વાર્તાસંગ્રહ) સંપાદક : રમણ સોની, ડિમાઇ સાઇઝ, પાકું પૂઠું, પૃ.૧૬૦, રૂ.૮૦. **પસ્તીનાં પાનાં** (લેખસંગ્રહ) લે. ડૉ. પ્ર. ચુ. વૈદ્ય, ક્રાઉન સાઇઝ, પાકું પૂઠું, પૃ.૨૨૮, રૂ.૮૫. **નવલકથા સંદર્ભ કોશ** (વિવેચન-સામગ્રીના સંદર્ભો) સંપાદક : પ્રકાશ વેગડ, ડિમાઇ સાઇઝ, પાકું પૂઠું, પૃ.૩૨૪, રૂ.૨૦૦. **નારીપ્રતિભાઓ** (ભાવસમૃદ્ધિ પ્રેરક ચરિત્રગ્રંથ) લે. બેલા ઠાકર, ડિમાઇ સાઇઝ, પાકું પૂઠું, પૃ. ૩૭૨, રૂ.૨૦૦. **નારીસંવેદના** (સ્ત્રી-સંવેદનાવિષયક કાવ્યો, લેખો વગેરે) સંપાદકો : અશ્વિન કારીઆ, ઈલા જોશી, મૃદુલા માત્રાવાડિયા, શર્મિલા વલી, ડિમાઇ સાઇઝ, પાકું પૂઠું, પૃ.૨૮૦, રૂ.૧૪૦. **ખોજ અનહદની...** (પંચમહાભૂત વિદ્યા) લે. સુભાષ શરદચંદ્ર ભટ્ટ, ડિમાઇ સાઇઝ, પાકું પૂઠું, પૃ.૨૦૪, રૂ.૧૦૦. **થોડુંક અંગત** (આત્મકથનાત્મક લખાણો) લે. ઉમાશંકર જોશી, સંપાદન : સ્વાતિ જોશી, ડિમાઇ સાઇઝ, પાકું પૂઠું, પૃ.૧૯૨, રૂ.૯૬. **શ્રી અરવિંદ અને માતાજી** (અંગ્રેજી પુસ્તકનો અનુવાદ) લે.કિરીટ જોશી, અનુ. પ્રા.હરસિદ્ધ જોષી, ડિમાઇ સાઇઝ, પાકું પૂઠું પૃ.૨૮૦, રૂ.૧૫૦. **પોતાનો ઓરડો** (અંગ્રેજી પુસ્તકનો અનુવાદ) લે. વર્જિનિયા વૂલ્ફ, અનુ. રંજના હરીશ, ડિમાઇ સાઇઝ, પૃ.૧૨૦, રૂ.૬૦. **પરસ્પર** (નિબંધો) લે.પ્રવીણ દરજી, ક્રાઉન સાઇઝ, પાકું પૂઠું, પૃ.૧૫૬, રૂ.૬૦. **શાખાઓનો સંવાદ** (લલિત નિબંધો) લે. પ્રવીણ દરજી, ક્રાઉન સાઇઝ, પાકું પૂઠું, પૃ.૧૫૨, રૂ.૬૦. **પારકી ભૂમિ પર ઘર** (એકસઠ પ્રસંગકથાઓનો સંગ્રહ) લે. ચંદ્રહાસ ત્રિવેદી, ક્રાઉન સાઇઝ, પાકું પૂઠું, પૃ.૨૨૪, રૂ.૮૫. **નિરૂપણ** (લેખસંગ્રહ) લે. રમણલાલ જોશી, ક્રાઉન સાઇઝ, પાકું પૂઠું, પૃ.૨૪૮, રૂ.૧૦૦. **ગુજરાતના નવતર સત્યાગ્રહો** (લેખસંગ્રહ) લે. ડૉ. મહેબૂબ દેસાઈ, ક્રાઉન સાઇઝ, પૃ.૧૧૨, રૂ.૪૨. **બાળકોને અપાતી આધુનિક રસીઓ** (લેખસંગ્રહ) લે. ડૉ. હર્ષદ વી. કામદાર, ક્રાઉન સાઇઝ, પૃ.૧૧૨, રૂ.૪૦. **વિક્ટર** (સંસ્મરણો) લે. હિમાંશી શેલત, ક્રાઉન સાઇઝ, પૃ.૧૨૪, રૂ.૫૦. **છે મજા તો એ જ...** (હાસ્યસભર લેખો) પલ્લવી મિસ્ત્રી, ક્રાઉન સાઇઝ, પૃ.૧૫૬, રૂ.૬૦.

સર્જકસૃષ્ટિ : વ્યંગદૃષ્ટિ

[કેરિકેચર : નિર્મિશ ઠાકર]



ન ગાઉં કેમ હું ભજનોની સાથે ગઝલો પણ 'ગાફિલ';
અહીં ખેંચે છે મીરાંબાઈ તો ત્યાં મીર ખેંચે છે.
- મનુભાઈ ત્રિવેદી 'ગાફિલ'



જીવનની સમી સાંજે મારે જખ્મોની યાદી જોવી'તી,
બહુ ઓછાં પાનાં જોઈ શક્યો, બહુ અંગત અંગત નામ હતાં.
- સૈફ પાલનપુરી

કોલંબસને કેડે (પ્રવાસવિષયક લેખો) દુષ્યન્ત પંડ્યા, ક્રાઉન સાઇઝ, પાકું પૂઠું, પૃ.૨૬૪, રૂ.૧૦૦. **વગર એપ્રિલે ફૂલ** (ટૂંકી વાર્તાસંગ્રહ) રાજેન્દ્ર જે. જોશી, ક્રાઉન સાઇઝ, પૃ.૧૬૮, રૂ.૬૫. **ઉજ્જ્વળ ભાવિના ઉપાસકો** (વિજ્ઞાનવિષયક વાર્તાઓ) કનુભાઈ રાવલ, ક્રાઉન સાઇઝ, પૃ.૧૮૦, રૂ.૭૦. **સંજય દૃષ્ટિ** (વિજ્ઞાનવિષયક વાર્તાઓ) કનુભાઈ રાવલ, ક્રાઉન સાઇઝ, પૃ.૧૨૪, રૂ.૪૫. **રાષ્ટ્રના સળગતા પ્રશ્નો** (લેખસંગ્રહો) લે. સ્વામી સચ્ચિદાનંદ, ક્રાઉન સાઇઝ, પૃ.૧૫૬, રૂ.૪૦. **માનસી, હે પ્રિય !** (અંગત નિબંધસંગ્રહ) લે. રમેશ ર. દવે, ક્રાઉન સાઇઝ, પૃ.૧૨૦, રૂ.૪૫. **નવું ઘર** (ટૂંકી વાર્તાસંગ્રહ) લે. પ્રવીણસિંહ ચાવડા, ક્રાઉન સાઇઝ, પાકું પૂઠું, પૃ.૨૨૪, રૂ.૮૫. **રાજા-રાની કી કહાની** (આઝાદી પછી રાજા-રજવાડાં-મહારાજા-નવાબો- આદિની સ્થિતિનું નિરૂપણ) લે. યશવન્ત મહેતા, ક્રાઉન સાઇઝ, પાકું પૂઠું, પૃ.૨૧૬, રૂ.૧૦૦. **સાચવો જો ક્ષણ તો મેળવો મણમણ** (સમય સાચવીને નીરોગી બનવાની રીત સમજાવતું પુસ્તક) લે. પ્રો. ડૉ. દોલતભાઈ દેસાઈ, ડિમાઈ સાઇઝ, પૃ.૧૮૮, રૂ.૧૦૦. **હર્ષ પ્રકાશન** (ફુવારા સામે, ગાંધી માર્ગ, અમદાવાદ) : **મહામૃત્યુ** (નવલકથા) લે. ડૉ. બહેચરભાઈ પટેલ, ક્રાઉન સાઇઝ, પાકું પૂઠું, પૃ.૨૦૪, રૂ.૮૦. **તેજસ્વિની** (નવલકથા) લે. સ્મિતા ભાગવત, ક્રાઉન સાઇઝ, પાકું પૂઠું, પૃ.૧૫૬, રૂ.૬૦. **અક્ષરા પ્રકાશન** (૪૨૮, જેઠાભાઈની પોળ, ખાડિયા, અમદાવાદ - ૩૮૦ ૦૦૧)નાં પ્રકાશનો : **વીર કુમાર** ભાગ ૧થી ૮, ગણેશ, ઉપમન્યુ, નચિકેતા આદિ ૨૫ જેટલાં પાત્રોના પરિચયની રંગીન ચિત્રોવાળી આઠ પુસ્તિકાઓ) લેખન : રતિલાલ સાં. નાયક, ડબલ ડિમાઇ સાઇઝ, દરેક પૃ.૨૪, દરેક ની કિં. રૂ.૪૦. **સાહસિક સિંદબાદની સાત સફર** ભાગ - ૧-૨, (સિંદબાદની સફરોની રંગીન ચિત્રોવાળી બે પુસ્તિકાઓ) લેખન : વી.રામાનુજ, ડબલ ડિમાઇ સાઇઝ, દરેક પૃ.૩૨, દરેકની કિં. રૂ.૫૦. **ભગરિયો** (રંગીન ચિત્રોવાળી પુસ્તિકા) લેખન : રતિલાલ સાં. નાયક, ડબલ ડિમાઈ સાઇઝ, પૃ.૧૬, રૂ.૩૦. **અંગૂઠિયો રાજકુમાર** (રંગીન ચિત્રોવાળી પુસ્તિકા) લેખન : રતિલાલ સાં. નાયક, ડબલ ડિમાઈ સાઇઝ, પૃ.૨૪, રૂ.૪૦.

A Donkay is Donkey (રંગીન ચિત્રોવાળી અંગ્રેજી પુસ્તિકા) લેખન : રતિલાલ સાં. નાયક, ડબલ ડિમાઇ સાઇઝ, પૃ.૧૬, રૂ.૩૦.

અન્ય પ્રકાશકોનાં પ્રકાશનો

પ્રાર્થના પલ્લવી (કાવ્યસંગ્રહ) લે.રતુભાઈ દેસાઈ. પ્ર.પરિમલ પ્રકાશન પ્રતિષ્ઠાન, પાર્વતી, હનુમાન રોડ, વિલે પાર્લે, મુંબઈ - ૪૦૦ ૦૫૭, ડિમાઇ સાઇઝ, પૃ.૧૧૬, રૂ.૫૦. **શબ્દની મોસમ** (ગઝલસંગ્રહ) લે.અહમદ મકરાણી, પ્ર.પોતે, બગસરાવાળાં, પ્લોટ, સબ સ્ટેશન પાસે, ઉપલેટા - ૩૭૦૪૯૦, ક્રાઉન સાઇઝ, પૃ.૮૮, રૂ.૬૦. **મનોયાત્રા** (કાવ્ય-સંગ્રહ) લે. મણિભાઈ શાહ, પ્ર. રવીન્દ્ર પ્રકાશન, ૧૦૬, બાહુબલી કોમ્પ્લેક્સ, કાળા નાળા, ભાવનગર, ડિમાઇ સાઇઝ, પૃ.૫૨. રૂ.૨૦. **નિવેદન** (વિવેચનાત્મક લેખો) લે.અનિલા દલાલ, પ્ર.પોતે ૩૪, પ્રોફેસર્સ કોલોની, નવરંગપુરા, અમદાવાદ - ૩૮૦ ૦૦૯, ડિમાઇ સાઇઝ, પૃ.૧૮૦, રૂ.૮૦. **પ્રભુપ્રેમનો માર્ગ** (લેખો) લે: સ્વામી અવધેશાનંદગિરિ, અનુ. પ્રભુપ્રેમી, પ્ર. પ્રભુપ્રેમી સંઘ પરિવાર, 'નવનીત', સંત કબીર સ્કૂલની બાજુમાં, એચ.એલ. કૉલેજની પાછળ, નવરંગપુરા, અમદાવાદ - ૩૮૦ ૦૦૯, ડિમાઇ સાઇઝ, પૃ.૧૬૦. કિ. જણાવી નથી. **ફૂંડ ઘટાડો - વજન ઉતારો** (લેખો) લે.ડૉ. પ્રફુલ્લ વૈદ્ય, પ્ર. બાપાલાલ ન. વૈદ્ય પ્રકાશન, ૧ આદર્શ સોસાયટી, અઠવા લાઇન્સ, સુરત - ૩૯૫ ૦૦૧. ક્રાઉન સાઇઝ, પૃ.૬૦, રૂ.૪૦. **મૃગજળના ડાઘ** (કાવ્યસંગ્રહ) લે. પ્રભુ પહાડપુરી, પ્ર.પૂર્વી પ્રકાશન, ૩૦, અમર, સમુદ્ર કોમ્પ્લેક્સ, ક્લાસિક ગોલ્ડ હોટેલ પાસે, એલિસબ્રિજ, અમદાવાદ - ૩૮૦ ૦૦૬, ડિમાઇ સાઇઝ, પૃ.૧૦૮, રૂ.૭૦. **ક્ષણોને પાંદડે ઝાકળ છલોછલ** (વૈયક્તિક નિબંધો) લે.ભારતી રાણે, પ્ર.શબ્દલોક પ્રકાશન, ગાંધી માર્ગ, અમદાવાદ - ૧, ડિમાઇ સાઇઝ, પૃ.૧૦૦, રૂ.૨૫. **તું કહે તો...** (કાવ્ય-ગઝલસંગ્રહ) લે.પુષ્પા મહેતા, પ્ર.ડૉ.હરેશ 'તથાગત', ૨/૪, ગોકુલ એપાર્ટમેન્ટ્સ ૧૧, પંચનાથ પ્લોટ, રાજકોટ - ૩૬૦ ૦૦૪, ડિમાઇ સાઇઝ, પૃ.૮૦, રૂ.૪૦. **અવકાશની યાત્રા** (વિજ્ઞાનકથા) લે. શ્રીકાન્ત ત્રિવેદી, પ્ર. રૂપરેખા પ્રકાશન, ૩/૨૭, અખબારનગર, નવા વાડજ, અમદાવાદ - ૩૮૦ ૦૧૩ ક્રાઉન સાઇઝ, પૃ.૧૪૪, રૂ.૫૪. **ચંદ્ર પર ચઢાઈ** (વિજ્ઞાનકથા) લે.પ્ર. ઉપર મુજબ, ક્રાઉન સાઇઝ, પૃ.૧૪૪, રૂ.૫૪. **ઘુવડ બોલ્યું** (નવલકથા) લે. નીરુભાઈ દેસાઈ, પ્ર. નીરુભાઈ દેસાઈ સ્મારક ફાઉન્ડેશન, એલિસબ્રિજ આરોગ્ય સમિતિ, પ્રિતમનગર, અમદાવાદ - ૩૮૦ ૦૦૬ પ્રાપ્તિસ્થાન : ગૂર્જર ગ્રન્થરત્ન કાર્યાલય, ગાંધીરોડ, અમદાવાદ-૧ ડિમાઇ સાઇઝ, પૃ.૧૦૮, રૂ.૫૦. **મને કેમ વીસરે રે** (જડેલાં મૂલ્યો) લે. દોલતરાય મોરારજી દેસાઈ, પ્ર. પીયૂષ ડી. દેસાઈ, કદમગિરિ, કિરણ પાર્ક, નવા વાડજ, અમદાવાદ - ૩૮૦ ૦૧૩ પ્રાપ્તિસ્થાન : ઉપર મુજબ, ડિમાઇ સાઇઝ, પૃ. ૧૪૪, રૂ. ૭૫. **વસુદેવ** (ત્રિઅંકી પદ્યરૂપક) લે. ગોવિન્દભાઈ, પ્ર. પ્રણવ પ્રકાશન, બી/૩૩, પ્રિયદર્શિની એપાર્ટમેન્ટ્સ-૨, બોડકદેવ, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ક્રાઉન સાઇઝ, પૃ.૯૬, રૂ.૩૫. **અમર સર્જકો** (લેખો) લે. ડૉ. યશવન્ત ત્રિવેદી, પ્ર.એન.એમ. ઠક્કરની કંપની, ૧૪૦, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ - ૪૦૦૦૦૨, ડિમાઇ સાઇઝ, પૃ.૩૦૨, રૂ.૧૭૫. **કેફ** (ગઝલસંગ્રહ) લે. દિનેશ દેસાઈ, પ્ર. નવભારત સાહિત્ય મંદિર, ૧૩૪, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ - ૪૦૦૦૦૨ ; ગાંધીરોડ, અમદાવાદ - ૩૮૦ ૦૦૧ ક્રાઉન સાઇઝ, પૃ.૭૬, રૂ.૫૦. **પીંછું હવાનું** (ગઝલ-સંગ્રહ) લે. દિનકર 'પથિક', પ્ર. પોતે, બી/૪, શ્યામસુંદર એપાર્ટમેન્ટ્સ, ટી.વી. કેન્દ્ર સામે, ઘોઘા સર્કલ, ભાવનગર - ૩૬૪ ૦૦૧, ડિમાઇ સાઇઝ, પૃ.૮૪, રૂ.૬૦. **દમ (અસ્થમા)-માં નથી દમ** (દમ રોગ વિશે પ્રશ્નોત્તરી) લે. ડૉ. નરેન્દ્ર રાવળ, પ્રાપ્તિસ્થાન : શ્રીમતી નંદિની નરેન્દ્ર રાવલ, ૪૦૧, સુરભી ફ્લેટ્સ, કૈલાસકુંજ સોસાયટી, હોટેલ નેસ્ટ સામે, એલિસબ્રિજ, અમદાવાદ - ૩૮૦ ૦૦૬ ડિમાઇ સાઇઝ, પૃ.૪૨, કિંમત જણાવી નથી. **હિંદુ પ્રજા વિનાશને આરે !** (આરોગ્ય વિષયક લેખો) લે. ડૉ. પ્રફુલ્લ વૈદ્ય, પ્ર. બાગ પ્રકાશન, આદર્શ સોસાયટી, અઠવાલાઈન્સ, સુરત - ૩૯૫ ૦૦૧ ક્રાઉન સાઇઝ, પૃ.૪૬, રૂ.૪૦. **જ્યાં ડૉક્ટર ન હોય** (સ્વાસ્થ્ય સંભાળ માટેની માર્ગદર્શિકા) મૂળ લેખક : ડેવિડ વર્નર, અનુ. ડૉ. કિરણ શીંગ્લોત, પ્ર. લોકોસ્ટ સ્ટાન્ડર્ડ થેરાપ્યુટિકલ, પહેલો માળ, પ્રેમાનંદ સાહિત્ય સભા હૉલ, દાંડિયા બજાર, વડોદરા - ૩૯૦ ૦૦૧, ડબલ ક્રાઉન સાઇઝ, પાકું પૂંઠું, પૃ.૭૯૨, રૂ.૨૦૦.

> **ક્રાન્તિવીર પંડિત શ્યામજી કૃષ્ણ વર્મા**
> દક્ષા ઓઝા લિખિત હિન્દી ભાષામાં પ્રકટ થએલા આ પુસ્તકની મૂળ કિંમત રૂ.૭૦ છે, પરંતુ નીચેના સરનામેથી આ પુસ્તક રૂ.૫૦માં મળી શકશે. ૧૦ નકલ સાથે લેનારને રૂ.૪૦૦માં મળી શકશે. પોસ્ટેજ અલગ થશે. ક્રાઉન સાઇઝ, પાકું પૂંઠું, પૃ.૨૫૨, રૂ.૭૦. લખો : શ્રી કપિલભાઈ ઓઝા, વિવેક એન્જિનીઅર્સ, એલ-૪૫૧, જી.આઈ.ડી.સી. ઇન્ડસ્ટ્રીઅલ એસ્ટેટ, ઓઢવ, અમદાવાદ - ૩૮૨ ૪૧૫

મેઘાણીજયંતી પ્રસંગે (૧૭ ઓગસ્ટે) લેખકનાં બાર પુસ્તકોનો સેટ ત્રીજા ભાગની કિંમતે આપવાની લોકમિલાપ ટ્રસ્ટની યોજના છે. 'અણનમ માથાં', 'કનકરજ' ઝવેરચંદ મેઘાણીની કવિતાની, 'કુરબાનીની કથાઓ', 'ખાંભીઓ જુહારું છું', 'જેસલ જગનો ચોરટો', 'દાના ભગત', 'તાતા થેને રે', 'સંત દેવીદાસ', 'સંત વેકરણ', 'સોરઠી સંતો', 'સૌરાષ્ટ્રનાં ખંડેરોમાં' તથા 'હાલરડાં' - આ બાર પુસ્તકોનાં આઠસોથી વધુ પાનાં છે તથા છાપેલ કિંમત રૂ. ૧૫૧ થાય છે. ૩૧ ઓગસ્ટ સુધી આ સંપુટ ફક્ત રૂ. ૧૦૦માં ભાવનગરમાં લોકમિલાપમાં રૂબરૂ મળશે. ટપાલમાં મગાવનારે રજિસ્ટર ટપાલના રૂ.૨૦ ઉમેરીને રૂ.૧૨૦ રોકડા/ડ્રાફ્ટથી મોકલવાનું સરનામું : લોકમિલાપ ટ્રસ્ટ, સરદારનગર, ભાવનગર - ૩૬૪ ૦૦૧

અનુ.। વાચકો લખે છે ।પૃ.૪૬૨થી

જૂન મહિનાના અંકમાં પુષ્કરભાઈ ગોકાણીનો 'જાણીતા માણસની અજાણી વાતો' વાંચી ખૂબ નિરાશા થઈ. આખા પ્રસંગમાં કોઈ વિશેષ વાત નથી. વળી, ભૂતપૂર્વ પ્રધાનમંત્રી હોય તેથી કંઈ વ્યક્તિ મહાન નથી બનતી. દ્વારકાના મંદિરની એમની મુલાકાતમાં કોઈ એવી વાત નથી કે જેનાથી સામાન્ય માણસને કંઈક જાણવાનું મળે. મુ.પુષ્કરભાઈ જેવા સિદ્ધહસ્ત લેખક પાસેથી વધારે સારા લેખની આશા રાખીએ છીએ. બાકી તો કોઈ જાણીતી વ્યક્તિ દ્વારકામાં મુલાકાતે આવે ને મુ.પુષ્કરભાઈ એમને ફરવામાં મદદ કરે એ પ્રસંગ કંઈ બહુ મહત્ત્વનો લાગતો નથી. - મધુકર ધોળકિયા (મુંબઈ)

જૂન ૨૦૦૦ના અંકમાં ભૂ.પૂ. વડાપ્રધાન દેવગૌડા વિષે લખાયું છે તેમાં ક્ષતિ રહેલ છે. તેમાં 'યા દેવી સર્વભૂતેષું મુક્તિ રૂપેણ સંસ્થિતા નમસ્તસ્યૈ નમસ્તસ્યૈ નમસ્તસ્યૈ નમો નમઃ ।' એમ જોઈએ. જયાં 'નમસ્તસ્મૈ' લખાયું છે ત્યાં 'નમસ્તસ્યૈ' જોઈએ.

અહીં અજાણી વાતો લખીને મોટા માણસના માનવ્યને આપની પાસે રજૂ કરવાનો ઇરાદો છે. તેમાં કોઈ ઐતિહાસિક માહિતી વિષે અજાણ્યે ક્ષતિ રહે તો તેને મઠારવા આત્મીય શ્રી નરોત્તમભાઈ પલાણ જેવાએ ધ્યાન દોર્યું તે માટે ઋણી છું. એપ્રિલના અંકમાં અમે જણાવ્યું છે કે જ્યાં મહાનુભાવ સંપ્રદાયના પ્રણેતાએ એક હજાર વર્ષ પહેલાં તપ કરેલ તે ભોંયરાં મળી આવ્યાં છે.

અખિલ ભારતીય મહાનુભાવ પરિષદના દ્વારકામાં ૨૫/૨૬ ફેબ્રુઆરી ૧૯૯૫ના થએલ વિશ્વશાંતિ જ્ઞાનયજ્ઞના નિમંત્રણમાં સ્પષ્ટ લખ્યું છે : 'ભગવાન શ્રીકૃષ્ણના અવતાર સમા પ્રભુશ્રી ચક્રપાણિજી વિક્રમ સંવતની ૧૦મી સદીમાં દ્વારકા (સૌરાષ્ટ્ર) ગુજરાતમાં જન્મ્યા હતા અને ૬૩ વર્ષ સુધી તેમણે ધર્મચરિત્ર લીલાઓ કરી હતી.'

'પંચકૃષ્ણમાં છેલ્લા (પાંચમા) ચક્રધરજી થયા, જેમણે ૧૩મી સદીના છેલ્લા ચરણમાં ઉત્તર ભારતમાં મહાનુભાવ જય શ્રીકૃષ્ણ નામક પંથની સ્થાપના શ્રીસર્વજ્ઞ ચક્રધરે કરી.' પંચકૃષ્ણમાં ત્રીજા શ્રી ચક્રપાણિજી (ચક્રધરજીની પહેલાં થયેલા શ્રી ગોવિંદ પ્રભુ અને તે પહેલાં સર્વજ્ઞ શ્રી ચક્રધર સ્વામી થયેલા)એ પણ અગ્નિનારાયણ મંદિરમાં દ્વારકામાં તપ કરેલું, જેઓ વિક્રમની દશમી સદીમાં થએલા.

આમ, શ્રી પલાણ ૧૩મી સદીમાં ચક્રધરજી થયેલા તેમની વાત કરે છે - જેઓએ મહાનુભાવ સંપ્રદાયનો પ્રચાર કરેલો પણ તેના આદ્ય દાદાગુરુ ચક્રપાણિજી વિક્રમની દશમી સદીમાં દ્વારકામાં જન્મેલા. આમ, બન્ને હકીકત સાચી છે.

એપ્રિલ અંકમાં અમે 'ખરોષ્ટી લિપિ' કહેલું. અગાઉ તે વિષે બ્રાહ્મી લિપિમાં તે લેખ છે એમ અહીં ઇતિહાસવિદ માનતા હતા, પણ પછી મૂળવાસરથી મળેલ (કોન્દ્રા લીલાધર કચરા ગોકાણીને તળાવ ખોદવાના કાળમાં) પથ્થરની વાચના કરાવતાં તે લેખ બ્રાહ્મી લિપિમાં નિશ્ચિત થતાં અને દ્વારકા મંદિરને પહેલે માળેથી મળેલ લેખની લિપિ આ બ્રાહ્મી લિપિ સાથે સરખાવતાં તે બ્રાહ્મી ન હોવાનું ડૉ.રાવે સ્પષ્ટ કરી તે ખરોષ્ટી લિપિનો લેખ હોવા અંગે સને ૧૯૭૯/૮૦માં દર્શાવ્યું. એટલે સને ૧૯૭૩માં પ્રકટ થયેલ દ્વારકા સર્વસંગ્રહમાં એમણે તે બ્રાહ્મી લિપિનો લેખ હોવાનું જણાવ્યું હતું. ઇતિહાસ નિરંતર ખોજનો વિષય છે એટલે આમ તે વિષે સંશોધન થયું છે. જો કે શ્રી પલાણના જણાવ્યા પ્રમાણે તે લેખ અદ્યાપિ સ્પષ્ટ નથી તેમ કહી શકાય. આ ખુલાસો ઐતિહાસિક વિવાદ જગાવવા કરેલ નથી, પણ હકીકત સ્પષ્ટ કરવા કરેલ છે. વળી, અહીં આ નાના પ્રસંગોમાં 'જાણીતા માણસની અજાણી વાતો' દ્વારા પ્રેરણા મેળવવાનું પ્રયોજન છે. તેમાં જોકે હકીકતદોષ રહેવા ન પામે તેની અમે દરકાર કરી છે. પણ તેનો હેતુ તો જાણીતા માણસના માનસ-ચિત્ત/માનવ્યને વાચકો સાથે માણવાનો છે.

- પુષ્કરભાઈ ગોકાણી (દ્વારકા)

ભારતનાં રાજ્યો લેખમાળા આવકાર્ય છે, રસપ્રદ માહિતીસભર, સર્વાંગલક્ષી ને ચોકસાઈપૂર્વકની હોઈ તે ઉપયોગી છે, આવશ્યક છે.


તે તે રાજ્ય કયા બે અક્ષાંશ વચ્ચે, કયા બે રેખાંશ વચ્ચે અને સમુદ્રની સપાટીથી કેટલી ઊંચાઈએ છે તે વિગત ઉમેરી શકાય. ઊંચાઈ અને અક્ષાંશ હવામાન માટે જરૂરી, રેખાંશ સમયના તફાવત માટે જરૂરી. ભારતના પ્રમાણ-સમયની રેખા પરનાં સ્થળ કરતાં તે તે રાજ્યમાંના મધ્યસ્થ સ્થળે સૂર્ય કેટલો મોડો કે વહેલો માથા પર આવે અથવા કેટલો વહેલો કે મોડો ઊગે તે જાણવું ઠીક થઈ પડે.

વાચકોની સઘળી અપેક્ષા સંતોષી શકાય એવું ન બને. એટલે આ પત્ર-ને અનુગ્રહી સૂચનરૂપ જ સમજવા વિનંતી. - લલિત શાહ (સુરેન્દ્રનગર)

'કુમાર'નો જુલાઈ અંક મળ્યો. આવરણ પરનું રંગીન ચિત્ર જોઈને, પહેલી નજરે તો એવું લાગ્યું કે તે છબીચિત્ર-કૅમેરાથી પાડેલું છે. પરંતુ, તેની નીચેની ઓળખ પરથી સમજ પડી કે તે જલરંગી ચિત્ર છે. ઇટલી અને અન્ય યુરોપીય દેશોમાં આવાં તાદૃશ્ય ચિત્રો દોરનારા કલાકારોની પરંપરા પર મનોમોજી ચિત્રકાર જગદીશ-ચંદ્રની હથોટીની જમાવટને અભિનંદન. 'આત્મઓળખની ખોજમાં ભારતીયો' લેખમાળા ખરેખર વિદેશમાં વસતા ભારતીયોનો વિગતવાર સચોટ પરિચય આપે છે, જે રસિક, રોચક હોઈને ભારતમાંના ભારતીયો માટે મનનચિંતન કરાવતી બની રહે છે. 'જાણીતા માણસની અજાણી વાતો'નો પ્રવેશ આવકાર્ય છે.

- મોહનલાલ જાની (અમદાવાદ)


રાજસ્થાનની અરવલ્લીની પહાડીઓની મધ્યમાં આવેલો રણથમ્ભોરનો



રાષ્ટ્રિય ઉદ્યાન વન્ય પ્રાણીઓની વિવિધતા માટે પ્રખ્યાત છે. 'પ્રોજેક્ટ ટાઈગર' યોજના હેઠળ વિકાસ પામેલું આ સ્થાન વન્યજીવન પ્રત્યે અભિરુચિવાળાંઓ માટે સ્વર્ગ સમાન છે. વિવિધ વૃક્ષોથી અચ્છાદિત ૧૪૦ કિલોમીટર જેટલા વિસ્તારના આ બાગમાં એશિયાનાં કેટલાંક સર્વોત્તમ વન્ય પશુઓ જોવામાં આવે છે. રાજબાગ, મિલક અને પદમ નામનાં જળાશય અહીં આવેલાં છે.

રણથમ્ભોરનું મુખ્ય આકર્ષણ ત્યાંના વાઘ છે. નીલગાય, ચીતળ, કાળાં હરણ, શિયાળ, વાંદરાં, સુવર વગેરે પ્રાણીઓ પણ ત્યાં ઘણાં હોય છે. ૩૦૦થી પણ વધુ પ્રકારનાં પક્ષીઓ અહીં ઠંડી ઋતુમાં દૂરદૂરથી આવે છે. આ બાગમાં વન્ય જીવનના અવલોકન માટે બે દિવસનો સમય જરૂરી છે. પર્યટન માટે ભાડેથી ખુલ્લી જીપકાર મળી રહે છે. બાગ સવારે ૬.૩૦થી ૧૦.૩૦ અને બપોરે ૨ થી સાંજના ૬ સુધી ખુલ્લો રહે છે.

ઉદ્યાન ઉપરાંત અહીંનો રણથમ્ભોરનો પુરાણો કિલ્લો જોવાલાયક છે. કિલ્લા પરથી ઉદ્યાન જોઈ શકાય છે. મુંબઈ-દિલ્હી રેલવે માર્ગ પર આવેલું રણથમ્ભોર સવાઈ માધોપુર સ્ટેશનથી ૧૨ કિલોમીટરના અંતરે છે. ('યોગક્ષેમ'ને આધારે)



ભલે પંથ હો વિકટ અમારો,
ભલે ન અજવાળું ભરપૂર;
કદમ ઉઠાવ્યો અમે અમારો,
ભર્યું નયનમાં નવલું નૂર;
પ્રેમ-શૌર્યથી મનુકુલ સુહવી,
અમે પૂજશું સ્વતંત્રતા.

- હસિત બૂચ

ગાંધીજીની અંત્યોદયની વિચારણાનાં આરાધક ચંદ્રકાન્તાબહેન

૧૯૭૪માં ધરમપુરના અભાવગ્રસ્ત વિસ્તારમાં પિંડવળને કાયમી કાર્યસેવાક્ષેત્ર બનાવી પોતાની જાતને ખૂંપાવી ૭૦ વર્ષ સુધીનું આયખું પૂર્ણ કરનાર ચંદ્રકાન્તાબહેન, કાન્તાબહેનના નામથી ખ્યાતિને વર્યાં હતાં. તેઓ માનતાં કે શુભકાર્યો દ્વારા માનવ માટે કાંઈક કરી છૂટવું અને એમાં બને એટલાને સહભાગી બનાવવા એ જ જીવનનો સાચો મર્મ છે.

બાલ્યવયથી જ અભાવ, અસમાનતા અને દુઃખો વચ્ચે ઉછેર થયો છતાં એક આદર્શ શિક્ષકના માર્ગદર્શન નીચે સૂક્ષ્મ ઘડતર થતું રહ્યું. માત્ર ૧૩ વર્ષની ઉંમરે તો લગ્ન અને એક વર્ષમાં પતિનું અવસાન. સતત ગૂંગળામણ અને ભીંસ વચ્ચે ચાલતી મથામણમાંથી આ નારીનું આંતરમન વિકસતું રહ્યું, સ્વયં પોતાને ઘડતું રહ્યું. છેવટે સંકલ્પ થયો કે જીવતર આમ એળે જવા દેવું નથી. ઝઝૂમીશ બરાબર, પણ માનવીને શોભે એવું જીવન ગાળીશ. અને પછી શરૂ થઈ સતત સંઘર્ષ, અભાવો અને વિરોધો વચ્ચે પણ આંતરશક્તિના ઉચ્ચતમ બિંદુને સર કરવા માટેની વિકાસયાત્રા.

ઘર છોડીને છાત્રાલયમાં રહ્યાં, અભ્યાસ કર્યો, ટ્યુશન કર્યાં, શિક્ષક થયાં અને હરવિલાસબહેનના પરિચયમાં આવી આજીવન અભિન્ન સાથી બની રહ્યાં. વિનોબાએ તે બહેનોને આપેલ નામ 'હરિશ્ચંદ્ર'ને સાર્થક કરીને ઉજાળ્યું. આફ્રિકામાં શિક્ષિકાની સારી નોકરી બંનેને મળતી હતી છતાં પૈસો મળશે પછી સમાજસેવા કરશું એવો વિચાર ત્યાગીને સમાજસેવા માટે ઝંપલાવ્યું. આઝાદી પછી માત્ર ૧૦ વર્ષ થયાં હતાં. સમાજ વિષમતામાં સપડાયો હતો. ફાવેલાંઓ અને વંચિતો વચ્ચે વહેંચાઈ ગયો હતો. ત્યારે



ફાવેલાઓ તરીકે આપણે કાંઈક કરવું જ જોઈએ જેથી સમાજનું ઋણ અદા કરી શકાય તેવું તેઓ માનતાં હતાં.

આમાંથી આદર્શ ગાંધીજીવન જીવવાનો પથ કંડારાયો. ૧૯૫૭થી ૧૯૭૪ વડોદરા અને ૧૯૭૪થી પિંડવળ-ધરમપુર કાર્યભૂમિ બની. જ્યારે કાર્યકરો ગામડું છોડી શહેર જવાનું આકર્ષણ અનુભવે તે સમયે તેઓ શહેર છોડી આદિવાસીઓની ભૂમિમાં ભેખ ધરીને બેસી ગયાં. ચાર સ્તંભો કાન્તાબહેન, હરવિલાસબહેન, કાન્તિભાઈ અને નવનીતભાઈને અનેક સાથીઓ આવી મળ્યાં. ત્રણ દાયકાઓથી આ

સેવાયજ્ઞ અખંડ ચાલે છે. ૧૨૫ ગામોમાં આશરે ૮૦ હજારની વસતી સાથે તેનો જીવંત સંપર્ક છે. તેઓને સહાય મળે છે પણ વિનામૂલ્યે નહીં. તેઓએ પણ કાર્યોમાં સહભાગી થઈ શ્રમયજ્ઞ તો કરવો જ પડે છે. ગરીબીને નામે ક્યાંય આળસ કે અપ્રામાણિકતા પ્રવેશવા દીધી નથી આ સંસ્થાએ. આ સંસ્થાનો હેતુ એ છે કે તે સરકારઆધારિત ન રહે અને કાર્યકરો સંસ્થા-આધિરત ન રહે. અને એ તેઓ સહુએ બરાબર ચરિતાર્થ કર્યું છે. ન કોઈની ગ્રાન્ટ કે ન કોઈ ટ્રસ્ટ કે દાનવીર કે વિદેશીઓનો આશ્રય. માત્ર શુભેચ્છાના દાનથી જ ચાલતી આ સંસ્થા આજે વરસે ૮૫થી ૮૬ લાખ રૂપિયા ખર્ચે છે અને દાતાઓ પણ ૧૫૦૦ થી ૨૦૦૦ જેટલાં છે, જે આવા શુભકાર્યમાં સહભાગી થવા સતત મથતાં રહ્યાં છે.

આ સંસ્થાના એક સૂત્રધાર તરીકે કાન્તાબહેને જે પુરુષાર્થ કર્યો છે, પ્રેમ મેળવ્યો છે તે અપ્રતિમ છે. અનેક દૈહિક પ્રતિકૂળતાઓ વચ્ચે પણ તેઓ સતત હસતાં રહ્યાં અને કહેતાં રહ્યાં કે દેહ- દેહનું કાર્ય કરે, આપણે આપણું. મર્યા પહેલાં શા માટે મરવું?

૧૯૭૯ થી ૨૦૦૦ સુધીમાં કેટલીયે વાર તેઓ મોતને દ્વારેથી પાછાં ફર્યા હતાં. તેઓ જ કહેતા કે મારું શરીર રોગોનું મ્યૂઝીઅમ બની ગયું છે. શ્વાસની, કમરના મણકાની, એસિડિટિની, કેન્સરની, ડાયાબિટીઝની, પથરીની અને છેલ્લે ૧૦ વર્ષથી તો હૃદયરોગની પણ તકલીફ અને છતાં તેઓ જ્ઞાનપૂર્વકની તિતિક્ષાથી હસતાં હસતાં સમાજ માટે પુરુષાર્થ કરતાં જ રહ્યાં. હોસ્પિટલના પલંગમાંય પત્રો લખીને પાવતીઓ બનાવતાં આળપંપાળમાં અમૂલ્ય માનવજીવનને વેડફી દેતી સ્ત્રીઓને સંબોધીને કહેતાં કે, આવો, આપણે સહુ અમૃતત્વની ઉપાસના કરીએ.

જીવ્યાં ત્યાં સુધી કર્તવ્યયાત્રા ચાલુ જ રહી. હૃદયની તકલીફ તીવ્ર હતી છતાં ૩૦-૪-૨૦૦૦ ના રોજ તો બિકાનેર પાસે રતનગઢમાં આચાર્ય તુલસી પુરસ્કાર લેવા ગયાં. છેલ્લે સાથળનું હાડકું ભાંગ્યું અને તે અવસ્થામાં જ મૃત્યુને મંગલમય બનાવ્યું. જેણે ગાંધીજીને જીવનમાં ક્યારેય જોયા નહોતા તેવાં કાન્તાબહેન ગાંધીજનનું આદર્શ જીવન જીવી ગયાં. શ્રી કાન્તિભાઈ શાહે તેમના અને હરવિલાસબહેન વિષે લખેલી જીવનકથા 'એકત્વની આરાધના' વાંચતાં જ એ વાતની પ્રતીતિ થાય કે પૃથ્વીના દીર્ઘકાલીન આયુમાં માનવીના ભાગે આવતાં ૫૦થી ૮૦ વર્ષના આયુમાં માનવી ધારે તો કેવું માનવતાના માંગલ્યની ફોરમને મહેકાવતું જીવન જીવી શકે! - પ્રા. સુરેશ મ. શાહ

આઈવિ લીગ

આજકાલ વધુ અભ્યાસ માટે આપણા યુવાનો અમેરિકા જાય છે ત્યારે તેમની સામે અનેક યુનિવર્સિટીઓનાં નામ હોય છે. ત્યાં ઉચ્ચ શિક્ષણની કેટલીક સંસ્થાઓ માટે 'આઈવિ લીગ' (Ivy League) શબ્દપ્રયોગ થાય છે. આ શબ્દપ્રયોગ પ્રથમ વાર અમેરિકામાં ૧૯૫૦માં શરૂ થયો હતો. એ વર્ષે આંતરકોલેજ રમતોત્સવમાં જે કેટલીક જૂની યુનિવર્સિટી અને કોલેજોએ ભાગ લીધો હતો તેમાં આઠ આવી જૂની શિક્ષણસંસ્થાઓ ફૂટબોલની પરસ્પરની સ્પર્ધામાં ઊતરી હતી. ત્યારથી આ આઠ સંસ્થાઓના સંકુલને 'આઈવિ લીગ'થી ઓળખવામાં આવે છે.

આઈવિ એ એક પ્રકારની સદાબહાર વેલ છે. ત્યાંની કેટલીક કોલેજો અને યુનિવર્સિટીઓનાં મકાનો પર સદાબહારના પ્રતીકરૂપે જાણે આ આઈવિ વેલો ચડાવવામાં આવી હોય છે. આજે તો આ શબ્દપ્રયોગ પ્રાચીન મૂલ્યવાન શિક્ષણપ્રણાલિનો સંકેત કરે છે, જેમાં આધુનિકતાનો પણ હવે સમાવેશ કરવામાં આવ્યો છે અને આવી શિક્ષણસંસ્થાઓ સ્વતંત્ર અને નિર્ભીકપણે શિક્ષણ આપે છે. પ્રમાણમાં આવી સંસ્થાઓમાં શિક્ષણ લેવું તે મોભાની બાબત તો છે જ, પણ તે ખર્ચાળ પણ છે.

મૂળ આ 'આઈવિ લીગ'માં બ્રાઉન યુનિવર્સિટી, કોલમ્બિયા યુનિવર્સિટી, કોર્નેલ યુનિવર્સિટી, ડાર્ટમથ કોલેજ, હાર્વર્ડ યુનિવર્સિટી, પ્રિન્સ્ટન યુનિવર્સિટી, યુનિવર્સિટી ઑવ્ પેન્સિલ્વેનિયા અને યેલ યુનિવર્સિટીનો સમાવેશ થતો હતો.

સરકારી કર્મચારીઓની વફાદારી કોની સાથે?

લોકશાહીમાં સૈદ્ધાંતિક રીતે એક મત લગભગ બની ગયો છે કે સરકારી નોકરોએ રાજકીય પક્ષો કે સંગઠનો સાથે સંબંધ નહીં રાખવો જોઈએ. સરકારી સેવકો પાસે એ જ અપેક્ષા હોય છે કે તેઓ રાજકીય ક્રિયાકલાપોથી પોતાની જાતને વેગળી રાખે. સરકારો તો આવતી-જતી રહે છે, પરંતુ કર્મચારીઓ તો સરકારની સેવામાં એના એ જ હોય છે. સરકારી નોકરીમાં આવેલી વ્યક્તિ નિવૃત્તિ લે ત્યાં સુધી સરકારી સેવા કરતી હોય છે. જ્યારે એનાથી ઊલટું સરકારો અને પ્રતિનિધિઓને લોકોનો આદેશ મેળવવા માટે ચૂંટણીના મેદાનમાં ઊતરવું પડે છે. લોકશાહીમાં નોકરશાહી જનતા દ્વારા ચૂંટાયેલ સરકારને અધીન રહીને કામ કરે છે.

લોકશાહીમાં નોકરશાહીની પહેલી ને છેલ્લી વફાદારી સરકાર પ્રત્યે છે તથા સરકારની પહેલી અને છેલ્લી વફાદારી લોકો પ્રત્યે છે. તેથી સ્પષ્ટ થાય છે કે નોકરશાહીની પ્રતિબદ્ધતા, સંબદ્ધતા તથા જવાબદારી સરકાર સાથે છે, જેની સરકાર બનેલી છે તે પક્ષ કે જૂથ સાથે નથી. એણે શાસક પક્ષની વિચારધારાને પોષક અનુયાયી કે સમર્થક કોઈ શાખા, સંગઠન સાથે જોડાવાનું નથી. એણે શાસક પક્ષના પિતૃ સંગઠન સાથે પણ જોડાવાનું નથી. પછી ભલે એ સંગઠને પ્રત્યક્ષ રીતે રાજકીય વાઘો ન પહેર્યો હોય! પરંતુ ઊંડાણમાં જોવા જઈએ તો આ સંગઠનો શુદ્ધ રીતે રાજકીય ને કેવળ રાજકીય હોય છે.

લોકશાહીમાં લોકો મારફત ચૂંટાયેલી સરકાર લોકો પ્રત્યે

જવાબદાર, સંવેદનશીલ, જાગૃત અને સચેત હશે. સરકારની મશિનરી હોવાથી નોકરશાહી પણ લોકસેવા માટે વચનબદ્ધ, સમર્પિત, સચેત તેમજ સક્રિય હશે. તેથી જ સરકારી નોકરીમાં ભરતી થવા માટે જે આયોગ બન્યો છે તે લોકસેવા આયોગ કહેવાય છે. નોકરશાહીની માલિક સરકાર છે અને સરકારની માલિક એટલે કે સરકારની પણ સરકાર જનતા છે, લોકો છે. લોકોના વોટ અને નોટથી સરકાર ચાલે છે. લોકોની નોટથી રાજભંડાર ભરાય છે અને એ રાજભંડારથી નોકરશાહીને પગારભથ્થાં મળે છે અને એનાથી ઠાઠમાઠ, એશોઆરામનાં સાધનો મેળવી શકાય છે. ખરું કહીએ તો સરકારી સેવક જનતાનો દાસાનુદાસ છે. લોકશાહીમાં નોકરશાહીની ભૂમિકા મહત્ત્વની છે. સરકાર પ્રત્યે સંલગ્નતા, નિષ્ઠા અને આજ્ઞાકારિતાનો સઘન ભાવ રાખ્યા પછી પણ તેઓએ જનતાને માટે શ્રદ્ધા, સદ્ભાવના અને પ્રેમ રાખવો જોઈએ. એની સાથે એને જે મર્યાદાઓનું પાલન કરવું પડે છે એ બહુ મોટી અને કડક અગ્નિપરીક્ષા છે. સાર્વજનિક જીવનમાં કામ કરતાં બહુ ઓછાં લોકોને એવી અગ્નિપરીક્ષામાંથી સતત પાર થવાનું હોય છે. લોકશાહીમાં આખુંય વાતાવરણ રાજનીતિથી સંપૃક્ત રહે છે અને એવા વાતાવરણમાં સમાજજીવનનાં વ્યાપક હિતોને નજર સામે રાખીને એને રાજકીય તંત્રમાં રહીને પણ રાજનીતિથી અનાસક્ત રહેવાનું છે. સરકાર પ્રત્યે પ્રતિબદ્ધતા, જનતા પ્રત્યે આસ્થા અને રાજનીતિ માટે વિરક્તિ - આ આદર્શોનો નોકરશાહીએ અમલ કરવાનો છે. રાજકીય નેતૃત્વ, પરિવેશ અને માળખા માટે આસક્તિ હોવા છતાં રાજનીતિથી નિર્લેપ રહેવું એ ખરેખર પોતે જ એક બહુ મોટી સાધના છે. રાજનીતિથી દૂર રહેવાનો મતલબ એ નથી કે સરકારી કર્મચારીએ ભારતીય બંધારણે આપેલા મૂળભૂત અધિકારોથી વંચિત રહેવું. બીજાં નાગરિકોની જેમ એને બધા જ મૂળભૂત અધિકારો પૂરેપૂરા મળે છે. તે પોતાના પસંદ ઉમેદવારના પક્ષમાં મતદાન કરી શકે છે. પછી ભલે તે ઉમેદવાર કોઈ પક્ષ કે વિચારો સાથે જોડાયેલો હોય. એવું કંઈ જરૂરી નથી કે તે ઉમેદવાર સત્તાધારી પક્ષ કે જૂથે ઊભો કરેલો હોય કે એના દ્વારા એને સમર્થન પ્રાપ્ત હોય. સરકારી કર્મચારી એમની સેવા નિયમાવલિ વધારે સારી હોય એ માટે વેતનભથ્થામાં વધારા માટે અને પોતાનાં સામાન્ય હિતોની ખાતરી માટે સંગઠિત થઈ શકે છે. કોઈ પણ કર્મચારી સંગઠન જોર-જુલમ અને અન્યાયનો શાંતિપૂર્વક સામૂહિક પ્રતિકાર કરી શકે છે. પોતાના અધિકારોની જાળવણી માટે અથવા તો પોતાના ઉપરી-અધિકારી વધારે પડતી સત્તા ચલાવતા હોય તો એના વિરોધમાં વ્યક્તિગત રીતે કે માન્યતા-પ્રાપ્ત સંગઠન મારફતે સરકારી કર્મચારી અદાલતમાં જઈ શકે છે. એને અન્ય નાગરિકોની જેમ પોતાની બિરાદરી સાથે સંગઠન કરવાનો, આંદોલન કરવાનો અને વિવિધ શાંતિપૂર્ણ ઉપાયોથી પોતાનો અવાજ બુલંદ કરવાનો અધિકાર છે. લોકશાહીના માળખામાં સરકારી કર્મચારીઓના બધા જ અધિકાર સુરક્ષિત છે. ('સર્વોદય પ્રેસ સર્વિસ'માંથી ટૂંકાવીને)

વિશ્વનાં પહેલાં પુસ્તકોના દુર્લભ નમૂના

વિશ્વનો પુસ્તકોનો ઇતિહાસ ખૂબ જ જૂનો છે. વિશ્વના ઇતિહાસમાં જે જૂના ગ્રંથોનો ઉલ્લેખ જોવા મળે છે, તેમાં રોમન, યૂનાની રાજભંડારો પછી તિબેટ, જપાનના મઠો (પેગોડા)માં પડેલા ખૂબ જ કીમતી પ્રાચીન દુર્લભ ગ્રંથોનો ખજાનો છે.



વિશ્વના પહેલા પુસ્તક વિશે જોકે કોઈ લેખિત પુરાવો નથી મળતો. તો પણ એ ધર્મગ્રન્થોને વિશ્વના પહેલા પુસ્તક તરીકે માનવામાં આવે છે, જેમનો આદિદેવતાઓ સાથે સંદર્ભ છે.

એથેન્સ, પ્રાગ, વેનિસ તથા લંડનનાં સંગ્રહસ્થાનોમાં એવા અનેક જૂના હસ્તલિખિત ગ્રંથો છે, જેને દુનિયાના પ્રકાશિત પુસ્તકો માનવામાં આવે છે.

બ્રિટિશ મ્યૂઝીઅમ લંડનમાં સચવાયેલ જપાની ધર્મગ્રંથ 'યોકો-હી-તારો' એવું જ એક દુર્લભ પુસ્તક છે. જેના વિશે કહેવાય છે કે લોટની લૂગડીથી કેળનાં પત્તાં પર તે લખવામાં આવ્યાં હતાં. આ એક દુર્લભ નમૂનો છે, પરંતુ હવે એની 'પ્રિન્ટ' કાગળ પર ઉતારવામાં આવી છે, જેથી એને સંશોધન માટે બીજાં લોકો સુધી પહોંચાડવામાં આવે. વિશ્વનાં અન્ય પ્રાચીન પુસ્તકોમાં ગ્રીક યોદ્ધાઓ અને દેવતાઓની સ્તુતિમાં રોમન લિપિમાં લખવામાં આવેલ તે ગ્રંથ પણ સામેલ છે, જેના વિશે કહેવામાં આવે છે કે આ 'બાઇબલ'ના 'ઓલ્ડ ટેસ્ટામેન્ટ'ના પણ પહેલાંનો છે. પુસ્તકોની આ સમૃદ્ધિને હવે માઇક્રોફિલ્મો દ્વારા બચાવવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે. વિશ્વના કેટલાય દેશોમાં એની સંભાળ માટે કોઈ પાકી વ્યવસ્થા ન હતી. આપણો દેશ પણ એમાંનો એક છે.

હાલમાં ઇંગ્લંડમાં એક એવું વાહન બનાવવામાં આવ્યું છે, જેના લીધે પુસ્તકોને દૂર દૂરનાં ગામોમાં 'સેટેલાઇટ સૂચના તંત્ર'થી મોકલી શકાય છે. - યશવંત કડીકર

શ્રીકૃષ્ણનું કુળ

આપણે સૌ જાણીએ છીએ તેમ શ્રીકૃષ્ણ વાસુદેવના પુત્ર હતા. આ વાસુદેવ શુર જાતિના નાયક શુરના પુત્ર હતા. શુરની પત્નીનું નામ મારિષા હતું, જે આર્યકની પુત્રી હતી. શુરને કુલ ચાર સંતાનો હતાં. ૧ વાસુદેવ, ૨ દેવભાગ, એમ બે પુત્રો અને ૧ પૃથા અને ૨ શ્રુતશ્રવા એમ બે પુત્રીઓ હતી.

શુરની બે પુત્રીઓમાંથી પૃથાને કુંતિભોજે દત્તક લીધી હતી. આ કારણે પછી તેનું કુંતી નામ રાખવામાં આવ્યું હતું. કુંતીનાં લગ્ન પાંડુરાજા સાથે કરવામાં આવ્યાં હતાં. પાંડુરાજાને એક બીજી પત્ની પણ હતી, જેનું નામ માદ્રી હતું. કુંતીને ત્રણ પુત્રો થયેલા, જેનાં યુધિષ્ઠિર, ભીમ અને અર્જુન નામ પાડવામાં આવ્યાં હતાં. બીજી પત્ની માદ્રીને બે જોડિયાં સંતાન જન્મેલાં, જેને સહદેવ અને નકુલ નામ આપવામાં આવ્યાં હતાં. આમ આ પાંચેય પુત્રો પાંડુ રાજાના હોઈ તેઓ પાંડવો કહેવાયા હતા.

હવે કુંતી (પૃથા) વાસુદેવની બહેન હોઈ, અને શ્રીકૃષ્ણ વાસુદેવના પુત્ર હોઈ, કુંતી શ્રીકૃષ્ણની ફોઈ થતી હતી. અને પાંડવોમાં કુંતીનાં ત્રણ સંતાનો શ્રીકૃષ્ણનાં ફોઈના સંબંધે ભાઈઓ થતા હતા. સહદેવ અને નકુલ પણ આ ત્રણ ભાઈઓના ને તેમના પિતા એક હોવાને નાતે ભાઈઓ હોવાથી, તેઓ પણ શ્રીકૃષ્ણના ભાઈ થતા હતા.

વાસુદેવનાં લગ્ન કંસરાજાની બહેન દેવકી સાથે થયાં હતાં. આ સંબંધે રાજા કંસ શ્રીકૃષ્ણના મામા થતા હતા. તેમની માતા દેવકની પુત્રી હોઈ તેને દેવકી નામ આપવામાં આવ્યું હતું. આ દેવક ઉગ્રસેનનો ભાઈ થતો હતો. શ્રી કૃષ્ણના ભાઈનું નામ બલરામ હતું.

આગળ જણાવ્યું તેમ વાસુદેવના ભાઈ દેવભાગ હતા. આ દેવબાગને એક પુત્ર હતો, જેનું નામ ઉદ્ધવ હતું. આમ, કૃષ્ણ-બલરામ અને ઉદ્ધવ કાકા-કાકાનાં સંતાનો હોઈ ભાઈઓ થતા હતા.

બીજી હકીકત મુજબ પાંડુરાજા જન્મથી જ રોગિષ્ઠ હતા. તેમને સંતાન થવાની કોઈ શક્યતા નહોતી. આથી હતાશ થઈ તેઓ હિમાલય ઉપર ચાલી ગયા હતા. ત્યાં દેવોના પ્રસાદરૂપે કુંતીને ત્રણ અને માદ્રીને બે (જોડિયા) પુત્રો થયાની કથા અસ્તિત્વ ધરાવે છે. આમ, આ પાંચેય પાંડુના પુત્રો હોવાથી પાંડવો કહેવાયા હતા. (સંકલન : સંજય ભટ્ટ)

જગતની પહેલી હડતાલ

આજનો યુગ હડતાળનો છે ને ઠેર ઠેર હડતાળ પડતી હોય છે. પણ વિશ્વની પહેલી હડતાળ પાંચ હજાર વર્ષ પૂર્વે મિસરમાં પડી હતી. ત્યાં પિરામિડના નિર્માણકાર્યમાં રોકાયેલાં મજદૂરોએ તે હડતાળ પાડી હતી. એમણે દાળિયામાં ભેળવવા માટે થોડા લસણની માગણી કરી હતી, પણ માલિકોએ એમની માગણી ઠુકરાવી દેવાથી તેમણે કામ બંધ કરી દઈ ભારે હડતાળ પાડી હતી. આખરે માલિકોએ એમની માગણી લાચાર થઈને મંજૂર કરી હતી.

ભારતની પહેલી હડતાળ દોઢસો વર્ષ પૂર્વે ઈ.સ.૧૮૨૭ના મે માસમાં કલકત્તામાં પડી હતી. એ હડતાળ કહાર લોકોએ અંગ્રેજોની વિરુદ્ધમાં પાડી હતી. એ જમાનામાં અંગ્રેજી અમલદારો પાલખીમાં બેસીને આવ-જા કરતા હતા અને એ પાલખી ઊંચકનારા હતા ઓરિસ્સાના કહાર લોકો. પાલખીમાં બેસીને નિયત સ્થળે ગયા પછી મોટે ભાગે અંગ્રેજો ઠરાવેલું ભાડું પૂરું આપતા નહોતા અને કહાર લોકો પૂરું ભાડું માંગતા તો તેમને મારપીટ ને ધામધમકી કરીને કાઢી મૂકતા હતા. આથી કહાર લોકો ત્રાસી ગયા હતા. એટલે એમણે સંગઠન કરીને નક્કી કર્યું કે પાલખી ઉપાડતાં પહેલાં જ ભાડું પૂરેપૂરું અંગ્રેજો પાસેથી વસૂલ કરી લેવું. તેમના આ નિર્ણયનો સામનો કરવા કલકત્તાના તત્કાલીન પોલીસ કમિશનરે તેમને માટે લાઈસન્સ લેવા ને બિલ્લો લગાવવાનું ફરજિયાત બનાવતો કાયદો કર્યો. પણ કહારોએ તેનો વિરોધ કરી તે રદ કરવા જણાવ્યું. પરંતુ અમલદારો હઠે ભરાઈને મક્કમ રહ્યા. પરિણામે તા.૨૨ મે, ૧૮૨૭ના રોજ કહારોએ કામ કરવું બંધ કરીને હડતાળ પાડી. એ હડતાળથી ત્યારે દેશમાં ઘણો ઊહાપોહ થયો, કેમ કે એ જમાનામાં આવવા-જવા માટેનાં વાહનોની આજની જેમ કોઈ સગવડ નહોતી.

આથી આમ જનતાને હેરાનગતિ થઈ, અંગ્રેજો પણ હડતાળને લીધે ક્રોધે ભરાયા. પરિણામે સત્તાધીશોએ કહારો પર ઠીક ઠીક અત્યાચાર ગુજાર્યો અને હડતાળ સમેટી લેવા માટે તેમને ફરજ પાડી. એટલે દમન સામે ઝૂકી જઈ કહારોને ચાર દિવસ પછી હડતાળ સમેટી લેવી પડી. ભલે, એ હડતાળ ઉપલક દૃષ્ટિએ નિષ્ફળ ગઈ, પણ એનાથી મજદૂરોને સંગઠનનો મહિમા સમજાયો. અને અંગ્રેજો પણ ભાડું ચૂકવવામાં કાળજીપૂર્વક વર્તવા લાગ્યા.

જગતમાં કેટલીક વિચિત્ર પ્રકારની હડતાળ પણ પડી છે. ઈ.સ.૧૮૩૭માં ઈંગ્લંડના બે પોલીસ અમલદારોએ જે હડતાળ પાડી હતી તેનું કારણ પણ નજીવું હતું કે આરોપીને થયેલી ફાંસીની સજાનો અમલ કરવાની જવાબદારી બે પૈકી કોની હતી? એ હડતાળથી આરોપીની ફાંસીની સજા લંબાવા પામી. એ મામલો ઉચ્ચ અધિકારીઓ પાસે ગયો. એમણે એ અમલદારોનાં અલગ અલગ કાર્યક્ષેત્ર નક્કી કર્યાં ને છેવટે એ આરોપીની સાથે સાથે બેજવાબદારીથી વર્તવા બદલ એ પૈકીના એક પોલીસ અમલદારને ય ફાંસીને માંચડે ચડાવવામાં આવ્યો! એના શિસ્તભંગ બદલ એને એ સજા કરવામાં આવી.

આ ઉપરાંત ઈ.સ.૧૯૫૨માં ઇટલિના ત્રિવાગિયા ગામમાં એક મનોરંજક ને હાસ્યાસ્પદ કહી શકાય તેવી હડતાળ ત્યાંનાં લોકોએ પાડી હતી. ત્યાં ત્યારે અસહ્ય રીતે પ્રવર્તતી બેહદ મોંઘવારીના વિરોધમાં ત્યાંના ગ્રામવાસીઓએ નિર્ણય કર્યો હતો કે એ મોંઘવારીના વિરોધમાં અમે બાળક પેદા નહિ કરીએ. કેવી આ હડતાળ! - પ્રો. નવેન્દુ

ઓ હિન્દ દેવભૂમિ સંતાન સહુ તમારાં,
કરીએ મળીને વન્દન સ્વીકારજો અમારાં.

— કાન્ત

ભારતના ભાગલા પછી તરતના દિવસોમાં પૂર્વબંગાળના મુખ્ય પ્રધાન ખ્વાજા નાઝીમુદ્દીન હતા. ઢાકાના પોલીસ સુપરિન્ટેન્ડન્ટ અબદુલ્લા નોઆખલીમાં ગાંધીજી સાથે ફરેલા. તેઓએ નાઝીમુદ્દીનની પ્રામાણિકતાની વાત કરતાં કહ્યું : એક વાર ખ્વાજા સાહેબ પાસે લાંચ-રુશ્વતને ડામવા મેં વધુ સત્તાની માગણી મૂકી. તેમણે તો પોતે પણ કંઈ અજુગતું કામ કરે તો તેમના પોતાના ઘરની જાંચ કરવાની પણ સત્તા આપી દીધી. અને એ જ વખતે ઘેરથી બેગમ સાહેબાનો ફોન આવ્યો : 'જાણો છો ને કે આજે ઈદ છે. થોડી વધુ ખાંડ આપણને મળી શકશે?' 'અહીં અબદુલ્લા મારી સામે જ બેઠા છે. હું જો કંઈ અજુગતું વર્તન કરું તો આપણા ઘરની પણ પૂરી તપાસ કરવાની અને મને ગિરફતાર કરવાની પૂરી સત્તા એમને છે એવું એમને હું કહી રહ્યો છું. આપણે જો રેશનના કાયદા વિરુદ્ધ કંઈ પણ કરીએ તો આપણી ખેર નહીં રહે' ખ્વાજાસાહેબે કહ્યું.

*

બ્રાઝિલના એક પ્રકાશકે ૧૬ પૃષ્ઠોનું વિશ્વનું સૌથી લઘુ છાપું શરૂ કર્યું છે. અખબારના પૃષ્ઠની લંબાઈ ૧ ઈંચ અને પહોળાઈ ૧.૪ ઈંચ છે.

> दुर्जनः परिहर्तव्यो विद्ययाऽलङ्कृतोऽपि सन् ।
> मणिना भूषितः सर्पः किमसौ न भयङ्करः ? ॥
>
> ભલેને વિદ્યાથી અલંકૃત હોય તો પણ દુર્જનથી તો છેટા રહેવું જ સારું. સર્પ મણિથી સોહામણો લાગે પણ તેથી શું તે ભયંકર નથી હોતો ?

અમેરિકાએ ૬ઠ્ઠી ઑગસ્ટ-૧૯૪૫ની સવારે ૮-૧૫ વાગ્યે જાપાનના હિરોશિમા શહેર ઉપર પ્રથમ ઍટમબૉમ્બ ફેંક્યો હતો ત્યારે ૮૦,૦૦૦ વ્યક્તિઓ તત્કાળ મૃત્યુ પામી હતી અને તેની અસરને કારણે રોગથી બે લાખથી વધુ લોકો મૃત્યુ પામ્યાં હતાં અને ત્રણ દિવસ પછી જ નાગાશાકી ઉપર એવો જ બૉમ્બ ફેંક્યો જેનાથી ૪૦,૦૦૦ લોકો મૃત્યુ પામ્યાં હતાં.

*

૧૯૮૭માં વિશ્વની વસતી પાંચ અબજે પહોંચી ત્યારે તેને સંયમમાં રાખવા તે વર્ષથી દર વર્ષે ૧૧મી જુલાઈનો દિવસ 'વિશ્વ વસતી દિન' તરીકે ઉજવાય છે.

*

ડોલ વગેરે બાથરૂમની સાધનસામગ્રી સાફ કરવા માટે થોડા ડિટર્જન્ટ પાઉડરમાં સહેજ કેરોસીન ભેળવી તે મિશ્રણને સાધનો પર લગાડી પાંચદશ મિનિટ રહેવા દઈ ગરમ પાણીથી સાફ કરો તો તે નવાં જેવાં થઈ જશે.



એલચી અને ધાણાનું ચૂર્ણ ચારથી છ રતીભાર અને શેકેલી હિંગ એક રતીભાર લીંબુના રસમાં મેળવી ચાટવાથી વાયુ, પેટનો દુ:ખાવો અને આફરો મટે છે.

*

ખૂનના આરોપમાં આજીવન જેલની સજા પામેલા તમિળનાડુના પાલરાજે જેલમાં રહીને જ ગણિતના વિષયમાં અનુસ્નાતકની ઉપાધિ હાંસલ કરી હતી, પછી તે પીએચ.ડી. પણ થયો. સજામાં તેને માફી મળતાં હાલમાં તે તમિળનાડુની એક યુનિવર્સિટીમાં ગણિતના અધ્યાપક તરીકે સેવાઓ આપી રહ્યો છે.

*

કલાકણિકા : ચળકતી માટીનો બનાવેલો આ ઊંટ ચીનના ટેન્ગ વંશના શાસનકાળમાં ઈ. ૬૧૮-૯૦૬ દરમિયાન તૈયાર કરવામાં આવેલો.





* આજના કમ્પ્યૂટરના યુગમાં આંગળીઓ સતત કાર્યરત રહેતી હોય ત્યારે તેને નુકસાન થઈ શકે છે. આંગળીઓના સતત વપરાશથી તે અકડાઈ જાય કે નજીવી ઇજા પણ પામે. આવે વખતે આ ચિત્રમાં બતાવ્યા પ્રમાણે ઈજાગ્રસ્ત આંગળીને બીજા હાથથી પકડી, ધીમેથી જરા ખેંચી ડાબી-જમણી દિશામાં થોડો સમય વારંવાર ફેરવવી.



* પતિ : તું તારા કામની મારા કામ સાથે સરખામણી શું કર્યા કરે છે? તને ખબર છે કે ઑફિસમાં કેટલું કામ હોય છે? તું કરી શકે એટલું કામ?
પત્ની : હા, તમારા જેટલો પગાર મળે તો.